સફરનામા : પુસ્તક શ્રેણી : પુસ્તક-2

# સફરનામા

## કચ્છ

•

: લેખન :

સરૂપ ધ્રુવ

•

: પ્રકાશન :

**‘દર્શન’**

અમદાવાદ

**SAFARNAMA : PUSTAK SHRENI : PUSTAK - 2**

**KUTCH**

by Saroop Dhruv

© Saroop Dhruv

**આવૃત્તિ- 1**

**વર્ષ : 2015**

**નકલ : 500**

| | | |
|---|---|---|
| **સહયોગ રાશિ :** | : | Rs. 150.00 |
| **વિદ્યાર્થીઓ અને યુવા કાર્યકર્તાઓ માટે** | : | Rs. 75.00 |
| **કોમ્પ્યુટર ટાઈપ સેટીંગ** | : | **કે. શ્રીનિવાસ.** |
| **લે-આઉટ** | : | **ઈશ્વરભાઈ પ્રજાપતિ** |
| **મુદ્રક** | : | **સત્યમ્ પ્રિન્ટ** |
| **ગુજરાતી અનુવાદ** | : | **સરૂપ ધ્રુવ** |

**પ્રકાશક-વિતરક:** **'દર્શન'**, 19-બી, પહેલો માળ, વિશ્વનગર સોસાયટી, વિશ્વકર્મા સોસાયટીની બાજુમાં, જીવરાજ પાર્ક, અમદાવાદ-380051

**રજી. સરનામું :** 9, રૂપેશ સોસાયટી, વસ્ત્રાપુર સ્ટેશન રોડ, જીવરાજ પાર્ક વિસ્તાર, પો. વેજલપુર, અમદાવાદ -380 051

**ફોન નંબર** : 079-26620484

**ઈ-મેઈલ** : **darshan.org@gmail.com**

**વેબ સાઈટ** : **www.darshanahmedabad.org**

# અમે આભારી છીએ


- 'પ્રેમલ જ્યોતિ' પરિવાર (ગુજરાત જેસુઈટ સોસાયટી).
- 'સંવેદન કલ્ચરલ પ્રોગ્રામ'નાં તાલીમાર્થી (યુવા) સાથીઓ.
- 'સાઝા સાંસ્કૃતિક અભિયાન' અને 'ન્યૂ સોશ્યાલિસ્ટ ઈનિશિયેટિવ' ના બિરાદર સાથીઓ.
- 'જનવિકાસ; ઉત્થાન; સફર; અમન સમુદાય અને અન્ય સ્વૈચ્છિક સંગઠનોનાં સાથીઓ.
- 'સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ' - સૂરતના ડો.કિરણ દેસાઈ અને ડો. સત્યકામ જોષી.
- સાંસ્કૃતિક અભ્યાસુ શ્રી સંજય ચોક્સી (સૂરત).
- શ્રી ચંદ્રકાંત કડિયા
- **Mensen met een Missie** (નૅધરલેન્ડ)
- કેટલાંક વિદેશી અને ભારતીય સંસ્કૃતિ અભ્યાસુઓ.
- 'દર્શન'નાં સહકર્મીઓ - કે. શ્રીનિવાસ; નિયતિ ગાંધી.
- બિરાદર ઈશ્વરભાઈ પ્રજાપતિ.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| **એક લટાર : સંસ્કૃતિની વાટે-ઘાટે -** | **હિરેન ગાંધી** | 1 |
| | … થોડુંક પહેલાં | 4 |
| **મુકામ** - 1. | કચ્છ પ્રવેશ | 12 |
| **મુકામ** - 2. | ધોળું મીઠું- કાળી મજૂરી | 20 |
| **મુકામ** - 3. | ઇતિહાસ-રાજકારણના તાણાવાણા | 25 |
| **મુકામ**- 4. | રવેચી માતા - "લોક માન્યતા એ જ સંસ્કૃતિ!" | 29 |
| **મુકામ** - 5. | ધોળાવીરા - દોસ્તો અહીં ચોક્કસ એક નગર વસતું હતું | 33 |
| **મુકામ** - 6. | ભૂજ-રાપર-અંજાર-ભચાઉ; કાયમી કે કામચલાઉ?" | 44 |
| **મુકામ** - 7. | રણમાં મીઠો વીરડો - મેકણડાડો | 48 |
| **મુકામ** - 8. | ભૂજ - ભાતીગળ ચંદરવો | 51 |
| **મુકામ** - 9. | બન્નીઃ કચ્છી માડુની મુલાકાત | 66 |
| **મુકામ** - 10. | કે.જી.એન.હાજી પીર | 73 |
| **મુકામ** - 11. | માતાનો મઢ - આખ્ખાય કચ્છનાં લોકદેવી | 80 |
| **મુકામ** - 12. | નારાયણ સરોવર - કોટેશ્વર-લખપત | 91 |
| **મુકામ** - 13. | જખૌ-જખજાર, કથાનો કોયડો-કોયડાની કથા | 99 |
| **મુકામ** - 14. | તેરા - વારસો અને વૈભવ | 104 |
| **મુકામ** - 15. | માંડવી - દરિયાનો દરવાજો | 115 |
| **મુકામ** - 16. | મુન્દ્રા - ગઇ કાલે અને આજે! | 122 |
| **મુકામ** - 17. | અંજાર - કચ્છનું રૂડું શહેર… આ? | 130 |
| **મુકામ** - 18. | મહાબંદર કંડલા | 134 |
| **મુકામ**- 19. | 'ટ્વીન સિટી' - ગાંધીધામ - આદિપુર | 138 |
| **મુકામ** - 20. | ડોશીમાની ઝૂંપડી અને - વિરમગામનું મુનસર તળાવ | 151 |
| | … અને થોડુંક પછી (સમાપન-સફરનામાઃ કચ્છ) | 155 |
| **પરિશિષ્ટ** - 1. | પુરાતત્વવિદો અને સંશોધનકર્તાઓ | 159 |
| **પરિશિષ્ટ** - 2. | સફરનામા પુસ્તક શ્રેણી : સંદર્ભ સૂચિ | 169 |
| **પરિશિષ્ટ** - 3. | કચ્છ સંદર્ભ સૂચિ | 173 |
| **દર્શનનાં પ્રકાશનો** | | 174 |


# એક લટાર : સંસ્કૃતિની વાટે-ઘાટે…

આ પુસ્તિકાશ્રેણી એક લટાર છે- ગુજરાતની સદીઓ પુરાણી ભાતીગળ અને સહિયારી સંસ્કૃતિઓની. અત્યંત રોચક અને અલ્હાદક છે- આ લટાર; પણ સાથે સાથે એ અનેક તીખા, તૂરા અને કડવા સવાલો પણ ઉજાગર કરતી જાય છે. અને એ સવાલોના મૂળમાં છે - છેલ્લા થોડા દાયકાથી ગુજરાતની સંસ્કૃતિઓ સાથે થઇ રહેલ - રાજનીતિની સેળભેળ. ગુજરાતની 'મહાજન'ના નામે ઓળખાતી 'વ્યાપારી સંસ્કૃતિ'એ સર્જેલી એક નોંધપાત્ર વિડંબના ભણી પણ આપણું ધ્યાન ખેંચે છે. છેક પુરાણકાળથી માંડીને વીસમી સદી સુધીમાં ગુજરાતના સાહસિક શ્રમજીવીઓ, કલાકારો, કારીગરો, ખલાસી-ખારવાઓ, વ્યાપારીઓ અને શાસકોએ ગુજરાતની વિવિધતાપૂર્ણ ભૌગોલિક વાસ્તવિકતાઓને આધાર બનાવી સર્જેલા ભાતીગળ અને સહિયારા સાંસ્કૃતિક વારસાઓમાંથી કેટલાંક વારસાઓ પ્રત્યે આજના ગુજરાતીઓ અને શાસકો સદંતર આંખ આડા કાન કરતા રહે છે અથવા પછી એને તદ્દન અવાવરૂ બનાવી દેવાની તજવીજો કરે છે; અને બીજી તરફ બીજા કેટલાક પસંદગીના વારસાઓને ચોક્કસ રંગેરૂપે રંગી, એમાં ચોક્કસ પ્રકારના સંદર્ભોનું આરોપણ કરી નવા ઘાટઘૂટ સાથે આકર્ષક પેકેજીસમાં પેકેજીંગ કરી એનો આધુનિક ઢબે મોટાપાયે પ્રચાર-પ્રસાર કરાઇ રહ્યો છે- અને એ પણ કાં તો 'પ્રવાસન ઉદ્યોગ'ના વિકાસ માટે કાં પછી એકરંગી સંસ્કૃતિના ભ્રામક ખ્યાલને વાસ્તવિકતા તરીકે ઠસાવવા માટે.

આજના ગુજરાતના આવા 'પ્રોસેસ્ડ કલ્ચર' (નિશ્ચિત સાંસ્કૃતિક પ્રક્રિયાઓ વડે હકીકતો સાથે શક્યતા - સંભાવનાઓ, વાયકાઓ, ભ્રમણાઓ, દુરાગ્રહો-

પૂર્વગ્રહો વગેરેની ભેળસેળ કરી તૈયાર કરાયેલ સાંસ્કૃતિક પેકેજીસ)ની પ્રચાર દોડ અને બજારદોડમાં એ સહિયારી અને ભાતીગળ સંસ્કૃતિઓની 'ઓર્ગેનિક' (પ્રાકૃતિક) 'ખુશ્બૂ' અને તેનાં 'સ્વાસ્થ્યપ્રદ' તત્વોને તદ્દન નામશેષ કરી દેવાયેલ છે. સવાલ એ ઊભો થાય છે કે- કેમ આ 'પ્રોસેસ્ડ કલ્ચર' બતાડાય છે, સંભાળાવાય છે? કોણ રમી રહ્યું છે આ સાંસ્કૃતિક રાજનીતિની રમત? આજની બજાર સંસ્કૃતિ? ગુજરાતમાં વધતી જતી સાંસ્કૃતિક કટ્ટરતા? સંસ્કૃતિ અને રાજનીતિની ભેળસેળ? આ લટારનો હેતુ આ અને આવા સવાલોના ઉત્તરો આપવાનો નથી; પરંતુ આવા સવાલો ઉજાગર કરવાનો જરૂર છે.

આ સફરનામાઓ આપણને બૌધ્ધ, જૈન, ઇસ્લામી, હિન્દુ, ખ્રિસ્તી જેવી ધાર્મિક સંસ્કૃતિઓની સાથે સાથે વૈષ્ણવ, સ્વામિનારાયણ, સૂફી અને ભગત સંપ્રદાયોની સાંપ્રદાયિક સંસ્કૃતિઓનો પરિચય પણ કરાવે છે. એ ગુજરાત અને સિંધ પ્રદેશના પેટાળમાં છૂપાયેલી ભવ્ય સિંધુ સભ્યતાની હડપ્પા અને મોંહે - જો - દડો જેવી આર્યેતર સંસ્કૃતિઓની પણ ઝલક તાદૃષ્ય કરે છે. સફરોના આ અહેવાલોમાં ઇતિહાસ પણ છે, વર્ણનો પણ છે, માહિતી પણ છે, વિશ્લેષણ પણ છે અને સંસ્કૃતિઓને જોવા-સમજવાનો નિખાલસ, તટસ્થ અને વૈજ્ઞાનિક ઢબનો દૃષ્ટિકોણ પણ છે. આ દૃષ્ટિકોણ કોઇ વિદ્વાન અધ્યાપકનો કે શૈક્ષણિક સ્વરૂપનો નથી. એ જીજ્ઞાસુ અભ્યાસુનો છે, સાંસ્કૃતિક પ્રવાસીનો છે, જનવાદી સાંસ્કૃતિક કર્મશીલનો છે. વળી એ આલેખાયા છે- જનવાદી સર્જકની કેળવાયેલી કલમ વડે અને એથી જ એ કેટલાક સીધા-સોંસરા સવાલો-વિધાનોને અત્યંત માર્મિક અને કલાત્મક સ્વરૂપે નિરૂપી શકાઇ છે.

દેખીતી રીતે પ્રવાસવર્ણન જેવા લાગતા આ સફરનામાઓમાં પાત્રો છે, સંવાદો છે, પાત્રોના મનોભાવો છે, મત-મતાંતરો છે, ચર્ચાઓ છે અને વળી ક્યાંક ક્યાંક લોકસાહિત્ય, લોકસંસ્કૃતિ અને શિષ્ટ ગુજરાતી સાહિત્યનો છંટકાવ પણ છે. આ સફરનામાઓમાં મોટાભાગનાં પાત્રો વાસ્તવ અને કલ્પનાના મિશ્રણ વડે સર્જાયાં છે. તો વળી રૂપેણ બંદરનાં ફાતમાબેન, કેવડિયાના મૂળજીકાકા, સરદાર સ્ટેચ્યૂના વિસ્તારોના સક્રિય કર્મશીલ લખનભાઇ જેવા પાત્રો તદ્દન





વાસ્તવિક છે. આ તમામ લાક્ષણિકતાઓના કારણે આ સફરનામાઓની રજૂઆતની શૈલી-પ્રસ્તુતિ-ખાસ્સી જીવંત અને રસપ્રદ બની છે.

છેલ્લા થોડા દાયકાથી કેટલાંક કટ્ટરવાદી સાંસ્કૃતિક સંગઠનો-પરિબળોએ ગુજરાતની વૈવિધ્યસભર, રંગબેરંગી સંસ્કૃતિઓને એક જ રંગમાં રંગવાના ખતરનાક, જીવલેણ અખતરા (પ્રયોગો) શરૂ કર્યા છે અને બીજી તરફ 'વિકાસ ભૂખ્યા' ગુજરાતીઓએ આજની યુવા પેઢીને સંસ્કૃતિઓને એક 'પ્રોડક્ટ' તરીકે જાણતી-નાણતી કરી દીધી છે ત્યારે, છેલ્લાં પાંત્રીસ વર્ષથી સતત યુવા અભ્યાસુ મંડળીઓ સાથે ગુજરાતની 'સાંસ્કૃતિક સફરો' ખેડતાં સાંસ્કૃતિક કર્મશીલ ડૉ.સરૂપ ધ્રુવનો આ સાંસ્કૃતિક હસ્તક્ષેપ સમયસરનો અને સચોટ લાગે છે. આ હાથપોથીઓ જરૂરથી સાંસ્કૃતિક, સામાજિક અને રાજનૈતિક બાબતોમાં રસ ધરાવતા યુવાઓ, અભ્યાસુઓ, તાલીમાર્થીઓ, વિદ્યાર્થીઓ તેમ જ કર્મશીલો માટે નવા સાંસ્કૃતિક ઉઘાડની દિશા ચીંધનાર દીવાદાંડી તરફની લટાર પૂરવાર થશે.

ગઇ સદીમાં હિટલરના સમયના જર્મનીએ આપણને (સમગ્ર માનવજાતને) શીખવેલો પેલો પાઠ આપણે કદી ભૂલી ન શકીએ. 'ફાસીવાદ હંમેશા સંસ્કૃતિના માર્ગે આવે છે અને પછી તે આખાયે સમાજના દિલો-દિમાગ ઉપર કબ્જો જમાવે છે.' જર્મનીના એ કાળમાં જ બર્તોલ્ત બ્રેખ્ત આ હકીકતને હંમેશા માટે યાદ અપાવવા જ પેલી પ્રસિધ્ધ કાવ્યપંક્તિ સર્જી હતી-

***"શું અંધકારનાં પણ ગીત ગવાશે?...***
***હા! અંધકારમાં અંધકારનાં પણ ગીત ગવાશે...!"***

આ સફરનામા 'અંધકારમાં અંધકારનાં ગીત' સમાન છે.

**હિરેન ગાંધી**

22 મે, 2015.

## ... થોડુંક પહેલાં

સાંસ્કૃતિક તાલીમાર્થીઓની સાથે બેસીને ચિંતન અને રચના ગુજરાતના સાંસ્કૃતિક પ્રવાસની ભૂમિકા ચર્ચી રહ્યાં હતાં. સ્વાભાવિક રીતે જ જૂથમાંથી પ્રશ્ન આવ્યો કે આને આપણે શા માટે 'સાંસ્કૃતિક પ્રવાસ' કહીએ છીએ?

જવાબમાં રચનાએ કહ્યું કે આ પ્રવાસનો મુખ્ય હેતુ ગુજરાતની સંસ્કૃતિનો પરિચય આપવાનો નાનકડો પ્રયાસ છે.

શેખરના મનમાં લાગલો સવાલ ઊઠ્યો અને એ તેણે બધાંની વચ્ચે મૂક્યો: ''આ 'સંસ્કૃતિ' તે 'કોની' સંસ્કૃતિ? ગુજરાત તો ભાતીગળ પ્રદેશ છે છતાં પણ અમુક સંસ્કૃતિને જ 'મુખ્ય પ્રવાહની સંસ્કૃતિ', 'આ જ તો છે ગુજરાતની સંસ્કૃતિ' એમ કહીને સમાજના તમામ વર્ગો- સમુદાયો ઉપર લાદવામાં આવી છે... તો પછી આપણે પણ..?''

''શેખર, આમ તો તારી વાત સાચી છે; આપણે કદાચ ઉપર ઉપરથી તો કહેવાતા મુખ્ય પ્રવાહની સંસ્કૃતિને ઓળખવાનો પ્રયાસ કરવાનાં છીએ પણ એમ કરતાં કરતાં સ્વાભાવિક રીતે જ એની સમાંતરે અને તેનાથી સામા પ્રવાહે ચાલતી લોકસંસ્કૃતિઓ અથવા તો હાંસિયા ઉપર ધક્કેલી દેવાયેલા લોકસમુદાયોની સંસ્કૃતિઓ વિશે પણ સીધી યા આડકતરી ઓળખ મળવાની જ છે. ખરેખર તો એ સવાલો મહત્વના છે કે આ પ્રયાસથી સંસ્કૃતિ વિશેની આપણી સર્વસાધારણ(જનરલ) સમજદારીમાં શો ઊમેરો થશે? કેવા પૂર્વગ્રહો-ગેરસમજો ઓગળશે? આખરે તો આપણે સૌ સાંસ્કૃતિક ફાસીવાદનો સામનો કરી રહ્યાં છીએ; તો એ સંદર્ભે આ પ્રવાસ આપણી સજ્જતામાં શો વધારો કરી શકશે એ નોંધવાનું છે.''





મીના અને યાસ્મિન અંદરોઅંદર કંઇક ગૂસપૂસ કરી રહ્યાં હતાં. ચિંતને પૂછ્યું: ''અરે, અંદર અંદર કેમ મૂંઝાઓ છો? કંઇ પૂછવું છે તમારે?''

છેવટે મીનાએ મૌન તોડ્યું: ''ચિંતનભાઇ, આ સંસ્કૃતિ શબ્દ જરા બરોબર સમજાવો ને!''

## સંસ્કૃતિ અને સભ્યતા એટલે?

ચિંતને મંડળી તરફ ભરપૂર નજર નાંખીને શરૂ કર્યું: ''માનવ સમાજના વિકાસની સાથે સંકળાયેલા બે મહત્વના મુદ્દા છે- સભ્યતા અને સંસ્કૃતિ.''

મંડળીમાં વળી ગણગણાટ શરૂ થયો: ''સંસ્કૃતિની વાત કરતાં હતાં એમાં આ 'સભ્યતા'વળી ક્યાંથી આવી?''

''સભ્યતા એટલે તો સારી રીતભાત-ને?''

''પેલું રીક્ષામાં લખેલું હોય છે ને... 'સભ્યતાથી બેસવું!''

''તે એને ને આ સંસ્કૃતિને શું લાગેવળગે?'' થોડાક સ્ફૂટ અને થોડાક અસ્ફૂટ સવાલો તરતા થયા.

લાક્ષણિક સ્મિત સાથે ચિંતને આગળ ચલાવ્યું: ''એક શબ્દના ઘણી વાર એક કરતાં વધારે અર્થો નીકળતા હોય છે.મોટેભાગે એકબીજા સાથે સંકળાયેલા પણ હોઇ શકે. આપણા સંદર્ભમાં 'સભ્યતા'નો અર્થ જોઇએ તો, જીવનને સરળ અને આરામદાયક બનાવવાની ટેક્નીક તે સભ્યતા. જેમાં રહેઠાણો બનાવવાં, પોષાક પહેરવા અને તે બનાવવા, રસોઇ કરવી ને જમવી, નાનાં મોટાં ઓજારો-સાધનો ઘડવાં ને વાપરવાં, વાહનો બનાવવાં અને તેનો ઉપયોગ કરવો, આરોગ્ય જાળવવા સફાઇ-ઇલાજથી માંડીને ઓપરેશન ને ટ્રાન્સપ્લાન્ટ સુધીની ટેક્નીકો વગેરે 'સભ્યતા' ના રૂપો છે. ટૂંકમાં, જીવન જીવવાનાં સંસાધનો (મિકેનિઝમ-રિસોર્સિઝ)... જેનો ક્રમિક વિકાસ થતો રહે અને વિજ્ઞાન-ટેક્નોલોજી સાથે તે આગળ વધતાં રહે તે સભ્યતા.''

રચનાએ જોડ્યું: "... અને માનવસમાજનાં વલણો, વર્તનો, આશાઓ, ટેવો-આદતો, ભાષા-બોલીઓ ઉપરાંત અભિવ્યક્તિની અલગ અલગ રીતો-ગાવું, નાચવું, વાદ્યો વગાડવાં, માત્ર રહેઠાણ સિવાયનાં મકાનો બાંધવા, કળા-સ્થાપત્ય ઉપરાંત આસ્થા-શ્રદ્ધા, એને જીવંત રાખવાની પરંપરાઓ, વિધિઓ, રૂઢિ-રિવાજો, તહેવારો... આ બધાંને આપણે 'સંસ્કૃતિ'નાં રૂપો કહીશું. જેના ઘડતરમાં અને પ્રસારમાં ધર્મોનો મોટો ફાળો હોઈ શકે. આમ જુઓ તો સભ્યતા અને સંસ્કૃતિ જીવંત તત્વો છે અને માનવ સમાજ સાથે હંમેશા સંકળાયેલાં હોય છે."

આ સાંભળીને ધીરજને પ્રશ્ન થયો: "બહેન, સંસ્કૃતિ એટલે તો જે કાંઇ બાપદાદાના વારાથી ચાલતું આવે છે, જૂનવાણી છે - એ નહિ?" રચનાથી હસી દેવાયું, "સારું કર્યું પૂછી લીધું- પણ હવે આ સુધારી લેવા જેવી ભૂલ છે. આ માટે 'ઇતિહાસ', 'પરંપરા'વગેરેની સમજણ પણ સ્પષ્ટ કરી લઇએ. ઇતિહાસ એ સંસ્કૃત ભાષાનો શબ્દ છે- જેનો અર્થ છે- ઇતિ હ આસ- એટલે કે આમ બન્યું હતું. સ્વાભાવિક રીતે આ હકીકત, તથ્ય સાથે જતો મુદ્દો છે અને ભૂતકાળનો મુદ્દો છે. એ વાત સાચી કે માનવસભ્યતા અને સંસ્કૃતિનો પણ ભૂતકાળ હતો પણ એ આજે પણ જીવે છે તે એના એ રૂપે નહિ; બદલાય પણ છે અને અમુક વખત સદંતર લોપાઇ જાય છે- ભૂંસાઇ જાય છે. પરંપરાનો મતલબ છે 'સાંકળ'... જે એકધારી ચાલતી આવે છે. કેટલીક પરંપરા ઐતિહાસિક છે તો કેટલીક જીવંત-હજી ચાલુ છે. જેમ કે ભારતમાં સતી થવાનો રિવાજ હવે ઐતિહાસિક પરંપરા બની ગયો છે પણ દિવસમાં પાંચ વખત નમાઝ પઢવી તે એક જીવંત પરંપરા છે. આવાં ઉદાહરણો તમે જાતે શોધી શકો."

ચિંતને આગળ કહ્યું: "આપણા આ પ્રવાસને લાગેવળગે છે ત્યાં સુધી આ પ્રવાસમાં તમને ઇતિહાસ, પરંપરા, જીવંત સભ્યતા-સંસ્કૃતિ બધાંને જોવા તપાસવાના મોકા મળશે. બધું જોતાં-સમજતાં તમે આ બધાં વચ્ચેનો સંબંધ અને તફાવત પણ ઓળખતાં થશો અને ખાસ તો, સ્થાપિત હિતો, સંસ્કૃતિ-પરંપરા-ઇતિહાસ વગેરેનો ઉપયોગ કે દુરૂપયોગ કેવી રીતે પોતાને મનફાવતી રીતે કરે





છે તે પણ સમજતાં થશો. સરવાળે, આ પ્રવાસ તમારી અંદરના સવાલોને બહાર લાવશે."

રચનાએ પૂરું કરતાં કહ્યું, "... અને આ સવાલોના જવાબોની શોધ આપણી સહિયારી હશે. જવાબો પણ બધા જ મળી જશે એવી ખાત્રી ન અપાય....કદાચ નવા સવાલો ઊભા થશે, એટલું અચૂક! સંસ્કૃતિ મહાન જ હોય, એનું ગૌરવ કરવું જ પડે, એને માન આપવું જ પડે એવી શિખામણો અને માન્યતાઓથી મુક્ત થઇને, સંસ્કૃતિ સામે સવાલો પૂછતાં થઇએ એની આ શોધયાત્રા બનશે, એટલું નક્કી." ચિંતને બધાંને પૂછ્યું- "હજી કોઇને કંઇ પ્રશ્ન હોય તો પૂછો.ચાલુ પ્રવાસે બહેન તમારી સાથે વાતો તો કરશે જ, છતાંય પૂર્વભૂમિકા સંદર્ભે બાકી રહેતું હોય તો નિઃસંકોચ અત્યારે જ પૂછી લેશો તો સરળતા રહેશે."

## 'ગુજરાત' એટલે?

બાદલે સહેજ સંકોચ સાથે સવાલ કર્યો, "આમ તો ગુજરાત વિશે વધુ જાણવા-સમજવા તો મળવાનું જ છે પણ એક પાયાનો મુદ્દો રહી જતો લાગે છે. આ 'ગુજરાત' નામ કેવી રીતે પડ્યું હશે? દરેક નામની પાછળ કોઇ ને કોઇ મતલબ તો હોય જ ને? જેમ કે, મોટું રાષ્ટ્ર તે 'મહારાષ્ટ્ર', રાજાઓનું સ્થાન તે 'રાજસ્થાન', દેશની બરોબર મધ્યમાં આવ્યો તેથી 'મધ્યપ્રદેશ'... તો ગુજરાતનું શું?"

વંદનાએ વચ્ચે જ કહ્યું, પણ એના અવાજમાં સંકોચ હતો- "મને થોડોક ખ્યાલ છે, કહું? અમે ગુજરાતી ભાષાવિજ્ઞાન ભણતાં ત્યારે આ જ મુદ્દો નીકળેલો તેથી યાદ છે. 'ગુજરાત'શબ્દ 'ગુર્જર રાષ્ટ્ર'માંથી ઊતરી આવેલો શબ્દ છે. ગૂર્જરજાતિના લોકોએ વસાવ્યું તેથી 'ગૂર્જરરાષ્ટ્ર'-એમ માનવામાં આવે છે."

હમિદના કાન ચમક્યા "યહ ગૂર્જર લોગ તો વે જાટ- ગુજ્જર કહે જાતે હૈં, વહી ના?"

"હા, એ જ લગભગ."

"પણ હાલમાં તો ગુજ્જરો હરિયાણા ને પંજાબમાં વસે છે ને?"

"હા, પણ પ્રજાઓ અને અનેક જાતિ-સમુદાયોની અવરજવર તો હજારો વર્ષોથી અહીં થતી રહી છે. ત્રણ તરફ સમુદ્ર અને એક તરફ હિમાલયવાળા આ ભૂખંડનું બહુરંગીપણું તેની ભૌગોલિક સ્થાન- સ્થિતિને પણ આભારી છે."

"બહેન, તમે કેમ ભૂખંડ શબ્દ વાપર્યો? - દેશ નહિ?" મીનાના સાદા સવાલનો જવાબ ચિંતને આપ્યો ત્યારે સમજાયું કે ખરેખર, દેશ-રાષ્ટ્ર-રાજ્ય... જેવા શબ્દો સમજવાની પણ જરૂર હોય છે. "આપણો દેશ 'ભારત' એક રાષ્ટ્ર તરીકે તો દોઢ સોએક વર્ષથી જ ઓળખાય છે. અને આપણે જેને 'રાષ્ટ્ર'કહીએ છીએ તે અભિગમ(ખયાલ) મૂળે આધુનિકતાની દેણ છે. મતલબ રાષ્ટ્ર-રાજ્યની ભાવના-વિભાવના લગભગ દોઢ સો - બસો વર્ષ દરમ્યાન જ ઘડાતી આવી છે. પણ સદીઓથી અહીં કેટલીયે પ્રજાતિઓ આવતી રહી છે, વસતી રહી છે, સ્થળાંતર કરતી રહી છે. ભારતની ત્રણ બાજુએ દરિયો છે, અને ઉત્તરે પર્વતમાળાઓ છે. આ તમામ રસ્તેથી આર્યો, શકો, હૂણો એવા અનેક સમુદાયો અહીં આવ્યા, અહીંના નદીકિનારાનાં ફળદ્રૂપ મેદાનોમાં વસવાટ કર્યો, ખેતી કરી, ગામ વસાવ્યાં... સભ્યતા અને સંસ્કૃતિ- બંને ખિલવ્યાં. આ ગૂર્જરો વિશે પણ કેટલાક વિદ્વાનોના મત છે કે તેઓ મધ્યએશિયા અને રશિયાની દક્ષિણે આવેલા જ્યોર્જિયા નામે પ્રદેશમાંથી દોઢેક હજાર વર્ષ પહેલાં પોતાનાં પશુધન સાથે અહીં ઊતરી આવ્યાં હતાં અને પશ્ચિમ ભારતના આ વિસ્તારોમાં વસ્યા. જે ગૂર્જરો અહીં વસ્યા, તેમના નામ ઉપરથી આ વિસ્તારને 'ગૂર્જરદેશ' કે 'ગૂર્જર રાષ્ટ્ર' નામ મળ્યું. ઉચ્ચારભેદે, લોકજીભે ઘસાતાં ઘસાતાં એ ગુજરાત બન્યું તે પણ છેક 13-14 મી સદી પછી. 11મી સદીમાં મોહમ્મદ ગઝની સાથે આવેલા તેના ઇતિહાસકાર બરનીએ પોતાના ઇતિહાસમાં આ પ્રદેશને 'ગુજ્જેરાત' તરીકે ઓળખાવ્યો. અંગ્રેજોથીયે પહેલાં અહીં પોર્ચુગીઝો આવેલા, તેઓ વળી 'ગુઝેરાટ'બોલતા અને લખતા. આમ ફક્ત 600 વર્ષથી આ પ્રદેશ 'ગુજરાત' તરીકે ઓળખાયો એમ કહેવાય." ચિંતને નામકરણની વિગતો આપી.





રચનાએ ઊમેર્યું: "જો કે આજે જેને 'ગુજરાત' કહીએ છીએ એ એની રાજકીય ઓળખ છે અને 1960માં ઓફિશ્યલી આ વિસ્તારને આ નામ મળ્યું એમ કહેવાય. આજે એના અલગ અલગ ભૌગોલિક વિભાગો છે, તે મધ્યકાળથી સ્વાતંત્ર્ય સુધી વળી અલગ અલગ પ્રાદેશિક રાજ્યો / રજવાડાં હતાં; જેમ કે ઉત્તર ગુજરાતમાં વડનગરથી સાબરમતી સુધીનો પ્રદેશ આનર્ત કહેવાતો; જે પુરાણોમાં ઇ.સ.5મી થી 11 મી સદી દરમ્યાન, ઓળખાયો છે. નર્મદા કિનારાથી છેક મહારાષ્ટ્રના નાલા સોપારા સુધીના પ્રદેશને 'લાટ' કહેવાતો. જૈન પ્રબંધોમાં આ નામ જાણીતું છે. પુરાણો અને મહાભારતમાં જેને 'સુરાષ્ટ્ર' કહ્યો છે તે આજનું સૌરાષ્ટ્ર છે. 'કચ્છ'નો કોઈ પ્રાચીન ઉલ્લેખ નથી. ફક્ત મધ્યકાલીન ઇતિહાસમાં કચ્છ તો સિંધના એક ભાગ તરીકે ઓળખાતો અને એ સિંધ તો આજે પાકિસ્તાનમાં છે. અને ખરું પૂછો તો આ તો નજીકનો બે-અઢી હજાર વર્ષનો જ ઇતિહાસ છે; એથીયે પહેલાં મોંએં-જો-દડો અને લોથલ, ધોળાવીરા ને દેશળપરની વાત કરીએ તો વળી સિંધુસભ્યતા દરમ્યાન આ ભૌગોલિક વિસ્તારનું નામ વળી શુંએ હશે?... લિપિ સમજવાના અભાવે કે લેખિત ઇતિહાસના અભાવે આપણે એ સમય વિશે તો અંધારામાં જ છીએ! એ પણ 'ગુજરાત'ના ભૌગોલિક સીમાડા કહેવાય!"

"હજી વિગતોમાં થોડાં ઊંડાં ઊતરીએ તો આખો સૌરાષ્ટ્ર તો 300 થી યે વધુ રાજ્યો- રજવાડાંનો પ્રદેશ હતો. જેના મુખ્ય ભાગો જાણીતા છે તે કહું તો જૂનાગઢને 'સોરઠ' કહેતા, અમરેલીને 'બાબરિયાવાડ', જામનગર તે 'હાલાર', સુરેન્દ્રનગર તે 'ઝાલાવાડ' , ભાવનગર તે 'ગોહિલવાડ', રાજકોટ-પોરબંદર તે 'બારાડી', અને દ્વારકા તે 'ઓખો' નામે ઓળખાતાં. અને આખું સૌરાષ્ટ્ર 'કાઠિયાવાડ' કેમ કહેવાય તે જાણો છો?- હજારો વર્ષ પહેલાં ભૂમધ્ય સમુદ્ર તરફથી ઊતરી આવેલા સિથિયનો તે કાઠીઓ કહેવાયા અને એમનો પ્રદેશ તે કાઠિયાવાડ! હવે કહો, કેટકેટલા સમુદાયોની મા-ભોમ છે આ કહેવાતું ગુજરાત?!"

''અચ્છા... એનો મતલબ એ કે આજે જે ગુજરાત કહેવાય છે એના તો અનેક ટુકડા હતા...'' શેખરે પોતાની રીતે સમીકરણ માંડ્યું.

''એને ટુકડા કેમ કહેવાય? એ બધા અલગ રાજકીય વિભાગો હતા. અમુક અંશે ભૌગોલિક વૈવિધ્ય પણ હતું જ... અને આજે પણ દરેક વિસ્તારમાં કંઇક આગવી ખાસિયતો બચી ગઇ છે. આપણને આ વૈવિધ્ય પણ જોવા મળશે.'' રચનાએ કહ્યું.

''સરવાળે, એક વાત યાદ રાખવા જેવી ખરી કે આપણે અમુક-તમુક વિસ્તારની સંસ્કૃતિ વિશે અભિમાન રાખતાં હોઇએ છીએ કે આ તો 'અમારી આગવી'સંસ્કૃતિ! હવે વિચારો- અહીં કેટકેટલું મિશ્રણ અને કેટકેટલો પરસ્પરનો પ્રભાવ પડ્યો છે તે સમજવા જેવું છે! 'આગવું'એટલે શું- એ પણ વિચારતાં રહેજો. સભ્યતા અને સંસ્કૃતિ વિવિધ સમયગાળે, વિવિધ પ્રકારની માનવજાતિઓ વચ્ચેના સંબંધો-સંપર્કો અને આદાન-પ્રદાનથી જ આકાર લેતી હોય છે. માનવજાતનો આખો ઇતિહાસ આવા મેળાપો અને મિશ્રણોનો જ ઇતિહાસ છે. એમાં શુદ્ધ, શ્રેષ્ઠ, ઉચ્ચ, પવિત્ર... એવું બધું કંઇ નથી- ન હોઇ શકે; અને જે લોકો આવી વાતો કરે છે, આવા હઠાગ્રહો રાખે છે તેમનો એમાં કંઇક સ્વાર્થ હોય છે એ પણ પકડજો.'' ચિંતને જાણે નવી કેડી ચિંધી આપી.

રચનાએ સમેટતાં કહ્યું, ''અમને લાગે છે કે આપણો આ પ્રવાસ આ તબક્કે કંઇક નવી સમજ અને કંઇકંઇ નવા પ્રશ્નો ઊભા કરશે... જરૂર પડશે આંખ, કાન, મન અને મગજને ખુલ્લાં રાખવાની- હું તો કહીશ- ખુલ્લાં હૈયે જોજો ને જાણજો. મનમાં જે લાગે તે નિખાલસતાથી બોલજો. 'સંસ્કૃતિ' સામેના મૌનની સંસ્કૃતિ આપણે તોડવાની છે, એ છે આપણા પ્રવાસની પહેલી તૈયારી. ફિડબેક મિટીંગ લગભગ રોજેરોજ થશે. બધાં ભાગ લેજો અને વિચારોના આદાનપ્રદાનનો લ્હાવો લેજો. બીજા સામાન વિશે કોઇ સૂચના નથી આપવાની પણ ડાયરી-પેન-ગમે તો ચિત્રપોથી-હોય તો કેમેરા





સાથે રાખજો અને સતતનું દસ્તાવેજીકરણ કરતાં રહેજો. મોકળા રહેજો ને મોકળાશની મજા માણજો.''

ચિંતને જાણે છેલ્લી વાત કરી- ''આનંદ સાથે જાણકારી મળશે અને જાણકારીનું વિશ્લેષણ થતું રહેશે. ટૂંકમાં કહું તો જાગૃત નાગરિક બનવાનો આ એક મઝાનો મોકો છે... તો પછી... ઝંપલાવો!''

★★★

## મુકામ - 1.

## કચ્છ પ્રવેશ

“રાજકોટથી મોરબી થઇને આપણે કચ્છમાં પ્રવેશ કરીશું. મોરબી ઊતરીને જોવાનું તો નથી પણ લાંબા પને પથરાયેલા એ શહેરમાંથી પસાર થતાં થતાં એનો પરિચય લેતાં જઇશું.” રચનાએ મિત્રોને જાણે તૈયાર કર્યાં. મોરબી શહેરની ઈમારતો 19મી સદીનું અંગ્રેજી સ્થાપત્ય અને 13 થી 17મી સદીના રાજસ્થાની સ્થાપત્યના મિશ્રણની છાપ ઊભી કરે. મંડળીનું એકદમ ધ્યાન ગયું “બહેન! આ પેલો રાજમહેલ કેવો સખ્ખત દેખાય છે!” બાદલે કહ્યું. “એ રાજમહેલ હતો. ‘મણિમંદિર’ નામે ઓળખાતો. વાઘજી ઠાકોર નામના રાજાએ 19મી સદીમાં પોતાની પ્રેમિકા મણિબાની સ્મૃતિમાં આ મહેલ બંધાવેલો. જયપુરના મહેલોની શૈલી યાદ અપાવે એવા આ મહેલમાં આજે તો સરકારી કચેરીઓ ચાલે છે.” બસ મહેલની રાંગે રાંગે જ જતી હતી.મિત્રોએ નોંધ્યું કે જ્યાં એક કાળે બાગબગીચા હશે ત્યાં અત્યારે કચરાના ઢગ ખડકાયા છે. “કલાની કદરનો અભાવ અને સ્વચ્છતાનો અભાવ - આખી કલાત્મકતાનો કચરો કરે છે બેન!” વિલ્સનનો જીવ કકળી ઉઠ્યો.

શહેરની વચ્ચે વહેતી મચ્છુ નદી ઉપર અનેક પુલ જોયા. એના ઉપર સિંહ, હાથી, ઘોડા, સાંઢ જેવાં શિલ્પો પશ્ચિમી શૈલીમાં બનાવેલાં મૂક્યાં છે. પુલની બનાવટ પણ યુરોપિયન લાગે. પણ જોતાં જ પેલી કરૂણ ઘટના સાંભરીઃ “તમારામાંથી કોઇને ભાગ્યે જ ખ્યાલ હશે કે આ જ મચ્છુ નદીમાં એવી પ્રચંડ રેલ આવી હતી ને આ રઢિયાળું શહેર તારાજ થઇ ગયું હતું.”





“કઇ સાલમાં, બહેન?” ધીરજને સવાલ થયો.

“અં... ‘79ના ઓગસ્ટમાં... આમ તો બંધ તૂટ્યો એટલે પૂર આવેલું.” “લે, ત્યારે તો અહીં બેઠેલા કોઇનો જનમ પણ નહોતો થયો. જો કે મચ્છુ હોનારત વિશે ક્યારેક સાંભળ્યું તો છે!” ધીરજે યાદ કરવાની કોશિશ કરી. “બહેન,, જો બંધ તૂટ્યો હોય તો એને કુદરતી હોનારત તો ના જ કહેવાય! એમાં તો સરકારની બેદરકારી, સાવચેતીનો અભાવ અને કંઇક ભ્રષ્ટાચાર પણ કારણરૂપ ના કહેવાય?” વંદનાએ જે સવાલ કર્યો એ સવાલ તે સમયે પણ ઊઠવો જોઇતો હતો... ઊઠ્યો’તો ખરો? રચના વિચારી રહી કે ભયાનક તારાજી અને સેંકડો લોકોનાં કરપીણ મોત... કોણ જવાબદાર?!

ધીમે ધીમે બેઠા થયેલા અને નવું કલેવર ધારણ કરેલા મોરબીમાં આગળ વધતી બસ નવા મોરબીના રસ્તાઓ પરથી પસાર થવા લાગી. રસ્તાની બંને તરફ ફેક્ટરીઓનાં શેડ, ગોડાઉનો, દુકાનો, ઇંટ ભઠ્ઠા ઠેર ઠેર નજરે ચડતા હતા.પોતાની સીટ પરથી જ કનુભાઇ ટહૂક્યાઃ “જાણો છો - મોરબીની કઇ તૈણ ચીજો વખણાય? - નળિયાં, તળિયાં અને ઘડિયાં.” “એટલે?” મંડળીનો સવાલ. “પૂછો બેનને - ઇમને ખબર છે? કે પછી તમારામાંથી કોઇને?..” “હા, કહું? નળિયાં તો છાપરે છાવાનાં; પણ હવે એના જમાના ગયા. તળિયાં એટલે લાદી-ટાઇલ્સ. આજે તો રાજકોટ-જામનગરમાં જ નહિ- આપણા અમદાવાદમાંય મોરબીની ટાઇલ્સ વપરાય તો જ વટ પડે છે. અને ઘડિયાળ તો મોરબીની જ! અજન્તા ને ક્વાર્ટઝ ને સિકોવા... ને કેવી કેવી!” રચનાએ કહ્યું.ત્યાં તો નામી કંપનીઓનાં બોર્ડ નજરે ચડ્યાં. જાત જાતની ઘડિયાળો અને રંગબેરંગી ટાઇલ્સની દુકાનો હારબંધ દેખાવા લાગી. નવી મોરબી જાણે ધમધમતી ઉદ્યોગનગરી લાગતી હતી.

“પેલા વાઘજી ઠાકોરે જુવાનીમાં પેરિસ-પ્રવાસ કરેલો. ત્યાંનું સ્થાપત્ય, રસ્તા વગેરે જોઇને મોરબી ને ‘છોટા પેરિસ’ બનાવવાની લગની લાગેલી. શરૂઆતમાં તો સામંતી માનસિકતાને વશ થઇને પોતાના અંગત વપરાશ માટે ટાઇલ્સ, મોઝેઇક(કપચી), કાચ વગેરેની કલાત્મક કારીગરી કરાવડાવી

હતી.ખાસ વિલાયતી / યુરોપિયન કારીગરો પાસે એ હુન્નરની દેશી કારીગરોને તાલીમ અપાવી હતી. એમના મહેલમાં પેરિસ જેવાં ભીંતચિત્રો, ટાઇલ્સ જડેલા ઓરડા અને ખાસ તો સ્વીમીંગ પુલ (તરણ હોજ) પણ હતા. જો કે આઝાદી પછી ચિત્ર બદલાયું.પેલા દેશી કારીગરો ઉદ્યોગ સાહસિકો બન્યા અને મોરબીમાં ફેક્ટરી શરૂ કરી, શેડ શરૂ કર્યાં અને રજવાડી કારીગરીને સાર્વજનિક બનાવી. જગવિખ્યાત કરી.'' રચનાએ વિસ્તારથી કહ્યું.

આ વાત ચાલતી હતી ત્યાં સ્ત્રીઓનાં ટોળેટોળાં, ચોક્કસ કલરનો બુશકોટ પહેરી, હાથમાં ટિફિન લઇને જતાં જોવા મળ્યાંઃ ''આ બહેનો ઘડિયાળની ફેક્ટરીઓમાં કામ કરે છે.ઘડિયાળનું યંત્ર ખૂબ નાજુક હોય, નાનું હોય તેથી એની બનાવટ, મરમ્મત પણ બહુ નાજુક રીતે જ કરવાં પડે. સ્ત્રીઓ જ આ નાજુક કામ કરી શકે એવી પરંપરા શરૂ થઇ; જે પાછી અંગ્રેજોની દેન હતી!''

''વહાં મછલિયાં સાફ કરનેવાલી ભી ઔરતેં હી થીં ના? ઔર ઇનકે કામ કરનેકા કારણ ભી વહીચ હૈગા - દહેજ?'' યાસ્મિને પૂછી નાંખ્યું.'' સીધું નહિ તો આડકતરું તો ખરું.આ વિસ્તારના પુરુષો પથ્થર ફોડવા, માટી ખોદવા, ઇંટો સારવા જાય ને સ્ત્રીઓ ઘડિયાળનાં કારખાનામાં.બંને કમાય ત્યારે ખીચડી ભેગાં થઇ શકે.'' ''આયાં કોઇની પાંહે જમીનબમીન નો મળે, ખેતી-ઢોર કાંય નઇ; મજૂરિયું વરણ!'' કનુભાઇએ પૂર્તિ કરી.

બસ એક વળાંકે પહોંચી ત્યાં પાટિયું વાચ્યુંઃ 'ટંકારા'. વંદનાએ તરત કહ્યુંઃ ''આ તો દયાનંદ સરસ્વતીનું વતન ને? અહીં જ બાળપણમાં મંદિરના શિવલિંગ ઉપર ઉંદરડી દોડતી જોઇને જે મૂર્તિપૂજાના વિરોધી બની ગયા'તા - એ જ ટંકારા ને?''

''હા, પછી કાશી જઇને, વેદનો અભ્યાસ કરીને એમણે આર્યસમાજની સ્થાપના કરી. દેશમાં ધર્મસુધારણાનું પહેલું પગલું.''

''ને પછી... આર્યત્વ ને હિંદુત્વનો હઠયોગ શરૂ થયો તે બોનસમાં!'' શેખરે દાઢમાં કહ્યું.





''આમ તો જડ પરંપરા સામેનો વિદ્રોહ પોતાના જમાનાની તાતી જરૂરિયાત હોય છે પણ ક્યારેક આગળ જતાં જે કટ્ટરપણું પેસે છે તે ઉલ્ટું, પેલી જડ પરંપરાનેય સારી કહેવડાવે તેવું ઝનૂન પેદા કરે છે. આર્યસમાજને આજના V.H.P., બજરંગ દળ, દુર્ગાવાહિની... બધાંનું ઉદ્ગમસ્થળ કહી શકાય.''

બસ જેમ જેમ આગળ વધતી હતી તેમ તેમ જમીનનાં રંગરૂપ પલટાતાં જતાં હતાં. માળિયા છોડીને આગળ વધેલી બસની બંને બાજુ ખારો પાટ દેખાયો. પેલા, ભાલના ખારા પાટથી કંઇક જુદો હતો. ત્યાં જ રસ્તાની એક તરફ જાડી-મોટી પાઇપલાઇન પસાર થતી જોઇ.

''આ નર્મદા-પાઇપ લાઇન છે. કહેવાય છે કે છેક ભૂજ સુધી પાણી પહોંચે છે.'' ''આ લે લે... પેલા લોકો શું કરે છે? વચ્ચે તોડીને પાણીની ચોરી ચાલે છે કે શું?'' ધીરજે બધાંનું ધ્યાન દોર્યું- એક નાની ટોળી ડોલ, બેડાં લઇને પાઇપમાંથી પાણી લેતી હતી, નીચે પાણીના રેલા ચાલી રહ્યાં'તા.

''પાણીની ચોરી કરવી પડે એ કેટલી મોટી ટ્રેજેડી છે! પાણી ભૂજમાંયે કોને ને કેટલું મળતું હશે એ તો આપનારા જ જાણે!''

''ભૂજ તો કચ્છની પાસે આવેલું શહેર ને, બહેન?'' મીનાએ પૂછ્યું ત્યારે 'કચ્છ-ભૂજ'શબ્દો વિશેની ભેળસેળવાળી સમજણ છતી થઇ, જે સામાન્ય બાબત છે. ''ના મીના- કચ્છ આખો જિલ્લો છે. ભૌગોલિક રીતે એ ગુજરાતનો જ નહિ, દેશનો સૌથી મોટો વિસ્તાર ધરાવતો જિલ્લો છે.અને ભૂજ એ જિલ્લાનું મુખ્ય શહેર છે. 1949 સુધી તો કચ્છ મોટું દેશી રજવાડું હતું. એનું ચલણી નાણું અલગ હતું.રહેણીકરણી, પહેરવેશ, ખોરાક, બોલી... સાંસ્કૃતિક રીતે કચ્છ જુદો જ પ્રદેશ કહી શકાય. ઘણાં એને સૌરાષ્ટ્ર સાથે પણ ભેળવી દે છે પણ એ પણ ભૂલ છે. કચ્છનું અસ્તિત્વ અને અસ્મિતા- બંને સેંકડો વરસ આગવાં રહ્યાં, હવે વાત બદલાઇ છે ને એ પણ યોગ્ય જ છે.''

''આવી આગવી સંસ્કૃતિ કેમ વિકસી હશે?'' વંદનાએ પાયાનો પ્રશ્ન પૂછ્યો. ''મૂળમાં એનું કારણ ભૌગોલિક છે. ભૂગોળ - જે તે વિસ્તારની સ્થાનસ્થિતિ,

એની આસપાસ નદી, પર્વત, સાગર, રણ... બધું જ એની સભ્યતા-સંસ્કૃતિ ઘડે છે અને લાંબી-અમુક વાર કાયમી અસરો પાડે છે એ 'લોથલ' વખતે થયેલી વાત આપણે વારંવાર યાદ કરતાં રહીશું. કચ્છનાં આગવાપણાનું કારણ પણ એની ભૂગોળ છે.''

''એ કેવી રીતે?''

'' 'કચ્છ' શબ્દનો અર્થ કાચબો. નકશામાં જોયું હોય તો કચ્છ જિલ્લો કાચબા જેવો- ઢાલ ઉપસેલી હોય તેવો છે. પશ્ચિમે તો અરબ સાગર છે જ- ઉત્તરે 'મોટું રણ'કે રાજસ્થાનનો થર(થાર) પ્રદેશ છે જે સેંકડો કિ.મી.નું રણ છે.કચ્છની દક્ષિણે પણ દરિયો; -કચ્છની ખાડી- જ્યાં મુંદ્રા-કંડલા જેવાં બંદરો છે અને સામે પાર, સૌરાષ્ટ્રનાં દ્વારકા, બેડી, નવલખી વગેરે બંદરો છે. આમ પૂર્વ સિવાય ચોમેર દેખીતો દરિયો આજે છે; અત્યારે આપણે કચ્છની પૂર્વ દિશાએથી જ પ્રવેશ કરી રહ્યાં છીએ અને તમે જુઓ છો કે વાધું છે, ખારોપાટ છે... મતલબ કે કચ્છ કોઇક સમયે બરોબર કાચબા જેવો ટાપુ જ હશે.''

''પન ઉસમે ઇસ કી સંસ્કૃતિ કા ક્યા વાસ્તા?'' પરવીને પૂછ્યું.

''આપણે ત્યાં જે અલગ થલગ પડી જાય, બધું જૂદું હોય પણ ખરું ને જુદું રાખવામાં પણ આવતું હોય, તેને 'ટાપુ' કહે છે- કટાક્ષમાં- પણ એ વાત વાસ્તવિક છે. વિપરિત ભૂગોળને લીધી બીજા પ્રદેશો સાથે જોડાણ ઓછું રહે.વળી ઐતિહાસિક રીતે પણ કચ્છના હિંદુ રજપૂત રાજાઓ અને સૌરાષ્ટ્રના હિંદુ અને મુસ્લિમ રાજાઓ વચ્ચે કાયમી ખટરાગ રહેતો; ક્યારેક સરહદના મુદ્દે તો ક્યારેક સારી જમીન મેળવવાના મુદ્દે. પરિણામે કુદરતી ભિન્નતા જ સરહદો બની હશે ને કચ્છ પોતાની રીતે અલગથલગ વિકસતો રહ્યો હશે.''
''મૈને સુના હૈ કિ કચ્છી લોગ બાહર બહુત જાતે હૈં? હમારે કુછ સગેવહાલે જો કચ્છ કે હૈં, વે ભી હમેશા કે લિયે મસ્કત વગૈરા જગા જા કે ટિક ગયે હૈં... !'' હમિદે નવો મુદ્દો મૂક્યો.

''રણ અને દરિયો- બંને કચ્છની કુદરતી સરહદો છે. જૂના વખતમાં વેપારીઓ, માલધારીઓ, જ્ઞાનની શોધમાં નીકળેલાં સંન્યાસીઓ, પ્રવાસીઓ





સહેલાઇથી આ રણ અને સમુદ્રમાર્ગે પ્રવાસ કરતા. કચ્છમાં બહુ સદીઓથી જડ સામંતી શાસન રહ્યું અને કુદરતી રીતે પણ ખેતીવાડી ઓછાં હતાં. પરિણામે અહીં આર્થિક પ્રવૃત્તિઓનો અભાવ હોવાથી કહેવાતો ઉજળિયાત મધ્યમવર્ગ બે'ક સદી પહેલાં મુંબઇ, કલકત્તા, ચેન્નઇ(મદ્રાસ) અન કરાંચી(હાલ પાકિસ્તાનમાં) નાના મોટા વેપાર કે ધંધા માટે જઇ વસ્યો. શ્રમિકોમાં ખાસ તો ખારવા-ખલાસી અહીંના રહીને પણ દેશ-વિદેશ અવરજવર કરતા રહ્યાં. બે સદી પહેલાં આ જ રીતે અમુક કોમો આફ્રિકાનાં શેલડીનાં ખેતરોમાં મજૂરી કરવા લઇ જવામાં આવી ને પછી રાજકીય ચિત્ર બદલાતાં એ કણબી, પટેલો, લોહાણા, ખોજા, મેમણ વગેરે આફ્રિકાનાં જુદાં જુદાં શહેરોમાં ધંધા શરૂ કરીને ઠરીઠામ થયા. કચ્છની ભૂગોળે અને સામંતી રાજ્ય વ્યવસ્થાએ વતનીઓને બહારની દુનિયા દેખાડી એમ કહેવાય.''

''એવું પણ કહેવાય ને બહેન, કે કચ્છીઓએ એ બહારનાં દેશોની સમૃદ્ધિમાં ફાળો આપ્યો ને આપણા દેશની આર્થિક સ્થિતિમાં પણ...'' શેખરે ઉમેર્યું.
''ચોક્કસ. છતાં પણ મજાની વાત કહું તો આ 'બહાર વસેલા' કચ્છીઓએ હમણાં સુધી એમની 'કચ્છીયત'(કચ્છી ખાસિયતો) જાળવી રાખી છે. ભાષા-ખોરાક-રીતરિવાજો વગેરે અસલ રીતે જ ટકી રહ્યાં છે. જો કે સાવ નવી પેઢીનું કંઇ કહેવાય નહિ; બાકી દરેક કચ્છી પોતાને 'કચ્છી માડુ'(માણસ) કહેવડાવતાં ગર્વ લે છે.'' ''એ કેટલું યોગ્ય કહેવાય, બહેન? મતલબ કે તમે બસોબસો વરસથી બહાર રહો છો- એ દેશનો રોટલો ખાઓ છો, એ દેશના ઓટલે વસ્યા છો... છતાંય અહીંનો મોહ છૂટતો નથી! અહીં બે ટંકના વાંધા હતા તોય મારો દેશ-મારા લોકો એવી મમતા કેટલી સારી કહેવાય?!'' શેખરે રાબેતા મુબજ અણીદાર રીતે પૂછ્યું. ''બહુ અઘરો અને બહુ સચોટ સવાલ છે તારો. કચ્છી માડુ માટે પણ અને કોઇ પણ પ્રવાસી ભારતીયો માટે પણ. એ વાત સાચી કે 'બહાર' એ રોટલો રળે છે; પણ અગાળ ઉપર વાત થઇ ગઇ કે માણસ માત્ર રોટલાથી નથી જીવતાં. એનું બાકીનું અસ્તિત્વ (બીઇંગ) બીજાં ઘણાં પરિબળોથી ટકતું હોય છે. કુટુંબ-પરિવાર, ભાષા પરંપરાઓ- જ્ઞાતિ, ધર્મ, સંપ્રદાય, રીતરિવાજો... આ બધાંથી એનું ઘડતર થયું હોય છે. એના

શિક્ષણ અને વિચારધારા- બુદ્ધિ ઉપર પણ એ પરિબળો અસર કરે છે. એમાંયે જૂની પેઢી કે પહેલી પેઢી જે વતન છોડે છે તે પોતાની સાથે આ બધો 'સાંસ્કૃતિક સામાન' (બેગેજ) લઇને જાય છે. સામાન્ય ભાષામાં આ બધાંને 'સંસ્કાર' કહે છે'' ''હાં... અને આપણે ત્યાં સંસ્કાર ન છોડવા- ગમે તે થાય છતાં 'પેલાં' બહુ સંસ્કારી છે' કે છોકરાંને બાળપણથી જ આપણાં સંસ્કાર આપવા જોઇએ- એવી માન્યતા ખૂબ મજબૂત હોય છે- ખરું ને બહેન?!''

''વાહ, વંદનાએ ખૂબ સરસ રીતે આ સવાલનો જવાબ આપી દીધો. શેખર, એ પહેલી કે જૂની પેઢીના લોકો જે સંસ્કારો સાથે ગયાં'તાં ત્યારે મુંબઇ પણ 'વિદેશ' હતું અને વાર-તહેવારે એ લોકો 'દેશ'માં (વતનમાં) આવતા રહેતા. હવે, ઘણા પરંપરાગત વિચારસરણીમાં માનનારા વિદ્વાનો - ઇતિહાસકારો એમ પણ કહેતા હોય છે કે ગુજરાતીઓ / કચ્છીઓ તો સદીઓથી વૈશ્વિક જ છે- 'બહાર' જતા હતા, બહારનો પૈસો અહીં લાવતા હતા ને દેશને સમૃદ્ધ કરતા હતા... તે મુદ્દો પણ આની જોડે જાય છે. જે રીતે નવી પેઢી આ વૈશ્વિકીકરણને જુએ છે તે અલગ છે. એમનું પેલું 'બેગેજ' છૂટવા માંડ્યું છે- છૂટી ગયું છે કહીએ તો ચાલે!''

''પણ વંદના કહે છે એવાં મૂલ્યો પણ આજકાલ બહુ માનવામાં આવે છે ને?''
''માણસ એકલા પડી જવાનું પસંદ ન કરે. માણસ સામાજિક પ્રાણી છે- એવું તું- તમે ભણી ગયાં હશો. એ લોજીક અહીં પણ ચાલે છે. પણ એક વાત આજકાલ મને ખટકી રહી છે તે શેર કરું?''

''ચોક્કસ બહેન, કચ્છના બહાને આજે આ ઠીક મહત્વની વાત નીકળી છે.''
''આ વતનપ્રેમ-પારંપરિક સંસ્કાર-સંસ્કૃતિ... આમ તો લાગણીની બાબતો છે. એ લાગણીનો લાભ લેવાનું આજકાલ બહુ ચાલી રહ્યું છે. કેટલાંક સ્થાપિત હિતો- જેમાં સરકાર, પ્રવાસન વિભાગ, વેપારીઓ, લોક કલા સાથે જોડાયેલી સંસ્થાઓ અને મોટાં ઉદ્યોગગૃહો પણ આવી જાય- આ વતન- ઝૂરાપાની લોક લાગણીને ભરપેટ વટાવી ખાવા બેઠાં હોય તેવું લાગે છે. પંજાબ, રાજસ્થાન, કચ્છ, સૌરાષ્ટ્ર જેવા પ્રદેશો; જે સામંતી વ્યવસ્થામાં લાંબા સમય સુધી





જકડાયેલાં રહ્યાં, આર્થિક પ્રવૃત્તિ માટે મોટાપાયે સ્થળાંતર કરતાં રહે છે અને પોતાનાં મૂળિયાંથી ઊખડવામાં પીડા અનુભવે છે એવા લોકોને પેલાં સ્થાપિત હિતો ઇમોશનલ બ્લેકમેલિંગથી જાણે તાર્કિક, બૌદ્ધિક કે પ્રગતિશીલ વિચારો તરફ જવા દેતા નથી; કાં તો એમને પાછળ ખેંચે છે, એવું મને લાગે છે!''
રચના આ કહેતી હતી ત્યારે બધાં ધ્યાનથી એને સાંભળતાં હતાં પણ ચહેરા ઉપર ગૂંચવાડા હતા. રચનાએ તરત વાત વાળી- ''એ તો અહીં કચ્છમાં જે તે સ્થળે આ મુદ્દાનો સંદર્ભ આવશે ત્યારે ગૂંચ ઊકેલવાની કોશિશ કરતાં જઇશું... પણ મુદ્દો ધ્યાનમાં રાખતાં રહેજો?''

★★★

## મુકામ - 2.

# ધોળું મીઠું - કાળી મજૂરી

આ વાતો ચાલતી હતી ત્યાં જ બારીની બહારનું દશ્ય બદલાયું હતું. ''આ જુઓ, મીઠાંના અગર''... કનુભાઈએ ધ્યાન દોર્યું.

''અગર''? માનેં?'' - આમિરનો પ્રશ્ન.

''અગર એટલે મીઠાનાં ખેતર. કચ્છ દરિયા વચ્ચે બેટ હતો તેની સાબિતી એટલે આ અગર. દક્ષિણ-પૂર્વમાં કચ્છના સામખિયાળીથી માંડીને પણે-


**મીઠું પકવતી અગરિયા મહિલા**

સુરેન્દ્રનગરના ખારાઘોડા સુધી આવેલાં રણ- દરિયાનાં પાણીમાં મીઠાંના ખેતરો છે.'' ઘણાં બધાં સ્ત્રી-પુરુષો ઘૂંટી સમાણા દરિયામાં પાવડા ને મોટા વાંસડા સાથે જાણે ચાસ પાડતાં હોય તેમ આંકા પાડી રહ્યાં હતા. સૂરજ માથે પહોંચ્યો હતો. ખાર અને તડકો વેઠતાં આ જણ જાણે જમાનાઓથી આ વેઠ કરી રહ્યાં છે.





''યે લોગ ક્યા અગરોં કે માલિક હૈંગે?'' યાસ્મિનને પૂછ્યું ને પાછી હસાહસ. ''આ લોકો તને માલિક જેવા લાગે છે? આ તો મજૂરિયાં હશે બાપડાં.'' મીનાએ યાસ્મિનને ખખડાવી.

''એમને અગરિયા કહેવાય. નિષ્ણાતો કહે છે કે મીઠું પકવવાનો શ્રમ હજારો વર્ષથી ચાલે છે. આપણા દેશમાંયે દોઢ-બે હજાર વર્ષથી વધારે જૂના પુરાવા મળે છે. પહેલાં આ અગરોની માલિકી રાજા-રજવાડા પાસે હતી, પછી અંગ્રેજો આવ્યા ત્યારે પહેલાં ઈસ્ટ ઈંડિયા કંપની અને પછી બ્રિટીશ સરકારના હાથમાં આવી. મીઠાના અગરના ઈજારા પણ અપાતા. ટાટા કંપની એવી પહેલી ભારતીય કંપની હતી જેને અંગ્રેજોએ ઈજારો આપેલો અને દ્વારકા પાસે, 'મીઠાપુર' કરીને ટાટાએ પોતાની કંપની નાખી. જે આજે પણ ધમધોકાર ચાલે છે, તે આપણે જોયું. આઝાદી મળ્યા પછી અગરોનો કેટલોક હિસ્સો સરકાર હસ્તક અને મોટો હિસ્સો પ્રાઈવેટ કંપનીઓ પાસે છે.'' ''જેમ ખેતીમાં અમુક પાકની અમુક સિઝન હોય તેવું મીઠામાં પણ હોય?'' વિલ્સનને કુતૂહલ હતું.

''હા, ઓક્ટોબરથી મે મહિના દરમ્યાન દરિયામાં મીઠું પાકે. અગરિયાઓ આ રીતે ચાસ પાડે, ક્યારડા બનાવે ત્યાં મીઠું જમા થાય. તે પછી પાવડાથી મીઠું એકઠું કરવાનું અને ખટારામાં ચડાવવાનું કામ આ લોકોનું.''

''બાપ રે- કડી ધૂપ-કડાકે કી સર્દી ઔર બરસાત કી માર... પૂરા સિઝન ઇનકે લિયે ભારી પડતા હૈગા?'' પરવીને સૌનાં મનની વાત કરી.

''ગુજરાતી ભાષાના જાણીતા સાહિત્યકાર સ્વ. દિલીપ રાણપુરાએ અગરિયાઓની વિતકવાતો વાર્તારૂપે લખી છે એ પુસ્તકનું શીર્ષક જ છેઃ ''કાળી મજૂરી-ધોળું લોહી.'' તનતોડ મહેનત પછી પણ સાવ નજીવું વળતર મેળવતા અગરિયાઓ ઉપર વળી નવી આફત આવી છે! એમણે એકઠું કરેલું મીઠું 'દેશી મીઠું' કહેવાય અને અહીંથી ખાનગી કંપનીઓવાળા લઈ જાય તે 'રિફાઈન થાય'- કેમિકલ પ્રોસેસ પછી સાફ, વધારે સફેદ થાય, રૂપાળાં પેકેટમાં બંધાય, જાહેરાતો થાય... વગેરે! પેલું સાદું દેશી મીઠું સસ્તા ભાવે મળે

ને પેકેટના ભાવ તો ખાસા એવા હોય. ખાનગી ફેક્ટરીવાળા કામદારો અને આ અગરિયાઓની હાલતમાં પણ આભજમીનનું અંતર!''

''બેન, દેખિયે ના, ઈન લોગો કે પૈર ખુલ્લે હૈં, હાથ મેં મોજે ભી નહીં હૈ, સર પે ઈનકે કપડે ઔર જૂટ કે થૈલે દિખતે હૈં... કૈસી હાલત હૈ?!'' હમિદ. ''આ મુદ્દે પણ કંપનીના કામદારો અને આ અગરિયામાં ફરક પડી જાય છે.'' ''પણ આપણા લોકોનું તો એવું છે ને, સાધનો આપ્યાં હોય તોયે 'નથી ફાવતું' કરીને ના પહેરે અને અમુક હોશિયાર તો વેચી કાઢે!'' ધીરજે કડવી વાસ્તવિકતા કહી. ''આપણા શ્રમજીવીઓને સહન કરવાની આદત પડી ગઈ છે... અને આપણા જેવાને આવા મુદ્દે માથાકૂટ કરવાની! સરવાળે ખારું મીઠું પકવનારાં આ લોકોનું જીવતર પણ ખારું!'' શેખરે તારણ કાઢયું.

મીનાને પ્રશ્ન થયો: ''આ અગરિયા એ કોઈ જાતિ થઈ, બહેન?''

''ના.અગરિયાનું કામ કરવા મોટેભાગે આપણા સમાજના દલિત અને મુસ્લિમ સમુદાયનાં લોકો આવે છે. કોઈ જાતિભેદ નથી. સુરેન્દ્રનગર, માળિયા, કચ્છનાં ગામો, રણકાંઠામાંથી સિઝન દરમ્યાન પાંચેક હજાર જેટલાં કુટુંબો અગરોમાં ઊતરી આવે છે. એમાં કોળી, વાઘરી, સિપાઈ, દલિત, મુસ્લિમ સમુદાયનાં લોકો હોય છે.''

''આખ્ખે ફેમિલી કી ફેમિલી ઈધર આ જાતે હૈગે?'' યાસ્મિનને નવાઈ લાગી. ''હા.પણ મજૂરી તો મોટેરાંને જ મળે.આઠ-આઠ મહિના બાળકો અને ઘરડાં માંદાં વડીલોને ગામમાં એકલાં છોડીને શી રીતે અવાય? વળી કેટલાંક મજૂરો તો લગભગ ઘરબાર વિહોણાં-વિચરતી જાતિનાંયે હોય છે. સહકુટુંબ અહીં જ રહે!'' ''ક્યાં! આ પેલાં દેખાય છે એ ઘરમાં? પણ એને તો ઘર કેમ કરીને કહેવાય? ઝૂંપડાયે ના કહેવાય. ટૂટલફૂટલ વાંસડા ઉપર ફાટેલાં પ્લાસ્ટિક ઢાંકેલા છે, ખાલી! બિચારાં છોકરાં ને ડોકરાં શી રીતે જીવે આમાં?'' વિલ્સન કકળી ઊઠ્યો. ''જીવે જ છે ને, પેટને ખાતર-પેઢીઓની પેઢીઓથી આમ જ જીવે છે!''





લાંબા-પહોળા-ખારા-સફેદ-કાળાં-કારમાં અગરો વટાવતી બસ સૂરજબારી પુલ ઉપરથી, વિશાળ રસ્તે કચ્છમાં પ્રવેશી.

સૂરજબારી પુલ વટાવ્યો કે કચ્છની ભૂખરી ભોંય દેખાવી શરૂ થઈ ગઈ. સરિયામ હાઈવે પર નવી ફેક્ટરીઓ, હોટેલો વટાવતાં હતાં ત્યાં પેલી ઓખા-દ્વારકા-હર્ષદના રસ્તે જોયેલી મોટી પવનચક્કીઓ જોઈને મંડળીએ કહ્યું કે અહીં પણ પવનચક્કીથી સિંચાઈ થતી લાગે છે! બસ સામખિયાળી થઈને લાકડિયા ધામ પહોંચી. કચ્છના જૈનો દેશભરમાં વસ્યાં છે, જ્યાં વસ્યાં છે ત્યાં ચુસ્તપણે જૈનધર્મ પાળે છે અને પોતાની, દેશની તથા જિનશાસન દેવની સમૃદ્ધિમાં વધારો કરે છે.

લાકડિયાનાં મૂળ વતની જૈનોએ મોટાં દેરાસરો બંધાવ્યાં છે અને સુખ સવલતભર્યા ઉતારા પણ ઘણા બનાવડાવ્યા છે. એન.આર.આઈ.કે મુંબઈગરા શ્રાવકોને જોઈએ તેવી આધુનિક સગવડ આપતા એ ઉતારામાં મંડળીએ મુકામ કર્યો. તાજાંમાજાં થઈ, વહેલું સાંજનું જમણ (જૈન) લઈને સૌ મિટીંગમાં બેઠાં. કચ્છનો પૂર્વપરિચય રચના પાસેથી સૌએ રસપૂર્વક સાંભળ્યો.

''આપણે કચ્છના ઈતિહાસ વિશે જ નહિ, થોડી એની વર્તમાન સ્થિતિ વિશે પણ વાત કરીશું. ઈતિહાસ સાથે ભૂગોળ પણ જોડાયેલી જ છે એટલે ચાલો, ત્યાંથી જ શરૂ કરીએ. કચ્છના કેટલાંક વિસ્તારોમાં પુષ્કળ ખનીજ સંપત્તિ પૃથ્વીના પેટાળમાં પડેલી છે. આઝાદી પહેલાં તો બધું ખોવાયેલા ખજાના જેવું હતું પણ આઝાદી પછી અહીં ખૂબ મોટાપાયે ખાણ ઉદ્યોગ શરૂ થયો અને છેલ્લાં 25 વર્ષો દરમ્યાન તો જોરદાર રીતે ધમધમી રહ્યો છે ને આંતરરાષ્ટ્રીય જોડાણો પણ થવા લાગ્યાં છે. લિગ્નાઈટ અને બોક્સાઈટ એમાં મુખ્ય ખનીજો છે.

''એ ઉપરાંત કચ્છ જુરાસિક યુગની ભૂમિ છે. કેટલાંક ચોપગાં એની સાક્ષી પૂરે છે.'' ''જુરાસિક? મતલબ કે વો ડાયનોસરવાલા?'' આમિરના ફિલ્મપ્રેમને લીધે ક્યારેક માહિતી વિસ્ફોટ પણ થતો રહેતો.

''હા, લાલ-ભૂરી-જાંબલી-કાળી આ ધરતી ઉપર ભૂજિયો, કાળો, ધીણોધર જેવા ડુંગરો છે જે ઠરેલા જ્વાળામુખી હોઈ શકે. નદીઓ ઘણી છે પણ નાની ને

સૂકી છે. દસ મહિના તો પાણી જ નથી હોતું. ઘાસિયાં મેદાનોથી છવાયેલો જગપ્રસિદ્ધ બન્ની વિસ્તાર અને સફેદ ખારથી ઢંકાયેલો ખડીર વિસ્તાર દુનિયા માટે પ્રવાસનસ્થળો બની ગયા છે.''

''બહેન, ખાર કેમ, આમ તો 'સફેદ રણ'કહેવાય છે ને? બાદલે સામો સવાલ કર્યો. ''હા, કહેવાય છે પણ એને મોટો ખારોપાટ જ કહીશું. રણવિસ્તાર શબ્દ આવે ત્યારે તમારા મનમાં થરપારકર કે સહરાના રણની કલ્પના આવતી હશે નહિ?'' બીજાંના ડોકાં ધૂણ્યાં પણ આમિર તો જાણે નિરાશામાં ડૂબી ગયો. ''તો ક્યા? હમેં વો 'રેશ્મા ઔર શેરા' મેં દેખા થા વૈસા રણ દેખને કો નહિ મિલેગા?'' ''ના. કચ્છનો રણ પ્રદેશ ખડકાળ અને સૂક્કી માટીનો છે. હવે તો યોગ્ય ખેતીના પ્રયોગોથી, સિંચાઇ વ્યવસ્થા શરૂ થવાથી ઠેર ઠેર લીલી વાડીઓ પણ વધી રહી છે. રખે માનતા કે રેતીના રેશમી ઢગલા પર તમને ચાલવા મળે! કચ્છનો ચહેરો બદલાઇ રહ્યો છે.''

''એ તો ભૂકંપે જે હાલત કરી એનાંથી ચહેરો શું, બધું જ બદલાઇ ગયું હશે ને?!''

''શેખર, ભૂકંપ વિશે થોડીવાર પછી વાત કરીએ. હમણાં તો ઔદ્યોગિક રીતે એક કાળે પછાત કહેવાતો કચ્છ કેવા અવનવા ઉદ્યોગો લઇને પેસીને પહોળા થતા મોટાં મોટાં ઉદ્યોગગૃહોની 'પ્રિય ભૂમિ' બન્યો છે એની વાત છે!''

કચ્છમાં ઉદ્યોગો જ નહોતા? કેમ?'' વંદનાને પણ આશ્ચર્ય થયું.

''એને માટે કચ્છનાં ઐતિહાસિક પરિબળો જવાબદાર છે. થોડી એ દિશામાં પણ નજર નાંખી દઇએ તો ચિત્ર સાફ થઇ જશે.'' રચનાએ નવી વાત માંડી. ''કચ્છને તો બહુ પ્રાચીન- ઐતિહાસિક ભૂતકાળ હશે નહિ?'' ધીરજે રસથી પૂછ્યું.

★★★





## મુકામ - 3.

# ઇતિહાસ-રાજકારણના તાણાવાણા

''ખરું પૂછો તો કચ્છ વિશે જેને બાકાયદા લેખિત ઇતિહાસ કહીએ એવું બહુ મોડે મોડે થી મળે છે. કચ્છનો ભૂતકાળ કંઇક પુરાણોમાં એના આછેરા ઉલ્લેખથી; પણ વધારે તો મૌખિક પરંપરા-લોકસાહિત્યમાંથી જાણવો પડે છે.જે કાળે આ દેશ કે દેશની સરહદો કે એવા કોઇ ખ્યાલો(કોન્સેપ્ટ) જ નહોતા ત્યારે પણ સમુદ્ર કે રણ ઓળંગીને સિકંદરના લશ્કરથી માંડીને હૂણ વગેરે લડાયક જાતિઓ ઊતરી આવતી અને વસતી. એમની અંદરોઅંદર યુદ્ધો થતા અને કચ્છ વિવિધ વિચિત્ર જાતિસંમિશ્રણોની ભૂમિ બની હતી. લેખિત ઇતિહાસની શરૂઆત મોહમ્મદ તુઘલખના સમયથી થઇ કહેવાય.''

''મતલબ? તુઘલખ કચ્છમેં આયા થા?''

''તુઘલખને સિંધ સર કરવું હતું. ત્યારે કચ્છ ને સિંધ બધું એક જ હતું. સિંધના હિંદુ રાજા અને ત્યાંના પર્વતીય પ્રદેશના સુલતાન સાથે તુઘલખે યુદ્ધ કર્યું હતું એમ તેના ઇતિહાસકાર બરનીએ નોંધ્યું છે.''

''આમ તો એ ઉલ્લેખ સિંધ વિશેનો કહેવાય પણ આજે સિંધ પાકિસ્તાનમાં છે તેથી એને કચ્છ સાથે પણ જોડી શકાય.'' શેખરે ફોડ પાડ્યો, સસ્મિત!

''ખેર, છેક 13મી સદીમાં જાડેજા રાજપૂત રાજાઓનો વંશ સત્તા ઉપર આવ્યો તે છેક 1948માં દેશ અંગ્રેજી હકૂમતથી આઝાદ થયો અને રજવાડાં વિલીન થયાં ત્યા સુધી જાડેજાનું રાજ ચાલ્યું.''

''એમણે તરત નમતું જોખેલું?''

''હા, હા, એ હિંદુ રાજાઓ હતા! વળી કચ્છ બિલકુલ પાકિસ્તાનની સરહદે આવેલો છેઃ તેથી હવા પણ જોરદાર હતી.એટલે એક જવાબદાર પ્રાંત તરીકે કચ્છને ગુજરાતમાં ન ભેળવીને યુનિયન ટેરિટરી બનાવવામાં આવ્યો; એ પણ એક જાણવા જેવી વાત છે! પણ એ પહેલાં રજવાડા-કાળની વાત સમજી લઇએ. એમાં નામાવલિ ગણાવવા કે ઊંડા ઉતરવાની જરૂર નથી પણ એટલું સમજવું જરૂરી છે કે આ રાજાઓ રૂઢિચુસ્ત હતા; પણ 'કચ્છીયત'એમની રગેરગમાં હતી એટલે આગવાપણું (એક્સ્ક્લૂઝિવનેસ) ટકાવી રાખવાની મમતથી કચ્છ જાણે બંધ બારણે પુરાયેલું રાજ્ય બની ગયું; કુદરતે તો સાથ(!) આપેલો જ હતો.કચ્છના રાજાઓ રાવ કે રા'તરીકે જ ઓળખાતા.''

''પેલા જૂનાગઢના રા'ખેંગાર ને રા'માંડલિક... બધાંની જેમ?'' મીનાએ અનુસંધાન કર્યું.

''હા, એમાંના કેટલાક પ્રજાવત્સલ હતા, કેટલાક ક્લારસિક હતા, કેટલાક આધુનિક પ્રગતિને કચ્છમાં આણવાનો આગ્રહ રાખનારા પણ હતા. પરિણામે કચ્છમાં સુંદર ઇમારતો, હસ્તકલા કારીગરી, કાચકામ, ઘડિયાળો જેવાં યંત્રો છેક 18મી સદીથી બનવા માંડેલાં. સંગીતનું શાસ્ત્ર, છંદોનું શાસ્ત્ર, કવિસંમેલનો પણ ભરાતાં. એટલું જ નહિ, નાગરિક સુવિધાઓ પણ શરૂ થયેલી ને મોડી મોડી રેલ્વે પણ ભૂજમાં 19મી સદીમાં જ નંખાઇ ગઇ હતી છતાં કચ્છ પછાત રહ્યો; કેમ કે સાર્વજનિક શિક્ષણ ઉપર ખૂબ ઓછું ધ્યાન આપવામાં આવ્યું.તે સિવાય પણ કચ્છમાં જ્ઞાતિ-જાતિની બાબતે અતિશય ચુસ્તતા છે. જૂનવાણી વલણો અને વર્તન હજી વળગેલાં છે. આમાં પાછી નવેસરથી 'અસ્મિતા'નું આરોપણ થવા લાગ્યું છે તેથી પણ 'તમે કેવા?' ને ''અમારામાં તો આમ...'' નાં વળગણો છૂટતાં નથી. સામાજિક બાબતે કચ્છ પછાત હતું- મધ્યકાલીન મૂલ્યોને સર્વેસર્વા માનતું હતું તેમાંથી હજીયે મુક્ત નથી.''





''બહેન, હિંદુ-મુસ્લિમ કે રિશ્તે કૈસે હૈં?''

''અરે! એકદમ સારા- શરૂઆતથી એમ કહેવામાં આવે છે. સિંધ-કચ્છ એકાકાર હતાં ત્યારે તો પરસ્પર સંબંધો, વેપારી સંબંધો બધું જ સરસ હતું. કચ્છના રાવોને મન પણ હિંદુ-મુસ્લિમમાં કોઇ ભેદભાવ નહોતા. 18મી સદીના રાવ દેશળજીના ખાસ ખાનગી મંત્રી, સેનાપતિ તરીકે જમાદાર ફત્તેહમહમ્મદ હતા જેમની પ્રજાવત્સલતાનાં ગુણગાન આજે પણ ગવાય છે. દેશ આઝાદ થયો, ને પાકિસ્તાન બન્યું ત્યારે નિર્વાસિત હિંદુઓને કચ્છમાં વસાવ્યાં તે ગાંધીધામ પણ મિશ્ર વસ્તી ધરાવે છે.બન્ની તો લગભગ મુસ્લિમ સમાજથી ભરપૂર છે. આમ તો પરસ્પર હળીમળીને રહે છે, પોતપોતાનો ધર્મ પાળે છે ને બીજાંને પાળવા દે છે એટલી સમજણ અને સહિષ્ણુતા બંને સમુદાયોની આમ પ્રજામાં છે જ - પણ બાર-પંદર વર્ષથી સક્રિય બનેલાં કહેવાતાં રાષ્ટ્રવાદી - કટ્ટરવાદી પરિબળો કચ્છની હવાને પણ ડહોળવા લાગ્યાં છે. ખૂબ સૂક્ષ્મ(સટલ) રીતે સમાજમાં 'સરહદી જિલ્લો'- 'આતંકવાદી' 'ઘૂસણખોરી' જેવી ભાવનાઓ ઉશ્કેરવામાં આવે છે અને છેલ્લા થોડા સમયથી તો ભૂજમાં રમખાણો પણ થવા લાગ્યાં છે. ખરેખર તો કચ્છીયત એ સમન્વયની સંસ્કૃતિ હતી; કોણ જાણે હવે એનું અર્થઘટન શું કરવામાં આવી રહ્યું છે!'' શેખરે પૂછ્યું - ''બહેન, આજે ઉદ્યોગોથી કચ્છ ધમધમે છે એમ તમે કહ્યું પણ પર્યાવરણના, પ્રદૂષણના જે કિસ્સા બનાવા લાગ્યા છે તે ખૂબ ચિંતાજનક છે. પણ સરકાર તો''... ''આપણે જાણીએ છીએ- ઉદ્યોગપતિઓના હાથમાં રમે છે. જો કે મારા મતે કચ્છ અત્યારે આગળ આવવા માંડ્યું છે - મુખ્ય પ્રવાહના આર્થિક-રાજકીય પરિબળો સાથે જોડાવા માંડ્યું છે એ ખૂબ નોંધપાત્ર છે પણ બે છેડા છૂટી ગયા છે, તે યાદ રાખજો અને કચ્છ દર્શન દરમ્યાન એને વિશે વિચારતાં રહેજો.''

'' એ ક્યા છેડા?'' વિલ્સને પૂછ્યું.

''એક તો આ મોટાં ઉદ્યોગગૃહો દ્વારા કૂદકે ને ભૂસકે થઇ રહેલા વિકાસ સાથે સ્થાનિક જનજીવન-રોજીરોટી અને પર્યાવરણ પરની મોટી ને માઠી અસરો

અને બીજો મુદ્દો તે પ્રવાસન, વાયબ્રન્ટ વગેરેના બજારમાં મૂકાઇને આસમાને ચગેલી કચ્છની કલા-સંસ્કૃતિ.''

''થોડા ખુલકર કહિયે ના...'' હમિદે વિનંતિ કરી.

''અં... કહેવાય.પણ મને લાગે છે કે તમે લોકો જાતે બધું જોતા જાઓ અને આ મુદ્દે જે કંઇ અનુભવો-વિચારો તે શેર કરો તો વધારે સારું.'' હમિદ સાથે સૌ કોઇ આ વાતે માની ગયાં. વળતી સવારે રીતસર કચ્છદર્શનની શરૂઆત કરવાની હતી તેથી સૌએ વિખેરાવાનું નક્કી કર્યું.

★★★





**મુકામ- 4.**

# રવેચી માતા

## "લોક માન્યતા એ જ સંસ્કૃતિ!"

સિંધુ સભ્યતાના નગર ધોળાવીરા (ઢોરા વીરા) તરફ બસે ગતિ કરી ત્યારે સૌથી પહેલી તો કનુભાઇએ લાલ ઝંડી ફરકાવીઃ ''બેન, આપડે જ્યાં જાવું છે ઈ જગો મેં તો જોઇ નથી! તમારે રસ્તો બતાવવો પડહે!''

''એ... ફિકર નોટ કનુભાઇ! તમતમારે રાપરથી સીધી રવ થઇને મારી મૂકો. સીધે રોડે જ છે ને મારું જોયેલું છે- વાંધો નહિ આવે!'' રચનાએ આત્મવિશ્વાસ સાથે કહ્યું. કનુભાઇએ સ્ટાર્ટ મારી. મિત્રો રચના-કનુભાઇનો સંવાદ સાંભળી રહ્યાં હતાં; બાદલે જરાક ભવાં ચડાવીને પૂછ્યુંઃ રાપર-રવ... કેવાં નામ છે, નહિ?'' ''કચ્છીયત છે ભાઇ! અહીંની બોલી જુદી છે... સમજો-સમજો!'' શેખર. ''રાપર એક નગરનું નામ છે. ઘણા જુવાનિયાને મેંય તમારી જેમ પૂછ્યું તો જવાબ મળ્યો કે આ હાઇવે ઉપર ગામ છે ને, તેથી 'રાહ પર'! પણ આ જ પ્રશ્ન મેં વડીલોને પૂછ્યો તો કહે રા' (કચ્છના રાજા) નું પર-પરુ. રાજાપુર કે રાજપરું તે કચ્છીમાં ટૂંકું થઇને થઇ ગયું રા-પ-ર.''

''ઔર વો, દૂસરા બોલી થી...?'' 'રવ'એ 'રવિ' સૂર્યના નામનું ટૂંકુ રૂપ. ગુજરાતમાં સૂર્યપૂજા હતી એ વાત અગાઉ થઇ ગઇ છે. પણ રવેચી એટલે સૂર્યપત્ની રન્નાદે.''

''પગલીનો પાડનાર દો ને રન્નાદે... વાળાંને?'' વંદનાના ટહૂકો.

''હા એ જ. રન્નાદે ગુજરાતનાં લોકદેવી. નિઃસંતાન સ્ત્રીઓ રન્નાદે પાસે બાળક માંગે. આવાં જ કોઇ કારણસર માનતા ફળવાથી, મંદિર બનાવડાવ્યું હશે. એથી વિશેષ ઐતિહાસિક માહિતી ના મળે. અહીં તો લોકો જ દેવી દેવતાને ઘડે ને પૂજે. રન્નાદેનું સૌરાષ્ટ્રનું નામ પાછું રાંદલમા. પણ મંદિર તો આ એક માત્ર. પ્રાચીન-પુરાતન.''

''જાણીતી શૈલીનું મંદિર છે ને- પાલિતાણાવાળી! પણ સાવ સાદું! લો, અહીં તો કોઇ ના મળે!'' મીનાને નવાઇ લાગી.

''અત્યારે સવારે, કામકાજના દિવસોમાં કોઇ ખાસ મંદિરે ના આવે. બહુબહુ તો સાંજની આરતીમાં લોકો ભેગાં થાય. બાકી આપણા તમામ શ્રમજીવી સમાજમાં આ હજારો વર્ષ જૂની પરંપરા છે.ઉત્સવો ને તહેવારો હોય ત્યારે બબ્બે-ત્રણ ત્રણ દિવસના મેળા જામે અને આજુબાજુથી હજારો લોકો ઉમટે, ભક્તિ ભજન કરે અને ખાણીપીણી ખરીદી પણ કરે. ધર્મ સાથે જીવનનો આણંદ માણી લે.''

''રોજે રોજનાં ધરમ ધ્યાન પૂજનભજન તો ઉજળિયાતોને પોષાય! ફુર્સદ જ ફુર્સદ!'' શેખરે એકદમ સચોટ નિરીક્ષણ આપ્યું.

''આ ધામનું વર્ણન લોકકથાઓમાં મળે છે, જેને કચ્છનો ઇતિહાસ માનવામાં આવે છે. ભાદરવા સુદ સાતમ-આઠમ અને ચૈત્રી નવરાત્રિમાં અહીંનું મોટું મહાત્મ્ય. મેળો ભરાય અને માણસો ઉમટે. એક વાયકા પ્રમાણે અહીં વિરાટનગરી હતી અને પાંડવોએ અહીં જ અજ્ઞાતવાસ કરેલો... હવે આવી જ વાયકા ધોળકા માટે પણ કહેવાય છે. જનસાધારણ માટે તો પૌરાણિક-ઐતિહાસિક તથ્યો કરતાં આસ્થાથી ચાલતી પરંપરા જ મહત્વની છે. આખા કચ્છમાં આવું જ વલણ જોવા મળશે.''

આ સમજણ સાથે ખાલી મંદિર - પરિસર જોવાનું જતું કરીને મંડળી આગળ વધી.





ભૂખરી-બાદમી ભોંય ક્યાંક કાળી, જાંબલી જોવા મળતી હતી. બાવળિયાંનાં ઝૂંડ વચ્ચેથી લીમડા પણ ક્યાંક ડોકાઇ જતા હતા. ક્યાંક પથ્થરનાં ઘર તો ક્યાંક પ્લાસ્ટિકનાં ઝૂંપડાં દેખાતાં હતાં. ચડતા તડકામાં સૂસવતો પવન પણ ધીમેધીમે ગરમ થતો જતો હતો. સઘળું ઉજ્જડ ભૂખ્ખડ ભાસતું હતું. થોડી વારે બસની આજુબાજુ પાણી ભરેલાં ખાબોચિયાં ને પછી સફેદ ખાર છવાયેલી જમીન નજરે પડતાં જ 'સફેદ રણ - સફેદ રણ'' ની કિલકારી ગૂંજી ઊઠી. ''ભલું થજો ગુજરાત પ્રવાસનનું ને અમિતાભ બચ્ચનનું કે ગુજરાતના અંધારા ખૂણે સૂતેલા સફેદ રણને વિશ્વવિખ્યાત કરી દીધું; નહિ તો... આ આવો આવોયે રોડ ના બન્યો હોત ને!'' રચના બોલી પડી.

બસ કંઇક ઠીકઠાક રસ્તે, સફેદ રણ વટાવતી આગળ વધી રહી હતી.લાંબે સુધી પથરાયેલી અફાટ સફેદી, પહેલાં વહેતા સમુદ્રનાં જ અવશેષ રૂપે છે.ઉદાસ સુંદરતાનો અનુભવ થઇ રહ્યો હતો. ''રાતે ખરે જ, બધું રહસ્મય લાગતું હશે- બહેન! રાતે ના રોકાવાય?'' મીનાનો રોમાંચ છલકાતો હતો. ''રોકાવાય, પણ ક્યાં? અહીં તો પોચો-કિચ્ચડ જેવો વિસ્તાર છે. અંદરના ભાગમાં પેલો રણોત્સવ થાય છે, ત્યાં જવાશે તો જઇશું.''

મંડળી ચૂપચાપ નિરવ સફેદીને નજરમાં ભરી રહી હતી. ક્યાંય ઝાડપાન નહોતાં... ચકલુંયે ફરક્તું નહોતું. બસની ઘરઘરાટી પણ જાણે કાનને વાગતી હતી. અચાનક સફેદી પાછી ભૂખરી ઝાંયમાં પલટાઇ. નાનાં ગામ, સરકારી ઓફિસો... બધું દેખાયું.

''આ વિસ્તારને 'ખડીર' કહે છે. ધોળાવીરા આ વિસ્તારનું એક માત્ર ગામ છે- પહેલાં એને કોટડા કહેતાં. આમ પણ માનવવસ્તી કેટલી ઓછી છે... ને ભૂકંપ વખતે ઘણું નુકસાન થયેલું.''

નવાસવા જેવા લાગતાં, એક સરખાં ચોરસ-લંબ ચોરસ ઘરોની શેરીમાંથી પસાર થતાં રચનાએ કહ્યું કે આ બધાં પુનર્વસિત કુટુંબો છે- ઘર પણ કેન્દ્ર સરકારની યોજનાથી બનેલાં.

જરાક આગળ વધતાં ગુજરાત પ્રવાસન નિગમની નિવાસી હોટેલ 'તોરણ'આવી. રચનાના અગાઉના અનુભવને કારણે અહીં અગાઉથી જમવાની વ્યવસ્થા માટે કહી રાખવું પડે તેવા ખ્યાલથી રચના અને મિત્રો ઊતર્યા. અંદર પહોંચતાં જ ''ફોનથી બુકિંગ તો કરાવ્યું નથી'' એવી ફરિયાદ સાંભળી. માફી માંગીને ભોજન નોંધાવ્યું. આમતેમ જોતાં સરસ, બેઠા ઘાટનું, ખાસો સમાવેશ થાય એવું મકાન હતું. પણ સફાઈનો ને રખરખાવનો (મેન્ટેનન્સ) સદંતર અભાવ હતો. આંટો મારીને પાછાં ગાડીમાં બેઠાં. ગાડી આગળ વધી.

★★★





**મુકામ - 5.**

# ધોળાવીરા

## દોસ્તો અહીં ચોક્કસ એક નગર વસતું હતું

ગામથી ત્રણેક કિ.મિ. દૂર એક ટીંબો દેખાવા લાગ્યો. ખડકાળ પીળી-કથ્થઈ ભોંય, તડકો અને સૂસવતો પવન કચ્છની અસલ તાસીર અને તસ્વીર ઊભી થતી હતી. ટીંબાનો ઘણો ખરો ભાગ બાવળિયાથી ઢંકાયેલો હતો.

બસ ઊભી રહી ત્યાં ખાસી મોટી, આધુનિક ઈમારત ઊભી હતી. એની આસપાસ રંગબેરંગી ફૂલછોડ શોભતાં હતાં- આંખને નવું નવું લાગ્યું.

''આ સરકારી મ્યુઝિયમ છે- અંદર સેમિનાર હોલ પણ છે. છેલ્લાં દસેક વર્ષમાં તૈયાર થયું છે.'' રચનાએ જણાવ્યું અને મંડળી સાથે મકાન તરફ ગયાં. અંદર સુષુપ્ત શાંતિ હતી. બે-ત્રણ ભાઈઓ બેઠા બેઠા વાતો કરતા હતા. ગણવેશધારી સિક્યોરિટી ગાર્ડ પણ દરવાજે ખુરશી ઉપર બેઠો હતો. મંડળીના આવવાથી આ ચિત્રમાં કાંઈ ફરક ન પડ્યો. રચનાએ આગળ વધીને, કદાચ બધાને સંબોધીને ધ્યાન ખેંચ્યું: ''ભાઈ, અમારે ત્યાં- સાઈટ જોવા જવું છે. કોઈને સાથે મોકલશો?'' પ્રશ્નનો જવાબ આપવાને બદલે ત્રણે સજ્જનોએ પૂછપરછ કરી જાણી લીધું -''કોણ છે, ક્યાંથી આવ્યા, કેમ છેક સાઈટ જોવી છે?'' બને તેટલા સ્વસ્થ રહીને રચનાએ જવાબ આપ્યા, પણ છેલ્લા સવાલનો જવાબ શેખરે આપ્યો- ''અહીં સુધી આવ્યા છીએ તે આ જૂના નગરનું ખોદકામ જોવા જ

આવ્યા હોઇએ ને?'' એના અવાજની ધારથી પેલાએ વધારે ઠંડકથી સૂચન કર્યું- ''પહેલાં મ્યુઝિયમ જોઇ લો પછી વાત.''

''આમ તો સાઇટ મારી જોયેલી છે, આ લોકોને હું પણ કહી શકું પણ કંઇ નવું ડેવલપમેન્ટ હોય તો તમારી મદદની જરૂર પડે ને?!'' રચનાએ જરાક ટોન બદલ્યો. ''કંઇ નવું નથી. અને તમારી ભેળું આવીને કોઇ સમજાવે તેવું નથી.'' એકે સપાટ સ્વરે કહ્યું. રચનાની મક્કમતા જોઇને બીજાએ કહ્યું- ''પેલા હતા ઇ ગાઇડ છૂટા થઇ ગયા. આટલે દૂર, રે'વાકરવાની સગવડ નો મળે તો કોણ રિયે?'' ત્રીજાએ ટોળમાં કહ્યું- ''હવે ઇ ક્યાંના ગાઇડ! ઇતો ચોથા વર્ગના કરમચારી હતા... અમથા તૂટતા'તા!'' ''જે હોય તે ભાઇ, તમારામાંથી કોઇ ફક્ત સાથે આવશો તોયે ચાલશે.'' રચનાએ છેવટે ધોળી ધજા ફરકાવી.

સૌ એક મધ્યસ્થ હોલમાં, કાચનાં શો-કેસમાં રાખેલા નમૂના અને ફોટોગ્રાફસ, નક્શા, આંકડાના ચાર્ટ વગેરે જોવા વળ્યાં. માહિતી સરસ રીતે ગોઠવેલી, લેબલો પણ વ્યવસ્થિત રીતે લગાવેલા પણ બધ્ધું અંગ્રેજીમાં! રચનાએ બધી જ સમજૂતી આપવી પડી.



ધોળાવીરા નગરની દિવાલ





ધોળાવીરાનું ખોદકામ, લોથલ પછી - ઘણાં વર્ષે શરૂ થયું. 1990માં અહીં ખોદકામ શરૂ થયું ત્યારે કચ્છમાં જ સૂરકોટડા અને દેશલપરમાં અવશેષો મળી ચૂક્યા હતા. આ સ્થળ ઉપર સૌથી પહેલાં મોટી દીવાલ મળી જે ઉપરથી અનુમાન થયું કે અહીં ચોક્કસ કોઇ કિલ્લેબંધ નગર હોવું જોઇએ. પાસે વસેલા ગામને પણ 'કોટડા' કહેતા હતા.બે નદીઓ મનહર- અને માનસરની વચ્ચે, 100 હેક્ટરના વિસ્તાર પૂરતું ખોદકામ શરૂ થયું. જેમાંથી કુલ સાત(7) સ્તરમાં વસેલા વિવિધ માનવ સમુદાયોની ક્રમે ક્રમે વિકસતી જતી સભ્યતાઓના અવશેષો મળી આવ્યા. સાતેય સ્તરના અભ્યાસ પછી જાહેર કરવામાં આવ્યું કે આ હરપ્પન / સિંધુ સભ્યતાનું નગર હતું. બંદર નહોતું પણ મહાનગર હતું. મુખ્ય બજારમથક (માર્કેટ પ્લેસ) હતું. ઉપરાંત સિંધુ સભ્યતાની વિશેષતા મુજબ હારબંધ ઘરો, નીકો, જળાશયો અને સાર્વજનિક સ્નાનાગારો હતાં. રમતગમતનું મેદાન અને રંગભૂમિ પણ હતાં. મૃતકોની દફનવિધી થતી, એ વિશાળ કબ્રસ્તાન મળ્યું. લખાણની એક આડી-લાંબી તકતી મળી છે, લિપિ લોથલવાળી જ લગભગ છે અને એને ઊકેલવાનો કોયડો હજી ઊકલ્યો નથી. સિંધુલિપિ હજી ઊકલી નથી તેથી ઘણાં રહસ્યો ધુમ્મસે ઢાંકેલા છે. સમયગણના કરીએ તો પાંચેક હજાર વર્ષ પહેલાંથી આ સ્તરો શરૂ થયેલાં દેખાય છે.

આટલી વિગતો વાંચ્યા પછી, સાતેય સ્તરોમાંથી મળેલા અવશેષો વારાફરતી જોવા મળ્યાં - પ્રથમ સ્તરમાંથી ચળકતી માટી, ત્રાંબુ અને પથ્થરની ઘરવખરી મળી. મણકા અને અકીકનાં ઘરેણાં પણ હતાં. લોથલની જેમ મણકાની ફેક્ટરી પણ મળી આવી હતી. પકવેલી માટીની એકસરખી ઇંટોથી બનાવેલાં ઘરો મળ્યાં- નાની અને મોટી સાઇઝનાં. જે અહીં પણ કદાચ આર્થિક વર્ગભેદ સૂચવતાં હતાં. બીજા સ્તરવાળો કિલ્લો વધુ લાંબો- પહોળો હતો. માટીનાં વધુ વાસણો મળ્યાં. ત્રીજા સ્તરના લોકોએ જળાશયો બનાવેલાં, વિવિધ સાઇઝનાં. કૂવાથી માંડીને મોટા કુંડ- રેઝર્વોયર સુદ્ધાં મળ્યાં. એવી ધારણા કરવામાં આવે છે કે આ સમયગાળા દરમ્યાન પૂર કે ભૂકંપ જેવી કોઇ કુદરતી હોનારત ઘટી હશે- જેને કારણે આ સ્તરમાં મોટાપાયે મરમ્મત થયેલી નોંધાઇ છે. નગરના ત્રણ ભાગ પડેલા દેખાય છે. ઘરો, જળાશયો અને મેદાન. આ



જળાશય

મેદાન ધાર્મિક વિધિઓ માટે હશે, ઉજવણી, રમત સ્પર્ધાઓ થતી હશે. આ સ્તરમાંથી જ પેલી લેખનપટ્ટી મળી છે. સ્તંભો મળ્યા છે- જે મકાનના થાંભલા જેવા નથી પણ પશુ બાંધવાના ખૂંટા કે વિધિ માટેના સ્તૂપ હોઈ શકે. પાંચમા સ્તરમાં નગરની પડતીની નિશાનીઓ દેખાય છે. નિષ્ણાતોના કહેવા મુજબ આ સમયે અહીંથી સ્થળાંતર થવાની નિશાનીઓ મળી છે. છઠ્ઠા સ્તરમાં વળી નવી જ પ્રજાનું અહીં આગમન થયું મનાય છે. નાનાં ઘરો મળ્યાં છે. પણ ફરી સ્થળાંતર થયું છે. સાતમા સ્તરથી, આગંતુક પ્રજાએ ગોળાકાર ઘરો બાંધ્યાની નિશાનીઓ મળે છે જે અત્યાર સુધી મળેલાં ચોરસ-લંબચોરસ ઘરોથી જુદી પડે છે અને છેક હમણાં સુધી કચ્છમાં બનતાં ભૂંગાંની નજીક લાગે છે.

આ બધા નમૂના-ફોટા જોઈને મંડળી સાઈટ પર જવા થનગની રહી હતી. મ્યુઝિયમથી બહાર નીકળ્યાં તો પેલો ટીંબો જાણે એમને આમંત્રી રહ્યો હતો. ‘‘એક નવો વિચાર તમારી આગળ શેર કરું?’’ રચનાએ વાત મૂકી ને મંડળી એક ધ્યાન થઇ ગઇ. ‘‘આમ તો ધોળાવીરા-ધોળાવીરા ચાલે જ







ભૂંગાં જેવાં ઘર

છે પણ કંઇક ભાષાકીય દૃષ્ટિએ અને કંઇક અહીંની પ્રજાઓ વિશે અનુમાન કરતાં મને આ સ્થળનું નામ ‘ઢોરા વીરા’હશે એવું લાગે છે. કચ્છી ભાષામાં ઢોરો એટલે ટેકરો-ટીંબો. ધ-ઢ અને બ-ર થાય છે એ પણ જાણીતું છે. એટલે ઢોરા વીરા કહેતાં વીરોનો ટીંબો- વીર-ટેકરો એવું નામ મનમાં જાગે છે.’’

મિત્રોને આ ધારણા વિશે વિચારવાનું કહ્યું ત્યાં ‘ટીંબો’ આવી ગયો. પેલો કિલ્લો નગરનું ખરે જ રક્ષણ કરતો હોય તેમ અડીખમ ઊભો હતો. ત્યાં જાણે પ્રવેશદ્વાર કર્યું હોય એમ બે-ત્રણ સરસ માહિતી-પાટિયાં મૂક્યાં હતાં- જેમાં મ્યુઝિયમવાળી માહિતી જ હતી અને તે વળી અંગ્રેજીમાં જ હતી. મંડળી અકળાઇ-ખિજાઇ-હતાશ થઇ; ભલેને પછી હવે એ લોકો બધું જ જાણી ચૂક્યાં હતાં છતાં બોલી જવાયું: ‘‘અહીં ફક્ત અંગ્રેજી જણાતાં લોકો જ આવતાં હશે?’’ મીનાને સૌથી પહેલી ખીજ ચડી લાગી!

''એનો અર્થ એ કે અંગ્રેજી ન આવડતી હોય એને ઇતિહાસ જાણવાનો અધિકાર નથી!'' શેખર દાંત કચકચાવીને બોલ્યો.

''અહીં કોઇ અભિપ્રાયની બુક હોય તો એમાં ગુજરાતીમાં માહિતીની માંગણી મૂકવી જોઇએ.'' વિલ્સને રચનાત્મક સૂઝાવ આપ્યો.

''ઉધર લોથલ મેં તો હિંદી-ગુજરાતી-અંગ્રેજી-તીનોં લેંગ્વેજ મેં સબ કુછ લિખેલા થાયા, યાં પર ભી વૈસા ચ હોના ચાહિયે ના!'' યાસ્મિનને યાદ આવી ગયો પ્રવાસનો પહેલો દિવસ!

''ખેર, હવે જે છે તે આ છે! આપણે અમુક તો સમજી લીધું છે- હવે અહીં બધું જેમ જેમ જોતાં જઇશું તેમ તેમ ઓળખાતું જશે.'' ઉમંગ અને આશા સાથે મંડળી ફરી વળી.

દીવાલની પેલી પાર ખોદેલાં સાત-સાત સ્તર જાણે ખુલ્લાં પડીને માનવ સભ્યતાના ખજાના ખોલીને ઊભાં હતાં. સૌથી આંખે ઊડીને વળગે એવાં હતાં ચાર-દિશાનાં ચાર જળાશયો. મોટાં તથા નાની-મોટી સાઇઝનાં હતાં, ''એને વાપરનારાની વસ્તીના આધારે હશે?'' - કોઇએ પૂછ્યું.

એક લાંબો-પહોળો રાજમાર્ગ જોયો. ''લોથલમાં તો આવો નહોતો- લોથલ નાનું હશે?'' 'એ કોણ બોલ્યું?'' ''ઊંચા ઓટલાવાળાં આ મકાનો શેઠિયાવનાં હશે''- વળી એક વર્ગભેદની નિશાની. ''ઇંટો તો અદ્દલ લોથલ જેવી જ?'' ખુશ ખુશ! ''યેલ્લો! કિતના બડા ચૌડા મૈદાન હૈ? યહાં પર ઝરૂર રેસ હોતી હોંગી?'' ''માણસોની કે ઢોરની?!'' ''ક્યા ફરક પડતા હૈ?'' ટાંટિયાખેંચ- અહીં પણ?! ''પેલા નાના નાના થાંભલા- પશુ બાંધવાના ખૂંટા?''

''અરે, આ તો જુઓ- આવો થાંભલો સિંધુ સભ્યતામાં ક્યાંથી?''

''જરૂર, પાછળના સ્તરનો હશે જ્યારે નવા નવા રહેવાસીઓ આવવા માંડ્યા હશે!'' ''હા... પણ એની સાઇઝ, એના ઉપરની લહેરિયાભાત, એની બેઠા ઘાટની જબ્બર બેસણી પેલા ઉપરકોટના ધ્યાનમંડપના થાંભલા જેવી જ છે





ને?'' રચનાએ યાદ દેવડાવ્યું એટલે આમિરનો ખ્યાલ - ઝબકારઃ ''હો સકતા હે, યાં પર ભી બુદ્ધિસ્ટ સાધુ રહે હોંગેં!''

''અને પેલું સ્મશાન...'' ''કબ્રસ્તાન કહો, ઉસ વખ્ત દફનાતે થે ના?'' આમ દૂર દૂર સુધી ફેલાયેલી માનવ સભ્યતાની કર્મઠતા અહીં પથ્થરે પથ્થરે પ્રગટ થતી હતી. પ્રકૃતિ સામે સતત બાથ ભીડીને ઊભી કરેલી સંસ્કૃતિ અને તેની ક્રમિક વિકાસયાત્રાની આછીપાતળી રેખાઓ ઊકેલવાના આ પ્રયાસે આ નવી પેઢીને માનવશક્તિ, બુદ્ધિ અને યુક્તિની ઝાંખી કરાવી હતી. અહીં પણ ભાષા અને ધર્મ વિશે કોઇ વિગતો મળતી નથી, છતાં માણસજાતની પોતાની સુરક્ષા, સલામતી અને સરળ જિંદગી જીવવા માટે જે સવલતો ઊભી કરવાની સતતની મથામણ અને સફળતા-નિષ્ફળતાઓનો પરિચય મળે છે તે જોતાં પેલી ટાગોરપંક્તિઓ યાદ આવેઃ ''સાબાર ઉપર માનુષ!'' આ સૃષ્ટિસર્જનમાં માનવ સર્વોપરિ છે!

જય માનવશક્તિ!

ભવ્ય સભ્યતાનું દર્શન કરીને સભર બનેલી મંડળી પાછી મ્યુઝિયમ પહોંચી ત્યારે ટેવવશ શેખરે માહિતી - સામગ્રી વગેરે માંગ્યાં ત્યારે એવી જ ટેવવશ મ્યુઝિયમ - પ્રવાસન ખાતાએ જવાબ આપ્યોઃ અંગ્રેજી પેમ્ફ્લેટ છે, ગુજરાતી તો તૈયાર થાય છે; બાકી બુક -ફુક કાંય નો મલે!'' અંગ્રેજીમાં નાનું પતાકડું હતું તે લઇને સંતોષ માનવો પડ્યો.

'તોરણ'માં સાદું ભોજન લઇ સૌ બસમાં ગોઠવાયાં. અહીંથી લાકડિયાનું લાંબું અંતર કાપવાનું હતું. રચનાએ સૂચવ્યું કે આટલો લાંબો પ્રવાસ કરીને રાતે મુકામે પહોંચીશું ને ફીડબેક મીટીંગ કરીશું તો થોડું આકરું પડશે. અત્યારે, બસમાં જ ચર્ચા કરીએ તો?..

''અભ્ભીચ? નંઇ-નંઇ... થકેલે હૈં!'' - બીજું કોણ? - યાસ્મિન!

''ઔર ફિર ખિડકીમેં સે સબ દેખના હૈગા ના?'' - પરવીન.

''અબે, તેરેકુ ક્યા હૈ- બચ્ચન દિખેગા?!'' - આમિર.

''એ ભઇ, મુદ્દાની વાત કરો- ચર્ચા કરવી છે કે નહિ?'' ધીરજે દોર હાથમાં લીધો.છેવટે સૌ સંમત થયાં કે ચર્ચા બસમાં જ કરીએ.

સૌથી પહેલો 'પ્રતિભાવ'કનુભાઇનો આવ્યોઃ ''આટલા દિ'માં આજનો ફેરો ભારીમાં ભારી રિયો, બેન!''

''કેમ એમ કહો છો?''

''તયેં શું બેન? આજકાલ કરતાં પચ્ચી વરહથી ગાડી ફેરવું છું- આખ્ખા દેશમાં લાખ્ખો કિ.મી.ફરેલો છું પણ આજના જેવા ધક્કો કદી નથ્ થિયો!''

''ધક્કો?'' ''તયેં નંઇ? આટલા કિલોનું ખડબડિયું ડ્રાઇવિંગ કરીને શું જોયું- તો કે'ખાડા ને પાણા! એલા નંઇ મંદિર, નંઇ મજીદ, નંઇ શેર, નંઇ બજાર... ઉજાણીમેળો કાંય નંઇ... ને આ?!''

''કેમ લોથલમાંય આવું જ હતું ને?''

''હતું પણ ઇ આટલું છેટું નંઇને?! ભાય, ભલભલી પાલ્ટીને ફેરવી પણ આ બેનની પાલ્ટી તો ભાય, કે'વું પડે!'' ને થર્ડ ગિયરમાં નાખી, ગાડી દોડાવી. મંડળીમાંથી કેટલાંક હસ્યાં-કેટલાંકનાં ભવાં ચડી ગયાં. ધીરજે કહી નાખ્યુંઃ ''કનુભાઇ, ખરેખર તો આજ સુધીમાં આને બેસ્ટ જગા કહેવાય.'' ''ધીરજ, એમનો અભિપ્રાય કોમનમેનનો છે, એમની રીતે એ સાચા છે.'' ''સાચા શાના, બેન? અમુક દિશાનાં બારણાં જ બંધ રાખે પછી!!!'' ''ખરેખર તો આપણને એ સવાલ થવો જોઇએ કે કોમનમેન અને કોમનવીમેનને આવો ત્રાસ કેમ થાય છે?! તું કહે છે એમ, ઇતિહાસ-પુરાતત્વની દિશાનાં બારણાં આવાં લોકો બંધ કેમ રાખે છે?! શિક્ષણ, મિડિયા, સાહિત્ય, નાટક, સિનેમા... કોઇએ આને જવાબદારી કે સાંસ્કૃતિક જરૂરિયાત માન્યાં જ નથી; પછી તો આ જ પરિણામ આવે ને!''





''ઔર માહિતી ભી સારી અંગ્રેજી મેં; કોઇ પઢે તો ભી કૈસે?'' પરવીનની ફરિયાદ સાચી હતી. ''વો સારે કાગઝ 'ફોરેનર' કે લિયે હી હૈંગે? ક્યોં, હમેં ઐસી જગહોં કે બારે મેં નહિ જાનના હૈગા?'' યાસ્મિને પણ ફરિયાદ આગળ વધારી. ''અરે, ફોરેનર તો એમની દૂઝણી ગાય છે. ધાડાંને ધાડાં આવે ને ડોલરમાં ટિકિટો ખરીદે; પછી એમને તો ખુશ રાખવા જ પડે ને?!''

''ડોલરમાં?'' ''હા, આપણે રૂપિયામાં લઇએ એમણે ડોલર-પાઉન્ડ અને યુરોમાં ટિકિટ લેવાની! આપણે 10 રૂપિયામાં લઇએ એમને 400-500/-ની પડે! આ મ્યુઝિયમ-ટૂરિઝમને ચાંદી જ ચાંદી!'' શેખરે બરાબ્બર ગણિત સમજાવી દીધું.'' ''ઓ... યે બ્બાત હૈ!''

''બહેન, હું શરૂઆત કરું. લોથલ કરતાં આ શહેર મોટું પણ હતું અને જૂનું પણ, નહિ?'' ''વંદના, જ્યારે આપણે લોથલમાં ફરતાં હતાં ત્યારે મેં કહેલું કે અહીં અમુક જ વિસ્તાર ખોદવામાં આવ્યો છે. ધોળાવીરા ખોદતાં ગયા અને લેયર્સ મળતાં ગયાં એવું લોથલમાં પણ હતું જ. હજી અહીં કામ પૂરું નથી થયું - કદાચ અમુક વિસ્તાર ખોદીને પુરું પણ કરી દે.અને હા, 'જૂનું'તો નહિ, ઉલ્ટું લોથલ જૂનું છે.અહીં ઉપરાઉપરી જે થર મળ્યા તે એનું સાતત્ય(કન્ટીન્યૂઇટી) બતાવે છે.જોયું કે કોઇ કુદરતી આફત પછી ફરીથી ઊભું થાય છે જ્યારે લોથલ મોટેભાગે કોઇ કુદરતી આફતમાં જ ખતમ થયું અને ફરીથી બેઠું નથી થઇ શક્યું! ધોળાવીરાના ચોથા સ્તર સુધી પહોંચતાં માનવસભ્યતા વધારે વિકાસ પામી ચૂકી હતી.''

''એક બીજો મુદ્દો પણ મનમાં આવ્યો, બહેન! અહીં પણ ભાષા કે ધર્મની બાબતે સ્પષ્ટતા નથી, લોથલમાં પણ નહોતી. છતાં લોથલમાં મ્યુઝિયમખાતું અને કર્મચારીઓએ ખાસી ઘાલમેલ કરી છે- અહીં આ લોકો એવું કશું કરી શક્યા નથી; એ શું બતાવે છે?'' શેખરે બહુ મહત્વની વાત કરી. ''બહુ મોટી વાત શેખર! પણ જવાબ હું કંઇક ધારણાથી આપીશ ને કંઇક અનુભવથી. મને લાગે છે કે લોથલ અમદાવાદ- ગાંધીનગરથી બહુ નજીક છે, કહેવાતા મુખ્ય પ્રવાહમાં છે. અમદાવાદ અને એની આસપાસના વિસ્તારમાંથી આવતા

પ્રવાસીઓ પણ ચોક્કસ રંગે રંગાયેલા છે. લોથલ વિશે મિડિયા અને અખબારી લેખકો લખતા રહેતા હોય છે તેથી કદાચ લોથલને હિંદુ વર્ચસ્વની થિયરીની પ્રયોગશાળા બનાવી શક્યા હોય. ધોળાવીરા હજી શરૂઆતના તબક્કામાંથી પસાર થઇ રહ્યું છે, અહીંનું દૂરત્વ બધાંએ સ્વીકાર્યું છે. આશા રાખીએ કે આગામી વર્ષોમાં પણ આ ધર્મનિરપેક્ષતા ટકી રહે!''

''રાઈટ્. આ તો તમારી ધારણાવાળી વાત થઇ; પેલું અનુભવનું કહેતાં હતાં એનું શું?'' બાદલે અનુસંધાન કર્યું.

''ચાર-પાંચ વર્ષ પહેલાં અહીં આવી હતી ત્યારનો અનુભવ છે. અમારી ટુકડી ઉપરાંત ચારેક NRI-NRG દંપતિ પણ ધોળાવીરા સાઇટ જોવામાં હતાં. આધુનિક કપડાં, મોબાઈલ, ફટાફટ ઈંગ્લીશ-બધું ચાલતું હતું; લગભગ બધું પૂરું થવા આવ્યું ત્યારે આ દંપતિમાંથી એક જણે ગાઈડભાઇને સવાલ કર્યો...'' વચ્ચે જ મીના ટપકી પડી- ''બહેન, તે વખતે ગાઈડ હતા?''

''ના, ગાઈડ તો નહિ, પેલા ચોથા વર્ગના કર્મચારીની આ લોકો મજાક ઉડાવતા હતો ને એ હતા; જે સાઈટના ખોદકામની શરૂઆતના સાક્ષી હતા. હાં... તો મીના, પેલા NRG ભાઇએ ને પછી એમની સાથેનાંએ પણ ગાઈડભાઈને પૂછ્યું કે આ બધું તો બરોબર, પણ અહીં કોઇ મંદિર કે એવા કશાનું ખંડેર કેમ નથી? આ લોકો ક્યો ધર્મ પાળતા હશે?'' - અને પેલા જેરામભાઈએ આ ફેશનેબલ લોકોને ટૂંકો જવાબ આપ્યો- ''એકેય નહિ કદાચ.'' ''અરે, આ લોકો હિંદુ હતા, આર્યો હતા કે પછી...?'' પેલાં ફોરેનર ગુજરાતી છાલ નહોતા છોડતા. જેરામભાઇએ એટલી જ મક્કમતાથી કહ્યું- એ લોકો બસ, માણસ હતા. આ સંસ્કૃતિ જ્યારે વિકસી હશે ત્યારે આર્ય-અનાર્ય કે હિંદુ જેવું કાંય નહોતું! આવડી મોટી સભ્યતા ઊભી કરનારાં ઇ બે-બે હાથપગવારા અને કારા માથાનાં માનવી જ હતાં ઇ પૂરતું નથ્?!'' રચનાએ વાક્ય પૂરું કર્યું- ન કર્યું ત્યાં તો મંડળી અનાયસ તાલીઓ પાડી ઉઠી- ''વાહ, ક્યાં બાત હૈ! આ વાત કહીને તમે તો આખા દિવસના આનંદમાં ચાર ચાંદ લગાડી દીધા, વાહ!''





સાંજ ઢળી ચૂકી હતી. કનુભાઇએ ગાડીમાં દીવા-અગરબત્તી કર્યાં કે શેખરે જોરથી લલકાર્યું- ''જય માનવશક્તિ! બોલો, જય માનવશક્તિ...'' અને આખી મંડળીએ તાલીના તાલ સહિત માનવશક્તિની આરતીથી સફેદ રણના અંધકારને અજવાળી મૂક્યો.

સાંજે લાકડિયા પહોંચી, વાળું કરી, મંડળી પથારીભેગી થઇ. વળતી સવારે ભૂજ માટે નીકળવાનું હતું.



**ધોળાવીરા સાઈટ**

★★★

## મુકામ - 6.

# ભૂજ-રાપર-અંજાર-ભચાઉ; કાયમી કે કામચલાઉ?"

સવારે, ભૂજ તરફ આગળ ધપતી બસની બારીની બહાર, વિશાળ રસ્તાઓની બંને બાજુ અસંખ્ય નાની મોટી સોસાયટીઓની હારમાળા દેખાતી હતી. હજી પણ ક્યાંક પ્લાસ્ટિકનાં છાપરાં અને ફાઈબરની દીવાલોવાળાં એકઢાળિયાં ભૂકંપની યાદ આપવતાં ઊભાં હતાં.

''ભચાઉ તો લગભગ ખતમ થઇ ગયું હતું.અને રાપર, અંજાર, અધોઇ, સુવઇ... તમામ ગામોએ જે વિનાશ વેઠ્યો એ તો જાણે વૈશ્વિક દુર્ઘટના બની ગઇ!''

''બહેન, આ ધોળાવીરામાં પેલાં મોટાં પાયાનાં સ્થળાંતર થયાં એવું કહેતા હતા, ત્યાં પણ આવી જ કોઇ હોનારત થઇ હશે, નહિ?'' ધીરજે જોડી બતાવ્યું. ''બની શકે. આ વિસ્તારોમાં ઐતિહાસિક કે રજવાડી કચ્છનો તો કશો અણસાર સરખો નથી બચ્યો!''

''તો યે બાર-પંદર વર્ષમાં ઠીકઠીક બધું પાટે ચડવા લાગ્યું છે. એવું પણ જાણવા મળ્યું છે કે, કમ સે કમ કોઇ હવે ઘરવિહોણું નથી રહ્યું.'' વિલ્સને કહ્યું. ''હા, એવું કહેવામાં તો આવે છે. તમને જો કે ખાસ ખ્યાલ હશે કે કેમ કારણ કે ભૂકંપ વખતે તમે દસ વરસથીયે ઓછી ઉંમરતાં હશો- ખરેખર તો અહીં જ્યારે તરત રાહત અને પછી પુનર્વસનનાં કામ શરૂ થયાં ત્યારે બહુ મોટા પ્રમાણમાં ભેદભાવો થયા હતા.'' રચનાએ કચવાતા અવાજે કહ્યું.





''આવડી મોટી કુદરતી આફત વખતેય ભેદભાવ?'' બાદલનાં ભવાં તણાયાં.

''કૂવામાં હોય તે હવાડામાં આવે જ ને? અહીંના સામાજિક પછાતપણાની વાત આપણે કરેલી. રાહત-પુનર્વસન વખતે સૌથી પહેલાં તો કહેવાતા ઊજળિયાત મોટા મોટા જ્ઞાતિસમાજોએ પોતપોતાના સમુદાયના લોકોના બચાવને જ પ્રાયોરિટી આપી હતી. જેમ કે, લોહાણા સમાજ, જૈન સમાજ, ખત્રી સમાજ, પટેલ સમાજ, ખોજા ને મેમણ સમાજ ઉપરાંત સ્વામીનારાયણ સંપ્રદાય અને જમાતે ઇસ્લામી જેવા ધાર્મિક સંગઠનોયે યુદ્ધના ધોરણે પોતપોતાની જ્ઞાતિઓ માટે રાહતછાવણીઓ, રસોડાં, સ્વાસ્થ્ય સેવાઓ વગેરે ખોલી દીધાં હતાં.પાછળના પુનર્વસનનાં કામોમાં પણ આ જ ધોરણે ઝડપભેર કામો થવા લાગ્યાં, જેથી તે તે સમુદાયના લોકો પગભર થવાનું આશ્વાસન લેવાય તેવી સ્થિતિમાં આવી ગયા.''

''ફિર ક્યા? ભેદભાવ કહાં હુઆ?'' આમિરનો સવાલ.

''કેમ, સમાજનાં દલિતોના અલગ અલગ સમુદાય અને અહીંના આદિવાસી જેવી કહેવાય છે તે જાતિનાં કોળી, માછીમાર, ખારવા જેમાં ગરીબ મુસલમાનોનો સમાવેશ પણ થઇ જાય... એ બધાં બાકી જ રહ્યાં ને? મતલબ કે ભૂકંપ પછી એમનો હાથ ઝાલનાર કોઇ નહોતું.''

''કેમ, NGOs આવી ગઇ'તી ને?'' શેખરે જરાક તીખાશથી કહ્યું.

''હા, એમણે પ્રયાસો કર્યા ત્યારે કંઇક ઠેકાણું પડ્યું; પણ , એ કાંઇ સહેલું નહોતું.આપણા ચિંતનભાઇને પૂછજો. દલિતો માટે સરકારે કહેવા ખાતર જે રાહતતંબૂ શરૂ કર્યા હતાં તે છેવાડે, ગંદાં, કંગાળ અને ત્યાં સુધી રાહતનો સામાન લગભગ ના પહોંચે એવી ખટપટો પણ ખૂબ ચાલેલી. વળી NGO કહેતાં અમુક જ્ઞાતિસમુદાયો પણ એમાં આવી જાય અને હિંદુત્વવાદી સંગઠનો તો ખરાં જ! ગુજરાતની આ પહેલાંની કુદરતી આફતો વખતે તટસ્થ કામગિરી બજાવનારી આવી સંસ્થાઓએ પણ આ વખતે વલણ ફેરવી નાખ્યું હતું! બિનસાંપ્રદયિક NGO ના કર્મશીલોને ધામધમકી આપવામાં આવતી અને

ખ્રિસ્તી ધર્મ સંઘો, જે ગરીબોના રાહત-પુનર્વસન કરતાં તેમના ઉપર તો કટ્ટરવાદીઓએ રીતસર સશસ્ત્ર હુમલા કરેલા! ચિંતનભાઈ અને એમના મિત્રોને તો આવા લોકોએ રીતસર ઘેરી લીધા હતા અને મારવા લીધેલા.'' મંડળી અચંબામાં! ''કોણ કહે છે કે આફત માણસને ધરમૂળથી બદલી નાખે છે!!!'' શેખરનો નિસાસો! ''ખેર, એ તો આપણા જેવા મિત્રો અને કર્મશીલોના ખૂબ પ્રયત્ન પછી નાની-મોટી કાનૂની લડત અને સંઘર્ષમય ચળવળોએ દલિતોને ન્યાય અપાવ્યો અને હવે માંડ ઊભા થઈ શક્યા છે... ને પેલી તરફ કહેવાતા ઊજળિયાતોનું 'નયા ભૂજ' જો જો - કેવું અમદાવાદ-સૂરતની હરીફાઈમાં ઊતરવા બેઠું છે!''

''બેન, કચ્છ મેં હિન્દુ-મુસ્લિમ ઇશ્યૂ કૈસા હૈ?'' હમિદનું કુતૂહલ વાજબી હતું.

''બનાવો તો ઇશ્યૂ અને નહિ તો 'તમે સારાં તો અમે સારાં'(આઈ એમ ઓ કે-યુ આર ઓ કે) જેવું.'' રચનાએ જરાક દાઢમાં કહ્યું.

'મતલબ'?- 'એટલે?'... સાગમટે પ્રશ્નો ઉઠયાં.

''આમ તો ઇતિહાસમાં નોંધાયું છે અને વર્તમાનમાં દેખાય પણ છે કે મોટેભાગે કચ્છમાં હિંદુ-મુસ્લિમ સંબંધો એખલાસભર્યા હતા અને છે પણ ખરા. પેલી તરફ 'ગુજરાત'માં થાય છે એવાં હુલ્લડ કે કરપીણ હત્યાકાંડ કદી નથી થયાં. '92માં બાબરી મસ્જિદ તોડવામાં આવી કે 2002માં ગોધરાકાંડ અને પછી મુસ્લિમ હત્યાકાંડ થયો ત્યારે અહીં કોઈ બનાવો નહોતા બન્યા પણ હા, માનસિકતા ડહોળાઈ હતી અને એ માનસિક-સામાજિક પ્રદૂષણ ફેલાતું ગયું એની ના નહિ.''

''આર્થિક રીતે બંને કોમો એક બીજાના આધારે છે એ કારણ પણ ખરું ને, જેથી પરસ્પર મીઠા સંબંધો ટકી રહ્યા.'' વંદનાએ કહ્યું, ''એ મુદ્દાની ચર્ચા પછી કરવી છે પણ એટલું કહું કે રાજા-રજવાડાં હતાં ત્યારે આવું પરસ્પર આર્થિક અવલંબન વધારે હતું કેમ કે કચ્છમાં ત્યારે ઉદ્યોગો નહોતા - યંત્રો નહોતાં. બધાં કામ હાથથી થતાં, કારીગર લોકો દ્વારા થતા. એક રીતે કહું તો પ્રત્યેક





કારીગરી એકેક કોમ કરતી હતી એટલે આર્થિક પ્રવૃત્તિ સાથે સમુદાય / જ્ઞાતિ / કોમની હકીકતો સંકળાયેલી હતી. જ્ઞાતિવાદ એટલે જ હતો.'' ''બેન, મૈં ને હિન્દુ-મુસ્લિમ કે બારે મેં પૂછા થા'' - હમિદે યાદ દેવડાવ્યું. ''ઓહ, આ સંદર્ભે છેલ્લાં બે-પાંચ વર્ષનું ચિત્ર જરા ચિંતાજનક છે. લોકો કરતાં પોલિસ અને પ્રશાસને આ ચિંતા કરાવી છે એમ કહેવું જોઈએ.''

''પુલિસ તો હંમેશા સે...'' આમિરે મોં મચકોડાયું.

''હા, પણ કચ્છમાં એ નહોતું જે બનવા માંડ્યું છે! બીજો એક મુદ્દો કચ્છને સરહદી જિલ્લા તરીકે બહેલાવી બહેલાવીને આગળ ધરવામાં આવે છે જેને લીધે સરહદી સુરક્ષા, પાડોશી દેશના હુમલા, ઘૂસણખોરી... આ બધા હિંદુ કચ્છીઓનાં ઘરઘરની ચર્ચા-ગપાટાના વિષયો બની ગયા છે. સ્થાનિક મિડિયા, ગુજરાતી અખબારો, અમુક રીતે સિનેમા, સાહિત્ય બધાંનો એમાં ફાળો છે.''

''પણ બહેન, એ હકીકત નથી?'' બાદલે સહેજ આડી વાત કરી.''

''જાતે જોજો- લોકોને મળજો... તમારા સવાલનો જવાબ મળી જશે.''

★★★

## મુકામ -7.

# રણમાં મીઠો વીરડો - મેકણડાડો

“બેન, આપડે ધ્રંગની નજીકમાં જ છીએ હોં, હમણાં પોંકી જશું”... કનુભાઇએ આગળથી એનાઉન્સ કર્યું.

“એક તો આ કચ્છી ભાષામાં નામો અજીબ છે - રવ ને ભચાઉ, ધ્રંગ ને...” ધીરજને જાણે આ શબ્દો બોલવામાં મજા પડતી હતી.

“લ્યો, મારા મેકણડાડાની જગા આવી ગઇ.” કનુભાઇએ ઉમળકાથી કહ્યું. નાનકડા, અંતરિયાળ ગામના ખૂણે ગાર-માટીનાં એકઢાળિયાં હતાં. ઘેઘૂર લીમડા-પીપળા હતા. બે ત્રણ ભગવાધારી સાધુ છૂટાછવાયા બેઠા હતા; કોઇ જપમાળા કરતા, કોઇ ચલમ ફૂંકતા તો કોઇ જગ્યામાં ધૂપ વારતા હતા. મંડળીને આમ આવતી જોઇને એ બાવાજી પાસે આવ્યા ને મીઠા સ્મિત સાથે આવકારો આપ્યોઃ “આવાં બાપા... જીનામ!” “એ... જીનામ! જીનામ!” કનુભાઇએ હાથ જોડી, માથું નમાવી સામો પ્રતિસાદ કર્યો. રચનાએ પણ જીનામ! કહ્યું ને મંડળીએ પણ જીનામ! જીનામ!થી જગ્યા ગજવી. બાવાજી તો મીઠું મરકતા પરસાળના બીજા છેડે જતાં રહ્યાં. મંડળી સામે એક અખંડ દીવો બળતો હતો ને પાસે ઊંચા પાળિયા હતા. એકમાં કાવડ સાથે એક આવા જ દેખાતા બાવાજી હતા, બીજામાં એક કૂતરો દેખાતો હતો ને બીજો હતો ગધેડો. કનુભાઇ ત્યાં માથું નમાવી ઊભા રહી ગયા. થોડી પળો ભક્તિભાવ છવાઇ રહ્યો.





“બસ, ઇતના હી હૈ યે ધામ?” આમિર થોડો મૂંઝાયો; ધીમેથી બોલી પડ્યો. “અરે, આટલું જ નહિ- એટલું બધું આ ધામમાં કે જાણશો તો ઝૂકી જશો.આ જગ્યા કાપડી પંથના સંત મેકરણ-મેકણદાદાની છે. કચ્છના રણની શરૂઆતનું છે આ ધામ. આમ તો સુખી વેપારી કુટુંબના પણ વૈરાગી જીવ. ઘરબાર છોડીને દીક્ષા લીધી. અહીં અંતરિયાળ મઢુલી બાંધી. મનમાં લોકોની સેવાની લગન. એમની પાસે મૂડીમાં આ બે- એક ગધેડો ને બીજા કૂતરો.” રચનાએ પરિચય આપવા માંડ્યો. કનુભાઇથી રહેવાયું નહિઃ “ગધાડાનું નામ લાલિયો અને કૂતરો ઇ મોતિયો.હવે ડાડા પાસે આ બે આવ્યા ક્યાંથી ઇનીયે મજાની કથા છે.ડાડાના પરચા ભારી. આઘેના ગામથી એક દા’ડો એક કુંભારની બાયડી આવી. સિંતેર(70) વરહની- ડોહી.આવીને કહે ડાડા,દિયા કરો. પાંહે હંધુંય છે- એક શેર માટીની ખોટ છે. ડાડાના આર્શીવાદથી ડોહીને દીકરો જલમ્યો. કુંભાર-કુંભારણ તો રાજીના રેડ. ડાડાને ક્યેકે ડાડા, જોવે તે માગી લ્યો. ડાડાએ કીધું કે આ તારો ગધાડો મને દઇ દે! બસ! લાલિયો તે દિ’થી ડાડાનો થિયો. થોડા દિ’થ્યા ને એક મિંયાએ આવીને ડાડાને અરજ કરી, મારો છોકરો મરવા પડ્યો છે- માથે હાથ મૂકો- સાજો થાશે. ડાડાનો તો હાથ ફર્યો કે છોકરો ઘૂઘરા જેવો રમતો ભમતો! મિંયો કયે ડાડા, જોવે તે માંગી લ્યો. ડાડાએ માંગી લીધો આ મોતિયો! મનમાં બઉ દાડાથી વચાર ચાલતો’તો. અમલમાં મૂક્યો. - હવે બેન, બાકીની વારતા તમે ક્યો.” કનુભાઇએ શી ખબર શાથી- રચનાને ખો આપી.

“આ અફાટ રણમાં ભલભલા ભૂલા પડે. લોક પાણી વગર ટળવળે કાં તો ભૂખે હેરાન થાય. આ સંતને એની જાણ થઇ જાય અને મોતિયાને એ દિશામાં આગળ કરે ને પાછળ લાલિયા સાથે પોતે જાય.લાલિયાની પીઠે છાલકામાં રોટલા હોય ને મશકમાં પાણી. રસ્તો ભૂલેલાં ની ભૂખતરસ મટાડે અને સાચો રસ્તો ચિંધીને દાદા પાછા વળે. જીનામનો સાદ રહે. “અરે, આ તો બિલકુલ અમારા સંત ગાબ્રિયેલ જેવી વાત! એ પણ કહે છે- રણમાં ભૂલાં પડેલાંને રસ્તો બતાવે છે!” વિલ્સનને બધું બહુ સારું લાગતું હતું.બાદલે કંઇક જુદુ જ કહ્યું: “રણમાં ભૂલાં પડેલાંને દાદા રસ્તોય બતાડતા હશે અને જીવનના રસ્તામાં

અટવાયેલાંને પણ આવા સંતો સીધો રસ્તો બતાડતા હોય છે.''

''વાહ! ભૈલા, સો ટચના સોના જેવી વાત કીધી તેં! પછી તો ક્યે છે ડાડા તો આખા કચ્છમાં ફરતાં. જ્યાં કોઇ ભૂલ્યુંભટક્યું ભૂખ્યુંતરસ્યું થાય ત્યાં આ ત્રિપુટી પોંકી જ જાય. ફરતા ફરતા હામખિયારી પાસેના જંગી અખાડે પોંકયા. ત્યાં બેસણાં કીધાં ને સમાધ પણ ત્યાં જ લીધી.'' કનુભાઇએ આદરપૂર્વક કથા પૂરી કરી.

''તો આ પાળિયો અહીં... ?''

''આ મૂળ મઢૂલી ખરીને એમની! હવે ત્યાં તો 'જંગી'માં તો માથાભારે લોકોએ સમાધનો કબજો લઇ લીધો છે - વિધિસર કાંક મંદિર પણ બાંધ્યું છે - આરતી પૂજા હંધુંય હાલે છે ને પૈસા પડાવવાના હજાર ધંધાય હાલે છે... ન્યાંની તો વાત જ કરવા જેવી નથ્- અટલે તો તમને ન્યાં નો લઇ ગયો ને સીધા આંયા જ લાવ્યો. આંયની વાત તો નોંખી જ છે!''

વારતા સાંભળીને મંડળીએ ચોમેર ફરીને શાંતિ અને ધૂપની ખુશ્બો માણી. પાળિયે જુહાર કરીને પાછાં બસમાં ગોઠવાયાં. ''જી નામ!... બસ ગાજી ઊઠી. મીનાએ મૌનનો ભંગ કર્યો- ''આપણે કચ્છમાં કોમી એકતાની વાત કરતા'તા ને... આ જુઓ. દાદાનો કૂતરો ને દાદાનો ગધેડો બંને અલગ અલગ કોમમાથી મળેલી ભેટ હતી પણ દાદા બંને કોમમાં પૂજાતા સંત હતા, ખરું ને બહેન? કેવું સરસ?!'' ''બિલકુલ! આમ તો જીવન સાથે જોડાયેલી સાદી હકીકત છે, એવા મોટા ચમત્કારની વાત પણ નથી. ભોળી આસ્થા કહો કે(જનસાધરણનો) કોમન મેનનો માનવધર્મ કહો. કદાચ આ જ કચ્છીયત છે, જે જાળવી રાખવા જેવી જણસ છે.'' રચના પૂર્ણાહૂતિ કરતી'તી કે મનોમન કંઇક ગાંઠ વાળતી'તી?!

★★★





**મુકામ- 8.**

# ભૂજ

## ભાતીગળ ચંદરવો

શહેર વિસ્તારમાં પ્રવેશતાં જ, ઢાળ-ઢોળાવો વચ્ચેથી ડુંગર દેખાયો.આછાં-પાંખા ઝાડવાંવાળો પણ પહોળો પથરાયેલો... માથે લાંબી નાગ જેવી કિલ્લાની રાંગ પણ દેખાઇ રહી હતી. બાકી નીચેનું શહેર સાંજના ટ્રાફિકથી ધમધમતું હતું. ધૂળિયાં મેદાનો અને આસ્ફાલ્ટના ચમકદાર રસ્તા એક વિચિત્ર વિરોધાભાસ (કોન્ટ્રાસ્ટ) ઊભો કરી રહ્યાં હતા... જે પણ 'કચ્છીયત' જ!?

''આપણે ભૂજ પહોંચી ગયાં છીએ. પેલો દેખાય છે તે ભુજિયો પર્વત. ઉપરનો કિલ્લો અહીંના જાડેજા શાસકોએ લગભગ 15મી સદીમાં બંધાવેલો. ઉપર જાડેજાઓના કુળદેવતા ભુજંગદેવ- શેષનાગનું મંદિર છે. દર નાગપંચમીએ એની પૂજાનો મહિમા. રાજાઓ અહીંથી મોટી સવારી લઇને પગપાળા ઉપર જતા, સાથે શ્રદ્ધાળુ નાગરિકો પણ જોડાતા. ઉપર પૂજા-ઉત્સવ થતો.''

''આપણે મંદિર જોવા જવાનાં ને?'' મીનાનો એ જ, સ્વાભાવિક ઉમંગ!

''ના. પર્વત ઉપર અને કિલ્લામાં ઇન્ડિયન આર્મી, બોર્ડ સિક્યોરિટી વગેરેનું થાણું છે. કચ્છ તો સરહદી જીલ્લો કહેવાય છે ને? પાછું ભૂજ તો મુખ્ય શહેર! પેલું મંદિર તો મેં પણ નથી જોયું. વર્ષોથી સીલ છે.''

"તો પછી નાગ પાંચમે?"... મીનાનો સવાલ લંબાયો.

"ફુલ પોલિસ પહેરા નીચે પૂજા અને મેળો થાય છે.રાજાઓ તો રહ્યા નહિ, સવારી નથી નીકળતી."

રસ્તાની રોનક જોતાં શેખરથી કહેવાઇ ગયું- "ભૂકંપ પછી ભૂજ તો જાણે નવું નકોર લાગે છે!"

"નુકસાન તો પુષ્કળ પ્રમાણમાં થયું હતું. ઇમારતો-ઘરો તો જમીનદોસ્ત થયાં જ હતા, ઉપરાંત જાનહાનિ પણ ખાસી થઇ હતી અને ઇજાગ્રસ્તો તો સેંકડો હતાં. આ બધું સ્વસ્થ થતાં વર્ષો લાગ્યાં છે. જૂના વિસ્તારો- શેરીઓ-વાડા-બજારો તો ભાંગી જ પડેલાં પણ એને સ્થાને નવી વસાહતો, ફ્લેટો, સોસાયટીઓથી ભૂજ આધુનિક થવા લાગ્યું છે"

વાતવાતમાં બસ ભૂજના હાર્દસમા 'હમીરસર' તળાવની પાસે પહોંચીને એક તરફ ઊભી રહી. આસપાસ સરસ રેલિંગ હતી, તળાવની પાળે બેઠકો હતી અને ખાણીપીણીના લારી-ગલ્લા ઉપર સાંજના સહેલાણીઓની ભીડ જામી હતી.

"કાંકરિયે કી યાદ આતી હૈ- પર અબ કહાં...? ઐસે લારીગલ્લે કી રોનક તો હટા દી. સારા મજા મારા ગયા." આમિરનો અફસોસ અને અતીતરાગ(નોસ્તાલિજ્યા); મંડળી જાણે અમદાવાદ આંટો મારી આવી!

"આ હમીરસર તળાવ ભૂજનું હાર્દ તો છે, પાણીનો મુખ્ય સ્રોત પણ છે. ભૂજ શહેર બંધાયું તે પહેલાં અહીં હમીર નામના માલધારી-રબારીનો નેસ-કચ્છીમાં વાંઢ કહેવાય - તે હતો. હમીરવાંઢ વિકસીને નગર થયું એટલે જાડેજા રાજાઓએ અહીં તળાવ ખોદાવીને હમીરજીનું નામ અમર કરી દીધું. 15મી સદીની આ વાત."

માહિતી સાંભળીને મંડળી આમ તેમ લટાર મારતી હતી ત્યાં એક ખૂણે એક મોટાં મકાનમાંથી ઝાંઝ-પખવાજ સાથે રામધૂન સંભળાઇ. સૌ ત્યાં ગયાં. જોયું





તો મોટા હોલમાં રામ-સીતા-લક્ષ્મણની સુંદર મૂર્તિઓ હતી, ધૂપદીપથી ખંડ ઝળહળતો હતો ને સો-સવાસો જેટલાં સ્ત્રીપુરુષો તલ્લીનતાથી રામધૂન કરી રહ્યાં હતાં. "અહીં, ભૂકંપમાં મૃત્યુ પામેલાંઓના આત્માની શાંતિ માટે સતત રામધૂન ચાલે છે. ભૂજમાં જેવું બધું સમુંનમું થવા માંડ્યું કે પહેલું આ મંદિર બંધાયું. અને શહેરી નાગરિકો સ્વેચ્છાએ પોતાનો સમય આપે છે અને નોનસ્ટોપ ધૂન ચાલે છે." "નોનસ્ટોપ?" સામટા અવાજો ઊઠ્યાં. "કચ્છી સમાજે આ સહિયારા શોકનું સહિયારું આશ્વાસન શોધીને પોતાની આંતરિક એકતા બતાડી છે." રચનાએ કહ્યું એટલે શેખરે આગળ વધાર્યું- "આયે તે કચ્છીયત જ ને?" જો કે રચના કંઇક બીજું યાદ કરતી હતી એણે શૅર પણ કર્યું: "આપણે થોડા સમય પહેલાં કર્મશીલ ફિલ્મકાર આનંદ પટવર્ધનની ફિલ્મ 'વોર એન્ડ પીસ' જોઇ, જેમાં જાપાનમાં હિરોશિમા-નાગાસાકિ પર અમેરિકન અણુબોમ્બથી થયેલા ભયાનક મૃત્યુકાંડ (હોલોકોસ્ટ)નાં દશ્યો બતાડ્યાં હતાં. એમાં યાદ છે, આખા જાપાનના નાગરિકો પણ મૃતકોના આત્માની શાંતિ માટે આજ રીતે 6ઠ્ઠી ઓગસ્ટે નોનસ્ટોપ પ્રાર્થના કરે છે એ દશ્ય પણ જોયું હતું. આ જોઇને મને એ યાદ આવી ગયું." મંડળીમાં ગંભીર શાંતિ પથરાઇ ગઇ.

રાતનો ઉતારો, સામાજિક ન્યાય માટે પ્રયત્નશીલ સંસ્થાની નાની ને સાદી જગ્યામાં હતો. જમવાનું બહાર હતું એનો ખ્યાલ હતો. ભૂજનું ભોજન બાજરીના રોટલા, કઢી, રિંગણનું શાક અને ખિચડી ખાવા સૌ "છઠ્ઠી બારી" નામે જાણીતા વિસ્તારની જાણીતી લોજમાં ગયાં. ચટાકેદાર વાળું કરીને વળતા દિવસ માટે સૌ વિરામ કરવા ગયાં.

## સૌથી પ્રથમ સંગ્રહાલય

"આ, આપણી સામે ગુજરાતનું પહેલું પ્રથમ અને જૂનામાં જૂનું મ્યુઝિયમ છે - ભૂજ મ્યુઝિયમ." રચનાએ હાથ લંબાવીને ઇમારત બતાવી. "પણ આ મકાન કયાં જૂનું છે? - તો પછી 'પહેલ પ્રથમ'કેવી રીતે હોઇ શકે?" શેખરની શંકામાં લોજીક હતું. મકાનનો દેખાવ 19મી સદી જેવો કરવા ગયા હતા પણ હતું તો નવું નકોર!



**ભૂજ સંગ્રહાલય**

“અત્યારે જે દેખાય છે તે એનો ભૂકંપ પછીનો અવતાર છે. 2001 અને તે પછીનાં ત્રણચાર વર્ષ સુધી અહીં યુદ્ધનાં ધોરણે મરમ્મત ચાલી અને છેવટે ફરી પાછું ખડું થઇ ગયું છે આ સંગ્રહાલય.”

નવી ઈમારતના નાનકડા પ્રવેશ આગળ પુરાતન-પ્રાચીન શિલ્પના અવશેષો મૂકેલા છે. 12મી-13મી સદીનાં કેરા, કંથકોટ (કોર્ટયાર્ડ), જેવાં મંદિરોના એ ભગ્નાવશેષો છે. સંગ્રહાલયનો વિસ્તૃત પરિચય આપતાં રચનાએ કહ્યું “ઇ.1877માં તત્કાલીન રાજા મહારાવ ખેંગારજીએ આ સંગ્રહાલય ખુલ્લું મૂક્યું. ત્યારે અંગ્રેજ પ્રતિનિધિ મિ.ફર્ગ્યુસનની સ્મૃતિમાં આનું નામ ‘ફર્ગ્યુસન મ્યુઝિયમ’ જ આપેલું. રાવ પાશ્ચાત્ય શિક્ષણ પામેલા, યુરોપ-ઇંગ્લેંડનો પ્રવાસ પણ ખેડેલો. શાળા-કોલેજો ઉપરાંત સંગ્રહાલયો પણ ઇતિહાસ અને જ્ઞાનવિજ્ઞાનનાં કેન્દ્રો હોઇ શકે એ સમજ્યા હતા તેથી આ સંગ્રહાલયને ભૂજ / કચ્છના ઇતિહાસ અને જનજીવનની વિવિધતાને પ્રગટ કરવાનું ઉત્તમ માધ્યમ બનાવ્યું હતું.આવો, સુવ્યવસ્થિતપણે ગોઠવાયેલું આ સંગ્રહાલય જોઇને કચ્છને ઔર જાણીએ.”





સંગ્રહાલયને વિવિધ વિભાગોમાં વહેંચાવામાં આવ્યું છે. પહેલો વિભાગ પ્રાગ્ઇતિહાસનો છે. જેમાં કચ્છમાં મળતી સિંધુસભ્યતાની વિગતો ચિત્રો-ચાર્ટ-ફોટા દ્વારા રજૂ થઇ છે. ધોળાવીરા ઉપરાંત સુરકોટડા, દેશલપર, ખીરસરાની માહિતી પણ જાણવા મળી.

બીજા વિભાગમાં કચ્છના ભૂસ્તરીય નમૂના છે. શંખ, છીપ, પરવાળાંથી માંડીને વિવિધ ખનીજોના નમૂના અને ફોટા પણ છે.

ત્રીજા વિભાગમાં પ્રાચીન શિલ્પ-સ્થાપત્યના ફોટા છે. મોટેભાગે વારંવારના ભૂકંપો અને બેદરકારીને કારણે ભૂજ-કચ્છમાં પ્રાચીન-મધ્યકાલીન સ્થાપત્ય ટક્યું નથી પરિણામે જે કંઇ પ્રાપ્ય છે તેના ફોટા માત્ર છે.

એક વિભાગ કચ્છની હસ્તકળાઓનો હતોઃ વણાટ, પેચવર્ક, બાંધણી, ભરત કામ, બાટીક, અજરખ, બ્લોક પ્રિન્ટ(હાથ છાપકામ), મશરૂ, ચામડાકામ, રોગાન, લાખકામ, કાષ્ટકલા, લીંપણકામ, ખરકા-ખરકી, માટીકામ અને ચાંદીકામ. વિશેષતા એ હતી કે દરેક કલા-કારીગરી સાથે કોઇને કોઇ કોમનું નામ જોડાયેલું હતું.

પછીનો આખો વિભાગ સૌથી વધુ રસપ્રદ હતોઃ મોટાં મોટાં કાચનાં શો-કેસ (કબાટ)માં કચ્છની જનજાતિઓની ઝાંખીઓ (ટેબ્લો) ગોઠવેલી. માનવકદનાં પૂતળાને વિવિધ જાતિના પારંપરિક પોષાક-ઘરેણાં વગેરે પહેરાવેલાં હતાં. પ્રત્યેક જાતિના લોકો પોતપોતાના જાતિગત વ્યવસાયમાં રત દેખાડ્યાં હતાં. જેમ કે, પશુ-પાલક મુતવા મુસ્લિમોને એમના વિશિષ્ટ પોષાકમાં, ઘેટાં-બકરાં સાથે બતાડ્યાં છે. આવાં શો કેસમાં મુતવા, જત, મેઘવાળ, હરિજન, કોળી, રબારી, માછીમાર, આહિર, મોચી, કુંભાર જેવી જનજાતિઓનાં પૂતળાં હતાં- ઘર-ઘરવખરી સુદ્ધાં હતી. રસપૂર્વક આખો વિભાગ જોઇને વિલ્સને કહ્યું- “અમને તો એમ કે મ્યુઝિયમ એટલે ફક્ત ભૂતકાળમાં જે હતું તે અને જૂનુંપુરાણું હતું તેનું પ્રદર્શન પણ હવે સમજાયું કે વર્તમાન જનજીવનની ઝાંખી પણ મ્યુઝિયમનો જ ભાગ કહેવાય.” વિલ્સને જાણે સૌના મનની વાત કરી હતી.

ત્યાર પછીનો વિભાગ કચ્છના વહાણવટાને લગતો હતો. જેમાં માંડવી બંદરે આજની તારીખમાંયે બંધાતાં વહાણોના વિવિધ પ્રકારોનાં નામ અને રેખાચિત્રો હતાં. વહાણની અંદરની સામગ્રી - હોકાયંત્ર, સુકાન, લંગર, ઘડિયાળ વગેરેના નમૂના કે ફોટા મૂક્યા હતા. ઐતિહાસિક રૂપરેખા હતી. ખડતલ અને ઘુમક્કડ (પ્રવાસી), સાહસિક અને મહત્વકાંક્ષી પ્રજાની છાપ ઉપસાવતો આ વિભાગ કચ્છની સાંસ્કૃતિક ઉપરાંત આર્થિક પ્રવૃત્તિઓને પણ પ્રગટ કરે છે.

બે મજલામાં વહેંચાયેલા સંગ્રહસ્થાનને શોભાવવા પુરાણી કાષ્ટકલા, લાખકામ, આભલાં ભરેલાં ચાકળા અને કાચ જડેલાં લીંપણકામનો પણ ઠેર ઠેર, ઉચિત ઉપયોગ કરીને કણેકણને કચ્છીયતથી સજાવ્યાં છે.

મ્યુઝિયમમાંથી નીકળતાવેંત કનુભાઇએ કહ્યું- "બેન, આવું સંઘરાલય તો પેલવેલ્લું જ જોયું. અમે તો પાર્ટીને નારાયણ સરોવર ને માતાના મઢે લઇ જવાના હોય તૈંયે ભૂજથી બાયપાસ જઇએ- જમી કારવીને આગળ વયા જૈયેં. હા, એક પેલો આઇનામે'લ કોઇને બતાડવા લઇ ગયો'તો, બાકી આ સંઘરાલય તો... આંય છે, ઈ જ કેને ખબર હતી?!"

મ્યુઝિયમમાંથી નીકળીને, નગરકોટની રાંગે રાંગે શહેરના અંદરના વિસ્તાર તરફ સૌએ ચાલતાં જવાનું રાખ્યું. કોટના અમુક ભાગને મરમ્મત કરીને જાળવ્યો છે બાકી પાંચ પાંચ સદીની તડકીછાંયડી અને અનેક ભૂંકપની પછાડ વેઠીને ઊભેલો કિલ્લો ખરેખર 'રાજગઢ' લાગતો હતો. પુરાતન વિસ્તારમાં તોતિંગ દરવાજો વટાવીને અંદર જતાં જ વિશાળ મહાલય દેખાયોઃ "પ્રાગમલ પેલેસ." જરાક ભંગાર હાલતમાં યુરોપિયન શૈલીનો આ મહેલ ઊંચાઇ- પહોળાઇ અને ભવ્યતા જોતાં 'ઊંહ' નીકળી જાય તેવો હતો. પણ આમિરના તો એને જોતાંની સાથે જ બત્રીસે કોઠે દીવા દીવા થઇ ગયાઃ "યેલ્લો! યે તો લગાનવાલા મહેલ!" ... ને પછી તો જો થઇ છે! એક બાજુ આમિરનું બોલિવુડ જ્ઞાન અને બીજી તરફ દોસ્તોની એનાં નામને લઇને થવા લાગેલી મજાક! "આમિર-આમિર"...! કનુભઇ સુદ્ધાં ગમ્મતરમ્મતના રવાડે ચડ્યા!







**પ્રાગમલ પેલેસ**

રચનાએ કહ્યું, "દોસ્ત, ભૂજમાં ને કચ્છ આખાયમાં હવે ઠેર ઠેર બોલિવુડ દેખાવાનું! બિચારા આમિરને કેટલુંક સતાવશો તમે?"

'હેરિટેજ સાઇટ' ની મૂલ્યાવાન ટિકિટ લઇને જબ્બર મોટો દાદરો ચડીને ઉપર ગયાં. દાદરેથી જ કબૂતર અને કૂતરાંની વિષ્ટાનો સામનો કરવો પડ્યો.મોટા મોટા ખંડો, તૂટેલી લાદીઓ, રંગ ઉપટી ગયેલી દીવાલો, ઝાંખા પડેલા ફોટા, મેલા અરીસા, ફીક્કા ઝુમ્મરો... જોવું ન ગમે એવું સામંતયુગનું વરવું રૂપ જોઇને સૌ નીકળી આવ્યા. "આમાં શું જોવાનું હતું? કંઇ નહિ!" આવા કટાક્ષો કરતાં મંડળી નીચે ઉતરી ત્યારે શેખરથી બોલ્યા વગર રહેવાયું નહિ- " ગંદકી-આ ઊજાડ-આ ઝાંખપને જ અહીં તો હેરિટેજ કહેવો પડે!" - પણ શા માટે? એ સૌનો સવાલ હતો.

દાદરો ઉતરતાં, સામે જમણી બાજુ, પડીને પાધર થયેલા કિલ્લામાંથી બે ઝરૂખા જે રીતે ઝળુંબી રહ્યા હતા, એના ઉપર ધ્યાન ગયા વગર રહે જ રહિ. ખૂબ

નાજુક કોતરકામ, ખૂબ નમણો- છત્રી સાથેનો ઘાટ, સૌથી વધુ યાદ રહી જાય તેવી કળાયેલ મોરની કોતરણી... જાણે ઊભાં ઊભાં જોયાં જ કરીએ! કેમેરાની ચાંપો દબાઇ. ''કચ્છની સ્થાપત્ય શૈલીમાં રાજસ્થાની શૈલીની ખૂબ અસર છે. જૂનાં કામમાં નિર્ભેળ રાજસ્થાની કળા દેખાશે; જેમ કે આ ઝરૂખા અને 19મી સદીનાં શિલ્પ-સ્થાપત્ય ઉપર યુરોપ-ઇંગ્લંડની અસરો છે; જેમ કે આ પેલેસ. એની બાલ્કની, ઝરૂખા, ટાવર વગેરે યુરોપિયન શૈલીનાં છે પણ અંદર થાંભલા, લાકડાનું રાચરચીલું પાછું મિશ્ર શૈલીનું છે. ક્યારેક મિશ્ર શૈલી ગમે પણ ક્યારેક સમજ્યા વગર ખિચડી કરી હોય તેવું લાગે. અંગત રીતે જૂનાગઢના પેલા મકબરાની મિશ્ર શૈલીને હું આ પેલેસની મિશ્ર શૈલી કરતાં ચડિયાતી ગણું.'' રચનાએ આમ તો અંગત અભિપ્રાય આપ્યો પણ સામંતી યુગની તસ્વીર પણ ખેંચી આપી; કલાના પ્રકારભેદનો મુદ્દો પણ અહીં હતો.

ત્યાંથી સામેની બાજુએ બેઠા ઘાટનો એક અગાશીવાળો મહેલ દેખાયો. ''આ આઇના-મહેલ. આમ તો કચ્છના રાવનો ખાનગી કલા સંગહ જ કહેવાય પણ



**નાગ પાંચમની સવારી આઇના-મહેલ**





એમાં રાખેલી 'પહેલ-પ્રથમ' કલાકૃતિઓ સાર્વજનિક બની ગઇ છે એટલે પણ એ જોવું રસપ્રદ બનશે.''

વળી ટિકિટ લઇને ઉપર ગયાં. પેસતાં જ જમણી બાજુએ લગભગ 47 ફીટ લાંબું એક પટ્ટચિત્ર (લાંબી ચિત્રપટ્ટી) દીવાલ ઉપર લગાવેલું હતું. નાગપંચમીની સવારીનું આ ચિત્ર ઓછામાં ઓછા દોઢસો(150) વર્ષ જૂનું છે.રાવ નાગપંચમીની પૂજા કરવા ભુજિયે જતાં અહીં બતાવ્યા છે. સાથે તેમના આરબ, દેશી-કચ્છી અને મોગલ સિપાઇઓ પોતપોતાના આગવા ગણવેશ પહેરેલા બતાવ્યા છે. નગારાવાળા, અંગ્રેજી બેન્ડ, ઊંટ, ઘોડા ઉપર બેસીને અને પગપાળા જનારા અમીર, ઉમરાવો અને શેઠિયાઓ ખૂબ કલાત્મક છતાં આબેહૂબ રીતે ચિતરાયા છે. સાથે તોપગાડી છે અને કુળદેવી આશાપુરા માની શણગારેલી ગાલ્લી પણ છે. આમ તો આ ચિત્ર એક વિજયયાત્રાનો દસ્તાવેજ છે. ઇ. 1733માં રાવે અમદાવાદના મોગલ સૂબા શેરબુલંદખાનને હરાવ્યો ત્યાર પછીની નાગપંચમીની ઉજવણીનો આ પ્રસંગ છે. મંડળી મંત્રમુગ્ધ થઇને આ અદ્‌ભુત ચિત્ર જોઇ રહી હતી. અચાનક હમિદ બોલી ઉઠ્યો: ''માશાલ્લાહ! યહ તો કિતની અજીબ બાત હૈ! સહીં મે કચ્છીયત અપને આપ મેં એક અનમોલ અહેસાસ હૈ!''

''કેમ, હમિદ! આટલો બધો કેમ ગુલાંટ ખાઇ ગયો.'' શેખરે ખેંચ્યો.

''ઔર ક્યા? અરે દેખો-ચિત્ર કે બિલકુલ નીચે- યહ ચિત્રકારકા નામ ઉસને ખુદ અપની સાઇન કરકે લિખ રખા હૈ- વાંઢા જુમા ઇભરામ. મતલબ કિ યે ચિત્રકાર એક મુસલમાન થા.'' ''તો ક્યા હુઆ? મુસલમાન ચિત્રકાર ના હોય?'' રચના ઊભી ઊભી ચર્ચા સાંભળી રહી. ''અરે કૈસી બાત કરતા હૈ શેખર. બાત કિસી મુસલમાન કે ચિત્રકાર હોને કી નહીં હૈ- તુમ્હેં પતા હોગા કિ ઇસ્લામમેં જાનવરોં કે, પરીંદોં કે, ઇન્સાનોં કે ચિત્ર બનાના હરામ હૈ- પાપ હૈ! ઔર યે, યે દેખો!''

બધાંનો ઉદ્‌ગાર નીકળ્યો: ''અલ્યા હા! આ તો આપણા ધ્યાન બહાર જ ગયું!'' ''એનો અર્થ એ કે જુમા ઇભરામને પણ પાપ લાગ્યું'' શેખરે ઔર ખેંચ્યો.

"ઓ ભાઇ! મૈં તો યે કહના ચાહતા હૂં કિ ઢાઇસો-તીન સૌ સાલ પહેલે કે મુસલમાન ચિત્રકાર આજ કે મુસલમાનોં સે જયાદા ખુલે મન કે રહે હોંગેં!" "કેમ એમ.એફ.હુસેન મુસલમાન પણ છે અને આજકાલના પણ ખરા જ ને?!" "યાર શેખર! બાત ક્યોં નહિ સમઝતા? હાલાંકિ હુસેન સાબ મુસલમાન થે પર જાનતા હૈ ના તૂ? હુસેન સાબને હિંદુ દેવી-દેવતા કે ચિત્ર બનાયે તબ દોનોં કોમોં ને ઉનકી જો હાલાત કર દી થી! જાકર લંડન મેં બસ ગયે થે બેચારે!" હાયલ્લા! સચ્ચી?" "હા, યાસ્મિન! મુસ્લિમોએ એમને હમિદે કહ્યું એ કારણે ફટકાર્યા અને હિંદુઓએ એમનાં ચિત્રો બાળ્યાં- ફાડ્યાં કે મુસ્લિમ થઇને એમણે હિંદુ દેવીઓનાં નગ્ન ચિત્ર કેમ દોર્યા?! "રચનાએ કહ્યું. "ઐ લો! યે કહનેવાલે હિંદુત્વવાદીઓને યે પાલિતાણા, સોમનાથ કે મંદિરો કી દેવીયોં કી મૂર્તિયાં નહિ દેખી હૈગી!" યાસ્મિનનો ટોણો એ જડભરત જમાતને સંભળાવવા જેવો કે નહિ!

"અલ્યા એ, આગળ ચાલો; અહીં દરવાજામાં જ ક્યાં મહાભારત માંડ્યું?! અને આ તો હજી પહેલી આઇટેમ છે- પિક્ચર અભી બાકી હૈ!" વિલ્સને આમિરને કોણી મારીને છંછેડ્યો અને મંડળીને આગળ ધકેલી.

"આમ તો અહીં જોઇ લો, પછી રાતની મિટીંગમાં ઘણી વાતો કરવાની છે."

એ જ ખંડમાં નાની મોટી ઘડિયાળો, કળવાળાં યંત્ર-રમકડાં, કેલેન્ડર, કુંડળી જેમાં નવગ્રહોનાં પ્રાચીન શૈલીનાં ચિત્રો...વગેરે હતું. એ ખંડ કચ્છના રાવની પારંપરિક જીવન પદ્ધતિ બતાવતો હતો.

અંદરના ખંડમાં કાચ, ચિનાઇ માટી, રંગીન પથ્થર, અકીક, ઇજીપ્તના લેપિસ લાઝૂલી, અફઘાનીસ્તાનનાં ફિરોઝા વગેરેમાંથી બનેલાં કપરકાબી, રમકડાં, સુશોભન વગેરે હતું. મોટેભાગે આ બધો વિદેશી સામાન રાવોની અંગત ઉપયોગની ચીજો હતી. એ ખંડની બીજી વિશેષતા હતી- લાલ રંગના લાખથી મઢેલાં લાકડાનાં કમાડ ઉપર હાથીદાંતની કોતરણી. "કમાલ! સુભાનલ્લા! વાહ! સખ્ખત!" મિત્રો ઉદ્ગાર કરતાં રહ્યાં. એ ખંડની અંદર એક શયનખંડ





ગોઠવીને રાખેલો. લખપતરાવની એશોઆરામીના ચિહ્ન સમો આ ખંડમાં રેશમી ગાદીતકિયા, કિનખાબી પલંગ, સોનાચાંદીના પાયા, રત્નજડિત બાજઠ ઉપર મૂકેલી રત્નજડિત તલવાર - જે ઔરંગઝેબે રાવને મિત્રતાના પ્રતીક રૂપે ભેટ ધરી હતી. આખો ખંડ ઝળાંહળાં હતો- માત્ર દીવાબત્તીથી નહિ; હીરાઝવેરાતથી પણ! અદ્ભુત લાગવા કરતાં થોડું અજૂગતું લાગ્યું!

એ પછીનો ખંડ- મકાનનો મધ્યસ્થ ખંડ-ખરેખરા અર્થમાં કેન્દ્રમાં હતો, આકર્ષક હતો, ટેકનિક્ સુસજ્જ હતો. એ ખરા અર્થમાં આયનામહેલ હતો. ચોતરફ લાખની ભીંતોમાં જડેલા અરીસા હતા, કાચના પ્યાલામાં મીણબત્તીઓ હતી, ઝીણી ઝીણી છિદ્રોવાળી પાઇપો આખા ખંડમાં, વચ્ચે અને પરસાળમાં ચોતરફ ઉપરની બાજુએ નાખેલી હતી. ખંડની વચ્ચોવચ ગાદીતકિયાની કિંમતી બિછાત હતી, સંગીતનાં વાદ્યો હતાં. જલસાઘર જેવી શોભા હતી. લખપતરાવ એ ગાદીતકિયે બેસતા, સંગીતકારો સંગીત છેડતા અને પેલી ઝીણી પાઇપોમાંથી ફુવારા ઉડતા-આખો જળમહેલ કચ્છની બળબળતી ગરમીમાં રાવને ઠંડક પહોંચાડતો.



જળમહેલ - આયના મહેલ

રચના જયારે આ સમજાવતી હતી ત્યારે વિલ્સને પૂછયું- "આવી અદ્ભુત ટેકનિક્ એ વખતે પણ ગોઠવી શકાતી હતી એ નવાઇની વાત ન કહેવાય? હવે તો પછી પેલા લોકો કહે જ ને, કે આપણે ત્યાં બધું જ હતું!?"

રચનાએ કહ્યું- "હા, હતું પણ એ આવ્યું હતું પશ્ચિમમાંથી જ! બેલ્જિયમ નામના દેશની ટેક્નીક શીખીને આવેલા રામસિંહ માલમે આ કરામત કરેલી ઠેઠ 18મી સદીના અંતમાં."

''કોણ રામસિંહ માલમ?'' ધીરજને સવાલ થયો.

''રાતની મિટીંગમાં બરોબર ઓળખાણ આપીશ.''

આયનામહેલના આયના, ફુવારા, કાચનાં રમકડાં, રેશમ-કિનખાબનાં કપડાં, હીરાઝવેરાત અને ઘડિયાળો સુદ્ધાં ખાનગી સંગ્રહસ્થાનના નમૂના હતા.

ઉપલા મજલે એક ખંડમાં જૂનાગઢના 'દરબાર હોલ'ની જેમ જાણે દરબારની રચના થઇ હોય એવી રીતે સિંહાસન, છત્ર, ખુરશીઓ વગેરે ગોઠવેલાં હતાં પણ સારસંભાળના અભાવે ખંડ ઘૂળિયો લાગતો હતો અને પર્દા, ખુરશીના ગલેફ વગેરે જર્જરિત અને ઉપટેલા રંગનું લાગતું હતું. કોઇ પણ રીતે કચ્છને ગૌરવ અપાવે તેવો દરબાર હોલ નહોતો. દીવાલો ઉપર રાવ પરિવારનાં ફોટા હતા. વીસમી સદીના છેલ્લા રાવ મદનસિંહજી જેમણે કચ્છને ભારતમાં રાજીખુશીથી ભેળવ્યું તેમના ફોટા તેમની પાશ્ચાત્ય જીવનશૈલી દર્શાવતા હતા. રાવ મદનસિંહજીને સ્વતંત્ર ભારતના પૉલેન્ડ ખાતેના એલચી (એમ્બેસડેર) બનાવવામાં આવેલા. જે કચ્છને પ્રગતિશીલ બનતું જોવા ઇચ્છતા હતા.

''પણ સક્રિય રહીને કચ્છને આગળ ધપાવવાના સમયમાં જ એમને વિદેશ મોકલવામાં આવ્યા, પરિણામે કચ્છના આર્થિક-સામાજિક વિકાસમાં કંઇક ઊણપ જ રહી ગઇ!'' રચનાએ વાત વાળી અને સૌ આઇના મહેલમાંથી બહાર આવ્યા. રાતની પ્રતિભાવ મિટીંગ રસપ્રદ રહેવાની સૌને ખાતરી હતી.

★★★

રાતની ફિડબેક મિટીંગમાં બે ત્રણ મહત્વના મુદ્દા-સવાલો લઇને મિત્રો આવી ગયાં હતાં. પહેલાં તો રામસિંહ માલમ કોણ તે પ્રશ્ન પરવીને તાજો કર્યો.

''રામસિંહ માલમ ઓખામંડળનો વાઘેર. ઓખામંડળ એટલે આજે જે દ્વારાકા કહેવાય છે તે વિસ્તારથી માંડીને ઓખા બંદર સુધીના દરિયા કાંઠાના ગામો. વાઘેર કોમ સૌરાષ્ટ્રની ખમીરવંતી કોમ.વ્યવસાયે ખારવા. માલમ એટલે ખારવો. 18મી સદીમાં આ જુવાન નાખુદો(કપ્તાન) તરીકે





પ્રખ્યાત થયો હતો અને એની એક સફર દરમ્યાન આફ્રિકા જવા નીકળેલો. રસ્તામાં દરિયાનું તુમૂલ તોફાન જાગ્યું, એનું વહાણ તૂટ્યું પણ જીવ બચ્યો. કેટલાક હોલેન્ડના વહાણવટીઓએ એને જોયો, બચાવ્યો અને પોતાના વહાણમાં બેસાડીને હોલેન્ડ લઇ ગયા. 18મી સદીનું હોલેન્ડ અનેક પ્રકારના કલા કસબનું ધામ હતું. રામસિંહ ઉદ્યમી અને ખંતીલો માણસ. ત્યાંની ઘણી કારીગરી શીખી ગયો- અરીસાકામ, મીનાકારી, ચાંદીનું બારીક નકશીકામ, વિવિધ ધાતુઓને ઓગાળીને મૂર્તિઓ બનાવવાનું કામ શીખ્યો. ઉપરાંત યંત્રો બનાવતા ને ચલાવતાં શીખ્યો. જેમાં ઘડિયાળ, વરાળથી ચાલતાં યંત્રો પણ શીખ્યો. લાંબો સમય યુરોપમાં રહ્યા પછી વતન પાછો ફર્યો. ઓખામંડળ એ વખતે રાજકીય અરાજકતામાં સપડાયેલું હતું.પોતાની આવડત અને કલાની કદર કરનાર અહીં કોઇ ન મળે એની નિરાશા એને ઘેરી વળી પણ એણે સાંભળ્યું કે કચ્છના રાવ લખપતજી કદરદાન છે.તે કચ્છ પહોંચ્યો અને પછી જે બન્યું તે બહુ જાણીતો કલા-ઇતિહાસ છે. લખપતજીએ એને ફરીથી 200 કચ્છી કસબીઓ સાથે હોલેન્ડ મોકલ્યો. તાલીમ લીધેલા એ કલાકારોએ કચ્છ પાછા આવીને આ તમામ કલાઓનો ઉપાયોગ કરીને લખપતજીના મહેલો સજાવ્યા. એમનો ખજાનો ચાંદી-મીનાકારી-જડાવ દાગીનાથી ભરપૂર કરી દીધો. આજના કચ્છના આ તમામ કલા-કસબ એ રીતે રામસિંહ માલમની દેન છે એમ કહી શકાય.''

''ઓત્તારી, આ તો કચ્છની ખાસિયત અને અનેખી કલાકારીગરીનાં મૂળિયાં હોલેન્ડમાં નીકળ્યાં! બિચારા 'આગવી અસ્મિતાંવાળા'આ હકીકત જાણતા નથી લગાતા''. બાદલે નીરીક્ષણ સાથે જે ટકોર કરી તે ખરેખર સાંસ્કૃતિક અદાનપ્રદાનની જૂનવાણી થિયરી માટે લપડાક હતી!

''... ઔર મૈં સમઝ પાયા કારીગરી કા અંગત / પર્સનલ ઉપયોગ કા મતલબ.'' આમિરે કહ્યું ''સામંતયુગમાં રાજા-રજવાડા, અમીર-ઉમરાવો અને બહુબહુ તો શેઠિયા આવી અદ્ભુત કલા-કારીગરીનો ઉપયોગ કરતા.

વણલખ્યો નિયમ થઇ ગયો હતો કે આવું સુંદર, કિંમતી કશું પણ સામાન્ય જનતા માટે નથી! માત્ર યુરોપના દેશોમાં જ ઔદ્યોગિક ક્રાન્તિ ન થઇ, હિંદમાં પણ થઇ. આધુનિક વિચારસરણી ફેલાઇ, મૂડીવાદ આવ્યો, તેની સાથે જ સાર્વજનિક ઉપભોગની ભાવના આવી અને એનો અમલ પણ થવા લાગ્યો. બજારની તાસીર બદલાઇ. ઉત્પાદનની પદ્ધતિ અને તરાહો(પેટર્ન) બદલાઇ. જથ્થાબંધ સામાન મશીનો દ્વારા બનતો થયો. આ જથ્થાનું વિતરણ જરૂરી તેથી ઉપભોક્તા(ગ્રાહક)ની સંખ્યા વધી. આપણે ત્યાં પણ અંગ્રેજોના આવ્યા પછી સાર્વજનિક ઉપયોગ / ઉપભોગનો દૃષ્ટિકોણ આવ્યો.'' રચનાએ વિગતે સમજાવ્યું ત્યારે શેખરે એક સરસ મુદ્દો મૂક્યોઃ ''છતાં આજે નવેસરથી 'ડિઝાઇનર આઇટમો' બનાવવાનું- વેચવાનું ને વાપરવાનું શરૂ થયું છે; જે પાછી ફેશનની અને ખાનદાની નિશાની ગણાય છે- સામંતી માનસિકતા આધુનિક મૂડીવાદના રંગેરૂપે જાણે ફરીથી છવાવા લાગી છે.''

''ઇસ હિસાબ સે કલા-કારીગરી કો યુઝ કરને કે મામલે મેં અમીર-ગરીબ કા ફર્ક બહુત બડી તાકત હૈ જો તય કરતી હૈ કિ કૌન ક્યા યુઝ કર સકતા હૈ!'' હમિદે બરોબર સરવાળો માંડ્યો.

''મતલબ કે આઇના મહેલ ખાનગી મિલ્કતનો સંગ્રહ અને સવારે જોયેલું કચ્છ મ્યુઝિયમ સાર્વજનિક મિલકત બની; બરાબર?'' ધીરજે પણ તાર જોડ્યા.

''બહેન, આપણે શા માટે અંગત મ્યુઝિયમ જોવું જોઇએ! ઐયાશીનું પ્રદર્શન જોઇને મને તો ખીજ ચડે છે!'' શેખરનો મુદ્દો.

''દરેક કલાકૃતિ પોતાના સમયનું દસ્તાવેજીકરણ છે. વારસાની જાણકારી મળે છે.આઇના મહેલ ન જોયો હોત તો રામસિંહ માલમ જેવા જિનિયસ કસબી વિશે આપણને શું જાણવા મળત? એ રીતે રાજા-રજવાડાએ લોક સેવા કરી કહેવાય. આ બધું જોવાથી જાણકારી મળી-વિગતો મળી. વિગતો હોય તો જ વિશ્લેષણ થાય. આપણો પ્રવાસ આપણને વિશ્લેષણ તરફ લઇ જવાનો પ્રયાસ છે, એક્સરસાઇઝ છે.''





''વાહ, કિતના સમઝનેલાયક હૈ યે સબ! અરે, પર કનુભાઇ નહિ દિખે! વે હોતે તો ઔર ભી મજા આતા.''

''કનુભાઇને ભૂજની બજારમાં કોઇ જૂના મિત્ર મળી ગયા, એમની જોડે ગપ્પાં-ગોષ્ટિ કરવા જતા રહ્યા છે. ચાલો, ગુડનાઇટ. કાલે તો પાછી નવી કિતાબો-નવું જ્ઞાન!''



**ઝરૂખાનું કોતરકામ - નગરકોટ - ભૂજ**

★★★

## મુકામ - 9.

# બન્ની: કચ્છી માડુની મુલાકાત

ભૂજમાંથી નીકળીને મંડળીએ ઉત્તર તરફ પ્રયાણ કર્યું. લાલ-જાંબુડી-રાખોડી ભોંય જોતાં જોતાં છેવટે પીળા ઘાસવાળી જમીન અને બાવળિયાના ઝૂંડ નજરે ચડ્યાં. રેતાળ ઢૂવા(ઢગલા જેવું) પણ ક્યાંક નજરે ચડતા હતા. ''આપણે બન્ની પ્રદેશમાં છીએ. અહીંનું ઘાસ દૂધાળાં પશુંને બહુ માફક આવે. સદીઓ પહેલાં સિંધ, પંજાબ, રાજસ્થાનના જત જાતના, મોટેભાગે મુસલમાન માલધારીઓ પોતાનાં ઢોર લઇને અહીં વસ્યાં હતાં. થોડાં વર્ષ પહેલાં એમ કહેવાતું કે આખા કચ્છને ઘી- મખણ આ બન્નિયારો ખવડાવે છે.''

''પણ હવે હાલત બદલાઇ લાગે છે, ખરું? લગભગ એપ્રિલ મહિનોયે આવતાં પહેલાં આપણને રોડ પર ઊંટ-ઘેટાં-બકરાં લઇને જતાં કુટુંબો દેખાતાં હોય છે એ આ જ માલધારીઓ હોય છે નહિ?'' ધીરજનું નિરીક્ષણ પાક્કું.

''હા, પાણીની અછતના માર્યા ઘર-કબીલા સાથે આ લોકો સ્થળાંતર કરી જાય છે. ઘણી વાર તો છેક દક્ષિણ ગુજરાત સુધી એમના ટોળાં ચાલી ચાલીને જતાં જોવા મળે.''

''અચ્છા, વો કાલે ઘાઘરે-સાડીવાલી ઔરતેં ઔર લંબેલંબે લાઠીવાલે મર્દ... વે હી હૈં યે બન્નિયાર!'' હમિદે જોયેલું કહ્યું.





''મોટાભાગે. આમ તો કચ્છના ઘણાં રબારીઓ પણ ગામઠાણ છોડી નીકળે છે. કચ્છ જાણે સ્થળાંતરની ભોમકા છે અને એટલે જ એમનો વતનપ્રેમ પણ એટલો જ ઊંડો હોય છે.''

રેતીના ઢૂવા પાછળ દેખાતાં ઘરોના ઝૂમખાં જોઇને રચનાએ કનુભાઇને ગાડી થોભાવવા કહ્યું. ગામના નામનું પાટિયું હતું તો ખરું પણ બાવળિયા નીચે ઢંકાઇ ગયું હતું. બાદલ જઇને જોઇ આવ્યો - 'ટૂંડા વાંઢ'.

''અરે, યે તો પહેલેવાલે મ્યુઝિયમમેં દેખે થે વૈસે ચ ગોલ ઘર હૈં!'' યાસ્મિને યાદ કર્યું.

''ભૂંગા કહેવાય એને. પણે ધોળાવીરામાં પણ સૌથી ઉપલા સ્તરમાં હતાં એવું ન'તું જોયું? ફોટા ત્યાં પણ હતા.'' શેખરે વધુ સ્પષ્ટતા કરી.

''આપણે ભૂંગા જોવાનાં?'' મીના-બીજું કોણ? રચનાએ માથું હલાવી 'હા'કહી.



ભૂંગાના બારણે બન્નીની બાળા

''આપણે ઓળખીએ છીએ અહીં કોઇને?'' વિલ્સનને જરા વિચિત્ર લાગ્યું, જ્યારે રચનાએ કહ્યું કે ના, પણ વાંધો નહિ; એમનેમ મળીએ તો!

બે-ત્રણ ભૂંગાના ઝૂમખાના ફળિયામાં સૌ પહોંચ્યાં. એક ભૂંગાની બહાર ઓટલા પર બેસીને ભરતકામ કરતી ત્રણ-ચાર કિશોરીઓ-યુવતિઓ ફુર્ર્ર્ર્ર દેતીક્ને ઘરમાં ભરાઇ ગઇ. બીજા ભૂંગાની બહાર કાથીનો ખાટલો ઢાળીને એક પ્રૌઢ હાથમાં મોબાઇલ રાખીને આડા

પડેલા તે મંડળીના પગરવથી બેઠા થઇ ગયા. છ ફૂટની લંબાઇ અને તીખાં નેણ નક્શ. માથે કચ્છી અજરખનો નાનો કટકો વિંટાળતા આવકારી રહ્યાં: “અચો અચો, બીન! (આવો-આવો બહેન) “સલામ ભાઇ! અમે લોકો અમદાવાદ-ગુજરાતથી આવીએ છીએ. બધું શીખવા-જાણવા ફરીએ છીએ. તમને જોયા એટલે થયું કે બન્નીના લોકને તો મળવું જ જોઇએ ને, તે જરા મળવા આવ્યાં.” રચનાએ કહ્યું. “ભલે, ભલે, પધાર્યા બીન! અમાર બન્નીમાં મેમાન ક્યાંથી?” અને બે-ત્રણ ખાટલા ઢાળીને સૌને બેસાડ્યાં. “મારો નામ મામદ જુસબ ભૂરા. આયાં અમે કાકા-બાપાનાં રહીએ છીએ. બધું મરીને વીસેક જણાં.” આમિર



**બન્નિયાર માલધારી**

એમને નિહાળી રહ્યો તો. “ખેતીવાડી કરો?” બાદલે લોકસપર્ક શરૂ કર્યો- ટી.વી.સ્ટાઇલમાં!

“ના રે, આયાં ખેતી ક્યાં? ન્ અમાર જમીન પણ નંઇ નાં? ઘરનાં બકરાં-ઘેટાં છ્ ને હું તો સિઝનમાં મીઠો ખણવા હામખિયારી જાંવ. આ તો જરી મજા નથ્ એટલે ઘિરે વઠો છઉં.” મામદભાઇ સામે બાઘાની જેમ જોઇ રહેલાં મિત્રોને રચનાએ એ વાક્યોનું ભાષાંતર કરી આપ્યું: એમની પાસે જમીન નથી. ઘેટા બકરાં પાળે છે. પોતે અગરની સિઝનમાં સામખિયાળી મીઠું ઉઠાવવાનું કામ કરે છે પણ હમણાં તબિયત જરા ઠીક નથી તેથી ઘેર બેઠા છે.” “ઓ...” બોલ્યા વગર જ મંડળી સમજી ગઇ. આમ તેમ ડાફોળિયાં મારતા કનુભાઇ પણ આવીને બેઠા. “એ... પાણી ખણજો નાં.” સામા ભૂંગામાં કોઇને કહેતા હોય તેમ મામદભાઇએ ઊંચા સાદે કહ્યું- થોડીવારે નાનકડી બાળા પોતાના હાથમાં માંય નહિ એવડો સ્ટીલનો ઘડો ને બેત્રણ ગ્લાસ લઇને આવી, બધું ખાટલા





આગળ મૂક્યું ને ઝટ્ દઇને ભાગી ગઇ. પરવીન, વંદના, બાદલ, વિલ્સન... બધાંએ એને બોલાવવાની કોશિશ કરી પણ એ તો ગઇ તે ગઇ. “નંઇ અચે ઇ! ભારે લાજાળ.” મામદભાઇએ હસીને કહ્યું ને સૌને પાણી પાયું. “અમાર યાં નરમદાનો પાણી અચે. ભારે મીઠો.” “અચ્છા, નર્મદાનું પાણી અહીં પહોંચ્યું છે, ખરું!” શેખર ને જરાક અહોભાવ થયો. “અરે, ઇ તો આ બધો રણોત્સવ માંડ્યો છ્ નં તેમાં. બાકી તો અમારી બાયું બબે ગઉ છેટેના નરે જાય નં તેય ખારો-મોરો પાણી મળે.” સાફ વાત! છોકરીઓ ભૂંગા તરફ મીઠી લાલચથી જોતી હતી તે રચનાએ જોયું. સસ્મિત મામદભાઇને વિનંતી કરી- “મામદભાઇ, વાંધો ના હોય તો... અમને તમારાં ભૂંગા જોવાની બહુ ઇચ્છા છે; બતાવશો?”

“અરે લેલેલે... પધારો પધારો...” કહેતાં ઊભા થઇ ગયા; અંદરની બાજુ ખોંખારો ખાધો ને પળવાર પછી મંડળીને અંદર લઇ ગયા.

ભૂંગો નળાકાર હતો. ગાર-માટીથી બનેલો. લગભગ આખો એક જ ઓરડો.અંદર ક્યાંય બારી નહિ. બારણું પણ એક જ અને તેય નીચું- અંદર જવા માટે બેવડ વળીને જવું પડે.વચ્ચેવચ ગોળ ઘાસિયા છાપરાંને ધારતો મોટો થાંભલો. મંડળી અંદર પેઠી. આછા અંધારામાં આંખો ટેવાઇ ત્યારે બધું દેખાયું. સૌથી પહેલાં છાજલી ઉપરનાં સ્ટીલનાં વાસણોએ ધ્યાન ખેંચ્યું. ભીંતે ચોડેલાં ચાટલાંમાં એનું પ્રતિબિંબ પડતું હતું. ખીંટી ઉપર અને દોરીએ લટકાવેલાં ભભક વિનાનાં કપડાંમાં પણ ચાટલાં-આભલાં ઝળકતાં'તાં. આંખો વધુ ટેવાઇ ત્યારે એક ખૂણે ગૂંચળું વળીને ઊભેલાં બાળકો દેખાયા. લાંબી લાંબી ડગલી જેવી કંજરી પહેરેલી જેમાં ગીચોગીચ ભરતકામ અને આભલાં હતાં. ગળે-કાને-નાકે-હાથે-પગે ચાંદીનાં ઘરેણાં હતાં તો કો'કે દોરા વીંટેલાં. એક મહિલા હતી જે મંડળીને જોઇને ઊભી થઇ ગઇ ને મોઢે દુપટ્ટો આડો રાખીને મરકવા માંડી. એણે પણ રતુમડા ઘાઘરા પર લાંબી બાંયની કંજરી પહેરી હતી ને શરીરે ઠસોઠસ ઘરેણાં હતાં- ચાંદીનાં. બધાંનો દેખાવ કંગાળ તો નહિ પણ જરાક મેલોઘેલો હતો

જ. વિલ્સને કેમેરા કાઢીને બાળકોનો ફોટો લેવા માંડ્યો ત્યાં મામદભાઇનાં પત્ની આડાં ફરી ગયાં ને હાં-હાં કરી ઉઠ્યાં. "ફોટો નાં લેસો ભાય, અમારામાં નાં લેવાય." મામદભાઇએ રોક્યો.વિલ્સને સોરી કહીને કેમેરા મ્યાન કર્યો.

ધીરજે પૂછ્યું, "ગામમાં હજી વીજળી નથી આવી?"

"અમાર બન્નીમાં વીજળીનો ખપ જ નંઇ! આમ ભૂંગાની વચોવચ ફાનસ ટીંગાડીં દૈયેં કે અજવાળાં ઝોકાર… આ દીવાલો ઉપર આંભલાં-આઇના ખરાં ને?!" મામદભાઇના અવાજમાં કચ્છીયત હતી કે મજબૂરી?!

"પણે ધોરડોમાં તો વીજળી-રોડ બધુંય આવી ગયું એવું સાંભળ્યું છે, ખરી વાત?" રચનાએ થોડું વાત કઢાવવાના આશયથી પૂછ્યું.

"અરે ન્યાં તો રણોત્સવને લઇને બઉ ફરક પડી ગયો. અમાર લોકનેય ત્યાં ઝાઝીયું નોકરીયું મળે છ્. ભૂંગા બનાવવા, ઢોલ વજાડવા, રસોડામાં, ભરતકામ દેખાડવા… બાયુંનેય કામ મલી જાય. મારો દીચરો રહીમ પણ ધોરડોમાં નોકરીએ લાગ્યો છ્."

"એને પણ રણોત્સવમાં જ કામ મળ્યું છે?"

"ના હો, ઇ તો એગરોમાં છ્" - જરા ગૌરવથી મામદભાઇએ કહ્યું. સૌ પાછાં બહાર નીકળ્યાં. રચનાએ 'એગ્રો' વિશે સમજૂતી આપીઃ કચ્છના ધનિકો અને સરકારે સિંચાઇ અને બિયારણ ક્ષેત્રે જે પ્રયોગો શરૂ કર્યા છે તે- એગ્રોસેલ. રહીમ પણ નવી ખેતીના પાઠ ભણતો હશે." શેખરને સ્વાભાવિક રીતે જ તર્ક થયોઃ "ભણીને શું કરશે, જમીન તો છે નહિ!" "નોકરી." મામદભાઇએ ભોળપણથી કહ્યું.

મામદભાઇને સલામ-શુક્રિયા-ખુદા હાફિઝ કહીને મંડળી બસમાં બેઠી. "હવે સીધા ધોરડો લઇ લઉં ને? કમ સે કમ, આંટો મારીને જોઇ તો લેવાય. આવો મોકો ફરી નોં મલે!" કનુભાઇ ઉત્સાહમાં હતા. મંડળી વિચાર-ચિંતનમાં. બસ





દોડતી રહી અને ભૂરાં-લીલાં-સોનેરી-રંગીન સરકારી પાટિયાં શરૂ થઇ ગયાં હતાં. રણોત્સવનગરી ધોરડો આવી ગયું હતું.

# બન્નીની બીજી બાજુ

## ધોરડોના ધક્કે

ધોરડો પણ બન્નીનો જ છેડો. કહો કે સરહદી ગામ. પછાત હતું અને કહેવાતા શકમંદ લોકોના વર્ચસ્વવાળું ગામ કહેવાતું હતું… કાયમ ઘૂસણખોરો વિશેનો ભ્રામક ભય ઊભો કરવામાં આવેલો. હવે એની શક્લોસૂરત બદલાઇ ગઇ છે. ઝડપભેર ફક્ત મુખ્ય પ્રવાહમાં જ નહિ, પ્રવાસનના ઉદ્યોગ(ધંધા)માં પણ પલોટાવા લાગ્યું છે.

પાકા- 'ટૂ લેન' રસ્તા, વચ્ચે હારબંધ સોડિયમ લાઇટના થાંભલા, વચ્ચેવચ્ચે ઝાડપાનનાં કૂંડા, ફરતો રીંગરોડ, બેંક, ATM, સાયબર કાફે, થોડીક રેસ્ટોરાંની ચમકદમક ધોળે દિવસે જોતાં છેવાડે પહોંચ્યાં ત્યાં ઊભું હતું 'રણોત્સવ નગર.' દૂરથી જ કતારબંધ તંબુ અને ભૂંગાનાં ઝૂમખાં દેખાયાં. નજીક પહોંચ્યાં ત્યાં પાણીનો હોજ, ચિતરેલા ઓટલા, મંચ વગેરે દેખાતું હતું. રંગબેરંગી રંગોળી જેવો નગરનો દેખાવ હતો. વૃક્ષો તો નહોતાં પણ લીલાંછમ-રંગબેરંગી ફૂલછોડ વાવેલાં કલાત્મક કૂંડાં ઠેરઠેર ગોઠવેલાં. કચ્છી કારીગરીના મોટા દરવાજા તરફ સૌ દોડ્યાં. પણ દરવાજે મોટું તાળું હતું. બાજુમાં ભૂંગા જેવી નાની ચોકીમાં ચોકીદારભાઇ ઝોકે ચડેલા. ગાડીના અવાજથી અને મંડળીના ઘોંઘાટથી ઝબકીને જાગ્યા. મંડળીએ પૂછપરછ કરી. કટાણા મોંઢે સામો સવાલ આવ્યો- "હા, હા, રણોત્સવ-નગરી તો આ છે જ- પણ ઇ તો સિઝન હોય તિયારે ખુલી હોય ને? અટાણે શા માટે ખુલે?"

રચનાને થયું આવો તો ખ્યાલ જ નહોતો. અમદાવાદની પ્રવાસન ઓફિસમાં જ પૂછીને આવવું જોઇતું હતું. કાનપટ્ટી પકડીને કબૂલ્યું કે આવી ભૂલ ફરી ન થાય. ખેર, જરાક 'મૂડલેસ' થયેલાં મિત્રોએ ચોકીદારને પટાવવાના પ્રયત્નો કરી જોયા- "અરે, છેક અમદાવાદથી આવ્યાં છીએ, ખાલી એમનેમ ફરીને જોવા દોને?"

"અરે, અમદાવાદથી શું- અમેરિકાથી આવો તોય નિયમ ઇ નિયમ! એમનેમ નોં અવાય ને? આ કાંય ખોલાય નહિ- ઓડર જોવે!" ભાઇ પાછા ખુરશી પર ગોઠવાયા અને હથેળીમાં માવો મસળવા લાગ્યા. હવે આશા રાખવી વ્યર્થ છે એમ સમજીને મંડળી પાછી બસમાં ગોઠવાઇ.

કનુભાઈની અકળામણ જોવા જેવી હતી. એ ચોકીદાર ઉપર ખિજાયા હતા કે જાત ઉપર એ કળવું મુશ્કેલ હતું. અંદર ગોઠવાતાં રચનાએ કહ્યું, "આ તો પેલી કહેવત જેવું થયું કે હીરો ઘોઘે જઇ આવ્યો ને ડેલે હાથ દઇ આવ્યો!" સાંભળીને કનુભાઇ છોભીલા પડ્યા. "લ્યો, ખરો ધક્કો થ્યો બેન. હવે આવો મોકો નોં મલે!" ગાડી સ્ટર્ટ થઇ. "લે, તમને શી ફિકર કનુભાઇ! તમને તો સિઝનમાં કોઇ પાર્ટી મળી જવાની ને, તમે જોઇ પાડજો ને તમતારે તમારું સ્વર્ગ!" બાદલે ટીખળ કરી લીધી ને મજાકમાં સૌનો મૂડ રિપેર થઇ ગયો. ધોરડોના ધક્કાએ શું શીખવ્યું એ તો રાતની મિટીંગમાં ચર્ચવાનું જ છે, એ આશાએ મંડળી બન્નીમાં આગળ વધી.



**ફાઈવસ્ટાર ભૂંગા - રણોત્સવ - ધોરડો**

★★★





**મુકામ - 10.**

# કે. જી. એન. હાજી પીર

બન્ની વિસ્તારના પશ્ચિમ ભાગે બસ જઇ રહી હતી. બારીની બહારનો દેખાવ થોડો બદલાયો હતો. થોડાક લીલા ટાપુઓ દેખાયા. અહીં ખેતીનો વિકાસ દેખાયો.ખેતરો, બોર-વેલ, નાનાં-મોટાં પાકાં મકાનો અને પાકી દેખાતી રેસ્ટોરાં, ગલ્લા... જ્યાં પેપ્સીકોલાનાં ફ્રીજ-કબાટ દેખાતાં હતાં અને કુરકુરેનાં પેકેટ પાનમસાલા સાથે લટકતાં હતાં. શહેરી-શહેરી લાગતું'તું બધું. "આ તો કંઇ નવાઇ જેવું?! યાત્રાધામને લીધે આ બધી દુકાનોબુકાનો છે?" શેખર. "ના, આ નરા ગામ પાસેનો વિસ્તાર છે. ખરેખર, આ રણમાં વીરડી જવો વિસ્તાર છે. આખું ગામ સિખ લોકોએ વસાવ્યું છે. પાકિસ્તાન બન્યું ત્યારે ત્યાંથી ભાગીને અહીં વસ્યા હશે. ખડતલ, મહેનતુ અને મહત્વકાંક્ષી કોમ. પથ્થર ફોડીને નંદનવન ઊભું કર્યું છે.આ તમે જોઇ શકો છો, ખેતીની સાથે સાથે શહેરી પ્રકારનો વિકાસ પણ અહીં થયો છે." મંડળીને બહુ નવાઇ લાગી અને સારું પણ લાગ્યું. "હાં દેખો, કિતને સારે સરદારજી?!" - પરવીને એક ઢાબે બેસીને ચા-પાણી પીતા સિખ પ્રૌઢનું ટોળું ચિંધ્યું. ફર્રાટેદાર મસ્ત મોટર સાઇકલો ઉપર સરદાર યુવાનોની અવરજવર વિસ્તારને નવું જ રૂપ આપતી હતી.

"પણ આવા મહેનતકશ લોકો ઉપર પણ આફત આવી હતી. થોડા સમય પહેલાં જ ગુજરાત સરકારે, સરહદી વિસ્તારના નામે અહીં કેમ્પ કે કશું કરવાના બહાને જમીન લઇ લેવાની જાહેરાત કરી હતી. અથવા તો પછી કોઇ ઉદ્યોગપતિને વેચી દેવી હશે એટલે સરહદનું બહાનું કાઢ્યું હતું."

"અરે, પેલાં કેસરિયા બહાદૂરોને આખોઆખાં ગામ-ખેતર અપાવી દેવાનાં હોય તોય નવાઇ નહિ!" શેખરે તર્ક કર્યો.

"બની શકે. કારણ ગમે તે હોય- આ સધ્ધર લોકોને ખદેડવાની તૈયારી હતી પણ મિડિયા, કાનૂની સહાય વગેરેની મહેનતથી 'નરા' બચી ગયું." બસ આગળ વધી.

મિત્રોને સરહદી વિસ્તાર જોવાની થ્રીલ હતી. હાજી પીર એટલે પણ પ્રખ્યાત હતું. છેવટે ખડકાળ જમીન ઉપર 'સરહદી ચોકીઓ' દેખાવા લાગી. જવાનોથી ભરેલી જીપો-ટ્રકો જોઇને મંડળીનો રોમાંચ વધી ગયો હતો.

ત્યાં જ અફાટ ભૂખરી ભોંય ઉપર, જરાક ઊંચા ટીંબે, આર્મીની ચોકીની પાછળથી મધ્યમ કદની ઇમારતનો ગુંબજ દેખાયો. આ જ હાજી પીરની દરગાહ.

"હાં કે.જી.એન." હમીદના સ્વરમાં આદર હતો.

"આ કે.જી.એન. એટલે શું?" વંદનાને જાણવું હતું.

"ખ્વાજા ગરીબ નવાઝ" હમિદ સમજાવ્યું. "વૈસે તો અજમેરવાલે ખ્વાજા સાહેબકો ઇસ નામ સે પુકારતે હૈં પર મેરી ફૂફી, જો કચ્છમેં રહતી થીં વે ઇસ હાજી પીર કો ઇસ નામ સે પુકારતી થીં- 'કચ્છ કે ગરીબ નવાઝ!" હમિદના સ્વરમાં ભીનાશ હતી.

બસ હજી પહેંચતી હતી ત્યાં રચનાનું સ્મૃતિચક્ર વધારે ઝડપથી ચાલી રહ્યું હતું. બે'ક દાયકા પહેલાં પોતે પહેલી વાર અહીં આવી હતી, ત્યારે ઘેઘૂર લીમડા-ખિજડાનાં થોડાંક વૃક્ષો વચ્ચે, એકલવાયી દરગાહ ઊભી હતી. પાસે તળાવમાં પાણી ભરેલું હતું. નાનો સરખો એકમાત્ર ગલ્લો હતો જ્યાં બીડી બાકસથી માંડીને હાજી પીરને ચડાવવાનાં ફૂલ-અગરબત્તી મળતાં હતાં. યાત્રાળુઓની સંખ્યા ઓછી ને આછી હતી. સાદી દરગાહના મુંજાવર તરીકે એક ઢળતી ઉંમરનાં મહિલા હાથમાં મોરપીંછો લઇને બેઠાં હતાં અને યાત્રાળુઓ માટે દુવા





કરતાં હતાં. રચનાએ કદાચ પહેલી વાર મહિલા-મુંજાવરને જોયાં હતાં એની સુખદ યાદ આજે તાજી જ છે!

સૌ નીચે ઊતર્યા. લીમડા-ખિજડાનાં ઝાડ તો જેમનાં તેમ હતાં. તળાવનાં પાણી આછર્યાં હતાં. ગલ્લા એકમાંથી અનેક થયા હતા જ્યાં નાનાં બાળકો અને આમતેમ આંટા મારતા લોકોનાં ટોળાં ખોટી ભીડ કરી રહ્યા હતાં. નાની મોટી દુકાનોનો તો પાર નહોતો- જેમાં નારિયેળ- ફૂલ ઉપરાંત ચુંદડી, નાડાછડીની સાથે સાથે 'રેડીમેડ' પણ જથ્થાબંધ લટકતાં હતાં. રણની કાંધ પરના પેલા એકલપીર જાણે મનોરંજન અને બજારનું સાધન બનવા લાગ્યા હતા! રચનાનું હૈયું એક થડકારો ચૂકી ગયું. રાતની મિટીંગમાં આ ફરક શેર કરવો જોઇએ.



**દુકાન - હાજીપીરના આંગણાંમાં**

મંડળી સાથે રચના નવી થયેલી કેન્ટીનમાં ચા-નાસ્તા માટે પહોંચી. મીનાએ શરૂઆત કરી, "બેન, હાજી પીર કોણ હતા? ક્યારે થઇ ગયા? થોડો પરિચય આપશો?" રચનાએ સંક્ષેપમાં હાજી પીર વિશે વાત કરી.

હાજી પીરના વડવાઓ મૂળ અરબસ્તાનના. ત્યાંથી ઈરાન અને અફઘાનીસ્તાન થઈને સિંધના મુલતાનમાં (હાલ પાકિસ્તાનમાં) આવીને વસ્યા હતા. 13મી સદીમાં હાજી પીરના વડદાદા હઝરત શહાબુદ્દીન ઝકરિયા મુલતાનમાં ઔલિયા તરીકે પૂજાતા. હાજી પીરનું મૂળ નામ અકબર અલી. પોતે તરૂણાવસ્થામાં શહાબુદ્દીન ઘોરીના લશ્કરમાં સિપાહી હતા. ઘોરીએ હિંદુસ્તાન ઉપર ચડાઈ કરી ત્યારે અહીં લડવા આવ્યા હતા પણ પછીથી અહીં કચ્છમાં જ રહી પડ્યા. થોડો વખતમાં જ હિંસા અને યુદ્ધ દ્વારા ઈસ્લામના પ્રચાર-પ્રસારના આચારવિચારથી નફરત થઈ ગઈ અને ઈસ્લામનાં મૂળ મૂલ્યો- પ્રેમ અને ભાઈચારો- હિંદમાં ફેલાય એ માટે શસ્ત્રો છોડી દીધાં, કુટુંબ પણ ત્યજી દીધું. અલગારી બની ગયા. કચ્છના મોટા માલધારીઓને ત્યાં ઢોર ચરાવીને પોતાનું ગુજરાન કરવા લાગ્યા. વગડાના એકાંતમાં અલ્લાના ધ્યાનમાં સરી જતા. એમના સંપર્કમાં આવતા લોકો એમની પ્રતિભાથી ઝૂકી જતા અને વખત થતાં તેઓ બન્ની વિસ્તારના લોકપ્રિય ઔલિયા બની ગયા.

પણ નરામાં રાજ કરતા સોલંકી ગરાસિયાને ખટકો થયો. ગામમાં તળાવ એક જ હતું. એમાં જો હાજીનાં ઢોર પાણી પીવે તો પાણી ખૂટવાની અસલામતી થઈ ગઈ! કદાચ ધાર્મિક અસલામતી પણ હોઈ શકે. સરવાળે સોલંકીઓ ધમકી આપવા લાગ્યા. હાજી સામે ચાલીને રાજપૂતોને મળ્યા અને કારણ જાણ્યું. એમને થયું કે બીજું તળાવ બાંધીએ તો? સોલંકીને મનાવ્યા, એમના મજૂરોની સાથે પોતે પથ્થર ફોડ્યા, પાવડા-તગારાં ઊંચક્યાં અને તળાવ ખોદ્યું.પાણી આવ્યું ત્યારે સોલંકીઓ આને ચમત્કાર અને હાજીને ચમત્કારી પુરુષ માનીને ઝૂકી ગયા. પસ્તાવો કર્યો અને એમણે જ હાજીને 'પીર'નું બિરૂદ આપ્યું.'' ''તો તો આ કચ્છના હિંદુ-મુસ્લિમ સમભાવનું બહુ સારું ઉદાહરણ કહેવાય.'' ''હાસ્તો, જરા ધ્યાનથી જોશો તો અહીં તમને મુસ્લિમો ઉપરાંત હિંદુ યાત્રાળુઓ પણ દેખાશે. માત્ર કચ્છના જ નહિ, દેશભરનાં હિંદુઓ-દલિતો હાજી પીરનાં ભક્તો છે. એટલું જ નહિ, કચ્છના તમામ રા'ઓ અહીં દર્શને આવતા. એક રાજા તો એટલા ભક્ત થઈ ગયા કે પોતે ઈસ્લામ સ્વીકાર્યો હતો અને પ્રજા પણ ઈસ્લામ સ્વીકારે એનો આગ્રહ જ નહિ, હુકમ પણ કરતા!





(રાવ રાયધણજી) એમનાં દિવાને એમને વાર્યા ત્યારે એ આ ધર્મ ઝૂનનથી અટક્યા પણ ફકીર થઈને કમોતે મર્યા.''

''અરે! આ તો નવાઈની વાતો છે બધી. કચ્છ ખરે જ અજાયબ પ્રદેશ છે!'' ''ફિર ક્યા હુઆ બહેન?'' યાસ્મિનને વાર્તા આગળ સાંભળવી હતી. ''પછી તો પીરના ચમાત્કારોની ઢગલાબંધ કથાઓ મળે છે. આ તળાવ જેનું નામ સમન્વયના પરિણામને કારણે 'સાધારણા' તળાવ પડ્યું - એના પાણીનાયે અનેક ચમત્કારો કહેવાય છે. ખેર, વર્ષો સુધી પાતાનો મહિમા ફેલાવતા રહેવા છતાં હાજી અલગારી જ રહેલા. જીવનનાં પાછલાં વર્ષોમાં એમણે હથિયાર ઉપાડવા પડેલાં.'' ''એ શાથી?''

''એક વિધવાની ગાયો માથાભારે લૂંટારા લૂંટી જતા હતા, ગાયોને બચાવવા લૂંટારા સામે લડવું પડ્યું- વર્ષો પછી તલવાર ઊઠાવી પણ પોતે એકલા, લૂંટારાઓએ એમની હત્યા કરી. હાજી પીર અહીં જીવદયાના કારણે શહીદ થયા. પૂજાતા હતા એનાથી પણ સવાયા પૂજાયા.''

આટલી માહિતી મેળવ્યા પછી ધાર્મિક સદ્ભાવ-સમન્વય અને અલગારી સાધનાના પ્રતીક સમા કચ્છના ગરીબ નવાઝની દરગાહ જોવા સૌ ગયાં. દરગાહ સાદી જ હતી પણ થોડીક વિસ્તારવામાં આવી હતી. લાદી, માર્બલથી શોભતી હતી. ખંડની વચ્ચે સંગેમરમરની દરગાહ ઉપર ચાદર, ફૂલ ચડેલાં હતાં. ધૂપની સુગંધ ચોમેર ફેલાયેલી હતી. મોકળી જગ્યામાં શ્રદ્ધાળુઓ આવતા રહેતા હતા- ચાદર ચડાવી, ફૂલ ચડાવીને દુઆ માંગતા હતા. કોઈ મુંજાવર કે દાન લેનાર નહોતા. કોઈ માંગનાર-પૂછનાર નહોતું. મંડળીને અચ્છો અનુભવ થયો. તેઓ બહાર નીકળતાં હતાં ત્યારે એક મોટું ટોળું હાથમાં ટોપલા ટોપલીમાં રેશમી ચાદર, ફૂલહાર, મિઠાઈનાં ખોખાં વગેરે લઈને આવ્યું. દરવાજાની બહાર ત્રણેક મોટી મોટરો પડી હતી. આવનારાં સ્ત્રી-પુરુષોમાં સ્ત્રીઓએ ગુજરાતી ઢબની સાડી પહેરેલી અને ઢબછબ હિંદુઓની હતી. મિત્રોએ જરાક આસપાસ પૂછપરછ કરી પણ ભિક્ષુક-ગરીબ સ્ત્રી-બાળકો તો આવનારાંઓ પાસેથી કશીક અપેક્ષાને કારણે ત્યાં જ ટોળે વળી ગયાં હતાં. પણ




હાજીપીરની દરગાહ

અત્યાર સુધી ગલ્લે ગપ્પાં મારતા કનુભાઇ હડફડ હડફડ કરતા આવ્યા અને મંડળીને વધામણી આપી- ''મુંબઇની પાલ્ટી છે.મિલમાલિક. ઠક્કર છે. પીરની માનતા ફળી એટલે ચાદર ચડાવવા આવ્યા છે!'' એમના અવાજમાં હરખ માતો ન'તો! મંડળીને જાણકારીનો સંતોષ થયો. સૌ આગળ વધ્યાં.

દરગાહની બહાર નીકળતાં સરહદી વોચ ટાવર્સ ઉપર નજર ગઇ. મિત્રો કંટાળતાં હતાં. ''આ શું ? દરેક ધાર્મિક સ્થળ પર પોલિસ-તપાસ. અહીં જો કે એ કસરતમાંથી પસાર થવું ન પડ્યું પણ આ કેટલા ફરે છે, આ ?'' B.S.F.- બોર્ડર સિક્યોરિટીવાળા જવાનો બંદૂકો સાથે, ભારે બૂટ ખટકાવતા આમ તેમ ફર્યા જ કરતા હતા તેને જોઇને ધીરજની છટકી હતી.

''એલા, એમાં ખારો શીદને થા'ઇ આટલો? આંયા તો પાકિસ્તાનીઓય જાતરાનાં બહાને ઘૂસી જાય છે, ખબર છે?'' કનુભાઇના ઘાંટાથી આસપાસનાં લોકોનું ધ્યાન મંડળી તરફ ખેંચાયું હતું.એક દુકાનદાર ચાચાએ વલોપાતથી કહ્યુંઃ ''અરે જાવાદ્યોને! અમારે તો આ રોજનું થ્યું! ઉરસ હોય ને, તિયારે તો







સરહદી ચોકી

જાત્રાળુ કરતાં જવાનો વધારે હોય! ને ઝડતીયું તો એવી લિયે નાં કિ મરદોનેય લાજ લાગે તેંયે બાઈમાણસુંની શી હાલત થાય?'' ''તે ઝડતી તો લેવી જ પડે ને? કોણ ક્યારે બોમ લઇને માલીપા ઘૂસી જાય ઇની કને ખબર પડે? ને પછેં ફુરચેફુરચા ઊડી જાય તમારી આ દરગા ફરગાના!'' કનુભાઇના શબ્દોથી મંડળી સંકોચથી ચૂપ્પ! ચાચાથી નિસાસો નંખાઇ ગયો- ''અલ્લાહ!'' અને કનુભાઇ પોતાના શબ્દોથી કે ઘાંટાથી- જરાક ઝેંપાઇ ગયા અને મોંમાં મસાલાની પડીકી ગોઠવીને ગાડી તરફ જતાં બૂમ મારતા ગયા- ''હવે હાલવું છે ને? પાછી માતાના મઢની હાંજની આરતી ચૂકી જાશું તો ન્યાં'નોય ધક્કો થાશે-'' ''ધોરડો જેવો!'' શેખરે પૂરું કર્યું.


''બહેન, રાતની મિટીંગ માટે ઘણા મુદ્દા મનમાં ઉઠ્યા છે... આજે તો જાગરણ થવાનું!'' વિલ્સન ઉત્સુકતાથી બસમાં ગોઠવાયો.

★★★

**મુકામ - 11.**

# માતાનો મઢ

## આખ્ખાય કચ્છનાં લોકદેવી







"આશાપુરા માતા કચ્છનાં લોકદેવી અને રાજકુટુંબનાં કુળદેવી." હાજી પીરથી ઉપડ્યા પછી ખડકાળ પ્રદેશ શરૂ થયો. વિવિધ ખનીજોની ખાણો અને તેને લગતી સરકારી ને ખાનગી કંપનીઓની ઓફિસો, કર્માચારીઓની વસાહતો જોતાં જોતાં મંડળી આગળ વધતી હતી.

"બહેન મઢ એટલે આશ્રમ ને?"

"ના મીના, 'મ્હાઢ' એટલે કે 'સ્થાનક' ઉપરથી 'મઢ' થયું હશે.માતાના મઢની વાત કરીએ તો 16મી સદીમાં, જામ રાવળના સમયમાં આશાપુરા માનો મહિમા વધ્યો. જામ રાવળ સિંધીઓ સાથેની લડાઇ જીત્યો હતો; તેના વિજયોત્સવમાં આ મઢ બંધાવ્યો."

સિંધીઓ... હિંદુ નહિ?"

"સિંધ પ્રદેશના વતની એટલે સિંધી. આજના પાકિસ્તાનના સિંધ પ્રદેશનું મુખ્ય શહેર કરાંચી. જ્યારે પાકિસ્તાન નહોતું બન્યું ત્યારે લાખો ગુજરાતીઓ કરાંચીમાં રહેતા હતા. જેવું મુંબઇ, એવું જ કરાંચી હતું. મતલબ કે સિંધમાં હિંદુઓ પણ રહેતા અને મુસ્લિમો પણ! અફસોસની વાત એ બની કે મુસ્લિમ સિંધીઓ પાકિસ્તાનમાં રહી ગયા કે ચાલ્યા ગયા... અને હિંદુ સિંધીઓ નિરાશ્રિત / વિસ્થાપિત થઇને ભારતમાં આવ્યા... ખેર, માતાના મઢની વાત ચાલતી હતી ને? હાં... તો દરેક મંદિર અને પ્રત્યેક દેવતાની જેમ અહીં પણ અનેક દંતકથાઓ છે. બધાંનો ટૂંક સાર કાઢું તો એ કે, કોઇ ચમત્કારી શિલ્પી આવ્યો અને રાજાને કહ્યું કે માતાની મૂર્તિ ઘડવા હું બંધ બારણે બેસીશ. તમારે કંઇ પૂછવાનું નહિ અને ભૂલેચૂકે બારણું ખોલવાનું નહિ. રાજાએ શરત મંજૂર તો રાખી પણ કુતૂહલ એટલું કે છેવટે એક દિવસ બારણાં ખોલી નાખ્યાં! શિલ્પી ગાયબ અને મૂર્તિ અધૂરી! બહુ ખોજ કરાવી પણ શિલ્પી ન મળ્યો; છેવટે અધૂરી મૂર્તિ જ પધરાવી ને પ્રાણપ્રતિષ્ઠા કરાવી. પરિણામે અહીંની મૂર્તિ જુદી દેખાય છે." રચનાએ કથા સમેટી.

દંતકથા જાણ્યા પછી મિત્રોને ત્યાં પહોંચવાની તાલાવેલી થઇ, તો કનુભાઇને આરતીનાં દર્શન ચૂકાય નહિ એની તાલાવેલી હતી.

ખડકાળ પ્રદેશની વચ્ચે વસાવેલી યાત્રાનગરીમાં શેરીઓમાં યાત્રાળુઓની ભીડ હતી. દુકાનોમાં રાબેતા મુજબ પૂજાપો, ફૂલ, પ્રસાદ, ચુંદડી અને રેશમનાં પવિત્રાં (હાર) ઢગલાબંધ વેચાઈ રહ્યાં હતાં. સી.ડી.- વિડીયો બરાડતાં હતાં અને એમની હરીફાઈ કરતા હોય તેમ દુકાનદારો પણ માલ વેચવા બૂમાબૂમ કરતા હતા. લગભગ દરેક ધર્મસ્થળે જોયેલો-સાંભળેલો ધાર્મિક ઘોંઘાટ કશીક કોમન / એકસૂરીલી લાગણી જગાડતો હતો. રચનાએ વંદનાને કહ્યું, "આ ઘોંઘાટ જાણે દર્શનાર્થીઓને મંત્રમુગ્ધ(હિપ્નોટાઇઝ) કરીને, મનોવૈજ્ઞાનિક(સાઇકોલોજીકલ) રીતે બીજા વિચારો છોડીને ઇષ્ટદેવમાં કેન્દ્રિત કરવાનો પારંપરિક કીમિયો લાગે છે - લોકો બીજું કંઇ વિચારી જ ન શકે!"

મોટો કમાનદાર દરવાજો પસાર કરીને સૌ મંદિરના આંગણમાં પ્રવેશ્યાં. એક તરફ જબ્બર મંદિર હતું, બાજુમાં યજ્ઞમંડપ હતો અને બાકીના પરિસરમાં રાત્રિનિવાસનાં, ધર્મશાળાઓનાં, ભોજનાલયોનાં મોટાં-નવાં-સરસ મકાનો હતાં. દરેક ઉપર પાટિયાં ભરીભરીને દાતાઓનાં નામ લખેલાં. મોટાં પાટિયા ઉપર વિવિધ જ્ઞાતિ સમુદાયોનાં નામ ચિતરેલાં. કહેવાતાં સવર્ણ-ઊજળિયાત જ્ઞાતિસમાજોનાં નામ જોવા મળ્યાં. કચ્છનો જ્ઞાતિપ્રથા-પ્રેમ ઊડીને આંખે વળગતો હતો. "અરે, આ મુખ્યમંદિર તો હજી બંધાય છે! તમે તો કહ્યું કે છેક 16મી સદીમાં આનું સ્થાપન થયેલું!" બાદલની મૂંઝવણ બધાંની મૂંઝવણ હતી.

"આ તો વારંવારના ભૂકંપના પરિણામ! નવું થયું પછી 1819માં ભૂકંપ આવ્યો, 1954માં પણ આવ્યો ને વધારે મોટું- સુંદર થઇ રહ્યું હતું ત્યાં જ 2001! તમે જોયું ને આખો પ્રદેશ ખડકાળ છે, નીચે લાવા છે… બહુ કટોકટી (ક્રૂશ્યલ) નું સ્થાન છે આ મંદિરનું."

"પન યે ધરમશાળા વગૈરા તો ખડે હો ગયે હૈં…" યાસ્મિનને વાજબી પ્રશ્ન થયો.

"એ તો ઇંટ-ચૂના-સિમેન્ટથી ફટાફટ ચોસલાં.માળખાં ગોઠવવાનાં. અને આ જુઓ.બધે આવું હોય- દરેક ધર્મમાં- દરેક સભ્યતા-સંસ્કૃતિમાં કે માણસનાં





રહેઠાણ સરસ ખરાં પણ જરૂરિયાત મુજબનાં પણ દેવસ્થાનો ખૂબ મહેનત સાથે, ખૂબ કારીગરી સાથે, ખૂબ સમય લઇને બનાવાય!"

"… અને બિનજરૂરી!" શેખરે ટીખળ કર્યું!

વાત વધવાની શક્યતા નહોતી. સામે લાલ-ગુલાબી પથ્થર, આરસ, ગ્રેનાઇટનું સભામંડપ અને ગર્ભગૃહથી શોભતું- ગોળાકાર અને વિમાન આકારનાં બબ્બે શિખરવાળું મંદિર જોતાં જ આંખને ખેંચે તેવું હતું. સભામંડપ મોટો, ગોળાકાર અને એક પણ થાંભલા વગરનો- જેથી ઘણી મેદની સમાય અને દર્શનમાં અવરોધ ન થાય. ગર્ભગૃહ ઉપર પડદો હતો. મંદિરના ઓટલા, છત, કમાન, તોરણ ખૂબ ઘાટીલાં સુશોભનોથી ભરપૂર હતાં. છતમાં નવે દુર્ગાની મૂર્તિઓ હતી. રચનાએ ધ્યાન દોર્યું. મિત્રો ગણવા લાગ્યાં. - લક્ષ્મી, સરસ્વતી, દુર્ગા, કાલિકા, ઉમિયા, અંબા… વગેરે વગરે. ટોડલામાં પણ નર્તકીઓ હતી. મોર-હાથી-કમળ-ફૂલવેલ તો ખરાં જ. નવું છતાં ખૂબ મહેનતપૂર્વક કરેલું કામ હતું. વંદનાની નજર પડી- "અરે, આ તો બધ્ધી દેવીઓ ને અપ્સરાઓ જ છે. કોઇ દેવો નથી- શંકર, વિષ્ણુ, ગણપતિ…".

"તો તો આને ફેમિનિસ્ટ(નારીવાદી) મંદિર કહેવાય-વાહ-જિયો બહેનો!" વિલ્સને ખુશ થઇને કહ્યું તો ખરું પણ રચનાએ એને સુધાર્યો- "ફેમિનીસ્ટ નહિ; ફેમિનાઇન(નારીપ્રધાન)! નારીવાદ અને નારીબહુલ- જ્યાં સ્ત્રીઓ વધારે હોય એ બંનેમાં ફેર. રાતની મિટીંગમાં યાદ કરાવજો મિત્રો! અત્યારે તો રૂપાળી રૂપાળી મૂર્તિઓ જુઓ!"

શ્રદ્ધાળુઓથી સભામંડપ ભરાવા લાગ્યો હતો. સૌના હાથમાં પૂજાસામગ્રી (પૂજાપો) હતી, કોઇ વળી માતાજીને ભેટ ધરાવવા ચુંદડી વગેરે લાવ્યાં હતાં. એક પરિવારની સ્ત્રીઓ કિંમતી સાડી-દાગીના પહેરેલી, અડધી લાજ કાઢેલી ને હાથમાં ચાંદીની થાળીમાં રેશમી સાડી લઇને ઊભેલી… માતાને ચડાવવા. અન્ય મંદિરો કરતાં જૂદું વાતાવરણ હતું. છેડે કનુભાઇ હાથમાં પૂજાપો લઇ, આંખો મીંચીને ઊભા હતા.

ત્યાં પ્રચંડ ઘંટનાદ ગરજ્યો; મશીનવાળો નહિ. મંદિરના એક ઓટલે મોટો ઘંટ અને મોટી ઝાલર લટકતાં હતાં. ભક્તપુરુષો એને બજાવવાનો લ્હાવો લઇ રહ્યા હતા. રણના સૂનકારને વિંધતો આ ઘંટનાદ ક્યાંનો ક્યાં પહોંચતો હશે. ગર્ભગૃહનો પર્દો ખૂલ્યો, પૂજારી શંખનાદ કરતા હતા, બીજા પૂજારીના હાથમાં મોટી પિત્તળની, અનેક દીવાની આરતી હતી. પ્રકાશમાં સામે લાલ સાડી ઓઢાડેલી મોટી મૂર્તિ દેખાઇ. સોના-મોતીના શણગાર, મુગટ વચ્ચે ચાર આંખોવાળી, કાળા ખડકમાંથી કોરી હોય એવી ઊંચી મોટી મૂર્તિ દેખાઇ. રચનાએ ઝીણવટથી જોયું કે આંગી નહિ, મૂર્તિ છે. શક્તિપીઠ ન હોવાથી મૂર્તિની છૂટ મળી હશે?..

આરતી પૂરી થઇ. ભક્તો પૂજાપો લઇને નજીક જતાં હતાં. મંડળી સાકર-ટોપરાનો પ્રસાદ લઇને નીકળી આવી. મંદિરના બહારનાં ભાગે(જગતી) હજી કોતરણી ચાલુ હતી પણ એ જ ડિઝાઇન મુજબ-માત્ર દેવીઓનું સ્તર હતું. નીચે બાકાયદા જળથર, ગજથર હતાં પણ માનવથર નહોતો. બહાર પરિસરમાં ભારે ભીડ હતી. ક્યાંક ભજનમંડળી હતી, ક્યાંક કિશોરીઓ ગરબા ગાતી હતી. આપણાં મિત્રો પણ ઠેકઠેકાણે ફરતાં-જોતાં હતાં, ક્યાંક ભાગ પણ લેતાં હતાં, લોકસંપર્ક ચાલુ હતો. વાતાવરણ મોકળું હતું ને મંડળી એને માણતી હતી.

રચનાએ વિચાર્યું કે સાંજ ઢળી ગઇ છે, હવે ભૂજ પહોંચવામાં રાતે મુસાફરી કરવી પડે; જે ન કરવાનો નિયમ લગભગ પાળવામાં આવતો અને આ બાજુ તેરા કે ક્યાંય પહોંચવામાં રસ્તા ખરાબ અને અજાણ્યા હતા. અહીં જ રોકાઇ જઇએ તો ? એણે કનુભાઇ સાથે 'શેર'કર્યું. કનુભાઇ રાજી. ક્યાંક ગુમ થઇ ગયા અને પાંચેક મિનિટમાં પાછા આવ્યાં "બેન, હાલો- બધું નક્કી કરી દીધું. આ સામેવાળી ધરમશાળામાં જ ગોઠવ્યું. મે તો કીધું, ઠેઠ અમદાવાદની પાલ્ટી છે - અટાણે ક્યાં જાવું? રહેવા-જમવા બધું મળશે. ચાર્જ થાશે પણ..." "હા-હા- વાંધો નહિ." ને મંડળી સ્વચ્છ-સાદા ઓરડાઓમાં ગોઠવાઇ. નાહી-પરવારી ભોજનાલયમાં રોટલા-શાક-ખિચડી-કઢી જમીને મિટીંગ માટે હાજર થઇ ગઇ.





બાદલે શરૂ કર્યું- "આજે સૌથી પહેલાં કનુભાઇનો આભાર માનીને મિટીંગની શરૂઆત કરીએ. આપણને અચાનક અને નક્કી થયા વગર પણ આવી સરસ સગવડ મળી છે તે કનુભાઇના પ્રતાપે." સૌએ તાલીઓથી આભાર જાહેર કર્યો.

કનુભાઇ પણ ક્યાં કમ હતા?- "હંઅક્ને! માની લ્યો- માની લ્યો મારો આભાર-પેટભરીને તમતમારે! મારા ગાભા કાઢ્યા ને હવે ક્યે છ્ આભાર! આજ તો વગડામાં ડ્રાઇવિંગ કરીને કેડ્યો તૂટી ગઇ- પહેલાં પેલું ટૂંડા વાંઢ, ભરબપારે ધોરડોનો ધક્કો ને પછી હાજી પીર... છેવટે આંઇ રોટલાભેગા થયા તાંણે હાશ્ થઇ છે. કરો તમાતારે ચરચા!" કહેતા કનુભાઇ ઊઠ્યાં.

"ક્યાં હાલ્યા, ભજન સાંભળવા?" બાદલે ખેંચ્યા.

"ના ભૈ ના... ગુડનાઇટ!"

મંડળીએ મનોમન હાશ કરી..

મીનાએ શરૂઆત કરી- "બહેન, આજે તો કનુભાઇ પણ છેક અંદર પૂજાપો લઇને આવ્યા હતા. આખી આરતીમાં ભાગ લીધો, ને પછી ફૂલ... નારિયેળ... ચડાવવા છેક અંદર ગયા.આટલા દિવસમાં છે....ક સુધી એ ક્યારેય નથી આવ્યા!" "શક્તિધામોની એ જ તો મજા છે.તમામ માતાજીઓ સાર્વજનિક. ગુજરાતમાં, અને લગભગ ભારતમાં- ભાગ્યે જ કોઇ હિંદુ જ્ઞાતિસમુદાય હશે જે કોઇ પણ માતાજીની પૂજા ન કરતો હોય! શિવ, વિષ્ણુ કદાચ કહેવાતા સવર્ણોના અને ખાસ પુરુષોના દેવ બની ગયા." "એમાં પેલી, સભ્યતાની શરૂઆતવાળી માતૃસત્તાની અસરો હશે?" ધીરજે પૂછ્યું. "હા, આ તર્ક વાજબી છે. ત્યારે કદાચ જ્ઞાતિ વ્યવસ્થા પણ નહોતી અને અલબત્ત, પુરુષસત્તા પણ નહોતી, અથવા શરૂઆતના ગાળામાં હતી તેથી બહુ વર્વસ્વવાળી નહોતી!" રચનાને લાગ્યું કે મિત્રો હવે બધું જોડવા લાગ્યાં છે.

વિલ્સન થોડું વિચારીને બોલ્યો- "પણ આમ તો મંદિરોમાં કોઇ પૂછતું નથી કે 'તમે કેવા?' પછી કનુભાઇને શો સંકોચ હશે?"

''એ તો અંદરના 'ડર'ની બાબત છે; જેને પછી 'સંસ્કાર'કહેવાયા અને એ જૂના સંસ્કારના માર્યા દલિતો કહેવાતા ઉજળિયાતોના મંદિરોમાં જતાં ખચકાય છે.''

''રાઇટ્.''

''બહેન, હવે પેલી 'ફેમિનિસ્ટ મંદિર ના હોય'એ વાત સમજાવો ને!'' વળી મીનાએ જ પૂછયું.

રચના હસી પડી, ''મંદિર ફેમિનિસ્ટ ના હોય, એમ હું કહેતી'તી. એમાં શો ફરક-તે વંદના સમજાવશે- વ્યાકરણની રીતે! ખેર, મુદ્દાની વાત એ કે આપણે ઘણીવાર એ વાત કરી કે જગતના કોઇ પણ ધર્મે સ્ત્રીઓને સંપૂર્ણ ધર્માધિકાર નથી આપ્યો. સમાજ દ્વારા ચાલતા શોષણને રોકવાનો સક્રિય પ્રયાસ નથી કર્યો; પણ પરંપરા-સંસ્કારના નામે એ શોષણ ઉપર 'ધાર્મિક ઠપ્પો' માર્યો છે. સ્ત્રીને થતાં સામાજિક-આર્થિક અન્યાયમાં ધર્મનો મોટો હિસ્સો છે. હવે ફેમિનિઝમ-નારીવાદ એવી આધુનિક વિચારધારા છે જેણે સ્ત્રીઓ પ્રત્યેના આ તમામ અન્યાય, અત્યાચારનો વિરોધ કર્યો- વૈચારિક રીતે, લખી-બોલીને, મિડિયામાં ઉજાગર કરીને, ફૂટપાથ ઉપર આવીને જાહેર સંઘર્ષ કરીને, સત્તા સામે લડતો ઉપાડીને અને અમુક કિસ્સામાં તો જાનના જોખમે પણ. હવે જે વિચારધારામાં માનનારા સ્ત્રીઓ પ્રત્યેના આ અન્યાયના ઇતિહાસ-વર્તમાન જાણતાં હોય એ લોકો 'મંદિર' જેવી સંસ્થામાં ના જ પડે. તારો કહેવાનો મતલબ એ હતો કે સ્ત્રીઓની બહુલતાવાળું મંદિર છે. એને 'ફેમિનાઇન' અથવા 'નારીપ્રધાન' વિશેષણ અપાય. કારણ કે શારિરીક રીતે સ્ત્રી હોવાથી 'નારીવાદી' થઇ જ જઇએ એવું નથી. સ્ત્રીઓ પણ ઘણા સામાજિક-સાંસ્કૃતિક શોષણ-દમનમાં કર્તાહર્તા હોય છે. અને હા, પુરુષો પણ નારીવાદી હોઇ શકે, હોય છે જ!'' વંદનાએ સંમતિ સાથે કહ્યું- ''અમને જ્યારે જ્યારે એવું લાગ્યું કે દરેક ધર્મસ્થળમાં સ્ત્રીઓ જ વધારેમાં વધારે છે ત્યારે?...''

''આવી સ્ત્રીઓ સાંસ્કૃતિક શોષણનો ભોગ બનેલી હોય છે. જાણે-અજાણ્યે એ હાલતને ટેકો આપતી હોય છે. એક વાર જાગૃતિ આવે પછી કોઇ પણ સ્ત્રી...''





વચ્ચે જ પરવીને કહ્યું, ''ઐસા નહીં હૈ બેન! સબકુછ જાનબુઝકર ભી ઐસી હાલત કો છોડ દેના બહુત મુશ્કીલ હોતા હૈ...'' થોડાં માથું હલાવવા લાગ્યાં. ''આ પણ 'સંસ્કારનો ભાર' છે, ઉંડે ઉંડે પેસી ગયેલો ડર છે, પરવીન.એ તો માણસે જાતે જ છોડવો પડે; જેમ પેલા દલિતે, એમ સ્ત્રીઓએ પણ.'' શેખરે જે વિશ્લેષણ કર્યું- સૂચન કર્યું એનો ભાગ્યે જ ઇન્કાર થઇ શકે.

''અહીંથી પહેલાં 'હાજી પીર' જોયા. આમ તો સીધીસાદી જગ્યા છે છતાંય આટલી પોલિસ ને આટલી ચોકીઓ ને પેલું ચેકિંગ... તોબાતોબા!'' બાદલે કંટાળાથી કહ્યું. ''એ તો સરહદના નામે સહન કરવાનું જ! યાત્રાળુઓ પણ કંટાળે છે; એનાંથી વધારે સ્થાનિકો ત્રાસે છે. પેલા ચાચાએ કેવી ફરિયાદ કરી?!'' વિલ્સનને યાદ આવ્યું. ''મેં તો ત્યાં લેડી-પોલિસ / બી.એસ.એફ. પણ ના જોઇ! આટલાં બધાં લેડિઝ યાત્રાળુઓને ચેકીંગ તો પેલા લોકો જ કરતા'તા!'' મીનાએ મુદ્દો કાઢ્યો. ''જો કે સોમનાથ-દ્વારકામાં લેડીઝ પોલિસ હતાં હોં!'' વંદનાએ યાદ કર્યું. ''ઇસકા મતલબ યે કિ મુસલમાન ઔરતોં કે સાથ કોઇ કુછ ભી કર સકતા હૈ, વહ ચાહે પુલિસ ભી ક્યું ન હોં!'' પરવીનનો આખો સ્વર બધાંને ચૂપ કરી ગયો.

થોડીવારે રચનાએ આ વાતને સમેટવા કે આગળ લઇ જવા એક મુદ્દો મૂક્યો- ''દેશની / બોર્ડરની સુરક્ષા એ આમ તો આપણે- માણસોએ જ ઊભો કરેલો મુદ્દો છે. સરહદો પણ એમ જ નક્કી થાય છે ને ઓળંગાય છે. ખેર, સરહદી ગણાતા વિસ્તારોમાં આર્મી, સિક્યોરિટિ વગેરે... પોલિસનાં વર્તન ઉપર એમનાં વલણોની પક્કડ હોય છે અને દેશના નેતાઓ, નીતિઓ, દેશ-દેશભક્તિ-સુરક્ષા-દેશના દુશ્મન... વગેરેની સમજણનો ફાળો પણ મોટો હોય છે. સરવાળે એ સુરક્ષા-દળોના 'ઓરિએન્ટેશન'નો સવાલ છે. સ્ત્રીઓ પ્રત્યે, લઘુમતિ પ્રત્યે, પોતાની 'સામે'ના ધર્મ પ્રત્યે એ લોકો જે વિચારે છે, પરંપરા દ્વારા મેળવે છે એ જ 'કરી બતાવે છે.' આર્મી વગેરેમાં પ્રતિજ્ઞાઓ પણ લેવડાવાતી હોય છે કે તટસ્થ રહેવું, દેશ પહેલો- જાતધરમ પછી... છતાં માનવસહજ લાગણીઓથી આ લોકો પર થઇ શકતા નથી.'' ''એ તો બહેન,

કૂવામાં હોય તે જ હવાડામાં આવે ને?'' શેખરે સાર કાઢ્યો. ''અને હા ફક્ત 'યાત્રાધામો'નો મુદ્દો નથી કે અમુક લઘુમતિ પ્રત્યેનું વર્તન માત્ર નથી.પંજાબ, કાશ્મીર, નોર્થ ઈસ્ટ (ઉત્તરપૂર્વ), પશ્ચિમ બંગાળ... બધ્ધે જ બધ્ધે ''બહારના'' લોકોના ડરથી, આતંકવાદના ડરથી, વધારે નુકસાન સ્થાનિકોને થાય છે.એ માટે જે એક કાનૂન લાદવામાં આવ્યો છે 'AFSPA' (આફસ્પા) જે ખૂબ દમનકારી છે, એની સામેનો વિરોધ પણ પ્રબળ બન્યો છે. મણિપુરની ઈરોમ શર્મિલાની લડત તમે જાણો છો. સવાલ તો એ છે કે ખરેખર, આપણે લોકશાહી દેશમાં જીવીએ છીએ ખરાં? અને તે પણ સેક્યુલર / ધર્મજાતિનિરપેક્ષ લોકશાહી દેશમાં?!''

''આજનો છેલ્લો પ્રશ્ન હોં બહેન; ઊંઘ તો આવે છે પણ આ ચર્ચા નહિ થાય તો ઊંઘ નહિ આવે!'' ધીરજે પ્રસ્તાવના કરી.

''અરે, વાત કરને તુંતારે- બધ્ધાંને ચર્ચા કરવામાં રસ હોય જ છે!'' રચના કંઇ કહે એ પહેલા વિલ્સને જ એને પોરસાવ્યો.

''આપણે ટૂંડા વાંઢમાં ગયાં. મુલાકાત તો બહુ મજાની રહી- લાગણી ભરપુર. પણ થોડા પ્રશ્નો છે; એક નથી...''

''અરે, બોલો ભી; હમેં ભી સમજમેં આયેગા ના?'' યાસ્મિને આગ્રહ કર્યો.

''આપણા મામદભાઇ રહે ભૂંગામાં- વીજળીબીજળીની ફિકર વગર. એક તરફ એમનો દીકરો એગ્રોસેલમાં ને બીજી તરફ બીજાં બાળકો; ખાસ તો બે દીકરીઓ હતી એ ઘેર જ હતી; આમ તો સ્કૂલનો ટાઇમ હતો- સ્કૂલનું મકાન પણ જોવા મળેલું... છતાં! આ વિરોધાભાસ તો કંઇક અંશે સમજી શકાય પણ મામદભાઇનો સંતોષ નથી સમજી શકાતો... બધાં આ મુદ્દે કંઇક શેર કરીએ?'' ''બહેન, પાછાં આને પણ 'કચ્છીયત' કહેશે ને?'' શેખરે પાણીમાં પથરો ફેંક્યો. ''કચ્છીયત જ- પણ નકારાત્મક (નેગેટિવ ટાઇપ) પ્રકારની! કચ્છ એની ભૌગોલિક સ્થિતિને કારણે ગુજરાતના મુખ્ય પ્રવાહથી દૂર રહી ગયો છે એવી દલીલ થઇ શકે પણ દૂર રહેવામાં એ





ગૌરવ સમજે છે એ વાસ્તવિકતા છે. અસ્મિતાના નામે સાંસ્કૃતિક રીતે ભાષા-પોષાક-રહેણીકરણી- વ્યવસાય... બધું અલગ છે એ હકીકત છે; પણ એને જાળવી રાખવાના બહાને પકડી રાખવાનું વલણ પછાતપણું છે.'' ''બહેન, આવું પછાતપણું ઘણા સમુદાયમાં હોય છે નહિ; ''અમારામાં તો આમ જ હોય, ને અમે તો આ જ ખાઇએ; અમારે તો અમુક કરવું જ પડે''... એવી વાતોમાં ભલે આગવાપણું દેખાય પણ આમ તો ડંફાસ લાગે ને કૂવમાંના દેડકાં જેવુંયે લાગે છે! ને આવું તો આપણા સમાજમાં ઘણી જ્ઞાતિ, ઘણા સંપ્રદાયોના લોકો બોલતા હોય- આચરતાં હોય... ને ભલભલા ભણેલાંનેય એમાં 'અસ્મિતા'લાગે.'' શેખરે ખુલાસાથી કહ્યું.

''કચ્છમાં આવું થયું છે એમાં વિકાસની અસમતુલા જવાબદાર છે. એક તરફ મોટા મોટા ઉદ્યોગગૃહો (કોર્પોરેટ સેક્ટર) એ કચ્છને જાણે દત્તક લીધું છે. કુદરતી સંસાધનોનો ખજાનો લૂંટીને આર્થિક પ્રવૃત્તિઓનું જંગલ ખડું કરી દીધું છે ને કહેવાય છે એવું કે કચ્છમાં જબરજસ્ત વિકાસ થઇ રહ્યો છે અને ગુજરાતના જ નહિ, દેશ અખાયના વિકાસમાં કચ્છનું મોટું પ્રદાન છે!'' રચનાએ મુદ્દાને વધુ સ્પષ્ટ કર્યા.

''ને બીજી બાજુ મામદભાઇ જેવા, વિકાસનાં વંચિતો પણ લાખોની સંખ્યામાં છે. એ અસમતોલ નહિ તો બીજુ શું?'' બાદલે ઉદાહરણ સાથે વધુ સ્પષ્ટતા કરી. ''પણ મારો સવાલ એ છે કે મામદભાઇને અસંતોષ કેમ નથી? એમણે આખી સ્થિતિ જાણે સ્વીકારી લીધી હોય એવું કેમ?''

''આ સંતોષ આપણે ત્યાંનાં ગરીબો- શોષિતોની ખાસિયત છે. ભગવાનની મરજી, જેવાં જેનાં નસીબ, ગયાં જનમનાં કર્મફળ... જેવાં રેડીમેડ આશ્વાસનો એમને પરંપરામાંથી મળી રહે છે. ધર્મે એમાં વધારો કર્યો- ઠપ્પો માર્યો. બહારનું એક્સપોઝર, જાણકારી, શિક્ષણ...બધાંથી ફરક પડે પણ મામદભાઇ જેવા લાખો લોકોને એ મળતું નથી- આપવામાં આવતું નથી. અજ્ઞાનમાં સુખ છે. એ રાહે મામદભાઇ સંતોષી છે.'' રચનાએ સમીકરણ આપ્યું.

"જો કે હું સો ટકા સંમત નથી, બહેન. એમનો દીકરો ભણેલો છે, પાસે જ ધોરડોનો ધમધમતો વિકાસ છે, નર્મદાનાં પાણી પીવા મળે છે એ વિકાસ એમણે જોયો છે... છતાંય એમના મનમાં પોતાની ગરીબીનું ગૌરવ હોય એ વાતમાં માલ નથી!" "ઐસા નહીં હૈ શેખર! કુછ લોગ ઐસે હી હોતે હૈંગે! આલસી!" યાસ્મિનનું તારણ! "અબે નહીં યાર, ઐસા ભી હોતા હૈ કહીં? લોગોં કો ગરીબ-મજલૂમ-મજબૂર રખા જાતા હૈ; જબ કિસી દૂસરેકા ઇસમેં ફાયદા હોતા હો!" હમિદનું આકલન લાઇન પર હતું. "કોને ફાયદો એ શોધી કાઢો તો આખો તાળો મળી જશે" - રચનાએ ચેલેન્જ આપી. "પેલા ઉદ્યોગપતિઓને, સરકારને અને જેમની રોટી ગરીબોના તવા ઉપર શેકાય છે એ તમામનો ફાયદો, શોષિતોનું અજ્ઞાન અને ખોટી અસ્મિતાના અભિમાનનો સરવાળો એટલે ધીરજના પ્રશ્નોનો જવાબ... રાઇટ?" વિલ્સન મૂડમાં હતો.

રચનાને મજા પડી- "રાઇટ્ પણ અને લેફ્ટ્ પણ! - ખેર; આ જવાબો છે - પણ એને જવાબો મેળવવાની કોશીશ કરીશું, જવાબોની દિશામાં જવાની ગતિ કરીશું, અને હકીકતોને સ્વીકારીને પણ એ સ્થિતિ બદલવાની કોશિશનું પહેલું કદમ પણ. ચાલો, આજે ઘણી વાતો થઇ; મુદ્દા નીકળ્યા... વિચારતા રહેજો; સમાજને સમજવાની આપણી પાઠશાળામાં રજા નહિ; રિસેસ પાડીશું?!" સવારે નવી દિશામાં જવાની આશાએ, સૌ છૂટાં પડ્યાં.

★★★





**મુકામ - 12.**

# નારાયણ સરોવર - કોટેશ્વર - લખપત

## કચ્છના છેવાડેઃ જય શ્રીકૃષ્ણ કે જય જવાન!

સવારે નહાઇ-પરવારીને, ધર્મશાળા છોડીને મિત્રો 'માતાના મઢ'ની બજારમાં ગરમાગરમ ગાંઠિયા ને ચાની લિજ્જત માણી રહ્યાં હતાં. અહીંથી 'નારાયણ સરોવર'જવાનું છે એ વિશે કનુભાઇને વાત કરી. ગલ્લાવાળા ભાઇએ સાંભળ્યું તે તરત કહ્યુંઃ અરે, ઠે....ઠ અટલે જાસો પણ ન્યાં તો નરી આરમી ખડકેલી છ્; બધે ફરવાની પરમીસન પણ નથી!"

રચનાને ખ્યાલ તો હતો પણ સાચી સ્થાનિક-સ્થિતિ(લોકલ સિચુએશન) તો સ્થાનિકો જ આપી શકે; આ સાંભળીને જરા મૂંઝવણ થઇ.

"અરે બેન, મૂંઝાશો મા! મૈં હૂ ના?!" કનુભાઇ રંગમાં હતા, આમિરને ધબ્બો મારતાં જાહેર કર્યું ને બધાને ગાડીમાં દોરી ગયાઃ "ઠેઠ અટલે આવ્યા પછી કાંઇ છોડી થોડું દેવાય? ફટાફટ ઉપાડીશું તો ફટાફટ પોંકીશું- દરસનનો ટેમ હચવાઇ જશે! લ્યો હાલો!"

માતાના મઢથી નારાયણ સરોવર ભાગ્યે જ 40-45 કિ.મી.દૂર છે.રેતાળ જમીન, ખાણો ને ક્યાંક વાડીઓ વટાવતાં કલાકેકમાં પહોંચી ગયાં. રસ્તામાં સ્થળ વિશે પૂછપરછ શરૂ થઇઃ "નારાયણ સરોવરનો ઉલ્લેખ મત્સ્ય અને ભાગવત પુરાણમાં મળે છે (7થી9મી સદી) તેને જૂનામાં જૂનું પ્રમાણ કહી

શકાય. સિંધુ નદી અને સમુદ્રના સંગમ ઉપર આવેલું તપતીર્થ કહેવાતું. મધ્યકાળમાં બંધાયેલું આદિનારાયણ વિષ્ણુનું મંદિર પેલા નાથપંથી સાધુઓના હાથમાં આવી ગયું- જેમનું ધામ ગિરનારની ઊંચામાં ઊંચી ટૂંક- દત્તાત્રેય ઉપર આપણે જોયું. પણ 16મી સદી પછી જ્યારે કૃષ્ણભક્તિનો મહિમા વધ્યો ત્યારે તે સમયનાં કચ્છનાં મહરાણીને વિચાર આવ્યો કે દ્વારકાનું મહાધામ કચ્છથી દૂર છે; એની બરોબરીનું કૃષ્ણમંદિર અહીં- સંગમ સ્થળે કેમ ન બાંધવું?!''

''ઓહો, દ્વારકામાં ગોમતીસંગમ અને કચ્છમાં સિંધુસંગમ, એમ જ ને?'' મીનાએ જોડ્યું.

''હા, અને રાણીને વિચાર આવે પછી કાંઇ કોઇ ના પાડે? ત્યારથી અહીં બેટ દ્વારકામાં છે તેવું કૃષ્ણમંદિર રચાયું. એક બીજું નિમિત્ત પણ હતું કે પુષ્ટિમાર્ગના સ્થાપક વલ્લભાચાર્યે અહીં સંગમ ઉપર આવીને યાત્રા કરી હતી ને 'બેઠક' પણ સ્થાપી હતી. તેથી પણ સ્થળની પવિત્રતા પ્રમાણિત હતી જ. રાણીએ એ રીતે પણ 'છોટી દ્વારકા'અહીં ઊભી કરી.

આ પછી તો સિંધુનદીમાં ઘણાં પાણી વહી ગયાં. સિંધુએ વહેણ બદલ્યું અને હવે પાકિસ્તાનમાં વહે છે અહીં તેના અવશેષો જેવી ખાડી- કોરી ક્રીક જોવા મળે છે.

મહિમા છે પણ ભૌગોલિક અંતરને કારણે, દર પૂનમે- ખાસ તો કાર્તકી પૂનમે અને શરદ પૂનમે અહીં મેળા ભરાય છે અને શરદોત્સવ રચાય છે.

આ વૈષ્ણવ મંદિર ઉપરાંત, અહીંથી થોડે દૂર- સરહદ ઉપર જ- કોટેશ્વરનું મધ્યકાલીન શિવમંદિર છે. બરાબ્બર કોરી ક્રીકના કિનારે જ છે; મૂળ મંદિર 12મી સદીમાં બંધાયું હતું એમ પ્રમાણ મળે છે. અત્યારે તો નવી રચના જોઇશું. સરવાળે આજની સવાર પાછી, કૃષ્ણ અને શિવભક્તિનાં ધામોમાં જશે. એ નોંધજો દોસ્તો, કે ગુજરાતનાં જાણીતાં કૃષ્ણ અને શિવ-તીર્થો જોડાજોડ છે. એક રીતે બધે હરિ-હર ક્ષેત્ર ઊભાં કરીને કહેવાતા સવર્ણોએ પૌરાણિક ધર્મ અને તેની દેવમાળાને જીવંત રાખ્યાં છે.''





''હાં, સોમનાથ મેં ભી કૃષ્ણ કા દેહોત્સર્ગ, દ્વારકામેં નાગેશ્વર જ્યોતિર્લિંગ ઔર અબ યહાં નારાયણ ઔર કોટેશ્વર! વાહ ભૈ!'' આમિરને આવું બધું પણ યાદ રહે છે! ''આ દેખાડે છે કે શક્તિતીર્થો- દેવીઓનાં ધામ અલગ જ હોય છે, નહિ?'' વંદનાએ પણ તાળો મેળવ્યો.

''હા, પણ અહીં જરા જુદું છે- આ બંને તીર્થો માતાના મઢથી નજીક કહેવાય! આશાપુરા મા કચ્છનાં કુળદેવી ખરાં ને! રાણીથી પણ એમની અવગણના કેમ કરાય?''

વાતોમાં ને વાતોમાં નારાયણસર ગામ આવી પહોંચ્યું. સાવ સૂનું અને સુષુપ્ત ગામ- ગામડું જ લાગે. સરોવર તીરે પહોંચ્યાં ત્યાં કિનારા ઉપર બરોબ્બર બેટ દ્વારકાની યાદ અપાવે તેવું મંદિર હતું. નાનાં સાદાં શિખરો અને બેઠા ઘાટનાં મંદિર. બાજુમાં બેઠક પણ હતી; જ્યાં કચ્છનું પથ્થરનું કોતરકામ થોડુંક સચવાયેલું. પ્રાગમલ પેલેસવાળાં ઝરૂખા જેવો ઝરૂખો જોઇને કેમેરા ક્લીક થયા. મંદિરની અંદર નવું બાંધકામ જોવા મળ્યું- વારંવારના ભૂકંપે- ખાસ તો 2001માં, પ્રાચીન મંદિરના રહ્યાસહ્યા અવશોષો પણ પડી ભાંગ્યાં. નવેસરથી, સાદાં ઘાટનાં મંદિરો બન્યાં છે જેમાં બેટની જેમ જ કૃષ્ણનાં વિવિધ રૂપોની તેમ જ લક્ષ્મી-નારાયણની મૂર્તિઓ હતી. 'દર્શન' ખુલ્લાં જ હતાં. સ્વચ્છ છતાં સાદા જણાતા મંદિરમાં રડ્યાખડ્યા દર્શનાર્થી હતાં- સ્થાનિક હશે. યાત્રાળુઓની ગાડીઓ કે છકડા… કશું ન મળે! આ દેવસ્થાનોમાં પૌરાણિક-મધ્યકાલીન સ્થાપત્ય બચ્યું નથી એટલે પુરાતત્વની દૃષ્ટિએ પણ કશું જોવાલાયક રહ્યું નથી. મંદિર ફરતે બનેલો 16મી સદીનો ને જિર્ણોદ્ધાર કરેલો ગઢ ભવ્ય લાગ્યો. સૌ બહાર નીકળીને તળાવકાંઠે લટાર મારવા નીકળ્યાં. પણ ગઢની રાંગે વેરાયેલી ગંદકી જોઇને માંડી વાળ્યું. બારેક વાગ્યા હતા. કનુભાઇના કહેવા પ્રમાણે અહીંની જબરજસ્ત ધર્મશાળામાં ભોજનાલય પણ સરસ છે- જમીને પછી જ કોટેશ્વર જાશું. ભોજનાલયમાં તો કાગડા ઊડતા હતા. એક-બે કર્મચારી બેઠા હતા તેમણે થોડીક લાચારી સાથે કહ્યું કે ''ભોજનાલય તો અગિયારશે ને પૂનમે ચાલે. ત્યારે લોકો દર્શને આવે અને



**નારાયણ સરોવર - વિષ્ણુ મંદિર**

મેળા પણ હોય. બાકી તો અહીં, આટલે દૂર, આડા દિવસે ભાગ્યે જ કોઇ આવે! છતાંયે તમે અગાઉથી નોંધાવ્યું હોત તો...'' વાંધો નહિ- વાંધો નહિ કહેતી મંડળી પરિસરમાંથી બહાર આવી.

''બહેન, આટલા દિવસમાં આવું સૂનું તીર્થધામ એક્કે ન'તું જોયું. ગઇકાલે માતાના મઢમાંયે ઓચિંતા જ રોકાણ નક્કી કર્યું 'તું ને- તોય કેવું મસ્ત જમ્યા?'' ધીરજે અફસોસ સાથે કહ્યું.

''કચ્છમાં અંતર (ડિસ્ટન્સ)નો મુદ્દો મહત્વનો છે. વળી મુખ્ય પ્રવાહના હિંદુધર્મનાં દેવો કરતાં લોકદેવીઓનું મહાત્મ્ય વધારે છે. કચ્છમાં વિવિધ જનજાતિઓ વસે છે, દરેકની કુળદેવીઓ પણ ખરી. આશાપુરા ઉપરાંત હબાય મા, રવેચી મા, હિંગળાજ મા... જેવા માતૃતીર્થો દરેક સમુદાયનાં હોય ને તે ધમધમતાં હોય. કચ્છમાં જેમ જ્ઞાતિપ્રથા એમ જ ધાર્મિકતા પણ જોરદાર! અને નારાયણતીર્થની વાત કરું તો 16 કે 17મી સદીની વાત અલગ છે પણ હવે કંઇ દ્વારકા-સોમનાથ અહીંથી કે કશેથી દૂર નથી રહ્યાં!''





પણ કનુભાઇ 'મૂડલેસ' થઇ ગયા હતા, કંઇ કંઇ સફાઇ આપવા જતા હતા પણ રચનાએ વાત વાળી કે ચાલો, ગામમાં કંઇ જમવા જેવું હોય તો જમીએ ને પછી કોટેશ્વર તરફ હંકારીએ.

ગાડીને ગામમાં લીધી; વીશી કે એવું કંઇ દેખાયું નહિ. એક છાપરીમાં ગરમ ભજિયાં ને ચાની વ્યવસ્થા થાય તેમ હતું. કનુભાઇએ ફટાફટ ઓર્ડર આપ્યો. મંડળીએ કનૈયાના પ્રસાદરૂપે ગાંઠિયા-ભજિયાં અને ગળી મધ જેવી ગાઢી ચાનું લંચ લીધું. સૌએ કોટેશ્વર તરફ ગતિ કરી.

## જય જવાન!?

કોટેશ્વર મહાદેવ દૂરથી દેખાયા તેનાં પહેલાં BSF / ARMY ની જીપો, ચોકીઓ, તંબુ દેખાયા. વસ્તીનું ચકલુંયે ફરકતું નહોતું. તારની વાડની આ તરફ એક ગલ્લો માત્ર હતો. જરાક પૂછપરછ કરી ત્યાં તો સરહદી પ્રસાદ મળવા લાગ્યોઃ ક્યાંથી છો? કોણ છો? કેમ આવ્યાં? ગલ્લાવાળા ભાઇની આ જડતીભરી પ્રશ્નોત્તરીનો જવાબ આપતાં હતાં ત્યાં બે'ક મોટરસાઇકલ પણ અમારી તપાસ કરી ગઇ.



**કોટેશ્વર મહાદેવ**

''અરે બેન, રામરામ કરો. અગ્યારશથી પૂનમના કારતકી મેળામાં જ મંદિરે જવાય. તેય પોલિસ જાપ્તા સાથે. મેળો તો બહુ મોટો થાય પણ માણાં કરતાં આર્મી ઝાઝી.'' મંડળીને થયું કે પાછાં વળી જઇએ, ત્યાં વળી બાઇકવાળા જવાનોને મનમાં રામ વસ્યા હોય તેમ નજીક આવીને વળી પૂછપરછ કરી. લાગ્યું કે ખતરો નથી... કહેઃ ''અમારી સાથે ચલો'' અને મંડળી જરાક ધ્રાસ્કા

સાથે પાછળ ચાલવા લાગી. કોટેશ્વર જરાક ઊંચાણમાં, ત્યાં સુધી પહોંચ્યાં. પગથિયાં શરૂ થયાં, ત્યાં પણ સાથે. છેક મંદિરનો ઘંટ વગાડ્યો ત્યાં પણ પાછળ ઊભા રહી ગયા હતા.

કોટેશ્વર, 12મી સદીનું કહેવાતું મંદિર હજાર વર્ષ નવું થઇ ગયું હતું! મતલબ કે ભૂકંપ અને ચોકી- બંનેના પ્રતાપે રંગરોગાન, તારની વાડો અને સ્ટ્રેટેજીકલ લાઇટ્સ વગેરેને કારણે કંઇક જુદી જ લાગણીઓ થઇ. મંડળીમાં સન્નાટો હતો. રચના જો કે મનોમન નોંધાતી હતી કે આ ડર નથી પણ દાબી રાખેલો ધૂંધવાટ છે - રાતની મિટીંગમાં ફાટવાનો!

પણ મંદિર પાછળ, કોરી ક્રીકનો નઝારો જોઇને મંડળી તો ખુશ. અફાટ કિચ્ચડિયો પટ... પેલા ખારપાટ જેવો જ! સૂસવાતો પવન અને શીળો થતો જતો તડકો... પણ ગુજરાત સમસ્તના આ પશ્ચિમ છેડે સોનેરી ઝાંયવાળી ક્ષિતિજ જોતાં જ પેલું ધમકીભર્યું મૌન ધન્યતાભર્યું બની ગયું.

પંદર-વીસ મીનીટ પછી રચનાનો અવાજ આ વિસ્તારમાં પહેલી ગૂંજ બનીને નીકળ્યો- ''જવું નથી?!''

''બહેન, સૂર્યાસ્ત જોઇને જઇએ!'' અવાજમાં વિનંતિ નહિ, જબરજસ્ત ચસ્કો હતો.પણ અહીંથી 'તેરા'નું અંતર ઘણું હતું. રાતવાસો થઇ શકે એવી સવલત નહોતી. રસ્તા પણ અજાણ્યા હતા. નીકળવું જ પડે!

''ચાલો, ચાલો, હજી લખપતનો કિલ્લો બાકી છે''... રચનાનું વાક્ય રામબાણ નિવડ્યું.સૌ છેવટે પગથિયાં ઊતરી પાછાં વળતાં હતાં. સાથે ચાલતા જવાનોના બૂટના અવાજે બસના દરવાજા સુધી પીછો કરેલો. 'થેંક્યું' કહીને ગાડી સ્ટાર્ટ થઇ. બધ્ધાં પોતપોતાની રીતે એક વાક્ય બોલ્યાં, લગભગ કોરસમાં-'' આર્મીની ચોકી નીચે જય મહાદેવ...!'' ''અલ્યા, જય જવાન કહો જય જવાન!'' કનુભાઇએ જાણે જેલમાંથી છૂટ્યા હોય તેમ સરપટ ગાડી ભગાડી મૂકી.

★★★





## લખપતનો કિલ્લો




કિચ્ચડભરી કોરી ક્રીકની ધારે ધારે લખપતના કિલ્લાની રાંગ દેખાઇ. ''કચ્છના લગભગ તમામ નગરને કિલ્લા છે. ભૂજનો નગરકોટ 'આલમપનાહ' આપણે જોયો. ભૂજનો કીર્તિદુર્ગ ભૂજિયો નજીકથી ન જોયો પણ રોજેજોજ દૂરથી તો એની લંબાઇ- પહોળાઇ અને ભવ્યતા જોવા મળી'તી. હવે જોઇશું તેરા, માંડવી, અંજાર, મુંદ્રાના કિલ્લા.'' રચનાએ કચ્છની કિલ્લેબંધીની કથા કરી. ''આમ તો કુદરતી બબ્બે કિલ્લા કચ્છ પાસે છે જ- મોટું રણ જે રાજસ્થાન જઇને 'થર' બને છે ને પેલો દરિયો તો ઘૂઘવે જ છે પણ સરહદપ્રિય, અસુરક્ષિત, સભ્ય માણસજાતને પથ્થરના કિલ્લા બાંધ્યા વગર ના ચાલ્યું!''

''તમારી વાતથી જ યાદ આવ્યો, પેલો, પહેલ્લો, ધોળાવીરાનો કિલ્લો!'' વિલ્સન.

લખપત પહોંચેલી બસ રોકાઇ ત્યારે કિલ્લાની બહાર જ ઊભાં રહ્યાં. ''એક સમયે આ કોરી ક્રીકની જગ્યાએ સિંધુ નદીનાં વહેણ ધસમસતાં હતાં ત્યારે ધમધમતું'તું આ બંદર. રણ ને સિંધુના સંગમનું સ્થળ. અનેક પછડાટોના ઘા ઝીલે એવો આ કિલ્લો રાવ લખપતસિંહજીએ બંધાવ્યો. જૈન પ્રબંધો અને લોકવાર્તાઓમાં આ કિલ્લો અને લખપત શહેરની શોભા ઠીકઠીક વર્ણવાઇ છે. સિંધ અને રાજસ્થાનની સરહદો અહીં મળતી એ એનું ઐતિહાસિક મહત્વ છે. આજે ભૂકંપ -2001ના દોઢ દાયકા પછી આ જોવાની તક મળી છે. જોઇએ.'' ....અને જોયું. શું જોયું? એક સૂનું, ઝાંખું ધૂળથી ધૂંધળું થયેલું નગર.

ખખડધજ શબ્દને સાર્થક કરે એવો કિલ્લો. ભૂકંપ અને દરિયાની ખારી હવાને કારણે થયેલી કુદરતી તારાજી તો ખરી જ પણ રાજ્ય અને કેન્દ્ર સરકારનાં પ્રવાસન અને પુરાતત્વ વિભાગની પણ ગયાં- ગયેલાં ઘણાં વર્ષોની બેદરકારી- બેજવાબદારી ઉઘાડી પડી ગઇ હતી. કિલ્લાનું હાડપિંજર હતું એમ કહેવાય. ગામમાં એવી વસ્તી પણ નથી કે ઇંટ-પથ્થર ઉઠાવીને ઘરભેગાં કરે! ખેર, એક દરવાજો, બુર્જ, થોડા જીર્ણ ઝરૂખાને બચાવી સમારાવી, ધોળાવીને જોવાલાયક બનાવવામાં આવ્યાં છે.... પણ કોને? ઇતિહાસ પરત્વેની ઉદાસીનતાને ડગલે પગલે ચાંપતી મંડળી અંદર પહોંચી. કોઇને કોઇ કારણથી રચનાએ પણ આજ પહેલાં કદી લખપત જોયું નહોતું. આજે જિર્ણશિર્ણ હાલતમાં ભવ્ય વારસા સાથે ચામાચિડિયાં, ખસુડિયા કૂતરાં અને અફીણના ઘેનમાં ડૂબેલાં-ઝોલે ચડેલાં લખપતનિવાસીઓને જોતાં પેલો શેર આપમેળે યાદ આવી ગયોઃ " ખંડહર બતા રહા હૈ- ઇમારત બુલંદ થી."

★★★





**મુકામ - 13.**

# જખૌ-જખજાર

## કથાનો કોયડો-કોયડાની કથા

તેરા પહોંચતાં પહેલાં, રચનાને લાગ્યું કે મિત્રોને એક કોયડારૂપ જોવાલયાક જગ્યા બતાડવી જ પડે. નખત્રાણા તાલુકાના દરિયાકિનારાનું પુરાતન બંદર તે જખૌ. આ નામ પણ 'જખ'કે 'યક્ષ' ઉપરથી પડ્યું હોવાનું મનાય છે. જરાક નામ બતાડતાંની સાથે જ પ્રશ્નોની ઝડીઃ

"જખ - યક્ષ? કોણ હતા જખ? આવું નામ તે કેવું? યે તો ગાલી જેસા લગતા હૈ? બહેન, તમારી કચ્છીયતની કિતાબનું આ કેટલાંમું પાનું?"... વગેરે... વગેરે.

"કચ્છ એટલે દંતકથાઓનો દેશ કે પછી નહિ નોંધાયેલા વૈવિધ્યસભર ઇતિહાસનો પ્રદેશ... અક્કલની કસોટી પર કસીને સહેજ સમજી વિચારીને જવાબ શોધજો. લો સાંભળો ત્યારે વારતા રે વારતા!

ઇસુની 11મી કે 12મી સદીમાં આ બનાવ બન્યો હોવો જોઇએ. સિંધ-કચ્છના મહારથી શાસક લાખા ફુલાણીનો ભત્રીજો પુંઅરો અલગ થયો. પદ્ધરનો ગઢ બનાવી ત્યાં શાસન ચલાવવા લાગ્યો. એ એટલો ક્રૂર અને જાલીમ હતો કે પ્રજા ત્રાહ્ય ત્રાહ્ય પોકારી ઊઠી. પુંઅરો શિવશક્તિનો ઉપાસક હતો. એના સમયમાં ત્યાંના દરિયાકિનારે બોંતેર (72) વિદેશીઓ ઊતર્યા. રંગે ગોરા, માંજરી

આંખોવાળા, કદાવર પુરૂષો સાથે એક સ્ત્રી પણ હતી. એ પણ દેખાવે એમના જેવી જ હતી. આ લોકો આ વિસ્તારમાં ઊતર્યા પછી જનસાધારણમાં ભળવા લાગ્યા. એમને તબીબી જ્ઞાન (આરોગ્યજ્ઞાન) તેથી માંદાને સાંજાં કરતાં અને લોકો તેમને ચાહવા લાગ્યા.

પુંઅરાને એ લોકો અળખામણા થઇ ગયા હતાં. છેવટે એમનો નાશ કરવા એણે એમના ઉપર ચડાઇ કરી. જખોએ તીર-કામઠાંથી એનો સામનો કર્યો. કક્કડભીટ સ્થળે યુદ્ધ થયું અને છેવટે જખોએ પુંઅરાનો વધ કર્યો પણ સામે પોતે પણ મરાયા. અત્યંત લોકપ્રિય હોવાથી પ્રજાએ જાણે સંતોની સમાધિ કરતા હોય તેમ એ 72+1 ની સમાધિ ચણી. જે ડુંગર ઉપર જખોએ તીરમારો કરેલો



જખદેવ





ત્યાં મંદિર ચણ્યું અને જખ બોંતેરાનું તીર્થધામ કર્યું. પથ્થરના ઘોડા ઉપર, વિશિષ્ટ નેણનક્શા અને ખાસ પોષાકવાળા 72 યોદ્ધા એક હારમાં ખડા હોય એવાં પથ્થરનાં પૂતળાં બનાવ્યાં છે. સંધાર કોમના પૂજારી પૂજા કરે છે. બાકી તો સાધારણ તીર્થની જેમ જ અહીં બાધા આખડી, માનતા ચાલે છે. બિમાર, અપંગ, નિઃસંતાન લોકો માટે જખ સંતો છે, પીર છે, દેવતા છે.''

''પન થે કૌન યે જખ? આમિરનો સવાલ જેમનો તેમ!

''કેટલાક લેખકો, સંશોધકોનો તર્ક છે કે આ 72 ઇરાનીઓ હશે અને એમની પાસે તબીબી જ્ઞાન હતું તે યૂનાની હકીમી જ્ઞાન હતું. કેટલાક કહે છે કે એ લોકો સ્પેન કે પોર્તુગાલથી આવેલા જેસુઇટ્સ(ઇસુસંઘી સાધુઓ) હશે અને એ લોકો જેમ આજે આરોગ્ય સેવાઓ કરે છે તેમ ત્યારે પણ એમણે જનસેવા કરી હશે. અહીંના લોકોએ જોયું હશે કે આ લોકો દેવ નથી, દાનવ નથી- માનવ જ છે પણ દૈવી શક્તિવાળા છે. પુરાણોમાં યક્ષ-ગંધર્વ-કિન્નર જેવાં જીવોના ઉલ્લેખ છે તેમાંના એક યક્ષ-જખ હશે. રૂપાળા ને શક્તિશાળી.

આ તરફ પુંઅરો હિંદુ રાજા હતો. શિવભક્ત હતો. એને મન આ વિચિત્ર લોકો પોતાના ધર્મનો પ્રચાર કરવા આવ્યાની શંકા હશે. દુશ્મની અને યુદ્ધનું કારણ પણ જ એ હશે. સદીઓ પહેલાં થયેલું આ નાનકડું ધર્મયુદ્ધ હશે. પણ કચ્છના ઇતિહાસકારોએ આ કોયડો ઊકેલવાને બદલે ચમત્કારોને વિશેષ મહત્વ આપ્યું છે. ભાદરવાના સુદ પક્ષના ત્રીજા સોમવારે મેળાનો મહિમા કર્યો છે અને લોકો ડુંગર પરના મંદિરની પદયાત્રાઓ કરે છે.''

વારતા પૂરી થતાં થતાંમાં 'પદ્ધરગઢ પાટિયા' પહોંચ્યા અને સામે જ હતો કક્કડભીટ ડુંગર. ટોચ ઉપર જખજાર મંદિર. રચનાએ કરેલી વાતથી ઉત્તેજના તો હતી જ. ડુંગર પણ કંઇ થકવે તેવો ન હતો. કંઇક વિચિત્ર જોવાના કૌતુકથી મંડળીને થયું કે ઉપર જવું તો જોઇએ જ. કનુભાઇ પણ તૈયાર થયા. વારતાની એમને પણ ખબર હતી પણ અહીં કદી અવાયું નહોતું. આવી તક છોડાય?! મંડળી હુડૂડૂડૂ કરતી ઉપર. રચના પાટિયે બેઠી રાહ જોતી.

કલાકે'કમાં હાંફતી-હસતી મંડળી પહોંચી નીચે.ચાના ગલ્લે રાબેતા મુજબ ફિડબેક ચાલ્યો. "જોઇ આવ્યાં? શું હતું ઉપર?"

"ઉપર આમ તો સાદું, મિડિયમ સાઇઝનું મંદિર જ છે. 12મી સદીનું તો હોય જ નહિ; નવું જ છે ને પાછી મોરબીની રંગીન ટાઇલ્સ જડેલું!" બાદલે શરૂઆત કરી. "પન યાર, વો બહત્તર પ્લસ વનવાલી મૂર્તિયાં… ક્યા સ્ટેચ્યુ થે, બેન! એકદમ ડિફરન્ટ! કપડે-ટોપી-જૂતે સબ પહન કે, બસ! ઘોડે પર બૈઠે હૈં- મસ્ત!"

"હા બહેન, હાથમાં કંઇ હથિયાર-કમળ-માળા… કશું નહિ. માણસ જેવા માણસ. ઘોડાની લગામ પકડી છે હાથમાં." શેખરને પણ સ્થળ ગમી ગયું હતું- "એ દેવો નહિ, માણસ છે એ જ મોટું રહસ્ય! જો કે મને પેલા લેખકો વગેરેની વાત સાચી લાગી. વિદેશીઓ અહીં બની શકે કે ધર્મપ્રચાર કરવા આવ્યા હોય…" "પન વૈસે તો બિમારોં કો અચ્છા કિયા ના, વહી તો ઇમ્પોર્ટન્ટ થા" - યાસ્મિન. "ત્યાં બધા લોકો તો એમને ભગવાન જ માને છે અને પૂજા પણ રામદે પીરની કરતા હોય એમ જ કરે છે. કંકુ-ચોખા-ફૂલ-નારિયેળ બધું લઇ લઇને આવે છે, ને પ્રસાદ પણ મળે છે. લો બહેન, કોપરું" મીનાએ રચનાને શેષ આપી.

"ચમત્કારોની તો ઘણી વારતાઓ સાંભળી- જખો એ કચ્છના રાવ દેશળજીને દર્શન દીધાં હતાં ત્યારથી રાવની સમૃદ્ધિ ને સિદ્ધિ વધી ગયાં; વગેરે વગેરે વગેરે." ધીરજે ગમ્મત કરી લીધી.

"ફિર વો કવિ કી કહાની ભી કહીના- હમીરજી રાજકવિ થે, જખકી કથા સુનાતે થે તો રાજાને ડાઉટ્ કિયા; જખને ખુદ આ કે દર્શન દિયે. તભી રાજાને મંદિર કા જિર્ણોદ્ધાર કરવાયા. બાવા, ક્યા ઝકાસ સ્ટોરી હૈ- ફિલ્લમ ઉતરની ચાહિયે ઇસકી તો!"

"ઉતરી હી હૈગી- તૂને કૈસે નહિ દેખી?!" પરવીને ખેંચ્યો.





ભાઇ, મને તો આખી વાર્તા, દર્શન અને લોકોની મુલાકાત ઉપરથી એક સાર સમજાયો કે સાધારણ લોકો માટે આ કે તે ધરમ મહત્વનો નથી; જે લોકસેવાનાં કામ કરે તે સંત, તે પીર, તે પૈગમ્બર." વિલ્સને પોતાના દિલની વાત કરી.

"તોય ભાઇ, પરચા ઈ પરચા. પરચા વન્યાનો ધરમ નંઇ!" કનુભાઇ ઉવાચ.

"મને હવે ધર્મપરિવર્તનનું લોજીક સમજાય છે. અહીં ધર્મપરિવર્તન નથી નોંધાયું પણ મુદ્દો એ જ છે કે દીનદુખિયાં જો આકર્ષાયા છે તો એ આ ગુણોથી - જે એમને 'આ લોક' સુધારી આપે એમની પાછળ ચાલવાને જ એ ધર્મ કહેશે; પરલોક-ફરલોક તો બધાં કોણી ઉપરના ગોળ." શેખરે પૂર્ણાહૂતી કરે ત્યારે પાછળ કંઇ કહેવાનું બાકી ના રહે; તોય રચનાએ ઉમેર્યું કે "કચ્છનો દરિયા કિનારો એને વૈશ્વિક સંપર્કોમાં મૂકી દે છે તે આજકાલની વાત નથી. કચ્છનું પોત આવી લોકશ્રદ્ધાના મજબૂત તાણાવાણાથી ઘટ્ટ બન્યું છે."

★★★

## મુકામ - 14.

# તેરા

## વારસો અને વૈભવ

'તેરા' - કેવું નામ છે, નહીં? ટૂંકુ અને વિચિત્ર છતાં ઘણા અર્થ કાઢી શકાય એવું..." બાદલના વિચાર-તરંગો પૂરજોશમાં વહેવા લાગ્યા હતા. "છે જ- તેરાવાસીઓને તેરાપ્રેમીઓએ એનાં અવનવાં અર્થઘટનો આપ્યાં જ છે.રૂબરૂ જોયા પછી તમને એમાંથી કયું ગમ્યું એ કહેજો." રચનાએ વાત વહેતી મૂકી.

"ગયા વખતે પહેલી વાર આ જોયું ને મનમાં વસી ગયું. ઘણા મુદ્દાઓની ચર્ચા ખમી શકે તેવું સ્થળ છે. કચ્છીયત તો ખરી જ, પણ ગુજરાતની મુખ્યપ્રવાહની સંસ્કૃતિનાં ખાસ લક્ષણો જોવા મળશે. છોવાડાનું-ખૂણાનું આખુંયે ગામ રાજય અને કેન્દ્ર પ્રવાસને એને આખોઆખું 'હેરિટેજ વિલેજ' તરીકે પ્રમાણીને રજૂ કર્યું છે, તે કહી દઉ. વધુ રસિક ભાગ થોડીવાર પછી!"

નલિયા તાલુકો પસાર કરતાં, જેમ જેમ તેરા નજીક આવતું ગયું તેમ તેમ ભૂખ્ખડ જમીન બદલાઇ અને આછી વનરાઇ શરૂ થઇ. 'ચિંકારા અભયારણ્ય'નાં પાટિયાં પણ દેખાવા લાગ્યાં. જરાક અંતરિયાળ છતાં રળિયામણા ખૂણે ગાડી વળી અને તેરા પહોંચી. પ્રવાસન નિગમમાંથી જ સંપર્ક મળ્યો હતો. 'તેરા'નો સંપૂર્ણ જિર્ણોદ્ધાર અને વહીવટ ચલાવનાર તંત્ર જૈન મહાજન સંસ્થા છે. ઉતારો-ભોજન ત્યાં જ હતાં.





પણ જખૌથી સમી સાંજે નીકળેલાં તો અહીં પહોંચતાં સૂર્યાસ્ત તો ક્યારનો થઇ ગયો હતો. ધર્મશાળાએ પહોંચ્યાં ત્યારે સ્વભાવિક રીતે ભોજનાલયનો સમય તો પૂરો થઇ ગયો હતો. પણ વ્યવસ્થાપક બહુ પ્રેમાળ હતા, મંડળીની તકલીફ સમજ્યા પણ પોતે પણ નિયમને કારણે માફી માંગીને; જમવા માટેના વિકલ્પો સૂચવ્યા- કાં તો આ તરફ નખત્રાણા જવું પડે કાં તો નજીકમાં- 10 કિ.મી.- નલિયા. તેરા તો શું, કચ્છના નાનાં ગામોમાં 'બહાર જમવાની'- હોટલ, રેસ્ટોરાંની સંસ્કૃતિ જ નહિ, ખેર, એમના સૂચન પ્રમાણે નલિયા જવું સારું.

મંડળી તો સરસ મજાના એ.સી.રૂમોમાં ગોઠવાઇ. ફ્રેશ થઈને ઉપડ્યા જમવા. કનુભાઇએ વાણિયાઓ (જૈનો)ના ધરમ ઉપર બબડતાં ફફડતાં છેવટે નલિયા પહોંચાડ્યાં.

ઝગમગતા હાઈવે પરથી બસ નગરમાં વળી. નલિયા એના હવામાનને લીધે જાણીતું- સૌથી વધુ ઠંડી ને સૌથી વધુ ગરમી- વિષમ આબોહવાનું નગર. આમ પણ કચ્છની છેક પશ્ચિમે આવેલું ઠીકઠીક વિકસિત અને મુસ્લિમોની આબાદી ધરાવતું આ શહેર રાતે પણ ધબકતું હતું. સાવ જાહેર રસ્તા ઉપર નહીં પણ જરાક અંદરની બાજુ એક નોનવેજ વીશીનું પાટિયું વાંચ્યું. મંડળીને મોંમાં પાણી છૂટ્યું. વંદના સિવાય બધ્ધાં નોનવેજ ખાતાં હતાં- કનુભાઇ પણ ક્યારેક ટેસડો કરી લેતા એમ બોલ્યા. વંદનાનું તો થઇ પડશે - કહીને ગાડી ત્યાં જ થોભાવી. સ્વાદિષ્ટ ને સોડમભર્યું મોગલાઇ ચિકન જમીને, મોંમાં મસાલો દાબી સૌ બહાર આવ્યાં. મહોલ્લાના મોટાચોકમાં મોટો પર્દો બાંધીને કોઇ વિડીયો બતાડવાનો કાર્યક્રમ ચાલી રહ્યો હતો. મંડળી થંભી ગઇ- જગ્યા મળી ત્યાં બેસીને થોડી વાર ફિલ્મ જોઇ . કોઇ મનોરંજક કે માહિતીપ્રદ ફિલ્મ નહોતી. ક્યાંક મોટી મસ્જિદના ચોકમાં કોઇ મૌલવીના ધર્મોપદેશની સી.ડી.હતી. ચોકમાં બેઠેલી 800 - 1000 ની મેદની રસપૂર્વક અને શ્રદ્ધાપૂર્વક પ્રવચન સાંભળી રહી હતી. મૌલવી અઘરી- અરબી મિશ્રિત ઊર્દૂમાં જોરદાર ભાષણ કરી રહ્યા હતા. અહીં બેઠેલાંયે પૂરું સમજતાં હશે કે કેમ એ સવાલ હતો. થોડી પળોમાં મંડળી પાછી ગાડીમાં ગોઠવાઇ.

''અલ્યા હમિદ-આમિર-યાસ્મિન-પરવીન… તમને આ મૌલવી શું બોલતા હતા એ સમજાતું હતું?'' વિલ્સને છેવટે પૂછી જ નાખ્યું.

''નહીં, કાફી અરબીવાલી ઉર્દૂ થી. હમેં તો ઐસી તકરીરેં (ભાષણો) સુનને કી આદત હી નહીં રહી હૈ ના.'' હમિદે નિખાલસતાથી કહ્યું.

''મતલબ કી, હમારે યાં નમાજ કે બાદ મૌલવી સાહબ યા બાહરવાલે કોઇ ગેસ્ટ આ કર ઐસા ભાષણ દેતે તો હૈંગે પર હમારી ઉમ્ર કે કમ હી સુનતે હૈં- યે વાલી ઉર્દૂ મૈં તો ક્યા, મેરે અબ્બા ભી નહીં સમઝ પાતે હૈં- દાદાજી સુનને બૈઠતે હૈં.બસ'' આમિરે પણ કબૂલ્યું.

''પણ અમે તો કંઇક જુદું જ સાંભળીએ છીએ… કે આજકાલ મુસલમાનોમાં ધાર્મિકતા બહુ જોર પકડી રહી છે ને જુવાનિયાઓ પણ જોડાય છે… ધર્મપ્રચાર જોરશોરથી ચાલી રહ્યો છે…'' શેખરે સંકોચ વગર પૂછી લીધું.

''વો તો હૈ, લેકિન ઐસી તકરીરે વહાં હમારે જૈસે લોગ તો નહીં સુનતે હૈં.''

''હમિદ સચ કહે રૈલા હૈ.ઔર હમ ઔરતોં કે પલ્લે તો યે બાતેં પડનેવાલી હી નહીં હૈં. અરે માં…! ચિલ્લા ચિલ્લા કે બોલતે હૈં તો કાન પક જાતે હૈં'' પરવીને કહ્યું

''મૈં તો ધર્મોપદેશનું આવું જાહેર પ્રદર્શન પહેલીવાર જોયું.'' વંદના જેવું બોલી કે રચનાએ એને કાન પકડાવ્યાઃ ''વંદના! આપણા તમામ બાવા-સાધુ-સંત-કથાકારો બોલતા હોય એવી ચેનલો કેટલી બધી છે? 24 X 7 આવો ધર્મોપદેશ ચાલતો જ હોય છે અને નાનાં ગામોમાં કે સભા-સમારંભોમાં આ જ રીતે બધા ભક્તિભાવથી સાંભળવાં બેસી જતાં હોય. હિંદુ, જૈન, ખ્રિસ્તી… તમામ ધર્મોમાં મેં મિડિયાનો ઉપયોગ તો એક જેવો જ છે… કદાચ સૌથી વધારે આજકાલ ધાર્મિક ઉપયોગ ચાલી રહ્યો છે.

''મને એ જ થયું કે આમ તો મુસ્લિમો TV- ફિલ્મનો વિરોધ કરે છે ને આ જુઓ!'' હજી શેખર ધાર્મિકતાને થોડીકે છૂટ આપવા તૈયાર નહોતો.





''યે તો પાકિસ્તાન કા મૌલવી લગતા થા- ઉસકી ઝુબાન સે કહ સકતા હૂં'' - હમિદે ચોખવટ કરી. બાકીનાં મુસ્લિમ મિત્રોએ પણ હામી ભરી.

''લો, આ તો એક ઓર મુદ્દો!'' ધીરજે કહ્યું- ''સરહદી વિસ્તારની લોકશ્રદ્ધા! ટીંગટોંગ!''

''ફક્ત ધાર્મિક નહિ, પાકિસ્તનની બધી ચેનલો હવે તો આપણે પણ જોઇ શકીએ છીએ. ખેર, ધીરજે કહેલી સરહદી વિસ્તારવાળી વાત માટે એટલું કહું કે હંમેશા યાદ રાખજો, સેમેટિક રિલિજીયન્સ (ધર્મપુસ્તક આધારિત ધર્મો) ઇસ્લામ, ખ્રિસ્તી, યહૂદી… કોઇને માટે અહીંનો ઇસ્લામ ને પાકિસ્તાનો ઇસ્લામ જુદો નથી હોતો! દુનિયાભરમાં આ કહ્યા તે ધર્મો સ્થાનિક સંસ્કૃતિ કરતાં ઉપર છે - સર્વોપરિ છે. અને હવે એ ધર્મોની દેખાદેખીમાં હિંદુઓ પણ ધર્મની આવી વ્યાખ્યા કરવા માંડ્યાં છે. વિચાર કરો, આપણા ગુજરાતી, વિદેશ વસતાં હિંદુઓ મોરારીબાપુ કે આશારામની CD આટલા જ ભક્તિભાવાથી નહિ જોતાં હોય?!'' મંડળી માટે મહત્વના મુદ્દા હતા, થોડોક ભાર વરતાતો હતો એ ચોક્કસ. નલિયાની આ ટૂંકી મુલાકાત મહત્વની બની રહી. ફિડબેક મીટીંગ જાણે બસમાં જ પતી ગઇ.

★★★

## "તેરા... સિર્ફ મેરા નહીં!"

બીજા દિવસે ધર્મશાળાના નિયમ અનુસાર સાડા સાત સુધીમાં નાહી-પરવારી, નાસ્તો કરીને મંડળી તૈયાર હતી. સંસ્થાના વ્યવસ્થાપક સાથે મિટીંગ હતી. એમની ઓફિસમાં, સરસ ગાદી-તકિયે બધાં ગોઠવાયાં. મહાજન સંસ્કૃતિની અહીંથી જ જાણે આલબેલ પોકારાઇ. મિત્રોની ઓળખાણ થઇ. ફરીથી મસાલેદાર ચાના કપ આવ્યા અને આખી હેરિટેજ-યોજનાના ભાગરૂપે વ્યવસ્થાપક ભાઇએ, તેરાનો ઇતિહાસ અને આ હેરિટેજ-યોજના વિશે રસપ્રદ રીતે, વિસ્તારથી વાત કરી એને ટૂંકમાં કંઇક આ રીતે રજૂ કરી શકાય.

"કોઇ એક આખા ગામને 'હેરિટેજ વિલેજ' રૂપે તૈયાર કરીને પ્રવાસનના ભાગરૂપે રજૂ કરવાનો આ કદાચ પહેલો જ પ્રયાસ છે. આ યોજનામાં કેન્દ્ર અને રાજ્ય સરકાર ઉપરાંત તેરાવાસીઓ, કચ્છનાં મુંબઇ-કલકત્તા નિવાસીઓ અને NRI-NRG ધનિકોની હોંશ, પ્રેરણા અને આર્થિક ફાળારૂપે મોટું પ્રદાન છે. કંઇક અંશે ધર્મપ્રેમ-વતનપ્રેમ અને કચ્છીયત જેવી ભાવનાઓ પણ સંકળાયેલી છે. આજે વિશ્વના પ્રવાસન-નક્શા ઉપર ઉજાગર થયેલું આ ગામ હજારેક વર્ષ જૂનું કહેવાય છે. તત્કાલીન કચ્છના રાવના ભાયાત સુમરાજી આ ગામના તિલકાયત હતા. પોતે કલારસિક અને ધર્મિષ્ઠ હતા.મૂળે રાવ દેશળજીએ બંધાવેલા કિલ્લાનો સુમરાજીએ જિર્ણોદ્ધાર કરાવ્યો, અને લોક સુખાકારીનાં કેવાં કેવાં કામ કરાવ્યાં તે તમે નજરે જોશો.

"ગામમાં જૈનો, હિંદુઓ અને મુસ્લિમોની વસ્તી છે. ત્રણે ધર્મોના તહેવારો ગામ આખું ઉજવે. જે તે ધર્મનાં હજારો યાત્રાળુઓ અહીં આવે અને ગામનાં મહેમાન બને. સૌને સૌનાં ઉત્સવો પોતીકાં લોગે છે - એખલાસ 'તેરા'ની ખાસિયત છે.

"ગામમાં ચોવીસ કલ્લાક વીજળી-પાણીની સગવડ છે. છેલ્લાં બે-અઢી દાયકા દરમ્યાન પ્રગતિનાં પગરણ થઇ ચૂક્યાં છે."


વ્યવસ્થાપકજીએ આટલી ભૂમિકા બાંધીને સૌને સરસ રંગીન બ્રોશર આપ્યું- 'તેરા- વારસેમઢ્યું ગામ' જેમાં ખૂબ જ કલાત્મક ફોટા-ચિત્રો-નક્શા સાથે, અંગ્રેજી-ગુજરાતીમાં માહિતી હતી. સાથેસાથ એક ખાસ મુદ્દો કહ્યો કે તેરાની પ્રગતિ ફક્ત આ સદીની નહીં, હજાર વર્ષ પહેલાં પણ સુખાકારી માટે, ટેક્નિકનો ઉપયોગ થતો હતો એની જીવંતતામાં છે. મંડળીને ગામમાં ફરીને જોવાની વ્યવસ્થા કરી, સાથે એક જાણકાર ભાઇને માર્ગદર્શક તરીકે મોકલ્યા. મંડળી લગભગ ત્રણેક કલાક પગપાળા ફરી અને એક અનોખું ગામ જોવા-જાણવાની મજા માણી.





## પ્રગતિની ખોજમાં - એક અનોખી પદયાત્રા

તેરા વિશિષ્ટ રાજપૂતી, કિલ્લેબંધીવાળું ગામ છે. રાજગઢ મજબૂત અને સુંદર લાગ્યો. આમ તો ભૂકંપને લીધે વારંવાર સમારકામ કરાવવું પડ્યું છે, પ્રવાસન-યોજનાને કારણે નવાં રંગરોગાન પણ થયાં છે પણ સરવાળે સામંતી-ગઢની રોમાંચક છાપ ઊભી કરતો ગઢ સૌને ગમ્યો. ગઢની રાંગે રાંગે ફરવાની મજા પડી. સામાન્ય રીતે આવાં સ્થળો જાહેર શૌચાલય બની જતાં જોવા મળે છે પણ અહીં ક્યાંય એવી 'જાહેર' ગંદકી જોવા ના મળી.



દરબાર ગઢ - તેરા

ગઢના ઝરૂખેદાર દરવાજાની અંદર મહેલ / દરબારગઢ છે. અંદર રિસ્ટોરેશન (પુનઃ નિર્માણ-મરમ્મત) ચાલતું હોવાથી ફરીને અંદરથી જોવા ના મળ્યું પણ બહારથી પેલી હમીરજીની છતેડીઓ અને પ્રાગમલ પેલેસની યાદ અપાવે તેવી પથ્થરમાં કોતરણી જોવા મળી. માર્ગદર્શક ભાઇએ વાત કરી અને પેલી પત્રિકામાં પણ ફોટા જોવાથી ખ્યાલ આવ્યો કે રાજગઢના અમુક હોલમાં રામલીલા, રામદરબાર, સવારી જોવા આગવી 'કમાંગરી' શૈલીનાં ભીંતચિત્રો-છત્રચિત્રો છે, જેનું હોલમાં રિસ્ટોરેશન ચાલે છે. કચ્છના રાજવીઓએ આ કમાંગરી કલાને ખૂબ પ્રોત્સાહન આપ્યું છે જેના કલાકારો રાજસ્થાનના મુસ્લિમો હતા અને કચ્છ-રાજસ્થાનની સહિયારી ચિત્રકલાની આ વિરલ નિશાનીઓ છે.

આગળ ચાલ્યાં ત્યાં જૈન દેરાસર આવ્યું. આજ સુધી જોયેલાં તમામ દેરાસરો મોટાં, ખુલ્લાં, ઊંચા અને લગભગ પારંપરિકપણે મંદિરકલાના નમૂના હતાં. તેરાનું આ દેરાસર નાનું શિખર તો ધરાવતું હતું પણ ઘાટઘૂટ સાવ અલગ, 'ઘર' જેવાં હતાં. ઓટલો, પરસાળા, છજાં, ઓરડા બધું જાણે ખમતીધર

શેઠિયાનું ઘર હોય એવું લાગે. બધું વટાવતાં મંડળી ગર્ભગૃહમાં પહોંચી ત્યારે તદ્દન અનોખો દેખાવ! ગોળ છતમાં રંગીન લાકડાંની નર્તકીઓ-વાદ્યવાદિકાઓ-અપ્સરાઓ ગોઠવેલી.દીવાલો ઉપર ફૂલ-વેલ-કમળ-મોર-હંસ... બધું રંગીન કાચ અને રંગીન કપચીનું. (મોઝેકકામ) આવું રંગીન દેરાસર મિત્રોએ પહેલી વાર જોયું. ફક્ત તીર્થંકરોની મૂર્તિઓ સફેદ આરસની હતી અને સોનાચાંદીનાં આભૂષણ-મુગટથી શોભાયમાન હતી. કાચકામનાં વખાણ કરતી મંડળીને ગાઇડે કહ્યું કે હજાર વર્ષ પહેલાં અહીં પણ કમાંગરી ચિત્રો હતાં, હવે કાચ જડ્યા છે. બંને પ્રકારની કળા રાજસ્થાની મૂળની છે. રણની ભૂખરી-બદામી શુષ્કતામાં રંગોની મિજબાની માણવાની ભૂખ જાણે બંને પ્રજાની સહિયારી હશે.

દેરાસરમાંથી નીકળીને ગઢની અંદરના ગામમાં લટાર મારી. પ્રમાણમાં ગામ ચોખ્ખું હતું. જૂનાં ઘરો હતાં પણ ‘પડું-પડું’ અવસ્થામાં એકેય ના જોયું. ‘‘આમ તો આ દેરાસરનો મહોલ્લો છે એટલે ખાતા-પીતા મધ્યમવર્ગનાં કુટુંબો રહેતાં હશે.’’ ત્યાં સાથોસાથ વૈષ્ણવ હવેલી પણ આવી. પથ્થરનું મકાન, બારીક કોતરણીવાળાં ઝરૂખા-જાળી-ગોખલા અને લાકડા-પિત્તળનાં કમાડ જોઇને મંડળી ખુશ.

એ જ મહોલ્લાને છેડેથી મુસ્લિમ વિસ્તાર શરૂ થયો. ડેલીવાળાં ઘરો જોયાં, કાષ્ઠકલાનાં છજાં-જાળિયાં ને રંગીન કઠેડાવાળા ઝરૂખા જૂના-નવાની ચમક સાથે હતાં. મહોલ્લાની શોભા હતી અહીંની મસ્જિદ. તળ ગુજરાત કે સૌરાષ્ટ્રની મસ્જિદોથી સ્થાપત્ય અલગ જ હતું... પેલા દેરાસરની જેમ! અલબત્ત, હોલ અને ગુંબજ હતાં પણ કોતરણી સાદી. કાંગરા ખરા પણ મિનારા નહિ... હતાં પણ ટૂંકા. ‘‘ટકાવી રાખવા કે પછી બહુ આકર્ષક બનાવવા, મસ્જિદને કેટલા ભડકામણા રંગથી રંગી છે? એક તો ઓઇલપેન્ટનો વપરાશ પણ મસ્જિદના કેરેક્ટર સાથે જતો નથી!’’ શેખરની કલાપારખુ આંખને ‘રંગીન મસ્જિદ’ જરા ‘વિચિત્ર’ લાગી... રચનાએ કહ્યું કે નોંધપાત્ર મુદ્દો એ છે કે જૈન, વૈષ્ણવ અને મુસ્લિમ મોહલ્લાઓ અને ધર્મસ્થળો





એકબીજાંની ખાસાં નજીક છે. અલગ છે પણ અંતરિયાળ નથી. વિસ્તારવૈવિધ્ય તો આપણી સંસ્કૃતિમાં હોય જ છે પણ આવું સઘન-કોમ્પેક્ટ નગર આયોજન ભાગ્યે જ જોવા મળે છે.’’

બાદલે પણ નોંધ્યું- ‘‘ગામલોકો જાણે એક સાથે રહે છે, રાજા થોડા અલગ!’’ રાજસત્તા, વર્ગભેદ, વર્ણભેદ, ધર્મ-સંપ્રદાયભેદ- બધું હોવા છતાં તેરા ‘કોમ્પેક્ટ’વિલેજ લાગે છે એમાં ના નહિ...’’

રસ્તામાં ગાઇડભાઇ સાથે કનુભાઇ પણ વાતે વળગ્યા હતા. ગામ લોકની મુખ્ય આજિવિકા ખેતી અને પુશુપાલન છે. મોટી ગૌશાળા અને પાંજરાપોળ (ખોડાં-વસૂકી ગયેલાં ઢોર અને માંદાં કૂતરાં વગેરેને પાળવા-પોષવાની જગ્યા) જોયાં જેની સ્વચ્છતા અને મોકળાશ ‘વાહ’ નીકળી જાય તેવાં હતાં. મહાજન સંસ્કૃતિના આ બે મુખ્ય સ્તંભ છે.

પણ તેરાનું મુખ્ય અને મહત્વનું આકર્ષણ છે એનાં ત્રણ તળાવો. મધ્યયુગની જળસંગ્રહ પરંપરા, પદ્ધતિ અને ટેક્નિક-ત્રણેનો અહીં અદ્દભુત સંગમ છે.



ત્રણ તળાવ - તેરા

ઉપરાંત કલાત્મક બાંધકામ પણ ખરું જ. ત્રણ તળાવો છે- છત્તાસર, સુમરાસર અને ચત્તાસર. ત્રણે માનવસર્જિત તળાવો 500 વર્ષ જૂની ઇજનેરી કળાના નમૂના છે. ગાઈડે સમજાવ્યું કે મૂળે તો વરસાદી પાણીને વહી જતું રોકી, એનું વ્યવસ્થાપન કરીને યોગ્ય ઉપયોગ કરવાની ભાવના લોકસુખકારી માટે શાસકોએ કરી હતી. ગામથી વીસ (20) કિ.મી. દૂરની ટેકરીઓ ઉપર વરસતા પાણીને નાની નહેર મારફતે ગામ તરફ વાળવામાં આવ્યું. પાણી પહેલાં પહોંચે છત્તાસરમાં, ત્યાંના આડબંધમાં શુદ્ધ થઈને સુમરાસરમાં જાય. ત્યાં ભરાઇ જાય એટલે ત્રીજું- ચત્તાસર ભરાય; ને છેવટે પાસે વહેતી તેરા નદીમાં ઠલવાય. આ એમણે ત્રણે તળાવોને ચિંધતાં ચિંધતાં સમજાવ્યું; પછી પેલી રંગીન માહિતી-પત્રિકા ખોલીને એમાં સમજાવેલી ટેક્નિક જોવા-વાંચવા કહ્યું અને પછી મંડળીએ ત્રણે તળાવો જોવા પગપાળા પ્રવાસ કર્યો.

ગુરૂત્વાકર્ષણના નિયમાનુસાર, ક્રમિક રીતે એકમાંથી બીજામાં પાણી ભરવાની અને એને આડબંધમાં રોકીને સાફ કરવાની, દીવાલ-પગથિયાં-દરવાજા બાંધીને એને સુરક્ષિત રાખવાની વ્યવસ્થા બહુ વિચારપૂર્ણ લાગી, દૂરંદેશીભરી લાગી. વળી પાંચ સદીથી, ત્રણે તળાવનાં પાણીનો ઉપયોગ બહુ ચુસ્ત રીતે અલગ પાડવામાં આવ્યો છે. છત્તાસર નહાવા માટે, સુમરાસર પીવા માટે અને ચત્તાસર અન્ય ઉપયોગ માટે ફાળવવામાં આવ્યાં છે. સુમરાસરનું પાણી પાંચ સદીઓમાં એકેય દિવસ સૂકાયું નથી. જ્યારે રાજા હતા ત્યારે રાજગઢમાં ફુવારા ઊડતા એમાં સુમરાસરનું પાણી જતું. રાજગઢ પાસે એક સરસ છત્રી બનાવેલી છે જ્યાં બેસીને રાજારાણી આનંદ માણતાં.એ જ જગ્યાએ જળઝીલણા પર્વ કે દશેરાએ ત્રણે તળાવોની પૂજા કરતાં. સહેલાણીઓને જોવા માટે સરસ બુર્જ બનાવ્યો છે- વ્યૂપોઈન્ટ- બહુ જૂનો નથી પણ સાવ નવો પણ નથી. રાજસ્થાની શૈલીના બુર્જ ઉપરથી ગઢ, ત્રણે તળાવો અને પાછળના વિસ્તારમાં નાની દેરીઓ, જૂનું શિવમંદિર વગેરે જોતાં જોતાં મિત્રોએ તળાવોના, ગઢના, ગામના અને પોતાંનાં... ફટાફટ ફોટા પાડી તેરાના વારસાને તસ્વીરોમાં મઢી લીધો.





સ્વભાવિક રીતે જ ધોળાવીરાની યાદ આવી ગઇ. શું ત્યારે ને શું આજે... નગર રચના, માનવસભ્યતા અને જીવન સંવર્ધન માટે પાણી અને પાણીનો સંગ્રહ એવી તાતી જરૂરિયાત હતી કે સમયે સમયે માણસે એને માટે અવનવી ટેક્નિક શોધ્યા કરી છે... ''આજના શાસકોએ આ ઇતિહાસ પાસેથી કંઇ શીખવા જેવું ખરું?!'' શેખરના આ સવાલે જાણે તેરાની મુલાકાતને નવો વળાંક આપ્યો.

'મહાજન સંસ્કૃતિ' લોકકલ્યાણનાં કામ તો કરતી આવી છે પણ આ રીતે એક આખા ગામની સંસ્કૃતિને ઉજાગર કરી એનો શો હેતુ?'' ધીરજે પૂછ્યું. ''અલ્યા, 'હરણની સીતા' જેવું કર્યું તેં. વ્યવસ્થાપક ભાઇએ કહ્યું જ હતું ને?! પણ મને તો લાગ્યું કે આવા પ્રયત્નો વધારે થવા જોઇએ. ટેક્નિક અને સુંદરતા-નવું ને જૂનું નગર / ગામનું આયોજન તો આર્કીટેક્ટ અને કલાકારોને, વૈજ્ઞાનિકો અને ઇતિહાસકારોને ઘણું બધું શીખવે... નહિ બહેન?'' વિલ્સને ખૂબ સંતોષથી કહ્યું. ''મારે મન તો અહીં સમન્વયનો વારસો ખૂબ મહત્વનો છે. તેં કહ્યું તેમ, આવા 'તેરા' ઠેર ઠેર હોય તો કેવું સારું.?! પણ અફસોસ... કચ્છની હવામાં પણ મને હવે કોમવાદની બૂ આવે છે!'' રચનાના અભિપ્રાયમાં નિસાસો હતો.

ભોજનાલયમાં દૂધપાક-પૂરી-ખમણનું જમણ જમીને વ્યવસ્થાપકભાઇનો આભાર માનવા ગયાં. ''મજા પડીને, દોસ્તો?'' ખૂબ ખુલ્લા અવાજે એમણે પૂછ્યું અને મંડળીએ પણ ખુલ્લા કંઠે પ્રતિભાવ આપ્યો. સ્વાભાવિક રીતે રચનાએ ધર્મશાળા-ભોજનાલયનો ચાર્જ પૂછીને આપવા માંડ્યો તો વ્યવસ્થાપકજી કહે... ''ના ના ના... આ બધું બધાંનું છે. અહીં એક પૈસો નહિ મૂકવાનો. અમે તેરાવાસીઓ શું કહીએ છીએ જાણો છોઃ આ ગામ 'મેરા' નહિ સિર્ફ... 'તેરા' ભી હૈ. બસ, આપનાં જેવાં જિજ્ઞાસુઓને મોકલતાં રહેજો ને તેરાને પોતીકું માનતાં રહેજો!''

મહાજનોની મહેમાનગતિ માણીને મંડળી વિદાય થઇ. હાઇવે ઉપર ગાડી કાઢીને કનુભાઇ બોલ્યાઃ ''આ વાણિયાનું જમવાનું ભારે મજાનું! ને ઉપરથી

એકે પૈસો નો લીધો. મારા જલાબાપા પછી આ જગ્યા જોઇ કે જ્યાં મફત મેમાનગતિ થતી હોય!'' વીરપુર અને તેરા- મહાજન સંસ્કૃતિનાં સરખાં છતાં ભિન્નરૂપ- 21મી સદીમાં પણ સદાબહાર - શેખરનું સમાપન.

### માંડવી - વાયા પિંગળેશ્વર

તેરાથી માંડવી જવા નલિયા તરફથી નીકળ્યા. પેલા પ્રેમાળ વ્યવસ્થાપકે ખાસ ભલામણ કરી હતી કે પિંગળેશ્વર થઇને જજો- દોસ્તોને મજા આવી જશે. રચના માટે પણ સ્થળ નવું હતું... પણ અજમાવી જોવાનું કૌતુક ઓછું નહોતું.

નામ સાંભળીને શેખરે જરાક છાંસિયું કર્યું'તું - ''પિંગળેશ્વર? જરૂર કોઇ ચમત્કારી મહાદેવ હશે'' - પણ એની વાતનો કોઇએ પડઘો ન પાડ્યો; થોડો પાકો- થોડો કાચો રસ્તો પાર કરતાં, પાટિયું વાંચીને- પશ્ચિમે, જમણી બાજુ વળ્યાં ને અધધધ... દરિયો જ દરિયો!'' ''હમણાં સુધી આપણે કચ્છના ખડકાળ-રેતાળ-ભૂખ્ખડ પ્રદેશ જોયા, વાડી-ડુંગરા જોયા પણ હવે આ... કચ્છના દરિયાકિનારાની શરૂઆત થઇ છે તે છેક કચ્છની બહાર નીકળીશું ત્યાં સુધી ચાલશે.'' રચનાએ ઉમળકાભર્યા અવાજે કહ્યું.હજી તો ગાડી થંભે ના થંભે ને... દરિયે દોટ મૂકી જ છે ને!

અફાટ નીલ સમુદ્ર, ચોખ્ખી ચંદન જેવી સોનેરી મુલાયમ રેતી અને જરાક ટીંબા ઉપર ગઢની અંદર ઠીકઠીક કહેવાય એવા જૂના - નવા પિંગળેશ્વર મહાદેવ. બપોરનો પવન નારિયેળી - ખજૂરીને ઝૂલાવતો હતો. મંદિરમાં પરમ શાંતિ હતી. એકાદ બાવાજી ગાડીનો અવાજ સાંભળીને વંડી ઉપર ડોકાયા પણ જવાનિયાંને સીધા દરિયે જતાં જોઇને અદશ્ય થયા.

બસ, પછી તો કોઇ ઝાલ્યું રહે? થોડી વાર-થોડી વાર કરતાં અડધો કલાક દરિયે રમીને માંડ માંડ મંડળી પાછી બસમાં બેઠી. વંદના ગણગણી રહી હતી- ''પોણી દુનિયા ઉપર એવાં પાણી રેલંછેલ...'' દરિયો દિવસનો થાક ઉતારે, દરિયો આગળ જવા માટે આમંત્રણ આપે.

★★★





**મુકામ - 15.**

# માંડવી

## દરિયાનો દરવાજો

માંડવી એટલે જ દરિયાનો દરવાજો. કચ્છની દક્ષિણ પશ્ચિમે આવેલા આ બંદરને મધ્યકાળથી 'મોટું બંદર' કહેવાતું આવ્યું છે. આમ તો દરિયાકિનારે વહાણવટું, મચ્છીમારી, વસવાટ... બધું મધ્યકાળથી ચાલ્યું આવતું હશે પણ કેટલાંક ઇતિહાસકારો કહે છે કે માંડવી બંદરની 'સ્થાપના'(!), કચ્છના મહારાજા ખેંગારજીએ ઇ.સ.1581માં ટોપણ શેઠ નામના ભાટિયા સાહસિકની સહાયથી કરી એમ કહેવાય છે. ત્યાર પછી રાવ ભારમલજીના શાસનમાં બંદરનો વિકાસ વધ્યો. લેખિત ઇતિહાસ મુજબ 15મી સદીથી જ માંડવી બંદર મધ્યપૂર્વ (મિડલઇસ્ટ) ના દેશો- અરબસ્તાન, ઇરાન, મસ્કત અને આમ સિંધ સાથે સંકળાયેલું હતું. યુરોપિયન / અંગ્રેજ ઇતિહાસકારો અને અધિકારીઓએ માંડવીને 'મહાબંદર' કહ્યું છે.

જો કે મંડળી માંડવીના નગરકોટ, ખાડી જેવા એરિયામાં પહોંચી ત્યારે તો આ મહાબંદરની કોઇ એંધાણી બચી નહોતી. અલબત્ત, જહાજવાડો જોયો- જેને માટે માંડવી દુનિયાભરમાં વિખ્યાત હતું. ઓખાના રસ્તે વહાણની મરમ્મત થતી જોઇ હતી પણ અહીં જે જહાજ ઊભાં હતાં તેની આગળ તો પેલું 'હોડકું' લાગે. અહીં ત્રણ મોટાં મોટાં વહાણ બંધાઇ રહ્યાં હતાં. એક વહાણની મરમ્મત ચાલતી હતી. હજી શઢવાળાં, કૂવાથંભવાળાં જહાજ બને છે તે જાણવાની

મજા પડી. કામ ધમધોકાર ચાલતું હતું. લાકડાના પાટડા, પટ્ટીઓનો ગંજ, મોટાંજાડાં દોરડાંનાં ગૂંચળાં, રંગ, રોગાન (ટર્પેન્ટાઇન) અને ખીલા-ખીલીઓનો તાર પાર ન મળે! હથોડાની એકધારી ઠક્ ઠક્ અને કારીગરોનો કોલાહલ - અજબ માહૌલ હતો. મિત્રોએ પંદરેક મિનીટ એ પ્રાચીન, પરંપરાગત કારિગરીનું નિરીક્ષણ કરવામાં કાઢી.



જહાજવાડો - માંડવી

માંડવી પણ કિલ્લેબંધી શહેર હતું. જો કે હવે તો કિલ્લાનો કેટલોક જ ભાગ સાબૂત છે. બજાર ખાસી આધુનિક થઇ ગઇ છે. કાપડ, કપડાં અને સોના-ચાંદીના દાગીનાની દુકાનો વધારે પ્રમાણમાં હતી. કચ્છના દાગીના બે જાતનાં- અમુક જાડાં કિલો કિલોનાં કડલાં-કડાં વગેરે; ને અમુક બુટ્ટીઓ - હારમાં ઝીણી કારીગરી પેલાં જાળી-ઝરૂખા જેવી! બજાર વિંધીને શહેરના નવા રહેણાંક વિસ્તારમાં પહોંચ્યાં. બંગલા-ડુપ્લેક્સ-સોસાયટીઓથી ભરપૂર. ઘેર ઘેર નાનો બગીચો ને ફૂલછોડ આંખોને આકર્ષતાં હતાં.

''માંડવી હવે તો મોડર્ન થઇ ગયું લાગે છે.'' ધીરજે નિરીક્ષણ કર્યું.

''ગુજરાતના દરેક શહેરમાં હવે આવા બે વિભાગ પડેલા સ્પષ્ટ દેખાય છે. જેમ અમદાવાદમાં પણ જોવા મળે છે કે જૂના, કોટની અંદરના વિસ્તારમાં (વોલ્ડ સિટીમાં) શહેરનો નીચલો મધ્યમવર્ગ રહે છે જેમાં કારીગરો, શ્રમિકો અને એ તબક્કાની લઘુમતિ કોમોની વસ્તી હોય છે. મધ્યમવર્ગના ધનિકો નવા શહેરમાં વસે છે. અહીં પણ લગભગ એ જ ડિઝાઇન છે. અહીં NRI મુસ્લિમો ઘણાં છે; એમનાં કુટુંબનાં પૈતૃક ઘર ઉપરાંત નવા બનાવેલાં આલિશાન બંગલા પણ છે. મુંબઇવાસી ખોજા અને લોહાણા, પટેલો ને જૈનો બધાંની બહુલતા છે.'' ''આ





શહેરમાં હિંદુ-મુસ્લિમ સાથે રહે ખરાં, કે પછી જુહાપુરા જેવું?''... વિલ્સનને રચનાએ જવાબ આપ્યો, ''આમ તો લગભગ ધનિકો-મધ્યમવર્ગ... એવા આર્થિક વિભાગ છે. પણ જૈનોના મહોલ્લાની આસપાસ મુસ્લિમો નથી વસતા. શકાહાર-માંસાહારવાળો મુદ્દો!''

''આ તો 'જૈન ઘેટ્ટો' જેવું થયું!'' શેખર ઉવાચ!

''હાસ્તો, ઇસ દેશમેં ખાલી મુસલમાન હી નોનવેજ હૈ, ઐસા થોડા હૈ! રાજપુત, કોલી, દલિત, મછુઆરે, મરાઠી, ઓડિયા... સારે નોનવેજ હૈ; હિંદુ હી હૈ; હમારે એરિયા કે પીછેવાલે એરિયામેં રહતે હૈં. ગિનને બૈઠો ના, તો પૌને સે જ્યાદા હિંદુસ્તાન નોનવેજ હોગા!'' આમિરે આટલી લાંબી ને સાચી એનાલિસિસ કદાચ પહેલી વાર કરી. તાલિયાં - તાલિયાં! રચના હસીને પછી ગંભીર થઇ ગઇઃ કાશ! આ સત્ય બધાં જ ગુજરાતી - બધાં જ ભારતીય શાકાહારીઓ સમજી શક્તા હોત તો?!

ચર્ચા વધારે આગળ ચાલત, પણ ત્યાં જ આધુનિક વિસ્તારના એક ચાર રસ્તા ઉપર સરસ પૂતળું અને બોર્ડ વાંચ્યાં- ''ક્રાન્તિવીર શ્યામજી કૃષ્ણ વર્મા સ્મારક.'' પૂતળું જોતાં જ શેખર બોલી ઊઠ્યો.



ક્રાન્તિવીર શ્યામજી કૃષ્ણ વર્મા સ્મારક

''બહેન, આ તો સશસ્ત્રક્રાન્તિમાં માનનારા હતા ને?''

હા, એમને ક્રાન્તિકારી ધારાના વિચારક, લેખક અને કર્મશીલ કહેવાય, જેમણે વિદેશમાં ખાસ તો, લંડનમાં હિંદીઓને અંગ્રેજોની રાજકીય અને આર્થિક ગુલામીથી મુક્ત થવાની પ્રેરણા આપી હતી. લંડનના ઇન્ડિયા-હાઉસમાં માદામ ભિખાઇજી કામા, સરદાર પૃથ્વીસિંગ વગેરેએ આ વિચારધારાને સક્રિય કરવા ઘણા પ્રયોગો કરેલા.''

"તે બહેન, આ અહીં થઇ ગયેલા?" મીનાનો પ્રશ્ન.

"હા અહીં જન્મ્યા હતા, બાકી તો મોટોભાગ વિદેશમાં જ જીવ્યા ને ત્યાં જ અવસાન પામ્યા. પણ મને ખબર નથી, તમને ખ્યાલ છે કે કેમ, તાજા તાજા ગુજરાતના મુખ્યમંત્રી થયેલા નરેન્દ્ર મોદીએ કચ્છના નાગરિકોને આકર્ષવા, ક્રન્તિકારી વિચારધારાને જાણે પોતે બહાલી આપી રહ્યા છે તેવા ડોળ-દમામ સાથે લંડન જઇને, ત્યાંના વડાપ્રધાન સાથે વાટાઘાટો કરીને, ઇન્ડિયા હાઉસમાં રાખેલાં 'અસ્થિ' લઇ આવ્યા; અમદાવાદ એરપોર્ટથી અહીં માંડવી સુધી 'અસ્થિકુંભ-યાત્રા' કાઢી, મોટો તમાશો કરીને માંડવી - એમની જન્મભૂમિમાં આ મૂર્તિ બનાવડાવી ને કુંભ મૂકાવ્યો."

"દેશભક્તિનો દેખાડો અને દાખડો!" બાદલનો ફટાકડો.

"એ એમનો પહેલો મોટો પ્રોગ્રામ હતો ને; ત્યારથી જ નક્કી થઇ ગયું કે આવા ખેલતમાશા ચાલતા રહેશે અને જનતા અંજાતી રહેશે." - શેખરે કહ્યું.

"પહેલાં ગુજરાતમાં અને પછી ભારતભરમાં!" વિલ્સને પૂરું કર્યું.

## વિલાસ... કોનો? અને કોના ભોગે?

રચનાની સૂચનાથી કનુભાઇએ ગાડીને દરિયાથી થોડા આડા રસ્તે, સમુદ્રી ઝાંખરાની પારથી દેખાતી એક ઇમારત તરફ વાળી. થોડેક આગળ વધ્યાં ત્યાં ઇમારતનો આકાર સ્પષ્ટ થતો ગયો- મહેલ જેવું દેખાયું. પળવારમાં તો મંડળીમાં ધમાલ- "એ આમિર! લગાન... લગાન... લગાન... "

"હાં દોસ્તો! ઠીક પહચાના! યહીં પે વો મહાન પિક્ચર કી શૂટીંગ હુઇ થી - ઔર ઇસે કહેતે હૈં વિજયવિલાસ પેલેસ. ટીંગટોંગ!" આમિર પણ કયાં જાય તેવો હતો!?

એક જાણીતા ભવ્ય રાજમહેલના પાર્કિંગમા ગાડી ઊભી રહી. પાછળ બાવળિયાનાં ઝાંખરાં હતાં પણ મહેલનો બગીચો સમૃદ્ધ હતો. આંબા,





બોરસલ્લી, આસોપાલવ જેવાં લીલાં-ઘટાદાર વૃક્ષોની હારમાળા હતી. મંડળી ઉતરીને નજર ભરીને જોવા લાગી.

"કળાનું મિશ્રણ લાગે છે, નહિ? અમુક ભાગ આપણે તેરા-ભૂજમાં જોયા એ મહેલ જેવો દેશી છે ને અમુક પાછો જૂનાગઢના પેલા મકબરા જેવો!" વિલ્સને પકડ્યું.

"બરાબર, રાજપૂતી અને બાયઝેન્ટીન-અંગ્રેજી એમ બે-ત્રણ શૈલીનું મિશ્રણ થયું છે આ મહેલમાં. છેક વીસમી સદીમાં, લગભગ છેલ્લા કહી શકાય એવા રાજા વિજયરાજસિંહે બંધાવ્યો... પોતાના અંગત રિસોર્ટ તરીકે. એમના પુત્ર મદનસિંહજી કચ્છના છેલ્લા રાજવી. પરદેશમાં શિક્ષણ લીધું હતું. મોટેભાગે વિદેશમાં રહ્યા. આઝાદ ભારતમાં પોલેન્ડના એલચી હતા એ વાત ભૂજમાં જાણી. અહીં વચ્ચે વચ્ચે આવતા રહેતા, પેલી નાગપંચમની પૂજા પણ કરાવતા. અત્યારે એમનાં સંતાનો પણ છે, જે આ જ રીતે અવરજવર કરે છે."

"સાપ ગયા ને લિસોટા રિયા." કનુભાઇ ટહૂક્યા.

ટિકિટબારી પાસે બધા પહોંચતાં પહોંચતાં ચર્ચા કરતાં હતાં: "ઘણા બધા મહેલો હવે હોટલ - રિસોર્ટ-શૂટિંગ સાઇટ બની ગયાં, નહિ?"

"તે બનાવવા જ પડે ને? ધોળા હાથી જેવી ઇમારતો 'મેન્ટેન' શી રીતે થાય?"

"રાજકુટુંબો માટે ધીકતી આવક. ઘણી જગ્યાઓએ તો એ રાજાઓ જ મેનેજરનું કામ કરે છે."

"હેરિટેજના નામે હાલે ત્યાં સુધી હલામણ જેઠવો!"

"અલ્યા, આટલું સાર્વજનિક કર્યું છે તો આપડા જેવાને જોવા મળે છે, નહિ તો આપણે તો આવું બધું પિક્ચરો ને સિરિયલોમાં જ જોઇ લેવાનું ને!"

"એ બેન! મારી ટિકિટ નોં લેતાં હોં! નથ્ આવવું. જોયેલો છે. આમેય પથરા ઇ

પથરા. ઓલ્યા ખાડાના હોય કે આ મહેલના! જોઇને શું કાંદા કાઢવાના?'' કનુભાઇ બોલ્યા.

રચના પાછળ ચાલતી ચાલતી બધું સાંભળતી હતી. એણે અંદર જતાં પહેલાં પૂછ્યું- પહેલાં મને એ કહો, આવી સુંદર ઇમારત કોણે બાંધી?''

''વો રાજા વિજયરાજસિંહને!'' ... ''યાસ્મિન! હું પૂછું છું કોણે બાંધી?''

''શ્રમજીવી કારીગરોએ જ ને? કેડ તોડીને મજૂરોએ આ મોટા મોટા પથ્થરો ઉંચક્યાં હશે, સારવ્યા હશે, બારીક કોતરણી કરતાં ફેફસાં ફાડયાં હશે, આ ડિઝાઇનો કરતાં કેટલાં લોહીપાણી એક કર્યાં હશે? વર્ષોનાં વર્ષો, રાતદિવસના શ્રમ અને કારીગરીથી આ અહીં ઊભાં થયાં છે તે એમના હાથની કમાલ છે. આવી વાત પહેલાં પણ થઇ છે.... માટે મિત્રો! એ કલાકારો, કારીગરોને કદ્રદાનીની સલામ સાથે આ મહેલની મજા માણજો.''

મહેલ તો મહેલ હતો. મોંઘા મટિરિયલથી બનેલો અને મોંઘી ચીજવસ્તુઓથી સજાવેલો. ઉપલા મજલે ગયા તો દૂરનો દરિયો નજીક દેખાતો હતો. ''આ રિસોર્ટમાં પ્રાઇવેટ બીચ પણ છે ને ત્યાં સરસ રેસ્ટોરાં પણ છે. પ્રવાસનના પ્રતાપે!''

કંઇક સૌંદર્યબોધથી, કંઇક વિશ્લેષણપૂર્વક મહેલને જોતાં - વખાણતાં-ટકોરતાં ઉપરથી નીચે ઊતર્યા ત્યારે એક મોટું ટોળું એક ખૂણે રાખેલી તસ્વીરો જોતું હતું- લગાન, હમ દિલ દે ચૂકે સનમ... ને એવું બધું! ''ચાલો, રાજાઓએ અને બોલિવુડે ભેગા મળીને એક કામ તો કર્યું- અંગત વિલાસની મિલકતોને સરેઆમ દેખાડીને, ઇતિહાસને આપણી જિંદગીઓ સાથે તો જોડ્યો!''શેખરે કરેલી છેલ્લી કોમેન્ટ પછી ભાગ્યે જ કંઇ કહેવાનું રહે!

## વળી પાછાં દરિયે... સમી સાંજે

મહેલ જોયાની મિશ્ર લાગણી સાથે વળી પાછાં બસમાં બેઠાં.

''આજે દરિયાકિનારે સૂર્યાસ્ત જોવો છે ને? ચાલો...''





''અરે વાહ! મૌકા ભી હૈ- ઉસૂલ ભી હૈ- નેકી ઔર પૂછ પૂછ!'' પિક્ચરના ફોટા જોઇને આમિરભાઇ ગેલમાં હતાં.

''આ દરિયો, આ બીચ થોડાં વર્ષ પહેલાં એટલો નિરવ અને શાંત હતો કે અહીં ઊભાં ઊભાં વિજયવિલાસ દેખાતો હતો! માંડ એકાદ લીલાં નારિયેળવાળો ઊભો હોય. બાકી છૂટાં છવાયાં પ્રવાસીઓ, એકલદોકલ વિદેશી સહેલાણી આ ધ્યાનસ્થ કરી દે એવા બીચ ઉપર ફરતાં હોય. આજે આ જાણે મુંબઇની ચોપાટી બનવા જઇ રહ્યો છે.'' - રચના ક્યારેક ''પહેલાં કેવું સારું હતું'' - ના મૂડમાં જતી રહે! ''પણ એમાં ખોટું શું? લોકો મનોરંજન માટે હવે બહાર આવતાં થઇ ગયાં છે, મઝા કરવા પૈસા ખર્ચવામાં પાછું વાળીને જોતાં નથી અને ખર્ચી શકે એટલું કમાઇ લે છે એ પોઝિટિવ નથી?!'' ટેવવશ શેખરે નવા જમાનાને આવકાર્યો.

''એ... વો દેખો!'' યાસ્મિને ડૂબતા સૂરજના નારંગી ગોળાને જોઇને કિલકારી મારી... બધાં મંત્રમુગ્ધ, શાંત, આંખો ચકિત્ અને થોડી પળો સૂરજના ગોળો ચક્કર ચક્કર ફરતો જોવા મળ્યો અને પછી ગૂમ! કુદરતી પ્રક્રિયા જ હોય - રોજેરોજ લાખ્ખો વર્ષથી બનતી હોય પણ કોઇક ક્ષણે એની સુંદરતાથી રોજીંદા જીવનમાં અવનવા રંગ રેલાઇ જાય!



**દરિયાકિનારો - માંડવી**

મનભરીને સૂર્યાસ્ત માણ્યો, પેટભરીને પકોડી-નારિયેળપાણી ખાધાં અને મહાબંદર માંડવીના દરિયાકિનારાની વિદાય લઇ સૌ ઉતારે જવા નીકળ્યા. કચ્છના દરિયાનો ચસ્કો ઠીકઠીક લાગ્યો હતો!

★★★

## મુકામ - 16.

# મુન્દ્રા - ગઇ કાલે અને આજે!

માંડવીથી મુન્દ્રા જતાં, કચ્છના નવા વિકાસક્ષેત્રની વાત કરવી યોગ્ય લાગી એટલે સૌથી પહેલાં તો ખેતીવાડીની વાત કરી.

''કચ્છમાં રણ છે, ખનીજસંપત્તિ છે, ભૂકંપ વારંવાર થાય છે, બહુ પછાત પ્રદેશ છે... એવી વાતો બહુ ચાલે છે. વાતો ખોટી પણ નથી પણ એ અધૂરી વાતો છે - ખાસ કરીને છેલ્લાં ત્રણેક દાયકાથી આ બધું હોવા ઉપરાંત (ઇન સ્પાઇટ ઓફ) કચ્છની ખેતી બદલાઇ છે, વધી છે, બહેતર બની છે.'' આ વાત ચાલતી હતી ત્યારે તેની સાક્ષી પૂરતાં હોય તેમ, રસ્તા ઉપર બંને બાજુ આંબા, કેળ, ચીકુ, ખજૂર, જામફળ જેવાં ફળોની વાડીઓ નજર પહોંચે ત્યાં સુધી દેખાતી હતી. ફાર્મહાઉસ, આરોગ્યધામ, ગૌશાળા અને સુંદર રહેણાંક બંગલા અને સોસાયટીઓ દેખાયાં. વિવેકાનંદ ટ્રસ્ટ દ્વારા જાણે કચ્છની ભૂખરી ભોંયમાંથી રસ-કસ કાઢીને કચ્છને રસાળ બનાવવાનું અભિયાન છેડાયું હતું. પરિણામો સામે હતાં. ''પણ બહેન, આ બધો રોકડિયો પાક કહેવાય, કચ્છ ખાય છે એ બાજરો પકવે છે કે નહિ, આ નવા ખેડૂતો?'' શેખરે વાસ્તવિક વાત કાઢી.

''હા, આમ તારી વાત સાચી છે. વાડીઓ - સિંચાઇ - વગેરેમાં પ્રાયોરિટી રોકડિયા પાકને મળી છે. ફળ-ફળાદિની ધૂમ નિકાસ થાય છે. ટામેટાં પાકે છે તેથી સોસની ફેક્ટરીઓ જોવા મળશે, ફળને જાળવીને (પ્રિઝર્વેટીવ નાખીને) ડબ્બામાં ભરવાનો ઉદ્યોગ શરૂ થયો છે. મોટાપાયા ઉપર આવા 'ફટાફટિયા





ઉદ્યોગોમાં' સ્થાનિક લોકોને રોજગારી પણ મળતી થઇ છે. એ રીતે કચ્છનું ચિત્ર બદલવામાં આ સાહસોએ ફાળો આવ્યો છે.''

મુંદ્રા નજીક આવતું ગયું એટલે મિત્રોએ નોંધ્યું કે આ બંદર પરનાં ખારવા - ખલાસીઓ મોટે ભાગે મુસલમાન જ લાગે છે. પુરુષો પારંપરિક સલવાર-લાંબો ઝભ્ભો અને ટોપી-દાઢીમાં હતા, ખભા ફરતે ચોકડીદાર કે ફૂલદાર રંગીન રૂમાલો અચૂક જોવા મળ્યા. સ્ત્રીઓ ઘેરદાર ઇજાર(પાયજામા) અને લાંબા ફ્રોક પહેરેલી હતી. માથે દુપટ્ટો ખરો પણ હિજાબ-બુરખો નહિ.

''લાગે છે કે અહીં ધર્મના નામે અસુરક્ષા કે કટ્ટરતા નથી પેઠાં.'' વિલ્સને નોંધ્યું.

''મુંદ્રા જૂનું ને નાનું બંદર. હવે જે રીતે વિકાસ વધ્યો છે તે જોતાં જૂનું બંદર કદાચ બંધ પડશે. બાકી અહીંના વેપારી સંબંધો પાંચેક સદીથી મધ્યપૂર્વના દેશો સાથે સંકળાયેલાં છે. શાહજહાંના સમયમાં(17મી સદી) આ બંદરનો વિકાસ થયો. મુંદ્રાનું જૂનું લેખિત નામ 'ડૂમરો' મળે છે.

જેટી તરફ જવાના રસ્તે સરસ મજાનો મકબરો દેખાયો. આટલા મોટા કદની અને આવા રંગરૂપની ઇમારત કચ્છ-પ્રવાસમાં પહેલી જ વાર દેખાઇ. રચનાએ મંડળીને નીચે ઉતરીને 'બાબા શાહ મુરાદપીર- બુખારી'નો અનોખો મકબરો જોવા દોર્યા. આ અનોખું છતાં ઇસ્લામી સ્થાપત્ય હતું તેની એના ઘુમ્મટ- મિનારા-દરવાજા- કમાન અને ચોતરફ કરેલા નકશીકામ અને રંગીન કાચકામને કારણે સાબિતી મળતી હતી. અમદાવાદ કે ગુજરાત તરફની આ શૈલી નહોતી. કદાચ મધ્યપૂર્વની કે ઇરાનની હોઇ શકે? ધારણાઓ કરતાં સૌ અંદર પ્રવેશ્યા. વિશાળ પ્રાંગણમાં પુષ્કળ ખજૂરી અને લીમડાંનાં ઝાડ હતાં, આંબા-આંબલી હતાં. પરિસર ખૂબ રળિયામણો અને શાંત હતો. એક બુઝુર્ગ મૌલવી નજીક આવ્યા. તેમણે માથે ગોળ-મોટી ટોપી પહેરી હતી, શરીરે મોટો ઢળકતો ઝભ્ભો હતો, હાથમાં લીલા પારાની માળા ફેરવતા હતા. પૂછપરછ કરી, દુવાસલામ થઇ. મિત્રોએ શાહ બુખારી વિશે જાણકારી આપવા વિનંતી કરી. સસ્મિત ચહેરે મૌલવી સાહેબે જે વાર્તા કહી એ તો સરસ હતી જ પણ જે

મીઠી કચ્છી લહેંકાવાળી ગુજરાતી- શુદ્ધ ગુજરાતી ભાષામાં કહી એ મજાની બાબત નીકળી: ''બાબા શાહ મુરાદ પીર મૂળે ઇરાનના બુખારા નગરના અમીરજાદા હતા. પોતે નિષ્ઠાવાન મુસલમાન હતા પણ પોતાના વતન- ઇરાનમાં શિયાં-સુન્નીના ભેદભાવ અને કત્લેઆમ ચાલતાં હતાં તેનાથી ત્રાસીને વતન છોડી હજયાત્રા કરવા નીકળી પડ્યા. ઘરબારમાયામૂડી બધું છોડી દીધું હતું. અલગારી ફકીરની જેમ દેશદેશાવર ફરતા રહ્યા અને આજથી સાડાત્રણસો(350) વર્ષ પહેલાં, અહીં કચ્છમાં- આ દરિયે ઉતર્યાં. માંદાંને સાજાં કર્યાં- ગરીબ ગુરબાને રોટી આપી. મસ્તીમાં આવીને પોતે લોકોને ભેગાં કરતા. 'સૂફી પીર' તરીકે પ્રજાએ એમની નામના ફેલાવી. 17-18મી સદીના કચ્છના રાવ રાયધણજી શાહના દર્શન કરવા આવ્યાં અને મુરીદ (શિષ્ય) બની ગયા. સમય જતાં એવું પણ બન્યું કે પોતે ઇસ્લામ અંગીકાર કર્યો અને પોતાની રૈયત ઉપર પણ દબાણ કરતા કે કચ્છીઓ તમામ મુસલમાન બની જાય. દેશમાં(કચ્છમાં) બહુ અત્યાચારો ને અંધાધૂંધી ફેલાંયા. છેવટે શાહ બુખારીએ પોતે રાવને મનાવ્યા અને આવો આગ્રહ છોડી દેવા વિનંતી કરી. કચ્છની શાંતિ બરકરાર રહી અને કોમી એખલાસ વધુ મજબૂત બન્યો. થોડા સમય પછી શાહ બુખારીનું અવસાન થયું ત્યારે રાયધણજીએ જ આ મકબરો બંધાવ્યો. કહેવાય છે કે ઇરાનના ઉત્તમ શિલ્પીઓને બોલાવીને, કચ્છના કારીગરોને એમની સાથે તાલીમ અપાવીને, સહયોગથી આ ઇમારત બંધાવી હતી. એખલાસનું વળી ઔર પ્રમાણ છે આ સમન્વયની શૈલી.''

ઇમામસાહેબે કથા સમેટી, મંડળીને મકબરાની અંદર લઇ ગયા. ચાંદીના દરવાજાની અંદર, સોનાના કલાત્મક કઠેડા(રેલિંગ), લાંબી તુરબત પર કિંમતી ચાદર ચડેલી હતી. ઉપર રંગીન હાંડી-ઝુમ્મર હતાં. કાચનું નકશી કામ સોનાચાંદી સાથે ભેળવીને બેનમૂન કારીગરી અંકિત કરી હતી. ઇમામ સાહેબે બહેનોને માથું ઢાંકીને કઠેડાની બહાર જ ઊભી રાખી, ભાઇઓને માથું ઢાંકીને અંદર લઇ ગયા. થોડી પળો લોબાનની ખુશ્બૂ સાથે સૂફી ભક્તિનો સ્પર્શ માણીને મંડળી બહાર આવી. ઇમામસાહેબનો આભાર માની શાહ બુખારીના મકબરાની વિદાય લીધી.




મકબરેથી જેટી સુધી જતાં ખારેકની એટલી બધી વાડીઓ જોઇ કે જાણે ખારેકનું વન! એની મિઠાઇઓ- મુખવાસ અને ફળાહાર તરીકે આપણે ત્યાં થોડી પણ મધ્યપૂર્વના દેશોમાં અને ગ્રીસ સુધી એ ટેસથી ખવાય છે એટલે જ અહીંથી ટનબંધી ખારેક પરદેશ ચડે છે. જેટી પહોંચતાં જ એનો પુરાવો મળી ગયો. ટનબંધી કહેવાય કે એથીયે વધારે- કોથળા, ભરીભરીને મુંદ્રાની જેટી ઉપર ખારેક પડી હતીઃ સફર માટે તૈયાર. ટોળાને અંદર આવતું જોઇને જેટીના ઇન્ચાર્જ ઓફિસરે કેબીનમાંથી આવીને ડોકિયું કર્યું - જરાક પ્રાથમિક પૂછતાછ કરી પાછા ગયા. જેટી પર પડેલા માલની રખેવાળી કરતા, દૂર નાંગરેલા મોટા વહાણ તરફ જોઇ રહેલા કેટલાક પ્રૌઢ-વૃદ્ધ ખારવાઓએ મંડળીને દુઆ-સલામ કરી. ખારેકના એક્સ્પોર્ટ (નિકાસ)ની વાતો કરી. મંડળીના પ્રવાસ વિશે જાણકારી મેળવી. નવા પ્રકારનું છતાં સુષુપ્ત વાતાવરણ હતું. થોડી પળો મુંદ્રાની ખાડી જોઇ રહ્યાં- પિંગળેશ્વર કે માંડવી જેવો મોકળો દરિયો કે રૂપાળો દરિયાકાંઠો નહોતો. બસ, દરિયો છે એવું માની લેવાનું. એક બુઝુર્ગ ખલાસી આવ્યા, જેટી પર પડેલા બે'ક કોથળા લાંબા ચાકુથી ચીર્યા. અંદરથી ખારેક અને ઇલાયચી કાઢી કાઢીને, મુઠ્ઠી ભરી ભરીને દરેકના હાથમાં મૂકી. બધાં ખુશ ખુશ.મિત્રોએ - રચનાએ થોડી આનાકાની કરી એટલે કહે- ''આંયાથી માલ ચઢવાનો. દેસાવરનું લોક બુકડે બુકડે ખાસે તો અમારા અમદાવાદી મેમાનો માટે તો થોડું દેવું જ પડે નાં?'' મીઠા હાસ્ય સાથે મીઠો મેવો લઇ, મંડળીએ મુંદ્રાની જૂની જેટીની વિદાય લીધી. મોંમાં ખારેક મૂકી તો ઓગળી ગઇ; પણ શું મીઠી- શું મીઠી! જાણે હવે પછીનું બધું જ કડવું!

''મુંદ્રા હવે દેશના ને કદાચ દુનિયાના નક્શા ઉપર નવી ભાત પકડવાનું છે. છેલ્લા દાયકા-બે દાયકામાં વિકાસના નામે દરિયા કિનારાને નાથવાનો અને પાણીમાંથી ઊર્જા / વીજળી પેદા કરીને થર્મલ પાવર પ્લાન્ટ (ઊર્જા મથક) સ્થાપવાની જે હિલચાલ શરૂ થઇ છે તેને માટે ઉદ્યોગપતિઓએ કચ્છ ઉપર કળશ ઢોળ્યો છે. કંડલા ને મુંદ્રાની વચ્ચે દેશના બે મહારથી ઉદ્યોગપતિઓએ પાવર પ્લાન્ટ નાખ્યા છે'' રચનાએ જણાવ્યું. ''ઊર્જા મળે એ તો સારું છે પણ એનો ઉપયોગ ક્યાં થશે?'' વિલ્સનને પ્રશ્ન થયો.

"નાગરિકોના ભલા માટે કે પછી મૂડીવાદનો નવો યુગ શરૂ કરવા માટે?" શેખરે વધુ વિસ્તાર કર્યો.

"તમારા બંનેના પ્રશ્નો સાચા છે - આ જ પ્રશ્નો અને જવાબોની ધારણા સાથે કેટલાંક માનવ-અધિકાર માટે લડનારાં કર્મશીલોએ આ પ્લાન્ટ સામે વિરોધ ઊઠવ્યો છે. ખાસ તો નાના માછીમારોની રોજગારીનો પ્રશ્ન પ્રાથમિકતા ઉપર છે."

"પ્લાન્ટ ઔર મછુઆરોંકી રોજગારી કે બીચ ક્યા રિશ્તા?" હમીદ ગૂંચવાયો.

"આ કાંઠે ત્રગડી, તૂણા જેવાં નાનાં બંદરો આવેલાં છે, જે વધારે તો મચ્છીમારીનાં મથક તરીકે વપરાય છે. ત્યાંના લોકો નાનાં વહાણ કે હોડકાં લઈને માછલી પકડવા જાય. આ જ દરિયા કિનારા ઉપર એમાંના એક ઉદ્યોગગૃહે SEZ બનાવ્યો છે પરિણામે દરિયે જવાનો રસ્તો પોતાના કબ્જામાં રાખીને બીજાંની અવરજવર ઉપર પ્રતિબંધ કરેલો છે. ઉપરાંત પાણી બાંધી દીધું એટલે માછલાં દૂર ગયાં, મરી ગયાં કે અમુક જાતો જ લુપ્ત થઈ ગઈ. પરિણામે પગડિયા માછીમારોનો ધંધો ભાંગી પડવાના આરે છે."

"પર જબ કુછ નયા હોતા હૈ તબ પુરાને કો જગહ તો દેની પડતી હૈ ના?" આમિરે કહ્યું. "હા પણ હંમેશા નવું શરૂ કરતાં પહેલાં પેલી પારંપરિક પરિસ્થિતિનું શું કરવું તે વિચારવું પડે. વળી એની સાથે જીવતાં માણસો સંકળાયેલાં છે, એમની જિંદગીનું શું?"

"બહેન, હવે તો આવી મોટી, ઈન્ટરનેશનલ કંપનીઓ આવા વિસ્થાપિતોને વૈકલ્પિક રોજગારી આપે છે, એને માટે તાલીમો પણ આપે છે. પણ પરંપરાથી ટેવાયેલાંઓ અને જૂની ઘરેડમાં જીવનારાઓ એકદમ અસલામતીનાં માર્યા પોઝિટિવ વિકલ્પો વિશે બારણાં જ બંધ રાખે છે, તેનું શું?" શેખરે તર્કબદ્ધ દલીલ કરી. "પારંપરિક ધંધો તૂટે એટલે ભયંકર અસલામતી જાગે; નવું સમજાતું ન હોય અને જૂનું હાથમાંથી જવા બેઠું હોય એનું ટેન્શન / તનાવ અનુભવાય, પરિણામે મોટાપાયા પરનાં





સ્થળાંતરો અને ધીમું મોત! આપણે નર્મદા / સરદાર સરોવર ડેમ જોવા જઈશું ત્યારે આ વાત થવાની જ છે."

"પણ બેન, કંપની અને સરકાર- બંનેની ફરજ નથી કે આ લોકોને સ્થળાંતર જ ન કરવું પડે એવી સ્થિતિ પેદા કરે?" વંદનાએ પૂછ્યું. "શોષિતોનું વધારે શોષણ કરવાનો સહેલો રસ્તો તે સ્થળાંતર. કંપનીઓ લોભની મારી આવું શોષણ કરતી રહે છે અને સરકારો કંપનીઓને થાબડવા આ શોષણ સામે કંઈ પગલાં નથી લેતી - આ કે તે... સરકારને મૂડીદારોની જરૂરત પડે જ છે. શોષણ, સ્થળાંતર બહુ મોટા પ્રમાણમાં ચાલુ રહે તો આખી સંસ્કૃતિ - સભ્યતા ખતમ થઈ જાય. અમેરિકાના મૂળવાસીઓ - જેમને રેડ ઇંડિયન કહે છે તેમની સાથે આવું જ બન્યું - આખી પ્રજાતિ જ ખલ્લાસ થઈ ગઈ! એ જ રીતે બની શકે કે આવતી કાલની પેઢીને કચ્છમાં પગડિયા પ્રથા વિશે કશી જ ખબર ન હોય કેમ કે આખી પદ્ધતિ જ બચવા નહિ પામી હોય?"

"એ વિસ્તાર આપણે જોવાનાં, બહેન?" મીનાનો રોજિંદો પ્રશ્ન!

"ના, ના... ત્યાં પેલી બંને કંપનીઓના 4 + 2 = 6 મોટાં ભૂંગળાં સિવાય કંઈ જોવા જેવું નથી ને વળી દરિયા કિનારે જવા તો કંપની સરકારની પરમિશન લેવી પડે !"

## ભદ્રેશ્વર અને...

બસ એ જ રસ્તે, લગભગ એ જ નવા ઔદ્યોગિક વાતાવરણમાં આગળ જઈ રહી હતી. એક બિસ્માર ગામ કહો તો તે અને નગર કહો તો તે... દૂરથી દેખાઈ રહ્યું હતું. બાવળનાં ઝાંખરાં, પ્લાસ્ટિકનાં ચીંથરાં અને ગંદકીભર્યા વિસ્તારની પાછળથી કંઈક નવાં- કંઈક ભાંગેલાં મકાનો દેખાયાં. રચનાએ મિત્રોનું ધ્યાન ખેંચ્યું - યાદ છે... આપણે પોરબંદરથી દ્વારકા જતાં હર્ષદ કે હરસિદ્ધ માતાનાં મંદિર આગળ રોકાયાં હતાં?"

"હા, હા, પેલું લોહચુંબક ખડકવાળું મંદિરને? પેલા જગડૂશાહે નીચે મંદિર બનાવડાવીને માતાજીને નીચે ઊતરવા કહ્યું - એ વારતાવાળું મંદિર ને?"

"હા, એ જ! એ જગડૂશાહે અહીં 'વસહી' નામે બાવન (52) દેરાસર બંધાવ્યાં અને આ ગામ તે ભદ્રેશ્વર. અહીં પણ પેલા ઉદ્યોગગૃહો જેવી જ એક બીજી મોટી કંપનીએ પાવરપ્લાન્ટ શરૂ કરાવેલો. અહીં પણ દરિયાકાંઠો છે. ત્યાં ખાડી આગળ ચેરિયાંની ઝાડીઓ છે જે વિસ્તારનું પર્યાવરણ જાળવવામાં, દરિયાના ખારને વધતો રોકવામાં બહુ સહાયભૂત થાય છે.બધી કંપનીઓએ એ ઝાડીનો સોથ વાળી દીધો અને પ્લાન્ટનું બાંધકામ શરૂ થયું. પણ અહીં પણ પેલા માનવ-અધિકાર કર્મશીલોના આંદોલનને સફળતા મળી. પ્લાન્ટ તો બંધ થયો. પણ પેલાં ચેરિયાંનું શું થયું જાણો છો?" મિત્રો થોડા ઉત્સુકતાથી જોઇ રહ્યાં. "પર્યાવરણ કર્મશીલોએ સરકારમાં આ નુકસાનની રજૂઆત કરી ત્યારે કંપની પાસે જવાબ માંગવામાં આવ્યો. કંપનીએ ક્યાંક બીજે વૃક્ષો વાવી કોમ્પન્સીએટ (વળતર) કર્યાનું કાગળકામ(પેપરવર્ક) કરી બતાડ્યું ને સરકારે એ માન્ય પણ રાખ્યું. કચ્છના દરિયાકાંઠાને આવી છેતરપિંડીનો ભોગ બનવું પડે છે ત્યારે વિચાર આવે છે કે કેટલી સમૃદ્ધિ, આ કાંઠે લોકહિતના ભોગે વધતી રહી છે... આજે આ કંપનીઓ અને સરકારો કઇ દિશામાં જઇ રહ્યાં છે એ સમજાતું નથી. આપણા પ્રવાસમાં આ પણ એક વિચારવા લાયક મુદ્દો છે."

"મને તો એક જ સૂત્ર સૂઝે છે; કહું? - વાહ રે કંપની- વાહ રે સરકાર!" બાદલ.

"ના બાદલ, હું એને કંઇક આમ સુધારું- વાહ રે વાહ! કંપની સરકાર!" શેખર.

દૂરથી દેરાસરની ધજાઓ વગેરે દેખાવા લાગ્યું. મીનાએ જવાનું મન પણ કર્યું, ત્યારે રચનાએ કહ્યું- "સાતસો વર્ષ જૂનાં આ દેરાસરો વારંવાર જિર્ણોદ્ધાર પામ્યાં હશે. કચ્છના ભૂકંપોએ વારંવાર ધમરોળ્યાં છે. છેલ્લે 2001ના ભૂકંપ પછી અહીં આવવાનું થયું નથી પણ સાંભળ્યું છે કે હવે પહેલાં જેવી શોભા રહી નથી. અને આપણે ઘણાં બધાં જૈન તીર્થો જોયાં છે; અહીં એથી વિશેષ કે તેરા જેવું નવતર કંઇ નથી."





બસ જરાક આગળ વધી કે રંગબેરંગી ઘુમ્મટ-મિનાર દેખાયાં. યાસ્મિન બોલી ઊઠી- એ, દેખો દેખો- વો મસ્જિદ! તેરા જૈસી હી હૈ, રંગબિરંગી ઔર છોટી છોટી."

"હા, એ બહુ વિખ્યાત મસ્જિદ છે, ખીમલી મસ્જિદ.આ પણ પેલા જગડૂશાહે બંધાવેલી."

"અરે, જૈન હો કે મસ્જિદ બનવાઇ? અજીબ બાત હૈ!"

"આ જરા સમજવા જેવું છે. કચ્છમાં દરિયાકાંઠાની સંસ્કૃતિ છે. વેપારી-સોદાગરોનું વર્ચસ્વ રહ્યું છે. દેશવિદેશના મુસાફરો, વેપારીઓની અવરજવર અને સ્થાયી-અસ્થાયી વસવાટને કારણે પરસ્પર સ્વીકાર અને અહિષ્ણુતા આપમેળે કેળવાઇ. આરબ, ઇરાની વેપારીઓ, મુસાફરોની અહીં અવરજવર હશે. જગડૂશા દાનેશ્વરી. ધર્માદો કરવો સ્વાભાવિક. ખરેખર તો મૂડીવાદ માટે જાતિ કે ધર્મ મહત્વનાં નથી. પછી એ આધુનિક મૂડીવાદ હોય કે તે સમયનો મધ્યકાલીન મૂડીવાદ - પૂર્વઆધુનિક મૂડીવાદ. ગુજરાતના આ મધ્યકાલીન જૈન-મુસ્લિમ સહકારે ગુજરાતને ત્યારથી જ વૈશ્વિકસ્તરનું સમૃદ્ધ સ્થળ બનાવીને આ સહિષ્ણુતા સાબિત કરી દેખાડી છે. ખીમલી મસ્જિદ આનું મહત્વનું ઉદાહરણ કહેવાય."

"ઔરંગઝેબ પણ કચ્છના રાવનો મિત્ર હતો... ખરું?"

"અમદાવાદ-સૂરતના જૈનો વિશે વાત કરીશું ત્યારે વધારે વિગતે વાત કરીશું.પણ કચ્છનો આ આર્થિક સહકાર કોમી સંવાદિતાનું મુખ્ય કારણ બન્યો એમ કહેવાય. દરિયાકિનારાએ આ પાઠ ભણાવ્યા છે, દોસ્તો! 'દરિયાદિલી' રૂઢિપ્રયોગ કંઇ એમનેમ નથી બન્યો!"

★★★

## મુકામ - 17.

# અંજાર

## કચ્છનું રૂડું શહેર... આ?

ખારેક અને કેળાંની વાડીઓ વટાવતી બસ છેવટે અંજાર પહોંચી. પાટિયાં વાંચતાંની સાથે વંદનાના કંઠથી લોકગીત વહી નીકળ્યું...

''કચ્છમાં અંજાર રૂડાં શહેર છે હો જી રે!'' મંડળી પણ સાથે ડોલી ઊઠી.

''વાહ વંદના, ક્યા બાત હૈ! અને યે અંજાર ક્યા અંજીર સે ઉતર આયા હોગા?''

''આમિર, હમેશા ખાને કી મત સોચ; કુછ ઔર ભી ઇતિહાસ હોતા હૈગા!'' યાસ્મિન.

''ક્યોં યહાં ખારેક હૈ તો અંજીર ભી હો સકતે હૈં ના?! ઓ.કે.બેન! ઔર ક્યા ઇતિહાસ હૈગા?!'' આમિરે યાસ્મિનના ચાળા પાડ્યાં.

''હા ભાઇ! અંજીર નહિ પણ અજયપાળ નામના ચૌહાણ વંશના રાજપૂત રાજાએ હજારેક વર્ષ પહેલાં વસાવેલું આ શહેર છે. પણ કંઇક સમયના મારથી અને વારંવારના ભૂકંપથી ભાંગી ભાંગીને પાછું ઊભું થતું આ શહેર છે. 1954ના ભયાનક ભૂકંપમાંથી માંડ બેઠું થયું હતું ત્યાં 2001ના ભૂકંપે ફરી ભોંયભેગું કર્યું. એના પહેલાં 1819ના ભૂકંપમાં પણ સૌથી વધુ અસર અંજારને





જ થઇ હતી. 2001માં પેલી શાળાનાં બાળકોવાળો કિસ્સો તો કાળજું કાંપી ઉઠે એવો હતો. વારંવાર બેઠું તો થયું આ શહેર પણ દરવખત નવા કલેવરે! જૂનું જે કંઇ હતું તે ધીમેધીમે ખતમ થયું ને નવું જો કે ઊભું તો થાય છે પણ શહેરની કક્ષા ઉપર નથી ઉઠવા પામી. વંદનાએ ગાયું તે રૂડું શહેર અત્યારે તો ભૂતકાળ બની ગયું છે!'' રચનાની વાતને ટેકો આપતું હોય એમ અર્ધબિસ્માર શહેર લંબાતું જતું હતું. કાટમાળના ઢગલા હજી ઠેરઠેર પડેલા હતા. ''આ શહેર પહેલાં ખૂબ સુંદર ઇમારતોનું શહેર કહેવાતું. કચ્છના અંગ્રેજ અધિકારી કર્નલ મેકમર્ડો અહીં રહેતા હતા. એમણે કચ્છનો વહીવટી ઇતિહાસ લખ્યો છે. પોતે કલાપારખુ હતા. એમનો બંગલો એની શૈલી માટે તો જાણીતો હતો પણ જગવિખ્યાત બનેલો એમાં કરાવેલાં પેલાં કમાંગરી ભીંતચિત્રો અને છતચિત્રોથી. એમાં કચ્છી કારીગરોને ઉત્તેજન આપવાનું કામ તો એમણે કર્યું જ હતું પણ કચ્છની કલા સંસ્કૃતિની કદર પણ હતી. એમાં રામ-સીતા, રામલીલા, કૃષ્ણલીલા જેવા ચિત્રો હતાં જે હિંદુ-મુસલમાન ચિત્રકારોએ બનાવ્યાં હતાં. મને પણ એ ચિત્રો જોવાનો લ્હાવો મળેલો. ત્યારે પણ એ બંગલો પડતર હાલતમાં જ હતો પણ 2001ના ભૂકંપમાં તો પડીને સાવ પાધર થઇ ગયો.'' મંડળી સાંભળતી રહી, મનોમન મિશ્ર પ્રતિભાવો સાથે.

''બેન, આપડે તો જેસલ-તોરલ જવાનું છે ને?'' કનુભાઇએ પાછું વળીને પૂછ્યું. ને સંમતિ મળતાં ઊભી બજારે બસ હંકારી. દુકાનો ખુલતી જતી હતી. સૂડી, છરી, ચપ્પાં, તલવાર, ખંજર, લોઢાં-પિત્તળનાં સુશોભનો લટકતાં'તાં. બાંધણી-સાડીઓ, ડ્રેસ, સલવાર-દુપટ્ટા લટકતાં હતાં, અજરખ ને બાટિકની લુંગીઓ દેખાતી હતી. ''આ અજરખ, છાપકામ, બાટિકકામ... કચ્છની આગવી કાપડકળા છે. હવે તો દુનિયાભરમાં પ્રખ્યાત થવા લાગી છે.''

''આપણે ખરીદી નહિ કરવાની?'' મીનાએ વીલા મોંઢે પૂછ્યું ત્યારે એણે જાણે ચારેય છોકરીઓનાં મનની વાત કરી!

''ખરીદીશું, પણ ઠેરઠેર ફરીને ટાઇમ બગાડવો ના પડે એવી એક જ જગ્યાએથી ખરીદી કરીશું અને તે પણ છેલ્લા દિવસે, જેથી સામાન સાચવવો ના પડે. રાઇટ્?''

"રાઈટ!" સૌ રંગમાં આવી ગયાં. ગાડી અટકી. સામે પ્રમાણમાં પ્રભાવહીન દેખાતું, મધ્યમથીયે નાની કક્ષાનું મંદિર હતું. સામે હજી કાટમાળ ભરેલો ચોક હતો. કનુભાઈએ એનાઉન્સ કર્યું : "આ આવી ગઈ જેસલ-તોરલ ની સમાધિ." મંડળી ઊતરી. મંદિરમાં ભક્તો ઓછા અને બાવા-સાધુ વધારે હતાં. સદાવ્રતનો સમય થઈ ગયો હતો. અહીં પણ ભિક્ષુકોની હરોળને વટાવીને સમાધિસ્થળે પહોંચવું પડ્યું. જ્યાં બે સમાધિઓ હતી. જેસલ પીર અને સતી તોરલનાં ચિત્રો હતાં. દીવાલો ઉપર સાંસતિયો કાઠી, સધીર વેપારી અને બીજા જતી-સતીના ચમત્કારોનાં ચિત્રો હતાં. જગ્યા સાંકડી અને સાદી હતી. રચનાને કહેવાનું મન તો થયું કે એણે તો અગાઉનાં વર્ષોમાં ખૂબ મોટું ધામ પણ જોયેલું, પછીનાં વર્ષોમાં મધ્યમ કક્ષાનું પણ જોયેલું; 2001પછીનું આ 'દહેરું' આ બંને પ્રેમભક્તિનાં સંતોને સહેજે ન્યાય કરતું નથી... પણ એણે મન વાળી લીધું - કચ્છમાં ડગલે ને પગલે, આનો આ અનુભવ રહેવાનો... વારંવાર લાગણીભીના થવામાં મૂર્ખતા નહિ તો બીજું શું?

એ પળવાર આ વિચારે ચડી હતી એટલામાં તો કનુભાઈએ દોર પોતાના હાથમાં લઈ લીધો હતો. અમુક વાર્તા તો ગુજરાતી ફિલ્મોના પ્રતાપે મંડળીને માલુમ હતી. એમાં કનુભાઈએ છેલ્લે છેલ્લે એ પણ કહ્યું કે "તસુ તસુ ખસતી આ જેસલ-તોરલની સમાધિયું એક-બીજાને ટચ્ કરશે તે દિ- પૃથ્વીનો પ્રલ્લૈ થાવાનો ઈ નક્કી!"

"ઐસા ક્યોં?" યાસ્મિનના પ્રશ્નનો એમની પાસે જવાબ નહોતો. શેખરે ટેવવશ કહ્યું-

"યાસ્મિન, એનું કોઈ લોજીક ના હોય. દંતકથા છે. ચમત્કાર છે. બસ!"

"હા... તે? ચમત્કાર વનાનો ધરમ નહિ! હું તો કે'દિનો કઉં છું કૃ નંઈ?!" કનુભાઈએ પૂરું કર્યું.સૌ આજુબાજુ જોતાં બહાર નીકળ્યા.

ધીરજ જરાક ગંભીર થઈને બોલ્યો- "જે હોય તે. પણ આ દંતકથા એટલું તો સાબિત કરે જ છે કે સાચા દિલથી પસ્તાવો કરો તો ગમે તેવો પાપી પણ પીર







**જેસલ-તોરલની સમાધિ**

બની શકે." હમિદે ઉમેર્યું- "ઔર નહિ તો ક્યા? હમને શિલાખેખ દેખા તબ સમ્રાટ અશોક કે બારે મેં જાના થા ના કિ કૈસા ઉસે કલિંગબોધ હુઆ ઔર કૈસે વહ 'ચંડ અશોક' સે 'પ્રિયદર્શી' અશોક બના!"

"કાશ, ઐસા પછતાવા હમારે નેતાઓં કો ભી હોતા... જીનકે હાથ કઈ બેગુનાહો કે ખૂન સે રંગે હૈં!" પરવીને નિસાસો નાખ્યો.

"ના રે! ઉમ્મીદ ખોટી! આપણી તો હાથીદાંત સંસ્કૃતિ છે- દેખાડવાના અને ચાવવાના જુદા!" શેખર.

"લોગોં કે લિયે 'ખૂશ્બૂ ગુજરાત કી' બિખેરનેવાલે કે લિયે અપના તો એક હી ગાના હૈ - ખૂન કી બદબૂ નહીં મિટતી- નહીં મિટતી!" આમિર કંઈક આક્રોશથી ગાઈ ઊઠ્યો.

★★★

**મુકામ - 18.**

# મહાબંદર કંડલા

"આપણે હવે મહાબંદર કંડલા જોવા જઇએ છીએ. સ્પેશ્યલ ઇકોનોમિક ઝોન (SEZ) હોવાથી, અંદર જવાની પૂર્વમંજૂરી લેવી પડે છે, એની વ્યવસ્થા પણ થઇ ગઇ છે... માટે ચાલો, હો જાઓ તૈયાર."

રચનાના એલાને જાણે વીજઝબકાર થયો. થોડી સુસ્ત બનેલી મંડળી પાછી ચાર્જ-અપ થઇ ગઇ. રચનાએ થોડી પૂર્વભૂમિકા આપવા માંડીઃ

"પશ્ચિમ ભારતનું મહાબંદર ગણાયેલું કંડલા પહેલું 'ફ્રી ટ્રેડ ઝોન' બન્યું હતું. આજે SEZની પરિકલ્પનાનું એ પ્રાથમિક રૂપ હતું.કહેવાયું છે કે કરાંચી જેવું સમૃદ્ધ અને સક્રિય બંદર પાકિસ્તાનમાં ગયું તેની ખોટ પૂરવા કંડલાનો વિકાસ કરવામાં આવ્યો છે. જો કે રશબ્રૂક વિલિયમ્સ નામના અંગ્રેજ અધિકારીએ જે ઇતિહાસ લખ્યો છે તે કંઇક અલગ કહે છેઃ 1903થી 1936 દરમ્યાન કચ્છમાં રાવ ખેંગારજીએ શાસન કર્યું. પોતે દેશમાં ઉચ્ચ શિક્ષણ મેળવ્યું હતું. અનેક વિદેશ-પ્રવાસો પણ કરેલા. લંડનનું ઔદ્યોગિકીકરણ અને બંદરવિકાસનો એમણે રસપૂર્વક અભ્યાસ કરેલો. કચ્છનું કંડલા ભૌગોલિક રીતે એમને વિકાસ કરવા માટે આદર્શ બંદર લાગ્યું હતું. કંડલાનો દરિયો ખાંચવાળો છે - ખુલ્લો પ્રવાહ નથી.ત્યાં ઘણાં વહાણ ઊભાં રાખી શકાય એવી કુદરતી સ્થિતિ જોતાં કંડલા એમને સુયોગ્ય લાગતાં, બ્રિટીશ સરકાર અને સલાહકારોની મદદથી વિકાસ-કાર્ય શરૂ કરાવેલું. અનેક વિપરીત સંજોગોને કારણે કામ ધીમી ગતિએ





ચાલ્યું. શાસકો પણ બદલાયા. પાકિસ્તાન તો પછી બન્યું. નહેરૂ અને સરદારે છેવટે કંડલાને સંપૂર્ણ વિકસિત બંદર બનાવ્યું. બંદરના મુક્ત બજારમાં નાના મોટા ઉદ્યોગો સ્થપાયા અને સ્થપાતા રહે છે. કંડલા સાથે ગાંધીધામ રેલ્વેમાર્ગે જોડાયુ  ઇફ્કો, જીઆઇડીસી, જીએફડીસી, આઇઓસી અને નમક તેમ જ અન્ય કેમિકલ્સના કારખાનાં પણ નંખાયા. આખો વિસ્તાર આજે છ દાયકાથી દેશનો ધમધમતો ઔદ્યોગિક વિસ્તાર બન્યો છે."

રસ્તા ઉપર સેંકડો જબરી ટ્રકો-ટ્રોલી જોવાં મળ્યાં. પેટ્રોલની ટાંકીઓ, ભારે સમાન, મોટરકાર, સ્કૂટર વગેરે વાહનોથી ભરેલા એ ટ્રાફિકની વણઝાર સાથે મંડળીનો કાફલો પણ કંડલા પહોંચ્યો.

પાસે પૂર્વમંજૂરી હતી એટલે ગેટ ઉપરથી જ એક-બે જાણકાર ગાઇડભાઇઓ સામે આવ્યા અને આવકાર આપીને, જેટીના લંબા પહોળા માર્ગે દોરી ગયા. મંડળીએ દરિયો જોયો; તરંગહીન-સ્થિર-લગભગ બંધિયાર લાગે તેવો! "હાયલ્લા! કૈસા સમંદર હૈ?" યાસ્મિને થોડા અણગમાનો ઉદ્ગાર કાઢયો. રચનાએ કહ્યું- આ સ્થિરતા પેલી ખાંચને કારણે છે અને આ જ અહીંની ખાસ વ્યૂહ રચના (સ્ટ્રેટેજી) છે." ગાઇડ સમજાવતા જતાં હતાં. "અહીં કુલ પાંચ(5) મોટા જહાજ / સ્ટીમરો ઊભા રહી શકે છે. આ બંદરે કાર્ગો (માલવાહક) જ આવે; પેસેન્જરશીપ ન આવે. કાર્ગોમાં માલ ચઢાવવાની અને ઉતારવાની પાળી (શિફ્ટ) અલગ અલગ હોય. તમે રસ્તામાં ટ્રક, ટ્રેલર વગેરે જોયાં હશે. અહીંથી ગાંધીધામ સ્ટેશન સુધી



કાર્ગો (માલવાહક જહાજ)

માલને રોડ રસ્તે મોકલાય; પછી ગાંધીધામથી દેશભરમાં રેલ્વે દ્વારા વહેપાર ચાલે.''

જેટીનો 'ઇન્ટરનલ સેક્શન' આવ્યો. કડક સિક્યોરિટી પસાર કરીને મિત્રો આગળ વધ્યાં. ત્રણેક સ્ટીમર ઉપર માલ ચડાવાવામાં આવી રહ્યો હતો. આજે માલ ચડાવવાની 'શિફ્ટ' હતી. મોટાં મોટાં કન્ટેનરો જેટી ઉપર ખડકાયેલાં. જબરાજબરા ક્રેન દ્વારા એને સ્ટીમરમાં મૂકવામાં આવતાં હતાં. એની ઊંચાઇ-એનો ભાર તોળાતો જોઇને મીના બોલી પડીઃ ''આયહાય, આવડું આ છટકે તો?'' ''તો તારી સમાધિ કંડલા જેટી ઉપર!'' બાદલે ખિજવી.



કંડલા જેટી

યાસ્મિને પૂછયુંઃ ''હમ સ્ટીમર દેખેંગેં?''

''ઓફકોર્સ!'' ગાઈડે કહ્યું અને આંગળી ચિંધીને એક સ્ટીમરની બહાર લટકતી જાડા દોરડાની નિસરણી બતાવી. થોડાંક ડરતાં, થોડાંક મોજથી, થોડાંક થ્રિલ સાથે ઉપર ચઢી ગયાં! જો કે પરવીનની ઊંચી એડીની ચંપલે એને દગો દઇને દરિયો વહાલો કર્યો!

સૌથી પહેલાં તો સ્ટીમરનું ઊંડાણ અને ઊંચાઇ જોઇને છક્ક થઇ ગયેલાં મિત્રો આંખો પહોળી કરીને આમતેમ જોતાં રહ્યાં - અવાક્! એક નાનું ગામ જ જોઇ લ્યો! ધમધમાટ પ્રવૃત્તિઓ ચાલતી હતી. કન્ટેનરના થપ્પેથપ્પા વહાણના 'ભોંયરા'માં ઠલવાયે જતાં હતા. બીજા ભોંયરા / ભોંયતળિયામાં કુશ્કી(અનાજનાં છોતરાં) ઠાંસોઠાંસ ભરેલી. કન્ટેનરમાં દાળ-મગ વગેરે કઠોળ હતું. બીજો આખો વિભાગ ઘઉંથી ભરેલાં કન્ટેનરોનો હતો. ''આ





સ્ટીમર જાપાન જશે. આપણે જાપાનને અનાજ એક્સપોર્ટ કરીએ છીએ.'' ''... હઅઅ, એટલે... ચોખા સિવાય બધું જ છે!'' ધીરજે કહ્યું.

અંદર દોડાદોડી કરતા કામદારોના હોકારા-પડકારા અને ગરગડીવાળાં મશીનોની ઘરઘરાટી વચ્ચે ગાઇડનો અવાજ માંડ માંડ સંભળાતો હતો. આમ તો સ્ટીમર 24 કલાક પછી ઉપડવાની હતી પણ ટેસ્ટીંગ માટે અને હવામાનની સપાટી જાળવવા માટે બધા પંખા ચાલુ કરી દીધા હતા. દોડધામ - બફારો અને જબ્બર ઘોંઘાટ. પગ નીચે સ્ટીમરની ભોંય કાળી, ચીકટવાળી... પકડી પકડીને ચાલવું પડે એવી લપસણી હતી. કેબિન તરફ પહોંચ્યાં - સુકાન, હોકાયંત્ર, અસંખ્ય ઘડિયાળો, કંમ્પ્યૂટરાઈઝ્ડ સિસ્ટમ-જે સ્ટિમરનું નિયંત્રણ કરતી હોય છે. આજ સુધી ફિલ્મો અને ટી.વી.માં જોયેલી દુનિયા નજર સામે સાકાર થતી હતી, હાથથી સ્પર્શી શકાતી હતી, સૂંઘી શકાતી હતી. અજબ અનુભૂતિથી મંત્રમુગ્ધ મંડળીને માંડમાંડ નીચે ઊતારવી પડી.

નીચે ઉતરીને ગાઇડોએ વિગતો આપી- કેટલી સ્ટીમર રોજ આવે છે, ઊપડે છે. કયો માલ અને કેટલા ટન અહીંથી નિકાસ થાય છે- આયાત થાય છે વગેરે આંકડા પણ આપ્યા. છૂટક અને કાયમી- કેટલા કર્મચારીઓ છે તેની વિગતો આપી. બાદલે પૂછી લીધું- ''તમે તો સાઉથ ઇન્ડિયન છો ને?''

ગાઈડે હસીને કહ્યું ને લગભગ કબૂલાત જેવા અવાજે કહ્યું- ''અહીં મોટેભાગે મલયાલી લોકો- કેરાલાઇટ્સ છે. જો કે લેબર તરીકે ઓડિયા, આંધ્રાઇટ અને થોડાક લોકલ્સ (કચ્છી) પણ છે. મલયાલીઓ અહીં પોર્ટ ઉપર, ફેક્ટરીઝમાં ને એમ બધે છે. કંડલા ખાસું કોસ્મોપોલિટન પોર્ટ છે (જાતિવૈવિધ્યવાળું બંદર)''

''તમે અહીં જ રહો છો?'' વિલ્સનને સવાલ થયો.

''નો- નો, મોટાભાગના ઓફિસર્સ અને સ્ટાફ તો ગાંધીધામ-આદિપુરમાં રહે છે. અહીં તો લેબર્સ માટે ક્વાર્ટર્સ છે અથવા એ લોકો પોતાની મેળે આમતેમ રહે છે.'' દૂર દૂર ખજૂરી અને પ્લાસ્ટિકનાં છાપરાં દેખાતાં હતાં. ''ગાંધીધામ અને આદિપુરમાં સોસાયટીઓ છે, ફ્લેટ્સ છે, સ્કૂલ્સ છે, ચર્ચ પણ સરસ છે.

## મુકામ- 19.

# ‘ટ્વીન સિટી’

## ગાંધીધામ - આદિપુર

“હવે આપણે ઐતિહાસિક છતાં ‘લેટેસ્ટ’ બનેલા શહેરમાં જઇશું અને એની જોડાજોડ બનેલા કે બેઠા / ઊભા કરવામાં આવેલા જૂના શહેરની મુલાકાત પણ લઇશું- એ બંને માટે એક લોકપ્રિય નામ છે ‘ટ્વીન સિટી’- ‘જોડકાં નગર’” રચનાએ કંડલાથી આગળ વધતી, દરિયો છોડીને પાછાં શહેરો તરફ જતી મંડળીનું ધ્યાન દોર્યું. બહારનાં દશ્યો બદલાઇ રહ્યાં હતાં. મોટાં-ગંજાવર ટ્રક-ટ્રેલરની સાથોસાથ સરસ મોંઘીદાટ-ચમકતી મોટરકારો પણ સરકતી હતી. રોડની બંને બાજુએ ખાસાં કિંમતી ને આધુનિક દેખાતાં છૂટાછવાયા રિસોર્ટ, બંગલા અને હોટેલ-રેસ્ટોરાં દેખાતાં હતાં. ત્યાં દૂર એક વિચિત્ર ઘાટની ઈમારત જોઇ. આમ તો એ મંદિર જ હતું - પણ એનો ઘાટ તદ્દન અલગ, કંઇક વિચિત્ર લાગતો હતો- ઊભો સીધો ટાવર અને નીચે પંચકોણ બેસણી. શ્રદ્ધાળુઓની અવરજવર ઓછી હતી પણ ધામ સ્વચ્છ લાગ્યું. રચનાએ કહ્યું આ તો એક મોકો છે; અહીં ઊતરીએ- આં મંદિર જોઇએ અને બેસીને થોડી વાતો કરીએ.”

“આ? આ કેવું મંદિર?” હજી વંદનાની નજર ઠરી નહોતી જાણે!

“હા, આ છે ‘નિર્વાસિતેશ્વર મહાદેવ’. પહેલાં અંદર જઇ આવીએ પછી બેસીએ.” મંડળી અંદર ગઇ. ખરેખર, સાદુંસીધું- ભપકાવિહોણું શિવમંદિર







**નિર્વાસિતેશ્વર મહાદેવ- આદિપુર**

હતું. અંદર પારંપરિક ગોઠવણી હતી. શિવલિંગ-પોઠિયો-ગણપતિ-હનુમાન-પાર્વતી-ગંગાનો સમસ્ત પરિવાર હતો. ફૂલ-ધૂપ-દીવાબત્તીથી વાતાવરણ ઊજળું હતું. જરા વારે બહાર નીકળ્યાં કે તરત બાદલે સવાલ પૂછી લીધો- “બહેન, આવું નામ કેવું? “નિર્વાસિતેશ્વર?” બેસતાં બેસતાં રચના જાણે સાત દાયકા દૂર ચાલી ગઇ - પાછા પગે!

“દેશ આઝાદ તો થયો પણ પાકિસ્તાન પણ બન્યું. નવો સરજાયેલો દેશ ધર્માધારિત હતો (થિયોક્રેટિક). કંઇક એવી માનસિકતા અને વાસ્તવિકતા સાથે બન્યો હતો કે અહીં- આ દેશમાં જ્યારથી ઈસ્લામી વંશોનું શાસન

ખતમ થયું ત્યારથી મુસ્લિમો સતત અન્યાય વેઠતા રહ્યા છે જેની પાછળનું કારણ આ દેશના હિંદુઓનો તેમના પ્રત્યેનો પૂર્વગ્રહ હતો. પરિણામે વીસમી સદીના પહેલા ચરણમાં જ અલગ ઇસ્લામી દેશની માંગણી ને લાગણી શરૂ થઇ ગયાં હતાં. ખૈર, 1947ની ચૌદમી ઓગસ્ટની મધરાતે બંને દેશ-ભારત, પાકિસ્તાનનો જન્મ થયો તે પહેલાં લગભગ બે મહિનાથી બંને કોમો વચ્ચે અજંપો અને તનાવ શરૂ થઇ ગયાં હતાં. મુસ્લિમો ‘એમના’ નવા દેશમાં જશે અને ‘એ’ દેશમાંના હિંદુઓ અહીં આવશે; જો કે આ કાયમી પરિસ્થિતિ થશે એવું ભાગ્યે જ સ્વીકારાયું હતું. ખાસ તો કરાંચીમાં વસતા હિંદુ સમુદાયે ‘આ દેશ’માં આવવાનું કદી નહોતું વિચાર્યું. કરાંચીને આજે ‘પાકિસ્તાનનું મુંબઇ’ કહેવાય છે; મતલબ કે ત્યારે પણ ખૂબ સમૃદ્ધ આધુનિક ચમકવાળું, બંદરી મહાનગર કરાંચી ખાસું વૈવિધ્ય ભરપૂર (કોસ્મોપોલિટન) હતું. એની સમૃદ્ધિમાં કચ્છીઓ, મુંબઇગરા ગુજરાતીઓ અને સદીઓથી ત્યાં જ જન્મેલાં- વસેલાં ત્યાંના કહેવાતાં સિંધીઓનો મોટો ફાળો હતો.’’

‘‘બહેન, સિંધીઓ તો હિંદુ છે - એ મૂળ પાકિસ્તાનનાં?’’ ધીરજને પ્રશ્ન થયો.

‘‘મૂળ એ લોકો સિંધના.અને સિંધી એ અમુક વિસ્તારમાં રહેતા હિંદુ અને મુસલમાન બંને માટે વપરાતું વિશેષણ છે - જે સિંધના તે સિંધી; એમાં જાતધરમનો કોઇ મુદ્દો નહિ.’’

‘‘જેમ ગુજરાતની તમામ કોમો દરેક ધર્મ પાળતા લોકો સાધારણ રીતે ‘ગુજરાતી’ કહેવાય છે!’’ શેખરે વધારે સ્પષ્ટતા કરી આપી.

‘‘ફિર ક્યા હુઆ?’’ આમિરને રસ પડી ગયો.

‘‘કહેવા જઇશ તો ખૂબ લાંબી અને ખૂબ દર્દનાક વાતો થશે પણ ટૂંકમાં થોડીક જાણકારી તો આપીશ જ. એ વખતે જે પ્રમાણમાં કોમી હિંસા ફાટી નીકળી એ કદાચ માનવ સભ્યતાના ઇતિહાસની શરમજનક ઘટના હતી. ક્યાં-ક્યારે-કોણે શરૂ કરી એ આંગળી મૂકીને કહેવાય તેમ નથી પણ જાણે





માણસની માણસાઇ સાવ જ ભૂંસાઇ ગઇ હતી. બંને તરફ લૂંટ, આગજની, મારકાટ, બળાત્કાર, ખૂન... કૈફી સાહેબે ઠીક જ લખ્યું - દોનોં તરફ થી આગ બરાબર લગી હુઇ- ઇધરભી - ઉધરભી! અહીંથી બધું છોડીને માત્ર જીવ બચાવવા લોકો પેલી તરફ ભાગ્યા અને આ તરફ આવવા પણેથી લોકોએ પહેર્યાં કપડે પડતું મૂક્યું. લોકો બધું છોડીને અહીં આવી ગયા. લાહોર-અમૃતસર-રાવલપિંડી... તો ખરાં જ, આ કરાંચી ને ક્વેટા પણ ધ્વસ્ત થયાં. ત્યાંથી જે લોકો બધું જ છોડીને આ તરફ આવી ગયા તેમાં મોટું પ્રમાણ પંજાબી હિંદુઓ, સીખો અને સિંધના હિંદુ સિંધિઓનું હતું. ‘‘એમને ‘નિર્વાસિતો’ કહેવામાં આવ્યા. ઘરવિહોણાં- તરછોડાયેલાં કંઇક એવો અર્થ કરી શકાય. લાખ્ખોની સંખ્યામાં તદ્દન નિરાધાર લોકોને આધાર આપવાનો હતો. ઘા રૂઝવવાના હતા. બેઠા કરીને પગભર કરવાના હતા. શરૂશરૂમાં તો દિલ્હીમાં રાહતછાવણીઓ ઊભી કરાઇ. લાખ્ખોની સંખ્યામાં હિંદુ ને સીખ નિર્વાસિતો એમાં ચાર- પાંચ વર્ષ સુધી રહ્યાં. બીજું સ્થળ શોધાયું તે અહીં- કચ્છમાં.’’

‘‘જમીન યહાં પે કાફી સારી હૈ ના, સબકો સમો દે સકતી થી’’- હમિદને સમજાયું. ‘‘હા, અને સંસ્કૃતિ પણ ખૂબ સમાન હતી. સિંધ-કરાંચીના તમામ હિંદુઓને કચ્છમાં વસાવ્યા તેની પાછળ સાંસ્કૃતિક સામ્ય બહુ મોટું છે - બોલી, ખાનપાન, આસ્થા, રીતરિવાજ... બધું એટલું બધું મળતું આવ્યું કે આજે છ - સાડા છ દાયકા પછી કચ્છી અને સિંધી લગભગ એક મગની બે ફાડ જેવા સમુદાયો બનીને રહ્યા છે.’’

‘‘આમ તો એ બહુ અઘરું કામ હશે; પણ જેણે વિચાર્યું તેણે આ સાંસ્કૃતિક મુદ્દાને ખાસો નજરમાં રાખ્યો હશે.’’ શેખરને લાગ્યું તે સાચું હતું ‘‘હા, તને લાગે છે એમ જ હતું. જવાહરલાલ નહેરૂ અને ગાંધીજીનું એ આયોજન હતું. 1952માં, નિર્વાસિતો માટે પાકાં મકાનો, કોલોનીઓ, શાળા, દવાખાનાં વગેરે સાથે નગર આયોજન શરૂ કરવામાં આવ્યું તે છેક’60માં લગભગ પૂરું થયું. નહેરૂજીએ આ નગરનું નામ આપ્યું ગાંધીધામ.’’

''ગાંધીજીની સ્મૃતિમાં. કોમી હિંસાના મુદ્દે ગાંધીજી બહુ નારાજ હતા નહિ? એ જ મુદ્દે કટ્ટરવાદી હિંદુ સંગઠને એમની હત્યા કરાવી નહિ?''

''હા બાદલ, એટલે જ નગર સાથે એમનું નામ જોડાયું. સિંધી સમુદાયે અહીં સાવ એકડે એકથી શરૂઆત કરી અને આટલાં વર્ષોમાં જે રીતે પગભર જ નહિ સદ્ધર થયા છે એ એમની જિજિવિષા અને મહેનતનું પરિણામ છે.''

''જિજિવિષા - માનેં?'' આમિરને ન સમાજયું.

''જીવન જીવવાની ઝંખના - તલબ, ઝિંદા રહને કી અંદરૂની ખ્વાહિશ - જે એમની તાકાત બની.'' શેખરે વધુ સ્પષ્ટ કર્યું.

''વિભાજન-ભાગલાની કરૂણતા વિશે ખૂબ લખાયું છે. ઘણી ફિલ્મો પણ ઊતરી છે. આમિર, 'ગર્મહવા' જોઇ છે કે નહિ? - જો જો. ખૂબ સરસ નવલકથાઓ, વાર્તાઓ ઉર્દૂ અને હિંદીમાં આપણી પાસે છે. તમારે આ બધું વાંચવું જોઇએ તો વિભાજન અને તેની સાથે સંકળાયેલી હિંસાનો મુદ્દો બરોબર સમજાશે. ખૈર, અત્યારે આપણે એ ગાંધીધામની નજીક આવી પહોંચ્યાં છીએ જે વિસ્થાપિતો-નિરાશ્રિતો-નિર્વાસિતો માટે બંધાયું પણ આટલાં વર્ષોની મહેનત અને લગન પછી એમણે જ લગભગ એને સજાવ્યું, એમ ચોક્કસ કહી શકાય.''

... અને મિત્રોએ જોયું કે ખરે જ, એક આધુનિક શહેર જેવી બધી જ સવલતો છે અહીં- રોડ રસ્તા, વીજળી, પાણી, સુંદર મકાનો, મોલ-માર્કેટ, શાળા-કોલેજ, દવાખાનાં અને કારખાનાં પણ... મતલબ કે નવીન ઉદ્યોગનગરીનું રૂપ ધારણ કરી રહ્યું છે ગાંધીધામ. કંડલાને લીધે મોટું માર્કેટ પ્લેસ છે. કચ્છના દરિયા કિનારે જે જે નવા વિકાસલક્ષી પ્રોજેક્ટ્સ બને છે - બની રહ્યા છે એમાં રેલ્વે અને રોડ માર્ગે ગાંધીધામની મોટી ભૂમિકા બની છે. કચ્છ વિશેની એક ગ્રામીણ વિસ્તારની છાપ પડી હતી તે જાણે ગાંધીધામ પહોંચતાંમાં અદશ્ય થઇ ગઇ.

સ્વાભાવિક રીતે જ મીનાને સવાલ થયો- '' ભૂકંપની અસર અહીં નહિ થઇ હોય?'' ''અલબત્ત, થઇ હતી પણ ધનિક સિંધીઓ, જ્ઞાતિસમાજો અને





હિંદુત્વવાદી સંગઠનોની જહેમતથી બધું પાછું ઠીકઠીક બેઠું થયું છે, એટલું જ નહિ- વધ્યું વકર્યું પણ કહેવાય!'' ''મતલબ કે કરોળિયાની જેમ પડી પડીને બેઠો થયેલો આ સમાજ છે...'' વંદનાએ કહ્યું. ''હા, પણ હિંદુ સમાજનાં ઘણા નકારાત્મક લક્ષણો નવા શહેરે પણ ખાસાં અપનાવી લીધાં છે. એક તરફ ઉદ્યોગનગર હોવાથી દેશ અને દુનિયાભરનાં ટેક્નોલોજી અને વહીવટ સાથે સંકળાયેલા લોકો અહીં સ્થાયી થયા છે. શહેર બહુરંગી બન્યું છે.'' ''હાં, વો કંડલા પોર્ટવાલે ભાઇ કેરલાસે આકર યહાં બસે હૈં ના?!'' યાસ્મિન. ''બિલકુલ! પણ સાથોસાથ જ્ઞાતિસમુદાયોની, ધર્મસંપ્રદાયોની સંકુચિતતા પણ ખાસી એવી છે. ઠેર ઠેર સાધુસંતોનાં પૂતળાં જોવા મળશે, ભગવાં નવાં મંદિરો પણ જોવા મળશે... અને આ નવીનતાની સાથે પેલી અસલ કચ્છીયતનો રંગ પણ ઝાંખો થવાનો ડર ધીમેધીમે સાચો પડતો જાય છે!''

ગાંધીધામમાં 'જોવાલાયક' તો આ નવીનતા હતી. ઉપરાંત જે વિવિધતા હતી, બહુરંગીપણું હતું એની સાથોસાથ કચ્છની હસ્તકલાઓનું મોટુંમસ માર્કેટ પણ અહીં હતું. વણાટ-ગરમ કાપડકામ- બાંધણી-અજરખ- ભરતકામ- બ્લોકપ્રિન્ટ- રોગાન- ચામડાકામ- માટીકામ- ચાંદીકામ- ખરકા અને ધાતુકામ... અહીં બધું જ મળતું હતું. પચ્ચીસથી વધારે 'કચ્છ એમ્પોરિયમ' નાં પાટિયાં ઠેરઠેર દેખાતાં હતાં. રચનાને પોતે મિત્રોને આપેલું વચન યાદ આવી ગયું.

આજની સાંજ ખરીદી અને ખાણીપીણી માટે અનામત હતી.

કચ્છની કારીગરી અને કસબની દુકાનોમાં મંડળી છૂટ્ટે હાથે ફરતી હતી.

## આદિપુર

''ગાંધીધામ ક્યાં પૂરું થાય છે અને આદિપુર ક્યાં શરૂ થાય છે એ શોધવું મુશ્કેલ!'' ધીરજે સાવ વ્યાવહારિક રીતે જે વાત મૂકી તે વાસ્તવિક છે. 'ટ્વીન સિટી'માંનું આદિપુર જરાક અંતરે હોવા છતાં ગાંધીધામમાં ઓગળી ગયું (મર્જ થઇ ગયું) છે એવું લાગે. ગાંધીધામ બનતાં પહેલાં જે મૂળ ગામઠાણ હશે તે આદિપુર / પહેલાનું શહેર કહેવાતું હશે? કોણ જાણે?

આદિપુરમાં પણ સિંધી વસ્તી છે, બજારો ને મંદિરો છે, નવી કોલોની અને ફ્લેટ્સ છે - જે ગાંધીધામમાં પણ છે. મંડળીએ ખરીદી કરી, ખાણી પીણી કરી તે બધું એકાકાર હતું. કચ્છનો નવો ચમકતો ચહેરો જોઇને છેલ્લા દિવસે આમિરે કરેલી કોમેન્ટ યાદ રહી જાય તેવી હતીઃ ''યાર! કુછેક સાલ કે બાદ કચ્છમેં સ્ટુડિયો-વુડિયો હો જાવેંગેં! બંબઇ જૈસી રૌનક જો બઢને લગી હૈ!''

''... હાં, અને મુંબઇ છાપ મૂડીવાદ; કહો કે વૈશ્વિક મૂડીવાદ પણ વ્યાપવા લાગ્યો છે ને?'' શેખરે પૂરું કર્યું.

## "અચીજા (આવજો) કચ્છ!"

ગાંધીધામ ઉતારે મંડળીની છેલ્લી ફિડબેક મિટીંગ હતી. મિશ્ર લાગણીઓ હવામાં તરતી હતી. ગુજરાતની મુસાફરીનો એક તબક્કો આજે પૂરો થતો હતો. ઘેર પાછા ફરવાનું મન પણ થતું હતું. આટલા દિવસનું સમૂહજીવન, જોણું, શેરિંગ અને વિચારોનું વલોણું જે રીતે ચાલ્યું હતું તેમાંથી કશુંક તો અચૂક નીપજવાનું હતું. સભર મૌન છવાયેલું હતું. શરૂઆત બાદલે જ કરીઃ ''આજનો દિવસ ખાસ્સો ભરચક રહ્યો. એમ કહેવય કે શહેરો વિશે જોયું ઓછું પણ જાણ્યું એટલું બધું કે મન ઉપર હજી ભાર છે!''

''સહી કહા, બાદલ! વિભાજન કે બારે મેં જાના, નિર્વાસિતો કી હાલત કો સમઝા... ઔર યે ભી સમઝ મેં આયા કિ જૈસે 2002 કે હત્યાકાંડ મેં હમારી કૌમને જો ઝેલા, ઉસસે કઇ ગુના ઇન સિંધીઓ - પંજાબીઓને ઝેલા થા; ઉધર ગયે હુએ મુસલમાનોંને ઝેલા થા... યહ સચ્ચાઇ કો સમઝના બહુત જરૂરી હોતા હૈ'' - હમિદ. '' સચ કહા હમિદને. દરઅસલ મજલૂમ લોગ યે હી સમજતે હૈંગે કિ ઇસ પુરી દુનિયા મેં હમીં સબસે દુઃખી હૈં- હમસે જ્યાદા જુલમ કિસીને નહીં સહે! હમ ખુદ ભી ઐસે માનતે થે; પર આજ લગા કિ નહીં, યે ભી એક સચ્ચાઇ હૈં'' પરવીને પણ મુદ્દાને પૂરેપૂરો સાંકળ્યો.

... ''છતાંય એટલું તો કહેવું પડે કે ગાંધીધામ-આદિપુર જોતાં લાગે છે કે એ ઘાના ડાઘ ભલે રહી ગયા હોય પણ ઘા રૂઝાયા તો છે.'' વિલ્સનને બધું સકારાત્મક જોવાની ટેવ!





''મારે કંઇક જૂદું કહેવું'તું'' શેખરે પોતાનું અર્થઘટન કાઢ્યું-'' રૂઝાયા કે નહીં એ નથી જાણતો પણ ફરીફરીને અમુક પરિબળો એને ખણીખોતરીને ખુલ્લા કરવા માંડ્યાં છે અને એ ઘા વકર્યા ને બધું સડવા લાગ્યું છે, એમાં કચ્છના સાંસ્કૃતિક રાજકારણનો ઓછો ફાળો નથી.''

'' શેખરની વાત સાથે સંમત થયા વગર ના ચાલે - હિંદુઓ ઝનૂનપૂર્વક ધાર્મિકતાને આગળ ધરી રહ્યા છે એ કબૂલવું જોઇએ. દેશને ધર્મનિરપેક્ષ તો નથી જ બનવા દીધો, બિનસાંપ્રદાયિક રહે એમાં પણ આજના રાજકારણને રસ નથી અને સર્વધર્મસમભાવનો એવો ઢોંગ ચાલે છે કે માણસના જીવનમાં ધર્મ અને ધાર્મિકતા સિવાય જાણે બીજું કંઇ છે જ નહિ! માણસની ધાર્મિક ઓળખ અને એના ટેકે ટેકે નાત-જાત-જમાત-પંથની ઓળખો ચિતરી ચઢે એવી વધી ગઇ છે. જૂના કચ્છમાં આ લક્ષણ ઓતપ્રોત થઇ ગયાં હતાં, નવા કચ્છમાં ગુમડાં થઇને ફૂટી નીકળ્યાં છે!'' રચનાએ વલોપાત સાથે કહ્યું.

''પણ નવા કચ્છને વિકાસ, પ્રગતિ, સમૃદ્ધિ, ટેક્નિકલ આગેકૂચ... એવાં એવાં મહોરાં એવી સિફતથી પહેરાવાયાં છે કે એની નીચેનો વરવો ચહેરો ઢંકાઇ જાય!'' ''ખેર, તમને થોડીક બીજી વાત કરું- જે વચ્ચે વચ્ચે કહેતી રહી છું પણ આ તબક્કે લાગે છે કે એની થોડી છણાવટ કરીએ.'' રચનાએ નવો મુદ્દો માંડ્યો જાણીને મિત્રો ટટ્ટાર થયાં.

''કચ્છને ફક્ત ઉદ્યોગો અને મૂડી બજારે જ નહિ સંસ્કૃતિના બજારે પણ ઉશેટવા માંડ્યું છે- મતલબ કે કચ્છીઓને ઉશેટતાં કરી દીધાં છે.'' રચનાએ જે રીતે વાત માંડી એમાં મંડળીનાં કેટલાંક મિત્રો ગૂંચવાયાં. ''કચ્છને હું દૂઝણું-દૂધાળું ઢોર કહું છું. ઉદ્યોગોગૃહો અને મૂડી બજારે કચ્છની જમીનો, દરિયાકિનારો, ખેતરો... કુદરતી સ્રોતો ખરીદી લીધાં, પોતે અબજોની કમાણી કરી રહ્યાં છે, સામે કચ્છના લોકોને-શ્રમિકોને શું મળ્યું ? કદાચ રોજમદારી, માથોડી મજૂરી, દાડિયું!... પેલી તરફ સાંસ્કૃતિક બજારે કચ્છને રૂડો-રઢિયાળો-રેર (વિરલ) રજૂ કરીને ખરો માનવવિકાસ ના કર્યો પણ ધોરડો જવો વિકાસ કરીને દુનિયામાં ઢંઢેરા પીટ્યા. સંસ્કૃતિદર્શનના નામે વિદેશી નાણું સરકારભેગું કર્યું

અને જાણ્યે અજાણ્યે પણ કચ્છનાં 'નાગરિકો' 'રૈયત' બની રહ્યાં છે- અથવા તો પછી ત્રિશંકુ દશામાં જીવી રહ્યાં છે. સાંસ્કૃતિક જીવન- કલા, કસબ, રીતરિવાજ, ખોરાક, પોષાક બધું મધ્યકાલીન રાખી મૂકવામાં આવ્યું છે; જેને કારણે પેલાં જૂનવાણી લક્ષણોને કચ્છીયત, અસ્મિતા, આગવી સંસ્કૃતિ કહીને પ્રવાસનના નામે ધૂમ વેચી રહ્યા છે. બીજી તરફ મોટાભાગનાં શ્રમિકો, કસબીઓ, કલાકારો પાસે આધુનિક સાધનો છે, 'બહારનાં'કનેક્શન છે અને મહત્ત્વકાંક્ષા પણ એ મૂડીબજાર તરફ એમને ખેંચી રહી છે. આજે તમે જાતજાતની ખરીદી કરી, ખરું? શું શું લીધું?''

''અંજારની બાંધણીનો ડ્રેસ'' - મીના બોલી.

''મેં તો અજરખની લૂંગી લીધી અને બાટિકનો કુર્તો.'' વિલ્સને કહ્યું.

''મેં તો ચામડાનો થેલો ને મોજડી લીધાં, રોગાનની ભાતવાળો થેલો લીધો.''

''મૈં ને કંજરી સે બનાયી હુઇ કુર્તી લી, બાટિક કે દુપટ્ટે લિયે.''

''હું ચાંદીની બુટ્ટી લેતી'તી ત્યારે દુકાનદારે મને એક નવી જાતની ઘંટડી બતાડી- ખરકો- કહે કે આમ તો ઊંટના ગળે બાંધવાનો હોય પણ આજકાલ ડોરબેલ (બારણાં પરની ઘંટડી) તરીકે વાપરવાની ફેશન છે.'' વંદનાએ કહ્યું.
''મૈં ને પિતળ કી ચાકુ લી જિસસે કિતાબકે પન્ને કાટતે હૈં'' - હમિદ બોલ્યો.

''ઔર મૈં ને અજરખ કા કુર્તા લિયા - બચ્ચન જૈસા.'' આમિર, બીજું કોણ?

''સરસ સરસ. તમને ખબર છે આ તમામ ચીજો અમુક અમુક કોમ જ બનાવે.જેમ કે, અજરખ, બાંધણીનું કામ ખત્રી કોમના લોકો કરે. મોટેભાગે બહેનો બાંધણી બાંધે પણ અજરખની આખી પ્રક્રિયા ભાઇઓ કરે; જે બહુ લાંબી અને કુનેહ(સ્કીલ) માંગી લે તેવી છે. આમાં વળી ખત્રીઓ મુસ્લિમ પણ હોય અને હિંદુ પણ! એક સમયે સૌ હળીમળીને આ કામ કરતાં. બાંધણીનું બજાર ઘણાં વર્ષોથી ધમધમે છે એટલે એના ભાવ વગેરેમાં કચ્છી કસબીઓ જાણકાર છે. અજરખ ફક્ત મુસ્લિમ ખત્રીઓ કરતા અને આજે પણ દેશવિદેશમાં





એમનું નામ છે. જો કે થોડાં વર્ષ પહેલાં આ કસબનું કોઇ માર્કેટ નહોતું આજે વાત તદ્દન બદલાઇ ગઇ છે. આની સાથે એક બીજી હકીકત એ જોડાઇ કે કેટલાંક NGO એ આ કસબને અમુક જ કોમનાં ઇજારામાંથી બહાર કાઢીને બીજી કોમને પણ  શીખવાડ્યા અને રોજીનાં સાધન બનાવ્યાં.ભૂકંપ પછી આ વલણ વધ્યું. એને કારણે જે રીતે સૌ 'પોતપોતાનું કામ' કરીને 'પોતપોતાનું ગુજરાન' ચલાવતાં હતાં એ ચિત્ર બદલાયું. કંઇક અંશે સ્પર્ધાભાવ- હરીફાઇનું વલણ શરૂ થયું. NGO એ કદાચ લાંબા ગાળાનું નહિ વિચાર્યું હોય, કસબને ફક્ત રોજગારીનું સાધન બનાવીને લોકોનું 'ભલું' કરવાની જ યોજના હોઇ શકે. પણ સામાજિક પોત ઉપર આની થોડી નકારાત્મક અસરો પડી છે.''
''અચ્છા, તો આ હિસાબે એવું કહી શકાય કે આપણે એવું સમજતાં આવ્યાં છીએ કે આર્થિક આધારિતતા કે પરસ્પરના શ્રમ-સંબંધો સંકળાયેલાં હોય તો જ્ઞાતિ કે ધર્મના ભેદભાવ નડતા નથી કે ઓછા નડે છે. હવે એ રીતે જોતાં કચ્છમાં તો એવું હતું કે 'અમારો આગવો કસબ છે, જે અમારી આર્થિક પ્રવૃત્તિ છે; અને અમે અમારું કરી લઇએ છીએ'' - એને કારણે કોઇ ટાંટિયાખેંચ નહોતી ને પરસ્પર સારા-સાદા વ્યવહાર રહેતા પરિણામે કોમી એખલાસ જેવું લાગતું હતું કે હતું જ- એમ કહેવાય; પણ જ્યારે એમાં સેળભેળ શરૂ થઇ ત્યારે આર્થિક હિતો ઉપર અસર થઇ અને એની અસર એખલાસની ભાવના ઉપર પડી હશે.'' શેખરે વિસ્તારથી  આખા મુદ્દાને સમજીને સમજાવ્યો.

''બિલકુલ! હવે આ જ સંદર્ભમાં બીજી વાત - આપણે ટૂંડાવાંઢમાં મામદભાઇને મળ્યાં. ત્યાં એમનાં પત્ની, દીકરી, દેરાણી... બધી સ્ત્રીઓ ભરતકામ કરતી હતી. એ એમની ખાસ જાતિ- 'મુતવા'નું વિશિષ્ટ ભરતકામ હતું. આમ તો મુસ્લિમ, પણ એમાં આ એક જનજાતિ છે, જે પાકિસ્તાનમાં પણ વસે છે. કચ્છના અને પાકિસ્તાનના  મુતવાઓનું ભરતકામ સરખું જ હોય. ભરતકામ આ રીતે અમુક અમુક સમુદાયનો આગવો કસબ છે. જત, લંધા, મેઘવાળ, મીર, વગેરે જનજાતિઓનાં ભરતમાં કંઇ કંઇ ટાંકાફેર કે આકૃતિમાં તફાવત હોય - જે તેની આગવી ભાત હોય; એ ઓળખાય તે તફાવતથી ઓળખાય. આમાં રબારી,  આહિર, માલધારી જેવી હિંદુ ગણાતી

જનજાતિઓનો સમાવેશ પણ થઇ જાય. ભરતકામનાં શોખીન અને જાણકાર ગ્રાહકો પોતાને મનપસંદ કામ જ ખરીદે ને જે તે જાતિઓને આર્થિક રોજગારી મળી રહે.''

''અહીં પણ પેલી વાત જ જોડાય છે બહેન, સૌ સૌ પોતપોતાના કસબ દ્વારા રોજગારી મેળવી લે છે.'' શેખરે વળી જોડી આપ્યું.

''હા પણ ખરું જોતાં આવું ભરતકામ કંઇ એ લોકોની- તમામ જનજાતિઓની રોજગારી નહોતી; એ કસબને રોજગારી બનાવવામાં આવ્યો છે.''

''મતલબ? યે કૈસે હુઆ?'' પરવીનને પ્રશ્ન થયો.

આમ તો આ બધી જનજાતિઓમાં પોતાનાં પહેરવાનાં કપડા, ઘરવપરાશનાં ચાદર, રજાઇ જેને ધડકી કહે છે, ડામચિયા ઢાંકવાનાં ઓઢણ, તોરણ, ભીંતે સુશોભન અને ખાસ તો ભૂંગાની ભીંતે લટકાવવાના ચાકળા - જેમાંના અરીસા દીવડા કે ફાનસના પ્રકાશનું પ્રતિબિંબ પાડે- ઢોરના શણગાર પણ ભરેલા- શિંગડી, પીઠ ઢાંકવાનું કપડું, ગાડા ઉપર બાંધવાનો માફો, ઘોડિયાંની ખોઇ... વગેરે ઉપર પણ ભરચક ભરત હોય છે, ખરું ને? આ તમામ જનજાતિઓ પોતપોતાનું આગવું ભરત કરે. સ્ત્રીઓ ઘરકામ, પશુનું કામ કે જમીન હોય તો ખેતીકામમાંથી જ્યારે પણ ફુર્સદ મળે ત્યારે ઘેર બેઠાં બેઠાં ભરત કામ કરતી જ રહે. પેઢી દર પેઢી આ કસબ કુટુંબમાં ને કોમમાં ચાલુ રહે, જળવાઇ રહે. એનું મનોમન ગૌરવ લેવાય.''

''ફિર ઇસકો રોજગારી બનાયા ગયા- ઐસા ક્યોં કહા, બેન?''

''કેમ કે એને કરૂણતા (ટ્રેજેડી) કહો તો તેમ, પણ બીજી રીતે- વ્યવહારિક રીતે (પ્રેક્ટીકલી) જુઓ તો તેમ- જ્યારે જ્યારે કુટુંબમાં આર્થિક ભીંસ ઊભી થાય ત્યારે આ ભરતકામને 'જણસ' (કિંમતી દાગીનો) ગણીને ભારે હૈયે પણ વેચી શકાય.''

''જેમ ઘણા લોકો જરૂર પડે ત્યારે કિંમતી દાગીના વેચી નાખે કે ગિરવી મૂકે, એ રીતે!''





''બિલકુલ! દીકરીના દહેજ માટે, આવનારી વહુની ભેટ માટે કે ઘરવપરાશ માટે તૈયાર કરીને પટારામાં જાળવી રાખેલા ભરતકામના નમૂના વેચવાની શરૂઆત થઇ ગઇ હતી. મોટાં શહેરોમાં સિઝનલ માઇગ્રેશન (મોસમી વિસ્થાપન) કરનારા ભરવાડ, આહિર, માલધારી, રબારી જેવાં લોકોએ મજબૂરીથી આની શરૂઆત કરી હશે. શોખીન શહેરીઓએ શોખથી ખરીદી કરી હશે. મોંમાગી કિંમત મળી હશે- આમ તો એમને આવી ચીજોની કિંમત નક્કી કરતાં ક્યાં આવડતું હતું?- જાતજાતના વચેટિયા એમને મળી ગયા... અને પછી તો ચાલ્યું! શરૂશરૂમાં ઓર્ડરથી કામ થતું, પછી તો કસબ કમાણી ખેંચી લાવતો બન્યો એટલે ગૃહ ઉદ્યોગ બન્યો ને છેવટે વ્યવસ્થિત રોજગારી પણ બન્યો. NGO વગેરેએ તાલીમો શરૂ કરી, ઓર્ડર મેળવ્યા અને ઉત્પાદન શરૂ થયું. ઉત્પાદન થાય એટલે બજાર પણ વિકસે.સરવાળે જનજાતિઓ પણ 'સમજણી' થતી ગઇ. કચ્છનો કસબ જગવિખ્યાત બન્યો અને ઘરઘરની રોજગારી પણ!'' રચનાએ સરવાળો કર્યો.

''મતલબ કે ગરીબીએ પરંપરાની કલા-કારીગરીને વ્યવસાય બનાવી દીધી.''

''આમ તો એમાં ખોટું શું! અમસ્તાં અમસ્તાં રિવાજોને પોષવા આંગળાં તોડવાં કે આંખો ફોડવી એને બદલે એનું રૂપિયામાં રૂપાંતર થાય તે શું ખોટું?!'' શેખરે પોતાની રીતે અર્થ કાઢ્યો.

''વિચાર કરો, પરંપરામાંથી પૈસા પેદા કરવાનો ચસ્કો લાગી જાય ત્યારે એ પરંપરા છોડવી ન ગમે; પેલી તરફ પરંપરાને બદલે યંત્રવત્ ઉત્પાદન થયાં કરે અને ક્યારેક યંત્રો કે મશીનોનો ઉપયોગ પણ થાય!'' રચનાએ નવી વાત કરી.''ઐસા હી ચ હુઆ થા બેન! હમ જબ ઉસ દુકાન મેં સે રેડીમેડ લે રહે થે તબ કોઇ મેડમ આઇ થી - દુકાનદારને કોઇ કુર્તા બતાયા તો બોલી, નહિ, યે નહીં ચાહિયે - યે હાથકા બના હુઆ નહિ હૈ - મશીન કા હૈ! મેરે લિયે તો સબકુછ સરખા થા - મગર ઉસ મેડમને પકડ લિયા થા!'' પરવીને અનુભવ કહ્યો. ''બરોબર છે, આવી ચતુરાઇ પણ શરૂ થઇ જાય. પણ મારી ચિંતા પેલા ટેન્શનની છે - સાંસ્કૃતિક તનાવની! એક તરફથી બધું જ પરંપરાગત સારું-

શ્રેષ્ઠ એમ માનતાં-મનાવતાં રહેવું અને બીજી તરફથી આધુનિક સંસાધનોને અનિવાર્ય માનવાં- જેમાં 'બજાર' પણ આવી જાય!'' ''એ સિવાય પણ મને બીજો મુદ્દો સૂઝે છે કે આ કસબી-કારીગરોની નવી પેઢી નવું એક્સપોઝર મેળવે, શિક્ષિત થાય તો રોજગારીના નવા વિકલ્પો સામે આવવા માંડે - તો સવાલ એ છે કે આ પારંપરિક કસબને વળગી રહેવામાં ફાયદો કે નવી રોજગારીની નવી દિશામાં જવામાં લાભ?!'' શેખરે જે પ્રશ્ન મૂક્યો એ ખૂબ મહત્વનો લાગ્યો.

રચનાએ કચ્છીની આર્થિક પ્રગતિ અને પરંપરાગ્રસ્ત લોકજીવન વચ્ચેના તનાવના મુદ્દાને લઇને ઠીક ઠીક ચર્ચા છેડી હતી; એણે જ છેલ્લે સવાલ વહેતો મૂક્યોઃ ''મિત્રો! આમ તો આ સવાલ ફક્ત કચ્છનો નથી; દુનિયાભરના તળપદા સમાજો, આદિવાસી સમાજો સામે ઊભેલો મોટો સવાલ છે - પરંપરા કે પ્રગતિ? અને ક્યારેક એવું લાગે કે સ્થાપિત હિતો લોકોને પરંપરામાં ઢબૂરી રાખવા માંગે છે અને એમના ભોગે કહેવાતી પ્રગતિ - વિકાસ - વૃદ્ધિનાં શિખરો સર કરવા માંગે છે. વિચારતાં રહેજો, આપણા સમાજમાં આવા સામુદાયિક અન્યાયનેજ આપણે 'અસ્મિતા'કહીને નથી બિરદાવતાં ને?!''

છેલ્લી ફિડબેક મિટીંગે મોટો સાંસ્કૃતિક પ્રશ્ન ઊભો કર્યો છે. મિત્રો એક નવી ચિંગારી ચિત્તમાં ધરબીને કચ્છમાં છેલ્લી રાત વિતાવવા છૂટાં પડ્યાં છે.

★★★





**મુકામ - 20.**

# ડોશીમાની ઝૂંપડી અને -

## વિરમગામનું મુનસર તળાવ

કચ્છને 'અચીજા' કહીને, સામખિયાળી, ગાંગોદર વટાવી; ધ્રાંગધ્રા - હળવદના કિલ્લા પાછળ છોડીને, રઝળતાં ઘુડખર જોતાં જોતાં અમદાવાદ તરફ પાછી ફરતી મંડળીને રચનાએ કહ્યું, ''આપણા પ્રવાસનું આ છેલ્લું સ્થળ- વિરમગામનું મુનસર તળાવ. દંતકથાઓ તો આની પણ ક્યાં ઓછી છે...છતાં એક દંતકથા આ સરોવર માટે, ધોળકાના મલાવ તળાવ માટે- બંને માટે લગભગ એક સરખી કહેવાય છે... આમ તો દંતકથાઓ ઉપરથી ઇતિહાસનો નિર્ણય કરવાનું આપણે ખાસ મુનાસિબ નથી માન્યું પણ આ દંતકથા ઇતિહાસ નહિ, વર્તમાન-ભવિષ્યને માટે કશુંક કહી રહી હોય એવી મને લાગે છે.''

રચના બોલતી હતી ત્યારે જરાક મનોમન કહેતી હોય કે કોઇ બીજાને જ સંબોધતી હોય એવું સૌને લાગ્યું. મિત્રો એટલે જ કદાચ એકદમ એકાગ્ર થઇ ગયા.

''આપણે રાણી મીનળદેવીનો ઉલ્લેખ વારંવાર કર્યો. અહીં પણ એની જ વાત છે. અહીં લોકોની તરસ છીપાવવા મોટું તળાવ બંધાવવાની એણે આજ્ઞા કરી. તળાવ ગળાવવું શરૂ કરાવ્યું. ચોમેર પથ્થરની કોતરણીવાળી પાળીઓ ને ઓવારા બંધાવાયા, વચ્ચે વચ્ચે દહેરાં ઊભાં કરવા, આરામ માટે છત્રીના

વિસામા ખડા કરવા, નહાવાના ને ધોવાના અલગ ઘાટ બંધાવવાનું નક્કી કર્યું.'' ''આનું નામ જરૂર મીનલસર પરથી મુનસર થયું હશે!'' મીના!

''હમને વો તેરા મેં દેખા, ઠીક વૈસા''... યાસ્મિન તલ્લીન બની ગઇ.

''નકામા ખડક પથ્થર દૂર કર્યા, ઝાડીઝાંખરાં દૂર કર્યા. પણ એક અડચણ આવીને ઊભી રહી. રાણી તો તળાવ ગળાવવાનું પૂરું થાય એની રાહ જોતાં'તાં, વારંવાર પૂછપરછ કરતાં'તા, જે વધામણીની રાહ જોતાં'તા તે કોઇ આવીને આપતું નહોતું. છેવટે લાંબો વખત વાટ જોઇને એમણે સેવકોને બોલાવ્યા. સેવકોએ ધા નાખી કે 'રાણીમા, તમારા વગર નહિ ચાલે- તમારે આવવું જ પડશે!'' ''ક્યાં!'' ''તળાવે- બધું લગભગ તૈયાર છે, બસ! એક ડોશી છે તે નથી માનતી.'' રાણી પહેલાં તો સમજ્યાં નહિ પણ સેવકોના આગ્રહથી, કંઇક તળાવ પૂરું કરાવવાની ઊતાવળથી ને કંઇક કૌતુકથી જાતે તળાવે પહોંચ્યાં. લગભગ ઘાટ-ઓવારા-છત્રી-વિસામા... બધું બંધાઇ ગયું હતું પણ એક ખૂણે, લીમડા નીચેનું એક નાનું ખોરડું બાકી બચ્યું'તું. સેવકોએ કહ્યું, ''માતા! આ જ એ ખોરડું ને આ જ એ ડોશી. નથી માનતી, નથી ઊઠતી.'' રાણી જઇને જુવે છે તો જીવનના આઠેક દાયકા વટાવી ચૂકેલાં વૃદ્ધા, કેડ નમાવીને ખોરડાનું આંગણું સાફ કરતાં હતાં. ''પધારો, તમારી જ રાહ જોતી'તી. આવો તો મળવું'તું. સાંભળો તો કહેવું'તું.'' રાણી તો ડોશીની હિંમત જોઇને રાજી. કહે, ''માજી! જે કહેવું હોય તે કહો, અભય વચન છે.''

માજી કહે, ''રાણી! તમે રૈયતની મા છો. રૈયતનાં સુખદુ:ખની કાળજી રાખનારાં છો. તમારા રાજમાં આમ કેમ? તળાવ ભલે બાંધો, એમાં મુજ ગરીબનું ખોરડું શીદને ખેદાનમેદાન કરો? આખી જિંદગી મહેનત કરીને માંડ આ ખોરડું ઊભું કરેલું. ઘર - ઘરવાળો - છોકરાં... બધાંનો વસ્તાર અહીં માંડ્યો- અહીં વધ્યો. આજે હું એકલી છું. મારી મૂડી જે કહો તે આ ખોરડું છે. એ ભાંગી નખાવો તો જાઉં ક્યાં?'' રાણીએ બીજે ઘર બંધાવી આપવા કહ્યું, વળતરની રકમ ચૂકવવા કહ્યું પણ ડોશીની તો એક જ રઢ... ''મારાં લોહીપસીનાથી ચણેલું છે, મારા જીવનની બધી તડકીછાંયડીનું સાક્ષી છે- હવે





જતે જનમારે નહિ છોડું! રાણીએ રૈયતનાં મનનોયે વિચાર કરવો જોઇએ ને?!'' - અને છેવટે મીનળદેવી માન્યાં. ડોશીમાનું ખોરડું રહેવા દીધું - ''ભલે તળાવના ઘાટમાં ખાંચ પડે, ભલે શોભામાં ખોટ લાગે પણ જે રૈયતે મારી આંખ ખોલી છે એની એક વાજબી માંગણી તો ના તરછોડાય.'' ડોશીનું ખોરડું તો આજે નથી પણ કદાચ ખાંચાવાળું મીનલસર / મુનસર આજે પણ છે... એટલે અહીં જોવા ઊતરીશું.''

''પન ઈસકા આજ સે- વર્તમાન સે ક્યા રિશ્તા જોડના હૈ? ક્યોં?'' યાસ્મિન માટે જરાક અટપટું હતું પણ બાકીનાં મિત્રો મનોમન ઘણું બધું વિચારી રહ્યાં'તાં.

સૌ ઊતર્યા. ઓછામાં ઓછાં 1000 વર્ષ પહેલાંની ઘટના, આજના સંદર્ભમાં શી રીતે જોડાય છે તે કડીઓ મેળવતાં તળાવ જોવા લાગ્યાં. તળાવમાં તો હવે ખાસ શોભા નહોતી. નવેસરથી કંઇ કંઇ બંધાતું રહ્યું હતું. ઘાટ-ઓવારા ઘસાયેલા - ગંદા અને જોવાલાયક નહોતા - અલબત્ત, અવનવી દહેરીઓ ચોક્કસ કાદવમાંથી ફૂટી નીકળેલાં કમળની જેમ - કમળના પ્રતાપે આમતેમ ઊગી નીકળેલી.શહેર પણ કોઇ રીતે મનમાં કે નજરમાં વસી જાય એવું એ વિસ્તારમાં તો નહોતું દેખાતું. દરવાજાની બહાર, અંદર, રાંગેરાંગે ગલીચ-ગરીબ ઝૂંપડાં એટલાં બધાં હતાં કે એમાંથી પેલાં ડોશીમાંનું ક્યું તે કહી શકાય એમ નહોતું. છેલ્લાં અઢી-ત્રણ દાયકામાં વિરમગામ કોમી તનાવનો ભોગ બનતું રહ્યું છે. રૈયત બબ્બે પ્રકારનો માર વેઠી રહી છે- કોમવાદ અને મૂડીવાદ.

''દોસ્તો! આપણે SEZ ની પાડોશમાં ફરી રહ્યાં છીએ, નેનો-લેન્ડમાં છીએ. બેને વાર્તા કહી એવાં હજ્જારો-લાખો ડોશીમાં-જવાનિયાં... કંઇ કંઇના ઘર, જમીન, ખેતર, દુકાન, ઉદ્યોગો... બધાંનો કચ્ચરઘાણ નીકળી ગયો છે એ આપણે જાણીએ છીએ.'' શેખરના અવાજનો તપારો છાનો ન રહ્યો.

''હાં, હમ ઐસી કઇ જગહેં દેખતે દેખતે આ રહે હૈં જહાં પર ઇન્સાન કી નહીં પૈસોં કી કિમત જ્યાદા હૈ. કહીં રોજીરોટી ગઇ, કહીં ઘરબાર ગયે ઔર સંસ્કૃતિ તો... તૌબા તૌબા!'' હમિદ પણ વલોપાતમાં જોડાયો.

"એ વાત સાચી કે નવું બનાવતાં જૂનાંને તોડવું પડે... પણ તૂટવાનું છે તે ઇંટ-માટી કે ચૂના-પથ્થરનું બાંધકામ નથી / ખોરડું નથી પણ જીવતાં જણની જિંદગી છે એ જરાક પણ યાદ રહે તો આ મુનસરની જેમ બધું બંધાય પણ ખરું ને બધું ટકી જાય પણ ખરું." રચનાએ સહેજ વધુ સ્પષ્ટતા કરી.

"કચ્છના પ્રવાસે આપણને ઇતિહાસના કોયડા ઊકેલતાં જેમ શીખવ્યું તેમ વર્તમાન પરિસ્થિતિને ચકાસવાની સૂઝ પણ આપી... કથાઓ પણ અહીં તો કંઇ કંઇ શીખવાડતી ગઇ છે..." વિલ્સન દૂ... ર સુધી ફરી આવ્યો લાગ્યો.

મંડળી વિરમગામ છોડી, સાણંદ વટાવી અમદાવાદમાં પ્રવેશી રહી હતી. આગામી સફર માટે નવા ઉત્સાહના અંકુરો પાંગરી રહ્યાં હતાં.



**વિરમગામનું મુનસર તળાવ**

★★★





# ... અને થોડુંક પછી

## (સમાપન-સફરનામાઃ કચ્છ)

ઉતરતા શિયાળાની સાંજે, મંડળી કચ્છ પ્રવાસથી પાછી ફરીને, ચિંતનભાઇની અગાશીમાં ફિડબેક મિટીંગ માટે બેઠી હતી.

"ચિંતનભાઇ, કચ્છ-પ્રવાસે અમને એક નવો શબ્દ આપ્યો- 'કચ્છીયત'. શેખરે શરૂઆત કરી એટલે ધીરજે એ શબ્દને બહેલાવ્યોઃ "કચ્છીયત એટલે આમ તો કચ્છનું ખમીર-ખુમારી. અનેક પ્રજાતિઓનો સમન્વય, સર્વધર્મસમભાવ. આવકારો અને આંતરિક તાકાત પણ ખરી અને ખૂબ મહત્વની તે કલાકસબની ઉત્તમતા."

"હા ભૈ! હવે તો ખંડિત અસ્મિતાઓનો જમાનો છે! નાની નાની બાબતે જાતની જ પીઠ થાબડી લેવાની! અને કચ્છે તો ભૂતકાળમાંથી ભૂસકો મારીને સીધી આકાશી ફલાંગ મારી છે ને?!" ચિંતને કચ્છીયતનું વિશ્લેષણ કરી આપ્યું.

"આકાશી ફલાંગ કે સમુદ્રમાં ડૂબકી?" બાદલે દાઢમાં કહ્યું અને આગળ વધાર્યું-

"અસલ કચ્છીયતનાં મૂળિયાં તો કચ્છની દરિયાખેડૂ પ્રજાની સાહસિકતામાં છે પણ આજે તો એ જ દરિયો અને દરિયાકિનારાએ નવા મૂડીવાદની ઓળખ આપી છે... એને પણ કચ્છીયત કહીશું?!"

"મૂડીવાદી છતાં પરાંપરાપ્રિય! કહો કે પરંપરાનું વર્તમાન મૂલ્ય સમજી ગયા છે એવા લોકોની ઓળખ પણ કચ્છીયત જ ને?!" શેખરે વિસ્તાર કર્યો.

"એમાં શું? 21મી સદીમાં સંસ્કૃતિનો આવો રંગ પણ હોઇ શકે!" વિલ્સનને દરેક બાબતને સકારાત્મક ઝોક આપવાની ટેવ. વંદનાએ જરાક સંકોચ સાથે રજૂઆત કરીઃ "સૌરાષ્ટ્રમાં જેમ ધર્મપ્રધાન સંસ્કૃતિ જોઇ તેનાં કરતાં કચ્છમાં જરાક વધુ વ્યવહારૂ(પ્રેક્ટિકલ) વલણો જોવા મળ્યાં. કયા સાંસ્કૃતિક વારસાની જાળવણી દ્વારા કંઇક લાભ મળે તેમ છે - એ વલણ પણ જોવા મળ્યું!"

"હા, એટલેસ્તો લોકહસ્તકલાઓ જીવંત છે અને 12મી કે 15-16મી સદીનાં સ્થાપત્યોનાં નામે ઢેખાળાના ઢગલા જોવા મળે છે!" મીનાએ ઉમેર્યું.

"આમ તો કચ્છીઓને પોતાને, મૂળેથી વારસા-બારસા વિશે આટલી સભાનતા હશે કે કેમ એ પ્રશ્ન છે! પાછળથી, બહારની બજારે પગપેંસારો કર્યો ત્યારે આવા વલણનાં બીજ રોપાયાં હશે - બીજ નહિ- 'કલમ' કહી શકાય! કેમ કે કચ્છી માડુઓ (માણસો) કિસ્મત અજમાવવા જો સદીઓથી દેશદેશાવર જતા હોય તો એનો અર્થ એ થયો કે એમને પોતાના શ્રમ અને કુનેહ (સ્કીલ)ની કિંમતની બરાબર ખબર છે. વખત જતાં, સમય બદલાતાં આ સમજદારીએ બહોશીનું રૂપ લીધું. આ બહોશી - વહેવારૂ કોઠાસૂઝ કે સ્ટ્રીટ સ્માર્ટનેસ પણ કચ્છીયત જ છે." ચિંતને આકલન કર્યું.

"વૈસે ભી, કચ્છી લોગ પ્રેક્ટિકલ ઔર જ્યાદા કામકાઝી લગે. ધરમકરમ કે પીછે જ્યાદા વખ્ત નહિ બિતાતે હૈં - ધરમ જૈસે 'સિઝનલ'હૈ! વો સદાવ્રત, રામ-રોટી વગૈરા કમ હી દીખે!" આમિરનું નિરીક્ષણ સચોટ હતું.

"આમ તો અમને હિંદુ-મુસ્લિમ વચ્ચે ટેન્શન ઓછું દેખાયું પણ સાંભળવા તો મળ્યું કે પહેલાં જેવી શાંતિ નથી રહી- બહારનાં પરિબળોની અસરો અહીં પણ થવા લાગી છે. પણ ચિંતાજનક એ લાગ્યું કે સરહદી વિસ્તારના નામે ઘૂસણખોરી, આતંકવાદ ને એવા-તેવા મુદ્દે મુસલમાનો તરફ ચોક્કસ રીતે જોવાવા લાગ્યું છે..." બાદલે નવો અને મહત્વનો મુદ્દો શેર કર્યો.





"શાયદ મુસલમાનોં કો અબ જા કે પતા ચલા હૈગા કિ વે દૂસરે નંબર પર હૈ!" પરવીને સેકન્ડક્લાસ સિટીઝનવાળી ભાવનાને પોતાની રીતે મૂકી.

"કચ્છને હમેશાં 'વિક્ટિમ' તરીકે જોવાને બદલે સમન્વય અને ખુમારીના નમૂના સમા પ્રદેશની દૃષ્ટિએ જોવાની જરૂર વધારે છે. કુદરતી આફતો હોય કે પાડોશી દેશોના આક્રમણની દહેશત હોય- કચ્છને વલ્નરેબલ વિક્ટિમ (ઝટ લઇને મુશ્કેલીમાં મૂકાઇ જાય તેવો અને આપત્તિગ્રસ્ત પ્રદેશ) તરીકે ઉલ્લેખ કરી કરીને જાણે એનો ઇલાજ એની અસ્મિતાનાં ઢોલ પીટવામાં જ છે - એવી સ્થિતિ ઊભી કરવામાં આવી છે; એને બદલે વિપરિત કુદરતી અને સાંસ્કૃતિક સંજોગો સામે ટકી રહેલી ખમતીધર પ્રજા તરીકે ઓળખવાની વધારે જરૂર છે. આજે કચ્છે ખરેખર, બદલાવની સાબિતીઓ આપવા માંડી છે. આજના કચ્છમાં હરતાં ફરતાં સકારાત્મક દૃષ્ટિકોણથી જોવાની જરૂર છે." ચિંતને કહ્યું.

"ખરેખર તો મ્યુઝિયમ, પુરાતત્વનાં સ્થળો, પ્રયોગશીલ ખેતીવાડી, અવનવી આર્થિક પ્રવૃત્તિઓ... આ બધાં ધ્યાનપાત્ર મુદ્દા છે, જેનો અભ્યાસ કરીને કચ્છને મુખ્ય પ્રવાહનો દરજ્જો આપી શકાય - ફક્ત ભરતકામ અને સફેદ રણમાં જ કચ્છની સંસ્કૃતિ નથી સમાઇ જતી!" શેખરે ભારપૂર્વક કહ્યું. "મને તો કચ્છી ભાષા-સાહિત્ય અને લોક સાહિત્ય સાવ અવગણાયેલા(નિગ્લેક્ટેડ) મુદ્દા લાગે છે. કચ્છી-સિંધી-પંજાબીની સરખામણી કરી શકાય, એના વ્યાકરણનો તુલનાત્મક અભ્યાસ કરી શકાય. અહીં લગભગ બધા બન્નિયારો, ભાટિયા-લોહાણા, સિંધીઓ ને જૈનો તેમ જ મુખ્ય પ્રવાહમાં આવેલા મુસલમાનો કચ્છી જ બોલે છે. પણે દેશાવર ગયેલા કે મુંબઇ-કલકત્તા વસતાં કચ્છીઓ પણ કચ્છી બોલે છે. એમનાં સાહિત્ય અને લોકસાહિત્ય વિશે આપણે કેટલા અણજાણ છીએ? ભાષાની વિદ્યાર્થિની તરીકે મને તો પલાંઠી વાળીને અભ્યાસ કરવાનું મન થઇ ગયું છે!" વંદનાના અવાજમાં સંકલ્પ હતો.

"વાહ, તમે કચ્છને ઠીકઠીક પહોળા પને જોયો છે! ફક્ત ભરતકામ અને સફેદ રણની ગુલબાંગો સિવાય પણ કચ્છમાં જે કંઇ છે તેને પામવાની કોશીશ

કરી છે, એ સારી વાત છે... બાકી તો કચ્છ એટલે શોપિંગનું સ્વર્ગ!'' ચિંતને હળવાશથી મંડળીનાં વખાણ પણ કરી લીધાં.

ત્યાં જ ચિંતનભાઇનાં પત્ની ગીતાબહેન મસમોટું તપેલું અને પ્લેટો લઇને અગાશીએ આવી પહોંચ્યાં: ''તમે કચ્છમાં બધ્ધું ખાધું હશે પણ ઊંધીયું તો નહિ જ મળ્યું હોય! '' કહેતાં મંડળીની સામે તપેલું મૂકી દીધું અને ઊંધીયાની મસાલેદાર મિજબાનીનું ઇજન આપી દીધું. મંડળીમાં લિજ્જતની લ્હેરખી ફરી વળી.

ગરમાગરમ ઊંધીયું ને જલેબીની મોજ માણતી મંડળી થોડી પળો ચૂપ રહી પણ ત્યાં જ શેખરે અનુસંધાન કર્યું- ''જવાદોને ગીતાબહેન! કચ્છમાં તો મોટેભાગે અમે રોજ રીંગણ-બટાકા અને બટાકા-રીંગણનું શાક જ ખાતાં'તાં; ને હા, જૈન ભોજનશાળા હોય તો સેવ-ટામેટાં અને ટામેટાં-સેવ!''

મંડળી ખખડી ઊઠી! પણ યાસ્મીને ટહૂકો કર્યો- ''અરે વાહ શેખર! ઉધર ગાંધીધામ કે બડેવાલે હોટલમેં ચાઇનીઝ ચીલી ચિકન કે ચટખારે કૌન લે રહા થા?!'' મંડળી વળી પાછી ખડખડાટમાં તરબોળ!

''...તો એમ વાત છે! નવા ને જૂના કચ્છની કચ્છીયત ઠીકઠીક જાણીમાણી આવ્યાં લાગો છો.'' ચિંતન.

''પણ અમારા બધાંની ચિંતા એ હતી કે નવી કચ્છીયત પેલી અસલ કચ્છીયતને ધીમેધીમે ધક્કેલતી ધક્કેલતી નામશેષ તો નહિ કરી નાખે ને?!'' વંદનાની ચિંતા કદાચ બધાની હતી અને કચ્છ-પ્રવાસની એ મહત્વની સમીક્ષા પણ હતી.

★★★





# પરિશિષ્ટ - 1

## પુરાતત્વવિદો અને સંશોધનકર્તાઓ

ગુજરાતના સાંસ્કૃતિક પ્રવાસમાં ઇતિહાસ, પુરાતત્વ વિશેનાં સંશોધનો વિશે ઘણા ઉલ્લેખો થયા છે. જોવાલાયક જગ્યાઓના સંદર્ભે, સાંસ્કૃતિક આદાન-પ્રદાન સંદર્ભે અને કલાઓની સુરક્ષા, પ્રોત્સાહન તેમ જ વહીવટી નિર્ણયો લેનારા 18 અને 19મી સદીના યુરોપિયન સંશોધકો, ભારતીય સંસ્કૃતિના તજજ્ઞો, ભાષાવિજ્ઞાનીઓ, કલારક્ષકોનો વારંવાર ઉલ્લેખ કરવામાં આવ્યો છે.અહીં એમાંના કેટલાક મહત્વપૂર્ણ વિદ્વાનોનો ટૂંકો પરિચય આપીએ છીએ.

### 1. સર એલેક્ઝાન્ડર કનિંગહામ

**(Alexander Cunningham)**




**જન્મ:** ૧૮૧૪, લંડન.

**અવસાન:** ૧૮૯૩, લંડન

મૂળે બ્રિટીશ એન્જિનીયર સર એલેક્ઝાન્ડરની નિમણૂંક બેંગાલ એન્જિનીયર ગ્રૂપમાં કરવામાં આવી હતી. જેના નેજા નીચે હિંદુસ્તાનમાં પુરાતત્વને લગતાં સંશોધનો શરૂ થયાં હતાં. આગળ જતાં તેમણે પુરાતત્વનાં ઉત્ખનન / ખોદકામ અને સંશોધનોને વ્યવસ્થિત રૂપ આપ્યું અને 'આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઇન્ડિયા'ની સ્થાપના કરી- ઇ.સ.1861.

સર એલકેઝાન્ડર કનિંગહામના સંશોધન-અહેવાલો અને પુસ્તિકાઓના પ્રભાવ નીચે હિંદુસ્તાનમાં પુરાતત્વ-સંશોધનનાં અસંખ્ય પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યા. તેમને પુરાતત્વીય સંશોધનના જનક કહી શકાય.

## 2. સર જ્હોન માર્શલ (John Marshall)



**જન્મ:** 1876, ચેસ્ટર, ઇંગ્લંડ.

**અવસાન:** 1958, ગિલફોર્ડ, ઇંગ્લંડ.

સર જહોન માર્શલ ઈતિહાસ અને પુરાતત્વના ક્ષેત્રે બહુ મોટું નામ કહેવાય. 'આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઇન્ડિયા'ના નિર્દેશક(ડાયરેક્ટર)પદે 1902થી 1928 સુધી કામગિરી બજાવનાર આ વિદ્વાન સંશોધકે જ હડપ્પા અને મોંએં-જો-દડોના ઉત્ખનન-સંશોધન કરાવ્યાં હતા. તદુપરાંત સાંચી, સારનાથ અને તક્ષશિલા જેવાં બૌદ્ધ સ્થાનકોના સંશોધન-ઉત્ખનનમાં તેઓ અગ્રેસર હતા. આ તમામ સંશોધનોના અહેવાલો અને અભ્યાસ ગ્રંથો એમનું અત્યંત મહત્વનું પ્રદાન કહી શકાય. ભારત / હિંદુસ્તાનના ઈતિહાસ-સંસ્કૃતિ અને પુરાતત્વના ક્ષેત્રે આર્યપૂર્વેની મહાન સિંધુ સભ્યતાના દરવાજા ખોલી આપનાર આ સંશોધકે નવી જ દિશાઓ ખોલી દીધી; જેને કારણે હિંદુસ્તાન તરફના દૃષ્ટિકોણ અને મૂલ્યાંકન ઉપર મોટો પ્રભાવ પડ્યો.

## 3. પ્રો. રાખાલદાસ બેનરજી (R. D. Banerji)



**જન્મ:** 1885, બહેરામપોર- બંગાળ(બ્રિટીશ ઇંડિયા)

**અવસાન:** 1930, કલકત્તા-બંગાળ(બ્રિટીશ ઇંડિયા)


સિંધુ-સભ્યતાના સંશોધક પ્રો. રાખાલદાસ બેનરજી હિંદુસ્તાનના ઈતિહાસ-પુરાતત્વ-પ્રાચ્યવિદ્યાઓ-અભિલેખ વિદ્યાનાં પ્રથમ હિંદુસ્તાની તજજ્ઞ વિદ્વાનનું સન્માન ધરાવે છે.





સિંધુ સભ્યતાની જગ્યાઓની શોધખોળમાં તેઓ અગ્રેસર હતા. બનારસ હિંદુ યુનિવર્સિટીમાં પ્રધ્યાપક તરીકે રહી ચૂકેલા પ્રો.બેનરજીને હિંદુસ્તાનના 19મી સદીના નવજાગરણકાળના એક અગત્યના ઈતિહાસવેત્તા તરીકે હંમેશા યાદ રાખવામાં આવશે.

## 4. ડો.એસ.આર.રાવ (Dr. S. R. Rao)




**જન્મ:** 1922, કર્ણાટક.

**અવસાન:** 2013, કર્ણાટક.

ડો.એસ.આર.રાવનું નામ પણ સિંધુ-સભ્યતાનાં ઉત્ખનન-સંશોધન સાથે સંકળાયેલું છે. ખાસ તો 1954માં ગુજરાતમાં લોથલ ઉપરાંત રંગપુર-રોઝડી-દેશલપર વગેરે નાનીમોટી સાઇટ્સ ઉપર ખોદકામ કરાવીને પ્રાપ્ત નમૂનાઓનું પંજીકરણ, વર્ગીકરણ, વગેરે કરાવીને સંગ્રહાલય યોગ્ય સામગ્રી બનાવડાવવામાં તેમનો મોટો ફાળો છે. અમદાવાદ જિલ્લાનું 'લોથલ મ્યુઝિયમ' ડો. રાવનું મહત્વનું પ્રદાન કહી શકાય.

બેટ દ્વારકાનું ઉત્ખનન-સંશોધન એ બીજું મહત્વનું પ્રદાન છે. જ્યાં સિંધુસભ્યતાની સમાંતર સભ્યતાની નગરીના અવશેષો મળ્યા છે- ખાસ તો દીવાલ, લંગર, પાટડા આદિ. પરંતુ આ સંશોધનને મહાભારત જેવા અર્ધ ઐતિહાસિક સાહિત્ય સાથે જોડીને અહીં જ શ્રીકૃષ્ણે સ્થાપેલી કુશસ્થલી-દ્વારકા હતી એમ પ્રચાર કરવામાં આવે છે.

ડો. એસ.આર.રાવે સિંધુસભ્યતાની લિપિ ઉકેલવાનો દાવો કરીને આને ભારતીય આર્ય ભાષા સાથે સાંકળવાનો પ્રયાસ કર્યો છે, જે વળી મૂળમાં જ સિંધુસભ્યતાના આવિર્ભાવ સાથે મેળ ખાતો નથી. એમનો આ દાવો ચર્ચાસ્પદ છે અને હજી સર્વસ્વીકૃત બન્યો નથી. આમ છતાં, ડો.એસ.આર.રાવનું નામ ગુજરાતના પુરાતત્વ-સંશોધનના ક્ષેત્રે અગ્રગણ્ય રહેશે.

## 5. જેમ્સ બર્જેસ (James Burgess)



**જન્મ:** 1832, ઈંગ્લેન્ડ.

**અવસાન:** 1916, ઈંગ્લેન્ડ.

જેમ્સ બર્જેસ પુરાતત્વ, ભારતીય વિદ્યા(ઇન્ડોલોજી), ઈતિહાસ અને હિંદુસ્તાનની ભૂગોળવિદ્યાના ક્ષેત્રનું એક જ્વલંત નામ.કલકત્તા અને મુંબઈમાં એમની પ્રાધ્યાપક તરીકે નિમણૂંક કરવામાં અવી હતી. 1868થી 1873 સુધી તેઓ 'બોમ્બે જ્યોગ્રોફિકલ સોસાયટી'ના મંત્રીપદે રહ્યા હતા. 1873માં વેસ્ટર્ન ઈન્ડિયાના 'આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયા'ના અધ્યક્ષપદે હતા અને સાઉથ ઈન્ડિયાના- 1881 દરમ્યાન આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયાના નિર્દેશક તરીકે(ડાયરેક્ટર) 1886-89 સુધી રહ્યા.

તેમણે ભારતીય વિદ્યા અને પુરાતત્વક્ષેત્રે અસંખ્ય ગ્રંથો લખ્યા છે; જેમાં ગુજરાત વિશેનાં કેટલાંક ઉલ્લેખનીય પુસ્તકો છે-

1. શત્રુંજય
2. સોમનાથ-જૂનાગઢ-ગિરનાર.
3. સિનરી એન્ડ આર્કીટિક્ચર ઈન ગુજરાત-રાજસ્થાન.
4. ડભોઈ.
5. જૈનધર્મ.

ગુજરાત વિશેના આ ગ્રંથોએ ગુજરાતના ઈતિહાસ-પુરાતત્વના અભ્યાસુઓને માર્ગદર્શન પૂરું પાડ્યું છે.

## 6. રશબ્રૂક વિલિયમ્સ

**જન્મ:** 1890.

**અવસાન:** 1973

કચ્છના આ ઈતિહાસલેખક મૂળે તો બ્રિટીશ સરકારે નિમેલા કચ્છના કલેક્ટર હતા. પણ પૂર્વની સભ્યતા-સંસ્કૃતિ પ્રત્યેના એમના લગાવને કારણે, જિજ્ઞાસા





અને સન્માનને કારણે તેમણે પોતાના કાર્યક્ષેત્ર-કચ્છ-નો રાજકીય-સાંસ્કૃતિક ઈતિહાસ લખ્યો- 'ધ બ્લેક હિલ્સ.'

આ ઉપરાંત આજે પાકિસ્તાનમાં છે એવા પ્રદેશોમાં પણ તેમણે વહીવટી અધિકારી તરીકે કામ કર્યું હતું. મધ્યપૂર્વના દેશોમાં પણ કામ કર્યું હતું. તેમણે જે તે પ્રદેશોના અનુભવો, સાંસ્કૃતિક ઈતિહાસ તેમ જ રાજકીય ચરિત્ર વિશે ખાસ્સું લખ્યું છે; જેમાંનાં કેટલાંક પુસ્તકો જાણીતાં છેઃ

1. પાકિસ્તાન અન્ડર ચેલેન્જ.
2. વૉટ અબાઉટ ઈન્ડિયા?
3. ઈન્ડિયા ઈન 1921-22,
4. એથ્નીક ડાયવર્સિટી ઈન ઈન્ડિયા.
5. હેન્ડબુક ફોર ટ્રાવેલર્સ ઈન ઈન્ડિયા, પાકિસ્તાન એન્ડ નેપાલ.
6. ધ ઈસ્ટ પાકિસ્તાન ટ્રેજેડી,
7. ગ્રેટ મેન ઓફ ઈન્ડિયા
8. ધ સ્ટેટ ઓફ ઈસ્રાયેલ… વગેરે

પ્રો. રશબ્રૂક વિલિયમ્સ 'ઓક્સફર્ડ ફેલો'હતા. તેમણે અલ્હાબાદ યુનિવર્સિટીમાં અર્વાચીન ભારતના ઈતિહાસનું અધ્યાપન પણ કર્યું હતું. B.B.C.ના ઈસ્ટર્ન સર્વિસીઝના નિયામક રહ્યા તેમ જ 'લંડન ટાઈમ્સ'ના સંપાદકમંડળમાં પણ હતા. 'રોયલ સેન્ટ્રલ એશિયન સોસાયટી' અને 'એન્સાઈક્લોપિડિયા બ્રિટાનિકા'માં લેખન પણ કર્યું હતું. સૂફીવાદ પ્રત્યેના તેમના આકર્ષણે સૂફીઓના સંપર્ક અને સૂફી સાહિત્યના અનુવાદનું પ્રદાન પણ કર્યું.

રશબ્રૂક વિલિયમ્સ 'પૌરસ્ત્ય વિદ્યાઓ (પૂર્વની વિદ્યાઓ)ના વિદ્વાન આશિક' હતા એમ કહી શકાય.

## 7. પ્રો. મૅક્સ મૂલર (Max Müller)




**જન્મઃ** 1823

**અવસાનઃ** 1900,

જર્મનીમાં જન્મેલા મૅક મૂલરનું પ્રાથમિક તેમ જ ઉચ્ચ શિક્ષણ લિપઝિગ-જર્મનીમાં થયું. ઇંગ્લેંડમાં ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં ભાષાવિજ્ઞાનના વિદ્વાન પ્રાધ્યાપક તરીકે કારિકર્દી ઘડાયા પછી પૌરસ્ત્યવિદ્યા-ભારતીય વિદ્યાઓની શાખા અને તુલનાત્મક ધર્મના અભ્યાસની વિદ્યાશાખા ત્યાં તેમણે શરૂ કરાવી. પોતે પ્રાચ્યવિદ્યા અને ભારતીય વિદ્યાઓ વિષયક પુસ્તકો લખ્યાં અને લખાવ્યાં. હિંદુ ધર્મનાં ગ્રંથોના અંગ્રેજી અનુવાદના 50 પુસ્તકો 'સેકેડ બુક્સ ઓફ ધી ઈસ્ટ'ના નામ તૈયાર કરાવ્યાં.

સંસ્કૃત ઉપરાંત ગ્રીક, લેટિન, અરેબિક અને ફારસી ભાષાના તેઓ નિષ્ણાત ભાષાશાસ્ત્રી કહેવાયા.

## 8. પ્રો.એ.બી.કીથ (Arthur Berriedale Keith)



**જન્મઃ** 1879, સ્કોટલેન્ડ.

**અવસાનઃ** 1944.


આ સ્કોટીશ વિદ્વાન મૂળે બંધારણ-નિષ્ણાત હતા અને વિશ્વના ઘણા બધા દેશોના બંધારણ વિશેના અભ્યાસ ગ્રંથો તેમ જ સમીક્ષાગ્રંથો તેમણે લખ્યા છે. તદુપરાંત સંસ્કૃતભાષાના આ પંડિત ભારતીય વિદ્યાઓના પણ પ્રધ્યાપક હતા.





એડિનબરો યુનિવર્સિટીમાં ભારતીય વિદ્યાઓના અધ્યાપન દરમ્યાન તેમણે જે અનેક ગ્રંથો લખ્યા તેમાંના મહત્વના છે- 1.ઇન્ડિયન માયથોલોજી, 2.રિલિજીયન એન્ડ ફિલોસોફી ઓફ ધ વેદ અને ઉપનિષદ. 3.બુદ્ધિસ્ટ ફિલોસોફી ઇન ઇન્ડિયા અને 4.હિસ્ટ્રી ઓફ સંસ્કૃત લિટરેચર.

## 9. સર વિલિયમ જોન્સ (William Jones)



**જન્મઃ** 1746, વેલ્શ.

**અવસાનઃ** 1794, કલકત્તા.

આ અંગ્રેજ ભાષાશાસ્ત્રી ભારતીય પ્રાચ્યવિદ્યાના વિદ્વાન તરીકે પ્રખ્યાત થઇ ગયા. ભારતીય આર્ય અને યુરોપિયન ભાષાઓના અસ્તિત્વ અને પરસ્પર સંબંધ વિષે વિચારનારા, આ પુરોગામી વિદ્વાને 'એશિયાટિક સોસાયટી ઓફ બેંગાલ'ની સ્થાપના કરી અને નવીન વિદ્યાશાખાઓ અને સંશોધનોની શરૂઆત કરી.

18મી સદીથી જ પર્શિયા, તુર્કસ્તાન અને મધ્ય પૂર્વના દેશોના અધ્યાપનની શરૂઆત કરનાર આ પંડિતે વિશ્વને પૂરવાર કરી આપ્યું કે હિંદુસ્તાન મદારીઓ, સાધુઓ અને રાજાઓનો જ દેશ નથી પણ ભવ્ય સાંસ્કૃતિક પરંપરા ધરાવતી પ્રાચીન ભૂમિ છે. કહી શકાય કે હિંદુસ્તાન પ્રત્યે પશ્ચિમના દૃષ્ટિકોણને બદલવાની એમણે પહેલ કરી હતી.

## 10. જેમ્સ ટોડ (James Tod)

**જન્મ**: 1782, ઈંગ્લેન્ડ

**અવસાન**: 1835, લંડન, ઈંગ્લેન્ડ

લેફનન્ટ કર્નલ જેમ્સ ટોડ બ્રિટીશ અધિકારી હતા પણ પૌરસ્ત્યવિદ્યાઓના વિદ્વાન પણ ખરા જ. પોતાની પદવી(પોસ્ટ)ના સંદર્ભે તેમણે પશ્ચિમ ભારત-રાજસ્થાન



તેમ જ બીજે પણ ઠીકઠીક પ્રવાસો કરેલા. ઇતિહાસ અને સંસ્કૃતિમાં રસ ધરાવનારા આ અધિકારીએ રાજપુતાનાનો ઇતિહાસ લખ્યો. ‘રાજસ્થાન’નામે; જે ખૂબ ચિત્રાત્મક અને મનોરંજક પણ બન્યો છે. ઘણા ઇતિહાસકારોએ એમની પૂર્વ પ્રત્યેની પક્ષપાતની નીતિની ટીકા કરી છે પરંતુ 18મી સદીના હિંદુસ્તાનના ઇતિહાસ-લેખનમાં એમનો અનન્ય ફાળો એટલે પણ છે કે માત્ર રાજસ્થાન જ નહિ-કચ્છ, કાઠિયાવાડના રાજપૂત વંશોનાં મૂળ અને કૂળ વિશેની માહિતી પણ એમાં વિગતવાર મળે છે. વિરલ હિંદપ્રેમીઓમાં કર્નલ ટોડની ગણના અચૂક થતી રહેશે.

## 11. રવીન્દ્રસિંગ બિષ્ટ (Ravindra Singh Bisht)



જન્મ: જાન્યુઆરી, 1944, ઉત્તરપ્રદેશ, ભારત.

સિંધુ ઘાટી સંસ્કૃત વિષેના તજજ્ઞોમાં ડો. રવીન્દ્રસિંગ બિષ્ટનું નામ જાણીતું છે. તેનાં ઉત્ખનન, સંશોધન અને અધ્યયનના ક્ષેત્રે ખાસ તો ધોળાવીરામાં કરાવેલું એમનું કાર્ય મહત્વનું છે. તે ઉપરાંત હરિયાણા, જમ્મુ અને કાશ્મીરમાં થઇ રહેલા પુરાતત્વીય સંશોધનના સંચાલક ડો.બિષ્ટ છે. નાલંદા, વૈશાલી જેવા બિહારના સ્થાનકો તેમ જ લુધિયાના-પંજાબમાં પણ આ સંદર્ભે ઉત્ખનન સંશોધન શરૂ થઇ ગયાં છે; જેમાં તેઓ માર્ગદર્શક છે. આ ઉપરાંત દેશભરનાં પુરાતત્વીય સંગ્રહસ્થાનોના નિર્માણ અને સંશોધનમાં પણ તેમનો મહત્વનો ફાળો છે. ભારત સરકારે તેમને ‘પદ્મશ્રી’ પુરસ્કાર આપ્યો છે.

ધોળાવીરા વિષયક લેખો અને સંશોધન ગ્રંથો એમનું મુખ્ય પ્રદાન છે.





## 12. એલેક્ઝાન્ડ કિનલોક ફોર્બ્સ (ફારબસ સાહેબ) (Alexander Kinloch Forbes)



જન્મ: 1821

**અવસાન:** 1865.

ફારબસ સાહેબના નામે જાણીતા આ અંગ્રેજ હાકેમે અમદાવાદના અને એક તબક્કે સમગ્ર ગુજરાતના સાંસ્કૃતિક જગતને ‘આધુનિકતા’ના માર્ગે ચડાવવામાં કદાચ પહેલો પ્રથમ અને મહત્વનો ફાળો આપ્યો હતો.

1843માં બોમ્બે પ્રેસિડેન્સીના વહીવટી અધિકારી તરીકે ભારત આવેલા માનવતાપૂર્ણ અભિગમ ધરાવતા ફૉર્બ્સ સાહેબ અંગ્રેજોની ટીકાના પાત્ર બન્યા હતા.

1848માં અમદાવાદમાં તેમની નિમણૂંક થઇ ત્યારે સ્થાનિક ભાષા અને સંસ્કૃતિનો અભ્યાસ તેમણે ગુજરાતીના જાણીતા કવિ દલપતરામ પાસે કર્યો. ત્યારથી જાણે ગુજરાતી ભાષા-સાહિત્ય-સંસ્કાર જગતને નવો વળાંક આપવા પ્રતિબદ્ધ થયેલા ફારબસ સાહેબે 1848માં ‘ગુજરાત વર્નાક્યુલર સોસાયટી’ની(હાલ ગુજરાત વિદ્યાસભા) સ્થાપના કરીને ભાષા સાહિત્યમાં સંશોધન-અભ્યાસોની શરૂઆત કરાવી. એમણે અમદાવાદની પહેલી મહિલાશાળા, પહેલું ગુજરાતી સામયિક(બુદ્ધિપ્રકાશ) શરૂ કરાવ્યાં ઉપરાંત પહેલું પુસ્તકાલય(આપારાવ ભોળાનાથ લાયબ્રેરી) ની સ્થાપના કરાવી. ગુજરાતના વિદ્વાનો, મહાજનો અને પ્રજાજનો સાથે મળીને શિક્ષણ જગતમાં પણ ઉચ્ચશિક્ષણની સંસ્થાઓ શરૂ કરાવી.

કવિ દલપતરામની સાથે મળીને, ગુજરાત-સૌરાષ્ટ્રનો પુરાતત્વીય-લોકવિદ્યાના સંશોધન માટેનો લાંબો પ્રવાસ ખેડીને 'રાસમાળા-1,2'ના નામે ગુજરાત-સૌરાષ્ટ્રના મૌખિક સાહિત્યનો ગ્રંથ પ્રગટ કર્યો જે આજે પણ 1000 વર્ષના ગુજરાતના સાંસ્કૃતિક ઈતિહાસ (8મી સદીથી 19મી સદી સુધી) તરીકે અજોડ અને અનોખું પ્રદાન ગણાય છે.

★★★





# પરિશિષ્ટ - 2

## સફરનામા પુસ્તક શ્રેણી : સંદર્ભ સૂચિ


| | પુસ્તકનું નામ | લેખક/સંપાદક |
|---|---|---|
| 1. | ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસઃ ગ્રંથ - 7 | રસિકલાલ પરીખ / હરિપ્રસાદ શાસ્ત્રી |
| 2. | ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસઃ ગ્રંથ - 8 | હરિપ્રસાદ શાસ્ત્રી/ પ્રવીણચંદ્ર પરીખ |
| 3. | ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસઃ ગ્રંથ - 9 *(શેઠ ભોળાભાઈ જેશિંગભાઈ અધ્યયન - સંશોધન કેન્દ્ર)* | હરિપ્રસાદ શાસ્ત્રી/ પ્રવીણચંદ્ર પરીખ |
| 4. | ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ (સલ્તનત અને મોગલકાળ) *(એન.બી.એસ. બુક ડિપો)* | મૌલાના સઈદ અબુઝફર નકવી |
| 5. | ઈતિહાસનાં પાનાં પર રક્તછાંટા *(પીપલ્સ બુક હાઉસ)* | ભગવતશરણ ઉપાધ્યાય |
| 6. | મારૂં હિંદનું દર્શન *(નવજીવન પ્રકાશન મંદિર)* | જવહરલાલ નહેરૂ |
| 7. | સંસ્કૃતિ દર્પણ | ડો. આર.ટી. સાવલિયા |
| 8. | ગુજરાતમાં પ્રવાસન *(ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય)* | ડો. મેહબૂબ દેસાઈ |
| 9. | યાત્રાપર્વ *(ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય)* | વાડીભાઈ જોશી |
| 10.. | ગુજરાત અને ગુજરાતી *(નવભારત સાહિત્ય મંદિર)* | ચંદ્રકાંત બક્ષી |
| 11. | .મહાજનોની યશગાથા *(આર.આર. શેઠની કંપની)* | મકરન્દ મહેતા |

| પુસ્તકનું નામ | લેખક/સંપાદક |
|---|---|
| 12. હિંદુ-મુસ્લિમ સપ્રમાણતા અને માનવીય જોડાણ: અજાણ્યું ગુજરાત (*ઉત્થાન, સફર અને સમર્થ*) | સાંસ્કૃતિક અહેવાલ |
| 13. ગુજરાતની અસ્મિતા (*અક્ષરા પ્રકાશન*) | રજની વ્યાસ |
| 14. સંસ્કૃતિ સંદર્ભ | રઘુવીર ચૌધરી |
| 15. ગુજરાતની કીર્તિગાથા | ક.મા. મુનશી |
| 16. આપણો સહિયારો સાંસ્કૃતિક વારસો (*યજ્ઞ પ્રકાશન*) | મોહન દાંડીકર |
| 17. પ્રવાસનઃ સિધ્ધાંત અને વ્યવહાર (*ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય*) | ડો. મેહબૂબ દેસાઇ |
| 18. ગુજરાતની હિંદુદેવીઓનું પ્રતિમા વિધાન | ડો. રામજીભાઇ સાવલિયા<br>આશુતોષ સાવલિયા |
| 19. ગુજરાત- સાંસ્કૃતિક પ્રવાસ (ટૂંકો પરિચય) (*સંવેદન કલ્ચરલ પ્રોગ્રામ*) | ડો. સરૂપધ્રુવ |
| 20. તીર્થભૂમિ ગુજરાત (*રંગદ્વાર પ્રકાશન*) | રઘુવીર ચૌધરી |
| 21. મિરાતે અહમદી<br>અનુઃ નિઝામુદ્દીન ફારૂખી ચિસ્તી (*સરખેજ રોઝા કમિટી*) | મીરઝા મોહમ્મદ હસન. |
| 22. તારીખે અવાલિયા-એ-ગુજરાત<br>મિરાતે અહમદી (પુરવણી) ભાગ- 3<br>અનુઃ નિઝામુદ્દીન ફારૂખી ચિસ્તી (*એન.બી.એસ. બુક ડિપો*) | મીરઝા મોહમ્મદ હસન. |
| 23. મિરાતે સિકંદરી<br>(સિકંદરકૃત ગુજરાતના સુલ્તાનોનો ઇતિહાસ)<br>અનુઃ આત્મારામ મોતીરામ દિવાનજી (*સરખેજ રોઝા કમિટી*) | મોહમ્મદ સિકંદર |





| | |
|---|---|
| 24. ગુજરાતનું ગૌરવઃ ઇતિહાસ સામે પડકારો<br>(ગુજરાત ઇતિહાસ પરિષદ 25મું અધિવેશન, જયપુર)<br>(પ્રમુખ પ્રવચન)<br>(*ગુજરાત ઇતિહાસ પરિષદ*) | ડો. મંગુભાઇ પટેલ |
| 25. ઇતિહાસ અને સાહિત્ય (*ગુજરાત ગ્રંથરત્ન કાર્યાલય*) | ભોગીલાલ સાંડેસરા |
| 26. ઇતિહસઃ સ્વરૂપ અને પધ્ધતિ (*ગુજરાત યુનિવર્સિટી*) | રસિકલાલ પરીખ |
| 27. ગુજરાતના ઘડવૈયાઃ સ્વ-વિકાસની પ્રયોગશાળા<br>(13મી સદીથી19મી સદી સુધી, ગ્રંથ-1)<br>(*અરૂણોદય પ્રકાશન*) | મકરંદ મહેતા |
| 28. ગુજરાતની ઇતિહાસ સંશોધન પ્રવૃત્તિનું સિંહાવલોકન<br>(ગુજરાતી સાહિત્ય સંમેલન : 12મું અધિવેશન)<br>(*ગુજરાતી સાહિત્ય સંમેલન*) | હીરાલાલ પારેખ |
| 29. અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન | હીરાલાલ પારેખ |
| 30. ઐતિહાસિક સંશોધન (*ગુજરાતી સાહિત્ય પરિષદ*) | દુર્ગાશંકર શાસ્ત્રી |
| 31. સંપ્રદાયવાદ અને ભારતીય ઇતિહાસ લેખન (*લોકવાંગ્મય ગૃહ*) | રોમિલા થાપર,<br>હરબંસ મુખિયા, બિપિન ચંદ્ર |
| 32. તસ્વીરે ગુજરાત (*પાર્શ્વ પ્રકાશન*) | વિષ્ણુ પંડયા |
| 33. 21મી સદીનું ગુજરાત (*પાર્શ્વ પ્રકાશન*) | પ્રવીણ શેઠ અને<br>બલદેવ આગજા |

| | | |
|---|---|---|
| 34. | ગુજરાતમાં સૂફી ઓલિયાઓએ લખેલા ફારસી ગ્રંથો (*એન.બી.એસ.બુકડિપો*) | દીવાન બહાદુર કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી |
| 35. | પુરાણોમાં ગુજરાત (*ગુજરાત વિદ્યાસભા*) | ઉમાશંકર જોશી |
| 36. | તારીખે સલ્તનત-એ-ગુજરાત | |
| 37. | તારીખે અવાલિયા - એ- ગુજરાત (મિરાતે અહમદી) ભાગ-3 | |
| 38. | સૌરાષ્ટ્રનો ઇતિહાસ (1948 થી 1956) (*દર્શક ઇતિહાસ નિધિ*) | એસ.વી. જાની |
| 39. | ગુજરાત અને દરિયો (*દર્શક ઇતિહાસ નિધિ*) | મકરંદ મહેતા |
| 40. | A Cultural History of India | Basham |
| 41. | The Shaping of Modern Gujarat - Plurality, Hindutva and Behind. (*Penguin Books*) | AchyutYagnik, Suchitra Seth |
| 42. | Sufism & Bhakti in South Asia (*Orient Blackswann*) | Kavita Punjabi |
| 43. | An Introduction to the study of Indian History (*Popular Prakashan*) | D. D. Kosambi |
| 44. | Aryan Invasion Theory - Fabrications and Fallouts (A Distinctive Cultural Magazine of India, Vol-40, No-1, Issue-79) | Ed. P. Parameshwaram |
| 45. | History of International Trade and Customs Duties in Gujarat (*Darshak Ithihas Nidhi* ) | Makrand Mehta |





# પરિશિષ્ટ - 3

## કચ્છ

| સંખ્યા | પુસ્તકનું નામ | લેખક / સંપાદક / અનુ. |
|---|---|---|
| 1. | કચ્છ પ્રવાસ (*વિચારશીલ પ્રકાશન*) | રમેશ સંઘવી |
| 2. | કચ્છના લોક મેળાઓ (*વિચારશીલ પ્રકાશન*) | રમેશ સંઘવી |
| 3. | કચ્છ - પરિચય પુસ્તિકા(1221) (*પરિચય ટ્રસ્ટ*) | હરેશ ધોળકિયા, સુરેશ દલાલ |
| 4. | કારાડુંગર કચ્છજા ઇતિહાસ અને (*લોકકથામાં કચ્છ*) | રશબ્રૂક વિલિયમ્સ |
| 5. | જય આશાપુરા (*જ્યોસ્નાનંદ હેમરાજ ગ્રંથમાલા*) | મહેશ જોશી |
| 6. | The Idea of Gujarat (History, Ethnography and Text) (*Orient Black Swan*) | Edward Simpson |
| 7. | હાજીપીર હુસ્સેની કમિટી | હુસ્સેની કમિટી |

## અમારાં પ્રકાશનો

| | | | |
|---|---|---|---|
| 1. | **'સાબરમતી પૂછે છે'** (જનવાદી સાહિત્ય સંગ્રહ) | સંપાદન : ડૉ. સરૂપ ધ્રુવ અને હિરેન ગાંધી | રૂા. 25.00 |
| 2. | **'દસ્તાવેજ'** (જનવાદી કાવ્યસંગ્રહ) | મૌન બલોલી | રૂા. 25.00 |
| 3. | **'સળગતી હવાઓ'** (જનવાદી કાવ્યસંગ્રહ) | ડો. સરૂપ ધ્રુવ | રૂા. 75.00 |
| 4. | **'સર્જક ચેતના : પ્રશ્નો અને પડકારો** | ડો. સરૂપ ધ્રુવ, હિરેન ગાંધી અને મયંક ઓઝા (અપ્રાપ્ય) | |
| 5. | **'લોહીલુહાણ વર્તમાનની રૂબરૂ'** (ક્રાંતિકારી પંજાબી કવિ 'પાશ'નો સંપાદિત કાવ્યસંગ્રહ) | સંપાદન અને અનુવાદ : હિરેન ગાંધી | રૂા. 150.00 |
| 6. | **હસ્તક્ષેપ** (જનવાદી કાવ્યસંગ્રહ)(2003) | ડો. સરૂપ ધ્રુવ | રૂા. 125.00 |
| 7. | **સહિયારા સૂરજની ખોજમાં** (જનવાદી ગીતસંગ્રહ)(2003) | ડો. સરૂપ ધ્રુવ | રૂા. 75.00 |
| 8. | **કાળમુખો અંધાર ભેદવા** | અનુવાદ-સંપાદન : સરૂપ ધ્રુવ અને ડો. રાજકુમાર નાગર. | |

(યુદ્ધ અને હિંસા વિરોધી વાર્તાસંગ્રહો અને કાવ્યસંગ્રહોનાં છ પુસ્તકો)

| | | | |
|---|---|---|---|
| 1. | **કારણ છે મારે જીવવાનું** | ગુજરાતી કાવ્યો | (અપ્રાપ્ય) |
| 2. | **હિંસક સમયમાં** | હિંદીમાંથી અનુવાદિત કાવ્યો | રૂા. 25.00 |
| 3. | **એ લોકો અને આપણે** | વિશ્વસાહિત્યનાં પસંદિત કાવ્યો | રૂા. 25.00 |
| 4. | **મંઝિલ ભણી** | ગુજરાતી વાર્તાઓ | (અપ્રાપ્ય) |
| 5. | **માહૌલ ખરાબ છે** | હિંદીમાંથી અનુવાદિત વાર્તાઓ | રૂા. 25.00 |
| 6. | **એક સરહદી ઈચ્છા** | અન્ય ભારતીય ભાષાઓ તથા વિશ્વસાહિત્યની પસંદિત વાર્તાઓ | રૂા. 25.00 |





| | | | |
|---|---|---|---|
| 9. | **ઉમ્મીદ હોગી કોઈ(2009)** (2002ના જનસંહાર પછીની સત્યઘટનાઓ) (રાજકમલ પ્રકાશન, દિલ્હીથી મેળવી શકાય.) | સરૂપ ધ્રુવ | રૂા. 150.00 |
| 10. | **કાવતરું ખરું; પણ કોનું ? (2011)** (તહેલકામાં પ્રકાશિત શ્રી. આશિષ ખેતાનનો અહેવાલ) | | રૂા. 20.00 |

**11. આધુનિકતાની ખોજમાં –પુસ્તક શ્રેણીનાં ૭ પુસ્તકો (2013)**

| | | | |
|---|---|---|---|
| 1. | **આધુનિકતા એટલે...** | ડો. સરૂપ ધ્રુવ | રૂા. 75.00 |
| 2. | **ભારતનું બંધારણ અને આધુનિકતા** | ગિરીશભાઈ પટેલ | રૂા. 75.00 |
| 3. | **મહિલાઓના સવાલો, આંદોલનો અને આધુનિકતા** | સરૂપ ધ્રુવ અને હિરેન ગાંધી | રૂા. 75.00 |
| 4. | **વિજ્ઞાન અને આધુનિકતા** | ડો. રવિ સિંહા અને ડો. ઉમાશંકર તિવારી. | રૂા. 75.00 |
| 5. | **ધર્મ વિચાર, ભક્તિપ્રવાહ અને આધુનિકતા** | **સરૂપ ધ્રવ** | રૂા. 125.00 |
| 6. | **દલિત સમસ્યા, દલિત આંદોલન અને આધુનિકતા** | **સુભાષ ગાતાડે** | રૂા. 75.00 |
| 7. | **મૂડીવાદ અને આધુનિકતા** | **હિરેન ગાંધી ડૉ. વિભૂતિ પટેલ** | રૂા. 125.00 |

| | | | |
|---|---|---|---|
| 12. | **કામદારોની દુનિયા – દુનિયાનું ભવિષ્ય (2013)** (ન્યૂ સોશ્યાલિસ્ટ ઈનિશિયેટિવનું ઘોષણાપત્ર) | | રૂા. 20.00 |
| 13. | **શેરીનાટકનું સ્વરૂપ અને રાજનૈતિક સંસ્કૃતિ (2014) (લેખ સંગ્રહ)** | હિરેન ગાંધી | રૂા. 50.00 |
| 14. | **સ્ટ્રીટ થિયેટર(2014) (અનુભવો અને સંવેદનો)** | હિરેન ગાંધી | રૂા. 50.00 |

## નાટકોની CD / DVD

1. **સુનો ! નદી ક્યા કહતી હૈ ...(2004)** સરૂપ ધ્રુવ, હિરેન ગાંધી
રૂ. 50.00
(રિવરફ્રન્ટના મુદ્દે થયેલા વિસ્થાપનના તથ્ય ઉપર આધારિત નાટક)
2. **હમ (2008)** રૂ.100.00
(-2002ની અસરગ્રસ્ત મહિલાઓ વિશેની સત્યઘટનાઓ ઉપર આધારિત નાટક...)
3. **ઐસા ક્યોં ? (2010)** રૂ. 150.00
(સ્ત્રી અને હિંસા વિષેનાં ઐતિહાસિક ક્રમને નિરૂપતું નાટક.)
4. **ઘિરે હૈં હમ સવાલ સે (2010)**
(આદિવાસીઓના સવાલો નિરૂપતું નાટક) રૂ. 150.00

**વેબ સાઈટ : www.darshanahmedabad.org**

**: પ્રાપ્તિસ્થાન :**

**1. 'દર્શન'**
પહેલે માળે, 19-બી, વિશ્વનગર સોસાયટી,
વિશ્વકર્મા સોસાયટી પાસે,
જીવરાજપાર્ક ચાર રસ્તા, અમદાવાદ-380051.
**રજિ. સરનામું :**

**2. હિરેન ગાંધી**
9, રૂપેશ સોસાયટી,
વસ્ત્રાપુર રેલ્વેસ્ટેશન રોડ,
જીવરાજપાર્ક વિસ્તાર, અમદાવાદ-380051.